પાનાં : ૨૦ + ૧૬ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૨૮ નવેમ્બર ૨૦૨૬ શનિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક વદ - ૫ વર્ષ : ૯૪, અંક : ૩૨૧ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4



મહિલા અનામત-સીમાંકન માટે બંધારણીય સુધારા બિલને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી : ત્રણ બિલ રજૂ કરાશે

લોકશાહીની સીમાઓ તોડી સીમાંકન બિલ પસાર થશે

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્ર સરકાર સાત મહિના પછી ફરી એક વખત મહિલા અનામત અને સીમાંકન બિલ સંસદમાં પસાર કરાવવાની તૈયારી કરી લીધી છે. કેન્દ્રીય કેબિનેટે શુક્રવારે વડાપ્રધાન મોદીના અધ્યક્ષપદે યોજાયેલી બેઠકમાં આ બિલને મંજૂરી આપી દીધી છે. હવે સૂચિત બિલ સોમવારે લોકસભામાં અને બુધવારે રાજ્યસભામાં રજૂ કરાશે. સૂચિત બિલ મુજબ બધા જ રાજ્યોમાં લોકસભાની એક સમાન ૫૦ ટકા બેઠકો વધારવાની જોગવાઈ છે. આ બિલ સંસદમાં રજૂ થાય તે પહેલાં જ વિપક્ષને વિખેરી નાંખવામાં કેન્દ્ર સરકાર સફળ રહી હોવાનું માનવામાં આવે છે. શરદ પવારની એનસીપી અને તમિલનાડુની ડીએમકેએ આ બિલને શરતી ટેકો જાહેર કર્યો છે.

ડીએમકે, શરદ પવારની એનસીપી, બીઆરએસનો બિલને સમર્થનનો દાવો : સરકાર રાજકીય દબાણ લાવી રહી હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે સેવાતીર્થમાં કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સીમાંકન સાથે સંકળાયેલ નવા બિલ અને મહિલા અનામત કાયદાના અમલના પ્રસ્તાવ પર ચર્ચા પછી તેને મંજૂરી આપી દેવાઈ હતી. સૂત્રો મુજબ કેબિનેટે બિલમાં કેટલાક સુધારાને પણ મંજૂરી આપી દીધી છે. સીમાંકન બાદ લોકસભામાં કોઈપણ રાજ્યનું પ્રતિનિધિત્વ અન્ય રાજ્યોની સરખામણીમાં ઓછું ના થાય તેનું સૂચિત બિલમાં વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે.

સૂત્રોએ જણાવ્યું કે, નવા બિલમાં બધા જ રાજ્યોમાં લોકસભાની બેઠકોની સંખ્યા સમાન રૂપે ૫૦ ટકા વધારવાની દરખાસ્ત છે. તેનો આશય દક્ષિણ ભારતીય રાજ્યોની ચિંતાઓ દૂર કરવાનો છે. સૂચિત બિલના પ્રસ્તાવ મુજબ ૨૦૫૧ સુધી બેઠકોની સંખ્યા વધારવા પર સ્ટે મૂકાશે. સરકાર ૨૦૧૧ની વસતીના આધારે વધેલી બેઠકોનું સીમાંકન કરવાની સરકારની તૈયારી છે. સૂચિત સુધારા હેઠળ લોકસભાની વર્તમાન ૫૪૩ બેઠકોની સંખ્યા વધીને મહત્તમ ૮૫૦ થઈ શકે છે.

સરકારનું કહેવું છે કે આ પગલાંથી ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલા સંસદ અને રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત લાગુ કરવાનો રસ્તો સાફ થશે. આ પહેલા સરકારે એપ્રિલમાં સંસદના વિશેષ સત્ર

(અનુસંધાન ૧૩મે પાને)

સૂચિત બિલ મુજબ બધા રાજ્યોમાં એક સમાન ૫૦ ટકા બેઠકો વધારાશે, નવી વ્યવસ્થા ૨૦૫૧ સુધી અમલમાં રહેશે

સાત મહિનામાં સરકારે પાસુ પલટ્યું

આંકડાનું ગણિત : લોકસભામાં ૩૬૧, રાજ્યસભામાં ૧૬૨ બેઠકની જરૂર

નવી દિલ્હી, તા.૨૭

સીમાંકન અને મહિલા અનામત સંબંધિત બંધારણીય સુધારા બિલ પાસ કરાવવા માટે સરકારને લોકસભામાં ૩૬૧ અને રાજ્યસભામાં ૧૬૨ સાંસદોના સમર્થનની જરૂર છે ત્યારે સરકારે સીમાંકન બિલ મુદ્દે દક્ષિણના પક્ષોની માગણીઓ પૂરી કરીને બિલ માટે તેમનું સમર્થન મેળવી લીધું

(અનુસંધાન ૧૩મે પાને)

એપ્રિલમાં વિશેષ સત્રમાં બિલની તરફેણમાં ૨૯૮, વિરોધમાં ૨૩૦ મત પડતા સરકાર હારી હતી

સરકારે સાંસદોને સીમાંકન બિલની નકલ આપી

બિલમાં લોકસભામાં ૮૧૫ બેઠકો, ૩૩ ટકા મહિલા અનામતની જોગવાઈ

નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્ર સરકાર જૂના ડીલિમિટેશન બિલને મહિલા અનામત કાયદા સાથે જોડીને ફરીથી નવા બિલ તરીકે લાવી રહી છે. નવા બિલનું નામ બંધારણ સુધારા ૧૩૨, ડીલિમિટેશન સેકન્ડ બિલ ૨૦૨૬ રખાયું છે. સૂચિત બિલમાં લોકસભામાં બેઠકોની સંખ્યા વધારીને ૮૧૫ કરાશે અને દરેક

(અનુસંધાન ૧૩મે પાને)

લોકસભા અને વિધાનસભા બેઠકોની સંખ્યાની સરેરાશ ૧૯૭૧ની વસતી ગણતરીના આધારે નક્કી કરાશે

રાજ્ય સરકારે ઇરાદાપૂર્વક કોર્ટની અવમાનના કરી : સુપ્રીમ

દીપથૂન સ્તંભ પર દીપ પ્રાગટ્ય કરવો જ પડશે : સુપ્રીમે તમિલનાડુ સરકારને ઝાટકી

નવી દિલ્હી, તા. ૨૭

તમિલનાડુમાં એક દરગાહ પાસે આવેલા હિન્દુઓના ધાર્મિક સ્થળે તહેવાર સમયે દીપ પ્રાગટ્ય ના કરાતા સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારનો ઉધડો લીધો હતો અને શનિવાર સુધીમાં દિપ પ્રાગટ્ય કરવાનો આદેશ પણ કર્યો હતો. દીપ પ્રાગટ્યનો સુપ્રીમનો આદેશ છતા તેનો અમલ ના થતા રાજ્ય સરકારને કોર્ટની અવમાનના બદલ ફટકાર પણ લગાવી હતી. સાથે જ રાજ્યના મુખ્ય સચિવ, ડીજીપી અને કલેક્ટરને અવમાનનાની નોટિસ પણ પાઠવી છે.

મંદિરનું ટ્રસ્ટ સ્થગિત, બે પૂર્વ જજોને જવાબદારી સોંપાઇ, આજે દીપ પ્રાગટ્ય કરવા રાજ્ય સરકારને ટકોર

આ સમગ્ર મામલો તમિલનાડુના મદુરાઈમાં તિરુપરંકુંદ્રમ પહાડી પર સ્થિત દીપથૂન સ્તંભ પર દીપ પ્રાગટ્ય સાથે સંકળાયેલો છે. હિન્દુ સંગઠનો દ્વારા આ જગ્યાએ દીપ પ્રાગટ્યની માગ કરતી અરજી મદ્રાસ હાઈકોર્ટમાં કરવામાં આવી હતી, જેને મંજૂર રાખતા સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો હતો. મંદિર પ્રશાસન અને રાજ્ય સરકારે હાઈકોર્ટના આદેશનો વિરોધ કર્યો હતો. જોકે સુપ્રીમે આદેશને માન્ય રાખ્યો હતો અને દીપ પ્રાગટ્યના તહેવાર સમયે આ સ્તંભ પર દીપ પ્રાગટ્ય કરવા કહ્યું હતું. આદેશનું પાલન ના થતા સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારનો ઉધડો લીધો છે. સાથે જ નિવૃત્ત જજો એસ. વૈદ્યનાથન, વી. પાર્થીબનની કમિટી રચીને મંદિરની

(અનુસંધાન ૧૩મે પાને)

બેધડક -મંજુલ



સીમાંકન પછી તો ગૃહના અધ્યક્ષે ફેફસા મજબૂત કરવા પડશે... તેમને 'ના, માનનીય ના!' એવું ૮૫૦ વખત બોલવું પડી શકે !

૧૧ લાખનું ઝુમ્મર, પાંચ લાખના સોફા કેજરીવાલનો શીશ મહેલ ખુલ્લો મૂકાયો વાંચો પાના નં. ૧૭

ઉત્તર પ્રદેશ ચૂંટણી સર્વેમાં સપાને બહુમતી

નવીદિલ્હી, તા. ૨૭

ઉ. પ્ર. વિધાનસભા ચૂંટણીનો પહેલો એક ઓપીનીયન પોલ બહાર આવ્યો છે જેમાં અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટીને બહુમતી મળતી હોવાનું કહેવાયું છે. કોંગ્રેસના ગઠબંધન વગર પણ સપાના વોટની ટકાવારી ભાજપ કરતા વધું છે. આ સર્વે 'સ્કોર ઇન્ટેલીજન્સ' એજન્સીએ કર્યો છે. ૧૫ ઓક્ટોબરથી ૨૩ નવેમ્બર ૨૦૨૬ની

(અનુસંધાન ૧૩મે પાને)

હાઈકોર્ટમાં અરજદાર ટાટા ટ્રસ્ટને તત્કાળ રાહત ન મળી

૩૦મીની ટાટા સન્સની બોર્ડ મીટિંગ સામે સ્ટે આપવા હાઈકોર્ટનો ઈનકાર

મુંબઈ,તા. ૨૭

બોમ્બે હાઈકોર્ટ શુક્રવારે એન ચંદ્રશેખરનની એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે ત્રીજી પાંચ વર્ષની મુદત માટે પુનઃનિયુક્તિને પડકારતા બે ટાટા ટ્રસ્ટને કોઈપણ તાત્કાલિક રાહત આપવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે ટાટા સન્સની ૩૦ નવેમ્બરની બોર્ડ મીટિંગ પૂર્વનિર્ધારિત આયોજન મુજબ યોજાઈ શકે છે.

પૂર્વનિર્ધારિત રીતે મીટિંગ ભલે યોજાય જોકે, તેનું કોઈપણ પરિણામ હાઈકોર્ટના આદેશને આધીન રહેશે

ન્યાયાધીશ અભય આહુજાની બેન્ચે જણાવ્યું હતું કે બોર્ડ મીટિંગનો કોઈપણ પરિણામ કોર્ટના અંતિમ આદેશોને આધીન રહેશે. ટાટા ટ્રસ્ટ્સે બેઠક મુલતવી રાખવા, સ્ટે આપવા અથવા ચંદ્રશેખરનને એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે પોતાનો મત આપવા ન દેવાના આદેશની માંગ કરી હતી. જોકે, શુક્રવારે કોર્ટે કોઈ રાહત આપવાનો ઈનકાર કર્યો હતો.

અમે આજે કોઈ રાહત આપી રહ્યા નથી. (૩૦ નવેમ્બરના રોજ) મીટિંગ શેડ્યૂલ મુજબ ચાલવા દો. મીટિંગનું કોઈપણ પરિણામ અમારા અંતિમ આદેશોને આધીન રહેશે,એમ કોર્ટે અવલોકન કર્યું હતું.

બેન્ચે ટાટા સન્સ અને આ કેસમાં બોર્ડ સભ્યો સહિતના અન્ય પ્રતિવાદીઓને ગુરુવારે દાખલ કરાયેલા બે દાવાઓ પર તેમના જવાબ સોગંદનામા રજૂ કરવાનો આદેશ આપ્યો

(અનુસંધાન ૧૩મે પાને)

એઆઈથી ઓનલાઈન શોપિંગમાં નવો અધ્યાય

બ્રિટનમાં એઆઈએ પિત્ઝા ખરીદ્યા અને તેનું કાર્ડલેસ પેમેન્ટ પણ કર્યું

લંડન,તા.૨૭

એઆઈનો ઉપયોગ અત્યાર સુધી ઓનલાઈન શોપિંગમાં વસ્તુઓ શોધવા, તેની સરખામણી કરવા અને ગ્રાહકને યોગ્ય વિકલ્પ સૂચવવા માટે થતો હતો, પરંતુ હવે એઆઈ ગ્રાહક વતી ખરીદી કરીને તેનું પેમેન્ટ પણ કરી શકે. બ્રિટનમાં પહેલીવાર એક એઆઈ

(અનુસંધાન ૧૩મે પાને)

AI એજન્ટને બેંક એકાઉન્ટ નંબર નહોતો આપવામાં આવ્યો, ડેબિટ કે ક્રેડિટ કાર્ડની પણ જરૂર નહોતી પડી

કુદરતે કર્યો બાબા કેદારનાથને બરફનો અભિષેક



ઉત્તરાખંડના પ્રસિદ્ધ યાત્રાધામ કેદારનાથમાં હિમવર્ષા બાદ કુદરતનું અદભૂત સૌંદર્ય જોવા મળ્યું હતું. ભારે સ્નોફોલના કારણે બાબા કેદારનાથનું મંદિર અને તેની આસપાસનો સમગ્ર વિસ્તાર બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગયો હતો. દિવસના અજવાળામાં બરફથી ઢંકાયેલું મંદિર જાણે હિમાલયની વચ્ચે અડીખમ ઊભું હોય તેવો નજારો જોવા મળ્યો હતો. જ્યારે, રાતના સમયે મંદિરના પ્રવેશદ્વાર પર પડતી લાઈટ અને આસપાસ થતી હિમવર્ષા સમગ્ર વાતાવરણને અલૌકિક બનાવી દીધું હતું. મંદિરની બહાર આવેલા ઘંટ અને આસપાસની રેલિંગ પર બરફના થર જામી ગયા હતા. ભક્તો માટે કેદારનાથ માત્ર એક યાત્રાધામ નથી. પરંતુ, અતૂટ શ્રદ્ધા અને આસ્થાનું પ્રતીક છે. આ સ્નોફોલ વચ્ચે પણ બાબા કેદારનાથનું ભવ્ય મંદિર આધ્યાત્મિક ઊર્જાનો અહેસાસ કરાવે છે.





રોટી, કપડા અને મકાન એ દરેક માણસની પાયાની જરૂરીયાત છે. મોંઘવારીના મારને સહન કરતો પરિવારને મોભી કે કમાતી વ્યકિત અસહ્ય મહેનત કરે ત્યારે પરિવારનું ગુજરાન ચાલતું હોય છે. અમદાવાદના યુનિવર્સિટી કેમ્પસમાં કલાકારો દ્વારા અભિવ્યકિત કરવામાં આવેલા આર્ટ ઈન્સ્ટોલેશનમાં ગાડામાં વિશાળ ફુલેલી રોટલી પર હાસ્ય કરતુ બેઠેલુ બાળક નજરે પડે છે તેમ પુરુષ શરીરે રસ્સા દ્વારા પરીવારના હાસ્ય માટે ભારનું વહન કરતો હોય તેવું સુંદર સ્કલ્પચર મનુષ્ય જીવનની સત્ય હકિકત બયાન કરી રહ્યું છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

ટ્રાફિક નિયમનની જવાબદારીમાંથી છટકવા

અમદાવાદમાં મ્યુનિ.-પોલીસે વગર વિચાર્યે ૩૦ જંક્શન બંધ કરી દીધા!

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ શહેરમાં દિવસેને દિવસે વસતી અને વાહનોની સંખ્યા વધી રહી છે. ત્યારે ટ્રાફિક નિયમન માટે નવા આયોજનો અને પ્રયોગો થાય તે જરૂરી છે. પરંતુ કેટલાક સમયથી મ્યુનિ. કોર્પોરેશન અને પોલીસ તંત્ર 'કેપ્સુલ ડિઝાઈન'ના રૂપકડા નામે વગર વિચાર્યે આડેધડ જંક્શનો બંધ કરી રહી છે. અત્યાર સુધીમાં મ્યુનિ.એ ૯થી ૧૦ મળીને નાના-મોટા કુલ ૩૦ જેટલા જંક્શન બંધ કરી દેવામાં આવ્યા છે. સત્તાવાર અને બિનસત્તાવાર રીતે બંધ કરાયેલા આ જંક્શન ઘણી જગ્યાએ લોકો માટે હાડમારીરૂપ બની ગયા છે.

કેપ્સુલ ડિઝાઈનની ખામી : જરૂર હોય ત્યાં ચોક્કસ અમલવારી કરો, પણ બિનજરૂરી થોપી બેસાડવાથી લોકોની હાડમારી વધશે

અમદાવાદ શહેરમાં એસજી હાઈવે પર પેલેડિયમ મોલ સામે બનાવવામાં આવેલી કેપ્સુલ ડિઝાઈન સફળ થઈ છે. પરંતુ તેનાથી ફક્ત પોણા ત્રણ કિમી આગળ પકવાન જંક્શન પરની કેપ્સુલ ડિઝાઈન નિષ્ફળ ગઈ છે. આ બાબત જ મ્યુનિ. કોર્પોરેશન અને પોલીસ તંત્ર માટે બોધપાઠ રૂપ છે. ચારેય તરફના રસ્તા પહોળા હોય અને જંક્શન પર પુરતી જગ્યા હોય ત્યાં કેપ્સુલ ડિઝાઈનની અમલવારી ચોક્કસ થવી જોઈએ. જેમાં રાહદારીઓ સરળતાથી રસ્તો ઓળંગી શકે તેવી વ્યવસ્થા રાખવી પણ અનિવાર્ય છે. ડિવાઈડરની વચ્ચે ચાલીને પસાર થઈ શકાય તેવા નાના પોલ, રસ્તા પર ઝિબ્રા

સત્તાવાર અને બિનસત્તાવાર રીતે અમલી કેપ્સુલ ડિઝાઈન

* પેલેડિયમ મોલ
* કોઝી હોટલ
* પીરાણા જંક્શન
* શ્યામ શીખર
* રબારી કોલોની
* નિકોલ-કઠવાડા
* મધર ડેરી
* સફલ માર્કેટ, કાગડાપીઠ
* સીટીએમ એક્સપ્રેસ હાઈવે
* સોલા સિવિલ
* હાટકેશ્વર
* હીરાવાડી
* ઈસનપુર ચાર રસ્તા
* કમોડ સર્કલ
* દાસ્તાન સર્કલ
* ભાટ જંક્શન
* નારોલ જંક્શન
* લાંભા
* કારગીલ પેટ્રોલ પમ્પ
* સ્વસ્તિક ચાર રસ્તા
* ગરીબ નગર
* નાના ચિલોડા
* હાથીજણ સર્કલ
* ઈન્દિરા બ્રિજ
* સિવિલ હોસ્પિટલ ગેટ નં.૭
* એકા ક્લબ પાસે
* અપોલો સર્કલ

હવે ક્યાં કેપ્સુલ ડિઝાઈનનું આયોજન

* સોલા ભાગવત
* સનાથલ સર્કલ
* નારોલ-નરોડા રોડ
* રબારી કોલોની
* વિજય પાર્ક
* ઠક્કરબાપાનગર
* વૈષ્ણોદેવી જંક્શન

પેલેડિયમ મોલ સામે કેપ્સુલ ડિઝાઈન સફળ, ત્રણ કિમી આગળ પકવાન સર્કલે નિષ્ફળ!

રાહદારીઓ માટેના રસ્તાનું શું? મેયર અને સ્ટે.ચેરમેન હવે સમીક્ષા કરશે

અમદાવાદમાં જે જંક્શન પર ચાર રસ્તા બંધ કરી દેવાયા છે, ત્યાં રાહદારીઓ માટે રસ્તો ઓળંગવાની વ્યવસ્થા રાખવામાં આવી નથી. અગાઉના ઝિબ્રા ક્રોસિંગ ઉપયોગી રહ્યા નથી. સિગ્નલ હોવાથી વાહનોની પ્રવાહ ચાલુ જ રહે છે. માટે રાહદારીઓની હાલત સૌથી વધારે કફોડી બની છે. આ મામલે મેયર હિતેશ બારોટે જણાવ્યું છે કે, ટ્રાફિક પોલીસ સાથે બેઠક યોજીને આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવશે. જ્યારે સ્થાયી સમિતિના ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું છે કે, કેપ્સુલ ડિઝાઈનનો રિવ્યુ કરીને જરૂરી તમામ પગલાં લેવાશે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) શ્રી નટવરભાઈ પ્રહલાદભાઈ, (૨) શ્રી અશોકકુમાર પ્રહલાદભાઈ, (૩) શ્રી બળદેવભાઈ પ્રહલાદભાઈ, (૪) શ્રી ગોવિંદભાઈ પ્રહલાદભાઈ, (૫) શ્રી રમેશભાઈ પ્રહલાદભાઈ, (૬) શ્રી કનુભાઈ પ્રહલાદભાઈ, (૭) શ્રી ભાવેશભાઈ નટવરલાલ, (૮) મધુબેન નટવરલાલ, (૯) સીતાબેન ગોવિંદભાઈ, (૧૦) મીનાબેન કનુભાઈ, (૧૧) જયોતિબેન બળદેવભાઈ તથા (૧૨) ભાનુબેન અશોકકુમાર, સર્વે રહેવાસી-અમદાવાદનાઓ જીલ્લા અમદાવાદના તાલુકા ધાટલોડીયાના ગામ મોજે આંબલીના (૧) બ્લોક નંબર- ૧૨૯ ની ૬૭૭૯ ચોરસમીટર, (૨) બ્લોક નંબર-૧૩૦/૧ ની ૬૪૭૫ ચોરસમીટર તથા (૩) બ્લોક નંબર-૧૩૦/૨ ની ૬૮૮૦ ચોરસમીટર મળી ત્રણેય બ્લોક નંબરોની કુલ ૨૦૧૩૪ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૨૧૨ (આંબલી) માં ફાઈનલ પ્લોટ નંબર-૮૪ ની કુલ ૧૪૦૮૧ ચોરસમીટર જમીન ફાળવવામાં આવેલી છે, તે બીનખેતી થયેલી જમીનમાં પાડવામાં આવેલા જુદા-જુદા પ્લોટોની "કાન્તમ વિલા" નામની સ્કીમમાં આવેલા સબપ્લોટ નંબર-૮૪/૩ ની આશરે ૧૨૨૭.૮૦ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેનો સમાવેશ સીટી સર્વે વોર્ડ-ટીપી-૨૧૨ આંબલીમાં થતા તેને સીટી સર્વે નંબર- ૦૦૦૪૦૦૦૧/૩ આપવામાં આવેલો છે અને તેનુ ક્ષેત્રફળ ૧૨૨૭.૮૦ ચોરસમીટર નકકી કરવામાં આવેલુ છે, તે બીનખેતી થયેલી જમીન તથા સદરહુ સ્કીમના આંતરીક રોડ-રસ્તાની વગર વહેંચાયેલી વરાડે પડતી આશરે ૭૯.૯૮ ચોરસમીટર તથા કોમન પ્લોટની વગર વહેંચાયેલી વરાડે પડતી આશરે ૧૪૩.૪૯ ચોરસમીટર મળી કુલ ૧૪૫૧.૨૭ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન તેઓની સંપૂર્ણ, સ્વતંત્ર, સંયુકત માલીકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ પ્લોટની જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામા નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ દ્વારા સદરહુ પ્લોટની જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૭-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦.

કુલ સ્ટેશનની સંખ્યા ૫૫ થઈ

સાબરમતી રેલવે મેટ્રો સ્ટેશન આજથી કાર્યરત, આખરે ચાર વર્ષે ફેઝ-૧ પૂર્ણ

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદનું સાબરમતી રેલવે મેટ્રો સ્ટેશન આવતીકાલે શનિવારથી વિધિવત રીતે શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં વર્ષ ૨૦૨૨થી મેટ્રો રેલવે શરૂ થયા બાદ આખરે ચાર વર્ષે ફેઝ-૧ના તમામ સ્ટેશનનું કામ પૂર્ણ થયું છે.

સવારે ૬.૨૭થી રાત્રે ૧૧.૩૫ સુધી ટ્રેનની અવર-જવર રહેશે, વિવાદના કારણે કામ બાકી રહી ગયું હતું

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા ૨૮ નવેમ્બરથી સાબરમતી રેલવે મેટ્રો સ્ટેશન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. અમદાવાદમાં મેટ્રો રેલ ફેઝ-૧ અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૨૨થી રેલવે સેવાનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. વસ્ત્રાલથી થલતેજ સુધીના આ ફેઝમાં આમ તો બધા સ્ટેશન તૈયાર થઈ ગયા હતા. પરંતુ કાનૂની પ્રકીયાના કારણે સાબરમતી રેલવે મેટ્રો સ્ટેશનનું કામ અટકી ગયું હતું. જે હવે પૂર્ણ થયું છે. અત્રે ઉલ્લેખનિય છે કે અમદાવાદ અને ગાંધીનગરમાં મેટ્રો રેલવેના ૪ અન્ડર ગ્રાઉન્ડ સહિત કુલ ૫૪ સ્ટેશન કાર્યરત છે.

જેમાં હવે એકનો વધારો થયો છે. સાબરમતી સ્ટેશન પરથી સવારની પહેલી ટ્રેન ૬.૨૭ કલાકે એપીએમસી તરફ જવા માટે અને રાતની છેલ્લી ટ્રેન ૧૧.૩૫ કલાકે છેલ્લી ટ્રેન કોટેશ્વર તરફની મળશે.

નવા રૂટ, સ્ટોપ વગેરે માટે

લોકોની ફરિયાદ ન સાંભળતા AMTSએ સૂચનો મંગાવ્યા!

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ મ્યુનિ. દ્વારા બજેટ માટે લોકો પાસેથી સૂચનો મંગાવ્યા બાદ આજે એએમટીએસ દ્વારા મુસાફરો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા છે. ૭ ડિસેમ્બર સુધી લોકો નવી બસના રૂટ, સ્ટોપ, સમય અને ફ્રીક્વન્સી વગેરે માટે પોતાની માગણીઓ મોકલી શકશે.જો કે લોકોની રજૂઆતો કેટલી ધ્યાને લેવાશે? તે પ્રશ્ન છે.

આગામી વર્ષમાં એએમટીએસના કાફલામાં ૨૫૦૦ જેટલી નવી બસ ઉમેરવાનો દાવો

અનિયમિતતા, મુસાફરોનો ધસારો હોય તેવા રૂટ પર ઓછી બસ, શાળા, કોલેજ અને નોકરીના સમય સાથે લાલ બસના સમયની વિસંગતતા મામલે એએમટીએસની સેવાઓ વખોડાઈ રહી છે. જેને સુધારવા તંત્ર દ્વારા લોકોનો અભિપ્રાય લેવાનો નિર્ણય કરાયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી વર્ષમાં ૨૪૦૦થી ૨૫૦૦ બસ એએમટીએસના કાફલામાં જોડાય તેવી ચર્ચા ચાલી રહી છે. તેવામાં નવી બસ કયા રૂટ પર શરૂ કરવી, કયા વિસ્તારમાં સ્ટોપ રાખવા, કયા સમયે બસ દોડાવવી, કયા રૂટ પર બસની સંખ્યા વધારવી, મેટ્રો સ્ટેશન પાસે ફીડર બસની માંગ વગેરે જેવી બાબતે મુસાફરો પાસેથી ઈ-મેઈલ અને પત્ર મારફતે સૂચનો મંગાવવામાં આવ્યા છે. તેમના અભિપ્રાય બાદ સર્વે કરાશે. સામાન્ય રીતે કોલેજ, હોસ્પિટલ, ઔદ્યોગિક વિસ્તારો અને રિંગ રોડ પાસે નવા ભળતા વિસ્તારોમાં નવા રૂટ શરૂ કરવા વારંવાર લોકો દ્વારા માગણી કરાતી હોય છે.

વર્ષ ૨૦૨૭-૨૮ના બજેટમાં નવી બાબતો હેઠળ

નવા બાંધકામો માટે સરકારે યુનિ.ઓ પાસેથી પ્રેઝન્ટેશન માંગ્યુ

અમદાવાદ,શુક્રવાર

આગામી ૨૦૨૭-૨૮ના બજેટને લઈને તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે ત્યારે ઉચ્ચ શિક્ષણ વિભાગે સરકારી યુનિ.ઓ પાસેથી નવા બાંધકામો -નવી બાબતો માટે પ્રેઝન્ટેશન માંગ્યુ હતું.જેમાં આજે કેટલીક યુનિ.ઓએ પ્રેઝન્ટેશન આપ્યુ હતુ અને આવતીકાલે પણ કેટલીક યુનિ.ઓને બોલાવાઈ છે.મહત્વનું છે કે સરકારે નવા બજેટરી બાંધકામોમાં ફરજીયાત સરકારના જ આરએન્ડબી-પીડબલ્યુડી વિભાગ પાસેથી જ બાંધકામ કરાવવા આદેશ કર્યો છે.

સરકારી ગ્રાન્ટમાંથી થતા નવા બાંધકામો ફરજિયાત આરએન્ડબી પાસે જ કરાવવાનો સરકારનો આદેશ

નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮ના બજેટ માટે હાલ સરકારના વિવિધ વિભાગોમાં તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે ત્યારે શિક્ષણ વિભાગે પણ તૈયારી શરૂ કરી છે.જેમાં ઉચ્ચ શિક્ષણ વિભાગે રાજ્યની તમામ સરકારી યુનિ.ઓને નવી બાબતો-નવા બાંધકામો માટે પ્રેઝન્ટેશન આપવા આદેશ કર્યો હતો.આજે કેટલીક યુનિ.ઓએ ઉચ્ચ શિક્ષણ વિભાગ સમક્ષ નવા બાંધકામો-નવી બાબતોને લઈને પ્રેઝન્ટેશન આપ્યુ હતુ અને આવતીકાલે પણ કેટલીક યુનિ.ઓ પ્રેઝન્ટેશન આપશે. ખાસ કરીને ગુજરાત યુનિવર્સિટી, એમએસ,સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, કચ્છ,ભાવનગર, જુનાગઢ તેમજ દક્ષિણ ગુજરાત સહિતની જુની ૮ સરકારી યુનિ.ઓ દ્વારા નવી બાબતો-નવા બાંધકામોની દરખાસ્તો કરાઈ છે.

ઉચ્ચ શિક્ષણ વિભાગે સરકારી ગ્રાન્ટમાંથી બનતા અને ખાસ કરીને બજેટરી જોગવાઈ હેઠળના નવા બાંધકામો ફરજીયાત આરએન્ડબી વિભાગ પાસે જ કરાવવા આદેશ કર્યો છે. જો આરએન્ડબી વિભાગ દ્વારા નવા બિલ્ડીંગના કન્સ્ટ્રકશન માટે સમયના અભાવે ઈન્કાર કરવામા આવે તો જ યુનિ. અન્ય પ્રાઈવેટ એજન્સી-પીએમસી દ્વારા બાંધકામ કરાવી શકશે.

મહોત્સવોના નામે શાસકોનું બ્રાન્ડિંગ થયું

અમદાવાદ મ્યુનિ.એ એક વર્ષમાં રૂ.૧૪ કરોડ વાપરી 'જલસો' કર્યો

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ શહેરમાં વર્ષ દરમિયાન મ્યુનિ. કોર્પોરેશન દ્વારા નાના-મોટા મહોત્સવોના આયોજનો કરવામાં આવે છે. છેલ્લા એક વર્ષ દરમિયાન મહોત્સવ અને ઉજવણીના ૯ કાર્યક્રમમાં રૂ.૧૪.૧૫ કરોડનો ખર્ચ થયો છે. વગર ટેન્ડરે અને છાનેખુણે કરોડો રૂપિયાના કરાયેલા આ ખર્ચ સામે આજે મ્યુનિ.ના જનરલ બોર્ડમાં વિપક્ષે સવાલ ઉઠાવ્યા હતા. તેમજ મેળા-મહોત્સવોમાં લોકોના મનોરંજન કરતા શાસકપક્ષ ભાજપનું બ્રાન્ડિંગ વધારે કરાતું હોવાનો આક્ષેપ કર્યો હતો.

કાંકરિયા કાર્નિવલ, ફ્લાવર શો, બૂક ફેરમાં વગર ટેન્ડરે કરોડોનો ખર્ચ, જનરલ બોર્ડમાં વિપક્ષે હોબાળો મચાવ્યો

અમદાવાદ મ્યુનિ.ના જનરલ બોર્ડમાં વિપક્ષ કોંગ્રેસે શહેરમાં મેળા-મહોત્સવોના નામે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કરવામાં આવતા બેફામ ખર્ચાઓ બાબતે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. દરિયાપુરના સિનિયર કાઉન્સિલર નિરવ બક્ષીએ આંકડાઓ સાથે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, કાંકરિયા કાર્નિવલ, ફ્લાવર શો અને બૂક ફેરમાં કરોડો રૂપિયાનો ખર્ચ વગર ટેન્ડરે કરાયો છે. આ ખર્ચ ક્યાંય જાહેર કરવામાં આવતો નથી. પબ્લિસિટી વિભાગ દ્વારા વાર્ષિક ભાવ અને વિશેષ આયોજનની આડમાં કરોડો રૂપિયાની રકમ માનીતા લોકોને ચૂકવી દેવામાં આવી છે. લાઈટ, ડેકોરેશન, મંડપ, ફૂલ, માઈક વગેરેમાં કંઈ બાબત માટે કેટલી રકમ ચૂકવાઈ છે? તેનો કોઈ હિસાબ હોતો નથી. બિલમાં રજૂ કરવામાં આવેલા આંકડા મુજબનું આયોજન હકીકતમાં સ્થળ પર હતું કે નહીં, તેની ચકાસણી કરવા શુદ્ધાની તસ્દી લેવાતી નથી. આટલી મોટી રકમના ખર્ચ બાદ પણ લોકોને મનોરંજન મળે તેના કરતા વધારે સત્તાધારી પક્ષનું બ્રાન્ડિંગ થાય છે. મ્યુનિ.ના ખર્ચે જાણે કે ભાજપના કાર્યક્રમોના આયોજનો થઈ રહ્યા હોય તેવો માહોલ દરેક મહોત્સવમાં જોવા મળે છે. ત્યારે આ બાબતે તપાસ કરીને પગલાં લેવાય તે જરૂરી છે.

પબ્લિસિટી વિભાગે એક વર્ષમાં કરેલો ખર્ચ

મહોત્સવ	તારીખ	ખર્ચની રકમ
ઈન્ટરનેશનલ બૂક ફેર	૧૩થી ૨૧ નવેમ્બર, ૨૦૨૫	૨.૨૬ કરોડ
કાંકરિયા કાર્નિવલ	૨૫થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫	૬.૮૪ કરોડ
પ્રજાસત્તાક દિવસ	૨૬ જાન્યુઆરી, ૨૦૨૬	૧૨.૫૦ લાખ
અમદાવાદ ફ્લાવર શો	૧થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૬	૩.૦૬ કરોડ
વિશ્વ યોગ દિવસ	૨૧ જૂન, ૨૦૨૬	૧.૦૯ કરોડ
રથયાત્રા	૧૬ જુલાઈ, ૨૦૨૬	૩૫.૪૫ લાખ
ગૌરી વ્રત જાગરણ	૨૯ જુલાઈ, ૨૦૨૬	૮.૮૯ લાખ
દશા માતા વ્રત જાગરણ	---	૯.૭૫ લાખ
સ્વાતંત્ર્ય દિવસ	૧૫ ઓગસ્ટ, ૨૦૨૬	૨૧.૩૩ લાખ

ભારતના સૌથી સ્વચ્છ શહેરના મળેલા એવોર્ડ સામે સવાલ

મ્યુનિ.નું જનરલ બોર્ડ, વિપક્ષ સૂત્રોચ્ચાર સાથે ગંદકીના બેનરો લઈને પહોંચ્યો!

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના આજે મળેલા જનરલ બોર્ડ પૂર્વે વિરોધ પક્ષ કોંગ્રેસે પોતાની ઓફિસથી મોરચો કાઢી શહેરમાં ઠેર ઠેર સફાઈમાં બેદરકારી અને ગંદકી મામલે સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાં કચરાના ઢગલાના ફોટોવાળા બેનર લઈને વિપક્ષી સભ્યો જનરલ બોર્ડમાં પહોંચ્યા હતા. તેમજ આટલી બધી અવ્યવસ્થા હોવા છતાં અમદાવાદને આખા દેશમાં સ્વચ્છતાનો એવોર્ડ કેવી રીતે મળ્યો? તેવો સવાલ ઉઠાવ્યો હતો.

મુખ્યમંત્રીના વિસ્તાર ગોતામાં જાહેર રોડ પર ભરાયેલા પાણીમાં શેવાળ થઈ ગઈ ત્યાં સુધી સફાઈ કરાતી નથી

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન કચેરીના ચોથા માળે આવેલી વિપક્ષની ઓફિસ ખાતેથી કોંગ્રેસના કાઉન્સિલરો ગોતા, અસારવા, ઓઢવ, નિકોલ, કઠવાડા વગેરે વિસ્તારમાં કચરાના ઢગલા અને ગંદકીના ફોટો સાથેના બેનરો લઈને નિકળ્યા હતા. એવોર્ડની વાહવાહી બંધ કરો, સફાઈ ચાલું કરો, શહેરને ગંદકી મૂક્ત કરો... વગેરે સૂત્રોચ્ચાર પોકારતા પોકારતા વિપક્ષના સભ્યો જનરલ બોર્ડના સ્થળ સુધી પહોંચ્યા હતા.



દરિયાપુરના કાઉન્સિલરે સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે મુખ્યમંત્રીના મત વિસ્તાર ગોતામાં જાહેર રોડ પર પાણી ભરાયેલા હોય અને તેમાં શેવાળ થઈ જાય, ત્યાં સુધી સફાઈ ન થાય, આ બાબત જ શહેરની વાસ્તવિક સ્થિતિનો ચિતાર આપે છે. અમદાવાદને સ્વચ્છતાનો એવોર્ડ કેવી રીતે મળ્યો તે મોટો સવાલ છે.

મોબાઈલ કંપનીઓના ટાવરની ૮.૫૨ કરોડની ફી બાકી

જનરલ બોર્ડમાં વિપક્ષના કાઉન્સિલરે આંકડા સાથે આક્ષેપ કર્યો હતો કે, શહેરમાં વિવિધ જગ્યાએ ટેલિફોન કંપનીઓ દ્વારા ઉભા કરવામાં આવલાં ટાવરની અત્યાર સુધીની ફી પેટે રૂ.૮.૫૨ કરોડની રકમ બાકી છે. શહેરમાં કુલ ૨૩૭૮ ટાવર ઉભા કરાયા છે. કોઈ સામાન્ય નાગરિકનો વેરો બાકી હોય તો મ્યુનિ. તંત્ર ઢોલ-નગારા લઈને ઉઘરાણી કરે છે. જ્યારે મોબાઈલ ટાવરની બાકી ફી મુદ્દે કોઈ પગલાં લેવાતા નથી.

માન્યતા રદ થયા બાદ પણ શિક્ષણકાર્ય ચાલુ રખાતા

એડ્યુનોવા સ્કૂલમાં શિક્ષણ બંધ કરાવી બાળકોના બીજી સ્કૂલમાં પ્રવેશનો આદેશ

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદ શહેરના પૂર્વમાં મણિનગર ખાતે આવેલી એડ્યુનોવા સ્કૂલની ગુજરાત બોર્ડે ગત ઓગસ્ટમાં માન્યતા રદ કર્યા બાદ પણ શિક્ષણકાર્ય ચાલુ રખાયુ હોવાની ફરિયાદ મળતા અમદાવાદ શહેર ડીઈઓએ આજે એજ્યુકેશન ઈન્સપેકટરને લેટર કરીને તાકીદે શિક્ષણકાર્ય બંધ કરાવવા માટે લેખિત આદેશ કર્યો છે.આ ઉપરાંત સ્કૂલમાં ભણતા તમામ વિદ્યાર્થીઓના પ્રવેશ અન્ય સ્કૂલમાં કરાવવા માટેની વ્યવસ્થા કરવા અને ખાસ કરીને બોર્ડ પરીક્ષાના ફોર્મ પણ ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓ માટે અન્ય સ્કૂલમાંથી ભરાવવાની પ્રક્રિયા કરવા ડીઈઓએ કડક હુકમ કર્યો છે.

ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના બોર્ડ પરીક્ષા ફોર્મ પણ અન્ય સ્કૂલમાંથી ભરાવવા માટે શહેર ડીઈઓને પરિપત્ર

એડ્યુનોવા સ્કૂલ સામે વિવિધ પ્રકારની ગેરરીતિઓની ફરિયાદો બાદ અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા તપાસ કરાઈ હતી અને તપાસને અંતે સ્કૂલની માન્યતા રદ કરવાની ભલામણ સાથેનો રિપોર્ટ ડીઈઓએ શિક્ષણ બોર્ડને કર્યો હતો.રિપોર્ટના ઘણા મહિના બાદ બોર્ડે ગત ઓગસ્ટમાં માન્યતા રદ કરવાનો ઓર્ડર કર્યો હતો. જો કે માન્યતા રદ કરાયા બાદ પણ એડ્યુનોવા સ્કૂલે શિક્ષણકાર્ય ચાલુ રાખ્યુ હોવાની ફરિયાદ મળી હતી.જેને પગલે અમદાવાદ શહેર ડીઈઓએ એજ્યુકેશન ઈન્સ્પેકટરને પત્ર લખીને તાકીદે સ્કૂલમાં શિક્ષણકાર્ય બંધ કરાવવા આદેશ કર્યો છે તેમજ નોટિસ આપી છે.જો કે ત્રણ મહિના માન્યતા રદ છતાં સ્કૂલ મેનેજમેન્ટે કઈ રીતે શિક્ષણ કાર્ય ચાલુ રાખ્યુ તે પ્રશ્ન છે.

એડ્યુનોવા સ્કૂલની ધો.૯થી૧૨ની માન્યતા રદ કરવામા આવી છે ત્યારે ધો.૯થી૧૨માં ભણતા વિદ્યાર્થીઓના પ્રવેશ અન્ય સ્કૂલમાં કરાવવા માટે આદેશ કરાયો છે અને શિક્ષણ નીરિક્ષકને રૂબરૂ હાજર રહીને તમામ પ્રક્રિયા કરાવવા માટે સૂચના અપાઈ છે.આ ઉપરાંત ધો.૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરાવવાની પ્રક્રિયા પણ થોડા દિવસમાં પુરી થતી હોવાથી બોર્ડ પરીક્ષાના ફોર્મ અન્ય સ્કૂલમાંથી ભરાવવા માટેની કાર્યવાહી કરવા આદેશ અપાયો છે.જે નવી સ્કૂલોમાં બાળકોના પ્રવેશ થાય ત્યાંથી ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરાવવાના રહેશે. આ ઉપરાંત બંધ થયેલ સ્કૂલમાં ચાલતુ શૈક્ષણિક કાર્ય તાત્કાલિક બંધ કરાવીને બીજા સત્રની ફી જો લેવાઈ હોય તો તે પરત કરાવવા માટેની કાર્યવાહી પણ કરવાની રહેશે.

ઈસનપુરમાં મોબાઈલ ટાવરમાં આગ, રસ્તો બંધ કરવો પડ્યો

અમદાવાદ, શુક્રવાર

ઈસનપુરના ભૈરવનાથ રોડ પર ગુરુવારે મોડી રાત્રે મોબાઈલ ટાવરના ઉપરના ભાગમાં અચાનક આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગ છેક ટાવરના નીચલા ભાગ સુધી ફેલાઈ જતા અફરતફરીનો માહોલ સર્જાયો હતો. તાત્કાલિક ધોરણે થોડીવાર માટે રસ્તો બંધ કરવાની નોબત આવી હતી. જો કે ફાયર બ્રિગેડના કાફલાએ ઘટનાસ્થળે દોડી જઈને પાણીનો મારો ચલાવતા આગ કાબૂમાં આવી હતી. તેમજ જાનહાનિ ટળી હતી. આ ઘટના બાદ હોસ્પિટલ, હોટેલ, મકાનો, શોપિંગ કોમ્પ્લેક્સ વગેરે ઈમારતોના ધાબા પર લગાવેલા મોબાઈલ ટાવર ચિંતાનો વિષય બન્યા છે.

અમદાવાદમાં ૮ માસમાં થયેલી તપાસની હકીકત

વાયુ પ્રદૂષણ બેકાબૂ, ચાર હજારથી વધુ બાંધકામ સાઈટ નિયમ ભંગ

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદમાં વાયુ પ્રદૂષણ વધતા શહેરની હવા ધીમે ધીમે ઝેરી બની રહી છે. જેનું સૌથી મોટું કારણ આડેધડ ચાલતી બાંધકામ સાઈટ અને રોડ-રસ્તાના કામ છે. છેલ્લાં આઠ મહિનામાં શહેરમાં ૪૧૧૪ બાંધકામ સાઈટ નિયમ ભંગ કરતી પકડાતા તેમને નોટિસ અપાઈ હતી. વાયુ પ્રદૂષણ બેકાબૂ થતા મ્યુનિ. દ્વારા દરેક વોર્ડમાં એર ક્વોલિટી સેન્સર લગાવાશે તેવો દાવો કરાયો છે.

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા દરેક વોર્ડમાં એર ક્વોલિટી સેન્સર લગાવાશે બિલ્ડરો-કોન્ટ્રાક્ટરો પાસેથી રૂપિયા ૩.૪૮ કરોડ દંડ વસૂલાયો

અમદાવાદમાં શિયાળાની શરૂઆતમાં જ વાયુ પ્રદૂષણ ૨૦૦ને પાર પહોંચી ગયું છે. ત્યારે એપ્રિલથી ૨૨ નવેમ્બર સુધી અપૂરતી ગ્રીન નેટ, ડસ્ટ સેન્સર અને પાણીના છંટકાવનો અભાવ જેવા નિયમ ભંગ બદલ ૪૧૧૪ બાંધકામ સાઈટને નોટિસ આપી ૩.૪૮ કરોડ દંડ વસૂલાયો હોવાનો મ્યુનિ. દ્વારા દાવો કરાયો છે.

જ્યારે ફક્ત ૩૦ સાઈટ સીલ કરાઈ હતી. જો કે કામગીરીના દેખાડા માટે બાંધકામ સાઈટની તપાસ કરાય છે. પરંતુ બિસ્માર માર્ગો અને રસ્તા, બ્રિજ વગેરેના આડેધડ ચાલતા કામના કારણે ફેલાતી ધૂળ તંત્રને દેખાતી નથી. વાસ્તવમાં વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં શહેરની હવામાં જોખમી સૂક્ષ્મ કણો પીએમ ૧૦નું પ્રમાણ ૧૦૨ અને ૧૦૩ પર યથાવત રહ્યું છે. તેવામાં રહી રહીને જાગેલા તંત્રને કોમનવેલ્થ ગેમ્સ માટે એક્શન પ્લાન બનાવવાનું યાદ આવ્યું છે. આઈઆઈટી કાનપુરના અભ્યાસની મદદથી હવાનું પ્રદૂષણ ઓછું કરવા કામ કરાશે. આ દરમિયાન દરેક વોર્ડમાં એર ક્વોલિટી સેન્સર લગાવાશે અને રસ્તા ધૂળમુક્ત કરાશે તેવ

નમસ્તે ઈન્ડિયા!

યુરોપે તમને બોલાવ્યું છે ખેલ ખાસ

આમંત્રણ

અને પુખ્તો તો ખરા, બે આમંત્રણ
તમારા ઘુમ્મી પહોંચાડવા હોંશ આવ્યું છે!



ચલો, બૅગ ભરો, નીકળી પડો...
વીણા વર્લ્ડ સાથે યુરોપ!



ઘૂમ્મા!

Private Holidays
Flight & Hotel Bookings
Women's Special Tours
Honeymoon Tours / Packages
Seniors' Special Tours
Gift a Tour
MICE Corporate Tours

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

તળાજાના પ્રતાપરા ગામે

૮ વર્ષના બાળકને દીપડાએ ઉપાડ્યો પણ માતાની ચીસે તેને બચાવ્યો

તળાજા,શુક્રવાર

તળાજાના પ્રતાપરા ગામના ખેત મજૂર પરિવાર ભગુડા ગામે કપાસ વિણવાની મજૂરી કામે ગયેલ. બપોરના અરસામાં અરસામાં શ્રમિક મહિલા પોતાના ૮ વર્ષના બાળકને સાથેરાખી કપાસ વીણતી હતી. આ સમયે અચાનકજ દીપડો આવ્યોને માતાની નઝર સામેજ બાળકને ઉપાડી ભાગ્યો હતો. જોકે માતાની ચીસ નીકળતા દીપડો મોમા આવેલ શિકાર મૂકીને નાસી છુટ્યો હતો. ઈજાગ્રસ્ત બાળકને તળાજાની ખાનગી હોસ્પિટલમા સારવાર અર્થે લાવવામાં આવેલ છે.

માતાએ મોટેથી ચીસ પાડી પાછળ દોડતા દીપડો ઈજાગ્રસ્ત બાળકને મુકી નાસી છુટ્યો

તળાજાની સદવિચાર હોસ્પિટલ પરથી મળતી વિગતો મુજબ તળાજાના પ્રતાપરા ગામના ધો.૩ મા અભ્યાસ કરતા આશિષ અશોકભાઈ ભાલિયા ઉ વ.૮ ને માથા,છાતી,ગળા સહિત ના ભાગે ગંભીર ઈજાઓ સાથે સારવાર અર્થ લાવવામાં આવેલ. તેમના પરિવાર જનોએ જણાવ્યું હતુ કે આજે બપોરે ભગુડા ખાતે કપાસ વીણતી માતા સાથે પુત્ર રમતો હતો. એજ સમયે કપાસમા છૂપાયેલ દીપડો અચાનકજ આવ્યોને બાળક ને મોમા લઈને જઠરાગ્નિ શાંતકરવા ભાગ્યોહતો. જોકે માતાની ચીસની સામે દીપડો જાણે થરથરીગયો હોય તેમ મોમા આવેલ શિકાર ને મૂકીને ભાગીજવું પડ્યુ હતું. તળાજા અને મહુવા ફોરેસ્ટ વિભાગ દ્વારા હોસ્પિટલ અને સ્થળ પર દોડીગયો હતો અને કાયદા પ્રમાણે વળતર આપવા કાર્યવાહી કરાઈ હતી.

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર

કૃત્રિમ પગ (જયપુર ફૂટ)નો મફત શિબિર



સન્નિષ્ઠ સેવા સંસ્થા, માનવ સેવા સન્નિધિના ઉપક્રમે કૃત્રિમ પગ (જયપુર ફૂટ) માટે મફત શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર તા. ૫ થી ૮ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન **'શ્રી' પાર્ટી પ્લોટ, વશીયર, વલસાડમાં** યોજાશે.

વિશ્વમનીષિ તથા ભારતના વરિષ્ઠ રાજપુરુષ ડો. એલ. એમ. સિંઘવીની પુણ્ય સ્મૃતિને સમર્પિત આ શિબિરમાં આવનાર દર્દી અને મદદનીશ માટે રહેવા તથા જમવાની નિઃશુલ્ક વ્યવસ્થા હશે. નામ નોંધાવવા **મો.નં. ૮૧૨૮૭ ૧૪૨૩૧નો સંપર્ક કરવો.**

જૈશ- એ- મોહંમદના
(છેલ્લા પાનાનું ચાલુ)

ક્યાંથી મેળવ્યા, આ ગુનાઇત પ્રવૃત્તિમાં અન્ય કોની સંડોવણી છે, ગુજરાતમાં ૩૦ વર્ષ પછી એકે ૪૭ ગન મળી છે, તેની પણ તપાસ કરવાની છે. એરફોર્સ સ્ટેશન પર લાગેલા ઈન્ડિયન ફ્લેગ પર ક્રોસ કરી જૈશ - એ - મોહંમદના ફ્લેગ લગાવ્યા છે, તેની પાછળનો હેતુ જાણવાનો છે. તેણે વડોદરાના અમુક વિસ્તાર પર ટીક માર્ક કર્યા છે, જેમાં એરફોર્સ ગેટ અને કોર્પોરેશન પર ટીક માર્ક કર્યા છે. તે અંગે તપાસ કરવાની છે. આરોપીના ટાર્ગેટ પર વડોદરામાં અન્ય કયા સ્થળો હતા, તે અંગે વિગતવાર પૂછપરછ કરવા માટે આરોપીની હાજરીની જરૂરિયાત છે. કોર્ટે આરોપીના ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આતંકવાદી હથિયારો સાથે જરોદ ગામ નજીકથી ઝડપાઈ જતા દિવસ દરમિયાન આ મુદ્દો ગામમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો.

વાત વાતમાં

સમાચાર પાછળ સવાલો ?!

અમુક સમાચારો એવા હોય છે જેને વાંચતાં જ આપણને કંઈ ભલતા સલતા સવાલો થવા લાગે છે ! જોવાની વાત એ પણ ખરી કે એના 'જવાબો' કદી સમાચારમાં આવતા જ નથી !

* * *

સમાચાર :

એનવિડીયાના જેનસન હુઆંગ માત્ર ૧૧ દિવસમાં પાછા સીઈઓ પદે આવી ગયા એમાં ટ્રમ્પને શેરબજારમાં ૧૫ મિલિયન ડોલરનો ફાયદો થઈ ગયો !

સવાલ :

તો પેલી ચીની જાસૂસણવાળી વાત ક્યાંક આખેઆખી બોગસ તો નહોતી ને ?

* * *

સમાચાર :

ટ્રમ્પ હવે ચીન ઉપર નવેસરથી ૪૦ ટકા ટેરિફ લગાડવાની ધમકી આપી રહ્યા છે !

સવાલ :

ટ્રમ્પના ભાષણમાં ચીનાઓએ બરાબર તાળીઓ ના પાડી એટલે આવું કરવાનું ? આ 'અંચઈ' ના કહેવાય ?

* * *

સમાચાર :

બિહારમાં એક નવા પુલનું નામ 'નિતિશ બ્રિજ' રાખવામાં આવ્યું છે !

સવાલ :

સવાલ એ છે કે એ બ્રિજ નિતિશ કુમાર ટકે એટલું તો ટકશે કે નહીં ?

* * *

સમાચાર :

રાહુલ ગાંધી કહે છે કે ૨૦૨૯ની ચૂંટણીઓનો અમે બહિષ્કાર નહીં કરીએ !

સવાલ :

પણ ૨૦૨૪ની ચૂંટણી તો તમને ગેરકાયદેસર લાગે છે ! એનાં પરિણામોનો બહિષ્કાર નથી કરવાનો ?

* * *

સમાચાર :

દલજીત દોસાંનની કોન્સર્ટમાં મોંઘા મોબાઈલો ચોરનારી ગેંગ દિલ્હીથી ટેક્સી કરીને આવી હતી અને કોન્સર્ટમાં સૌથી મોંઘા ગોલ્ડ પાસ ખરીદ્યા હતા !

સવાલ :

બોલો, ચોરી કરવા માટે ય કેટલો બધો ખર્ચો કરવો પડે છે ? મોંઘવારી કેટલી વધી ગઈ, હેં ?

* * *

સમાચાર :

પાકિસ્તાની આર્મીએ બલુચિસ્તાનમાં નાગરિકો ઉપર તોપમારો કર્યો ! પીઓકેમાં નાગરિકો ઉપર એકે-૪૭ વડે ગોળીઓ વરસાવી...

સવાલ :

શું આ બધા સમાચારો યુનોમાં તથા દુનિયાભરના માનવ-અધિકાર માટે કકળાટ કરનારાં સંસ્થાનો સુધી પહોંચતા જ નથી ?

... ઈતના સન્નાટા ક્યું હૈ ભાઈ ?

- મન્નુ શેખચલ્લી

રાજકોટના ટેક્નોલોજી નિષ્ણાતની ગગનચુંબી સિધ્ધિ

૪૦૦ કિમી ઊંચે ૨૮,૦૦૦ કિમીની ઝડપે ફરતા સ્પેશ સ્ટેશનનો સીધો રેડિયો સંપર્ક!

રાજકોટ,શુક્રવાર

અવકાશમાં પૃથ્વીથી આશરે ૪૦૦ કિલોમીટરની ઊંચાઈએ કલાકના ૨૮,૦૦૦ કિલોમીટરની ઝડપે ફરી રહેલા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક સાથે રાજકોટના એક ટેક્નોલોજી નિષ્ણાત સીધો રેડિયો સંપર્ક સ્થાપિત કરીને તેનું જીવંત નિદર્શન કરશે.

રાજકોટના હેમ રેડિયો અને સેટેલાઈટ કમ્યુનિકેશન નિષ્ણાત રાજેશ વાગડિયાને કર્ણાટકના મેંગલુરુ ખાતે તા.૨૮ અને ૨૯ નવેમ્બરે યોજાનાર દેશના પ્રતિષ્ઠિત હેમફેસ્ટ ઈન્ડિયા-૨૦૨૬માં વિશેષ જવાબદારી સોંપાઈ છે. જેમાં તેઓ ઉપગ્રહ યુએમકેએ-૧એ લીધેલી તસવીરો પણ મેળવીને બતાવશે. આ પ્રયોગ માટે રાજકોટથી પોતાનું સંપૂર્ણ

દુનિયાભરના હેમ રેડિયો ઓપરેટરો જવાબ આપશે!

હેમફેસ્ટ ઈન્ડિયા-૨૦૨૬ના લાઈવ સેટેલાઈટ નિદર્શન માટે ભારત અને વિદેશના હેમ રેડિયો ઓપરેટરોને પણ જોડાવા આમંત્રણ અપાયું છે. જેમાં રાજકોટના નિષ્ણાત રાજેશ વાગડિયા કોલસાઈનથી સંપર્ક માટે સિગ્નલ આપશે અને દુનિયાભરના ઓપરેટરો જવાબ આપશે. સફળ પુષ્ટિ કરનારા ઓપરેટરોને વિશેષ ક્યુએસએલ કાર્ડ પણ અપાશે.

એન્ટેનાની દિશા અને રેડિયો ફ્રિક્વન્સીનું સચોટ નિયંત્રણ



પૃથ્વીથી ૪૦૦ કિમી ઊંચે પરિભ્રમણ કરતા ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશન સાથે રાજકોટના ટેક્નોક્રેટ સીધો રેડિયો સંપર્ક સ્થાપિત કરશે, જેમાં દર કલાકના ૨૮ હજાર કિમીની ઝડપે ફરતા અવકાશ મથક સાથે સંપર્ક કરવા એન્ટેનાની દિશા અને રેડિયો ફ્રિક્વન્સીનું સચોટ નિયંત્રણ જરૂરી બનશે. આ પ્રયોગનું નિદર્શન દેશભરના નિષ્ણાતો સામે કરાશે.

રશિયન ઉપગ્રહ દર ૯૪ મિનિટે પૃથ્વીનું એક ચક્કર કાપે છે!

રશિયન ઉપગ્રહ પૃથ્વીથી આશરે ૪૯૧થી ૫૦૬ કિમીની ઊંચાઈએ પરિભ્રમણ કરે છે. તે દર ૯૪.૬ મિનિટે પૃથ્વીનું એક ચક્કર પૂર્ણ કરે છે. તેની ગતિ પ્રતિ સેકન્ડ આશરે ૭.૬૧ કિમી છે. એટલે કે કલાકના આશરે ૨૭,૪૦૦ કિમીની ઝડપે અવકાશમાં દોડતા આ ઉપગ્રહમાંથી તસવીરો મેળવવી એ પણ ટેક્નીકલ પડકાર છે.

દેશભરના હેમ રેડિયો ઓપરેટરો, અવકાશપ્રેમી, ટેક્નોલોજી નિષ્ણાતો સમક્ષ અવકાશી સંચારની લાઈવ ટેક્નોલોજી રજૂ કરશે. આ સાથે રશિયન પોર્ટેબલ સેટેલાઈટ સ્ટેશન મેંગલુરુ લઈ ગયા છે. તેમાં હેન્ડહેલ્ડ રેડિયો, ટ્રાન્સસીવર, વિશેષ એન્ટેના, સેટેલાઈટ ટ્રેકિંગ વ્યવસ્થા સામેલ છે.

મેંગલુરુ ખાતે આજથી હેમફેસ્ટ ઈન્ડિયા-૨૦૨૬, કાલે લાઈવ સેટેલાઈટ કમ્યુનિકેશનનું નિદર્શન, રશિયન ઉપગ્રહમાંથી અવકાશી તસવીરો પણ ઝીલશે

વડોદરાથી AK-47
(છેલ્લા પાનાનું ચાલુ)

જેમાં આગામી સમયમાં મોટા ખુલાસા થવાની શક્યતા છે.

ગુજરાતના વડોદરામાં અન્ય રાજ્યનો એક વ્યક્તિ શંકાસ્પદ હિલચાલ ધરાવતો હોવાની બાતમી એટીએસના ડીવાયએસપી હર્ષ ઉપાધ્યાયને મળી હતી. આ વ્યક્તિ આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલો હોવાની અને કોઈ આતંકી પ્રવૃતિ કરવાનો હોવાની વિગતો બાતમી સાથે મળી હતી. જેના આધારે પોલીસ અધિક્ષકની અધ્યક્ષતાના નવ જેટલા સિનિયર પોલીસ અધિકારીઓની ટીમ બનાવીને ટેકનીકલ અને હ્યુમન સોર્સથી વડોદરા અને આસપાસમાં તપાસ શરૂ કરવામાં આવી હતી.જેમાં વડોદરાના સંયાજીગંજ રેલવે સ્ટેશનની નજીકમાં આવેલી હોટલ મિલનમાં એક વ્યક્તિ સવારે ચેકઆઉટ કર્યા વિના ચાલ્યો ગયાની કડી મળી હતી. તેનું નામ મોહમ્મદ શાહરૂલ ઈસ્લામ કબીરુદ્દીન (રહે. આસામ) હતું. બાદમાં સીસીટીવી નેટવર્ક અને મોબાઈલ લોકેશનના આધારે વિગતો મળી હતી કે તે દાહોદ ગયો હતો અને બાદમાં વડોદરા તરફ આવી રહ્યો હતો. જેથી પોલીસે હાલોલ-વડોદરા ગોલ્ડન ચાર રસ્તા પાસે નાકા બંધી કરીને શાહરૂલને ઝડપી લીધો હતો.તપાસ કરતા તેની પાસેથી એ કે ૪૭ જેવી બનાવટ ધરાવતી ઓટોમેટિક એસોલ્ટ રાયફલ, બે ખાલી મેગેઝીન, ૨૩ જીવતા કારતૂસ, જૈશ-એ-મોહમ્મદનો ધ્વજ, બે મોબાઈલ ફોન અને અલગ સીમ કાર્ડ મળી આવ્યા હતા. પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે શાહરૂલ કબીરુદ્દીન જૈશ-એ-મોહમ્મદના પાકિસ્તાન સ્થિત હેન્ડલર મુફ્તી રફીક ઉર્ફે ઈબ્ન અબ્દુલ્લા વોટ્સએપથી તેના સંપર્કમાં હતો. તેણે આસામથી આવીને વડોદરાના એરફોર્સ સ્ટેશન અને અન્ય લોકેશનની રેકી કરી હતી.

તે પૈકી તેને પાકિસ્તાનથી ટારગેટ અપાયો હતો. તે અંગે ફોટોગ્રાફ્સ પણ હતા. તેને પાકિસ્તાનથી ૫૦ હજારની મદદ મળી હતી. સાથેસાથે તેના મોબાઈલમાં ગુગલ મેપના સ્ક્રીન શોટ, ઓટોમેટિક રાયફલ ચલાવવાનું શીખવતા વિડીયો, મળી આવ્યા હતા. તેને મળેલા ૫૦ હજાર રૂપિયાથી તે વડોદરામાં સુચના મુજબ આંતકી પ્રવૃતિને અંજામ આપીને પાકિસ્તાન નાસી જવાનો હતો. જ્યાં તે જૈશના આતંકી તરીકે જોડાઈને શહાદત આપવાનો ઈરાદો હતો.



નવુ સિમાંકન
(છેલ્લા પાનાનું ચાલુ)

પુરુષ નેતાઓનું એકચક્રી શાસન હતું, તેમાંથી ત્રીજા ભાગની બેઠકો મહિલા અનામત હેઠળ જતાં અનેક દિગ્ગજોનું પત્તું કપાઈ જશે અને મહિલા નેતૃત્વનો એક નવો અને મજબૂત યુગ શરૂ થશે.ખાસ કરીને અમદાવાદ, સુરત,વડોદરા અને રાજકોટ મહાનગરોમાં વસ્તી વધારાને કારણે બેઠકોની સીમાઓમાં સૌથી વધુ ફેરફારો થશે.અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિની અનામત બેઠકોની સંખ્યા અને તેના વિસ્તારોમાં પણ મોટો બદલાવ આવશે, જે આદિવાસી અને દલિત મતદારોના પ્રભુત્વવાળા વિસ્તારોમાં નવા રાજકીય સમીકરણો ઊભા કરશે.જ્ઞાતિ-જાતિ અને વિસ્તારના આધારે ગોઠવાયેલા જૂના સમીકરણો તૂટતા, દરેક રાજકીય પક્ષે બૂથ મેનેજમેન્ટથી લઈને ઉમેદવારની પસંદગી સુધીની તમામ રણનીતિ શૂન્યમાંથી ઘડવી પડશે.





જાહેર નોટિસ

મોજે - પીયજ

ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ-ડિસ્ટ્રીકટ કલોલ તાલુકાનાં મોજે - પીયજ ગામની સીમનાં રી-સર્વે મુજબના બ્લોક નં.૧૯૭ (જુના બ્લોક નં.૫૮૨) ની હે.આરે.ચો.મી.૨-૨૬-૨૪ની ખેતીની જમીન પૈકી હે.આરે.ચો.મી.૦-૨૯-૦૦ ની ખેતીની જમીન અમારા અસીલને વેચાણ આપવાના હેતુસર તેના માલિક બાબુજી વિહાજીની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરી દઈશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૮-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, Dhwanipahal Realty LLP, ઠેકાણું - અમદાવાદનાએ જીલ્લો અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકો બાવળાના મોજે રાણેસરની સીમમાં આવેલ સીટી સર્વે નંબર - NA૩૦૦ ની સ.ચો.મીટર - ૧૫૩૭૮ બીનખેતીની જમીન તેઓની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીન માલિકના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભીપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહી આવે તો, સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી તેમ સમજી અમો ટાઈટલ્સ અભીપ્રાય આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહી તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૭-૧૧-૨૦૨૬

Sejwani & Co.
(Solicitor, Advocates & Notary)
Deepak B. Sejwani,
Advocate & Notary,
Dhiraj D. Sejwani,
Solicitor & Advocate
Raju D. Sejwani, Advocate
212/A, Orbit, Rajpath Rangoli Road, Bodakdev, Ahmedabad.
Mob. 6355969689.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, વીરભદ્ર વનરાજસિંહ ચાવડા, ઠેકાણુ - અમદાવાદનાએ જીલ્લો અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકો બાવળાના મોજે રાણેસરની સીમમાં આવેલ સીટી સર્વે નંબર - NA૨૯૯ ની સ.ચો.મીટર - ૧૪૯૭૩ બીનખેતીની જમીન તેઓની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીન માલિકના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભીપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહી આવે તો, સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી તેમ સમજી અમો ટાઈટલ્સ અભીપ્રાય આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહી તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૭-૧૧-૨૦૨૬

Sejwani & Co.
(Solicitor, Advocates & Notary)
Deepak B. Sejwani,
Advocate & Notary,
Dhiraj D. Sejwani,
Solicitor & Advocate
Raju D. Sejwani, Advocate
212/A, Orbit, Rajpath Rangoli Road, Bodakdev, Ahmedabad.
Mob. 6355969689.

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૧ (અસલાલી) ના તાલુકા વટવા ના મોજે હાથીજણની ની સીમના સર્વે/બ્લોક નં.૨૧૭/બ ની ૧૦૩૩૭ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૭૮ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૬૬ પૈકી ૬૨૦૨ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન સુકૃતી બિલ્ડકોન એ નામની ભાગીદારી પેઢી વતી તેના ભાગીદાર હર્ષદકુમાર મોહનભાઈ પટેલની માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, દેવેન્દ્રસિંહ છત્રસિંહ વાઘેલા, રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૪(પાલડી)ના તાલુકા વેજલપુરના ગામ મોજે મકરબાની સીમના સર્વે/બ્લોક નંબર-૬૪૬/૩(જુના સર્વે/બ્લોક નંબર-૬૪૬)ના ખાતા નંબર-૨૨૭૪ની હે- આરે-ચોમી ૦-૧૩-૦૨ યાને કે ૧૩૦૨ ચોરસમીટરની ખેતીની જમીન કે જેનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૨૦૪માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૬૪૨/૩ની ૭૮૧ ચોરસમીટરની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપરકે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૨૭-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૧ (અસલાલી)ના તાલુકા વટવાના ગામ મોજે વટવાની સીમની નીચે દર્શાવેલ વ્યક્તિઓના નામ સામે જણાવેલ જમીન તેઓએ પોતાની આગવી માલિકી, કબજા, ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. (એ) (૧) રાજેશભાઈ રમેશભાઈ પટેલ એચ.યુ.એફ.ના કર્તા અને મેનેજર તરીકે રાજેશભાઈ રમેશભાઈ પટેલ (૨) મનોજભાઈ હિંમતભાઈ ડોબરીયા તથા (૩) રીધમ રાજેશભાઈ પટેલની સર્વે નંબર-૩૦૦ ની કુલ ૧૦૩૨૦ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર- ૧૨૮ (વટવા-અસલાલી)માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૬૫ ની કુલ ૬૧૯૨ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન.(બી) (૧) રાજેશભાઈ રમેશભાઈ પટેલ એચ.યુ.એફ.ના કર્તા અને મેનેજર તરીકે રાજેશભાઈ રમેશભાઈ પટેલ (૨) મનોજભાઈ હિંમતભાઈ ડોબરીયા તથા (૩) ચતુરભાઈ બાબુભાઈ મેશીયાની સર્વે નંબર-૩૦૨ ની કુલ ૧૭૮૦૬ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૧૨૮ (વટવા-અસલાલી)માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૬૭ ની કુલ ૧૦૬૮૪ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સદ્‌ગત માતા

હીરાબાના નામે જરૂરતમંદ વિદ્યાર્થિનીઓને અપાયેલા શૈક્ષણિક સહાયના ચેક રિટર્ન થયા

અંકલેશ્વર,શુક્રવાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સરકાર સમક્ષ સારા દેખાવાના પ્રયાસમાં ગરીબ વિદ્યાર્થિનીઓ સાથે ક્રૂર મશ્કરી થઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. સુરતના ઉદ્યોગપતિ બિલ્ડર પિયુષભાઈ દેસાઈ સંચાલિત હીરાબાનો ખમ્મકાર ફાઉન્ડેશન દ્વારા હીરાબાના જન્મદિવસે અંકલેશ્વરની ૫૧૧ દીકરીઓને અપાયેલા શૈક્ષણિક સહાયના ચેક પૈકીના કેટલાક ચેકો બેંકમાંથી રિટર્ન થતા ચકચાર મચી છે.

હીરાબાનો ખમ્મકાર ફાઉન્ડેશન ઓફિસનો ફોન સતત સ્વિચ ઓફ, સ્કૂલની ફી અને ચેક રિટર્નની પેનલ્ટીના બોજ નીચે વાલીઓ

રાજ્યની ૨૧,૦૦૦ દીકરીઓને રૂા.૭,૫૦૦ ની સહાય આપવાના અભિયાન હેઠળ ભરૂચના ભાજપ અગ્રણી જનક શાહ (પિન્ટુભાઈ)ના પ્રયાસોથી આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મંત્રી ઈશ્વરસિંહ પટેલ, સાંસદ મનસુખ વસાવા અને ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીની હાજરીમાં વાહવાહી લૂંટવા ચેક વિતરણ કરાયા હતા.

વાસ્તવમાં આ યોજનાનો લાભ ઘણી દીકરીઓને મળ્યો નથી. ચેકો બાઉન્સ થતા સ્કૂલોએ વાલીઓને ફી ભરવા માટે ફોન શરૂ કર્યા છે અને ઉપરથી ચેક રિટર્ન થવાથી રૂા.૫૦૦ ની પેનલ્ટીનો બોજ પણ વાલીઓના માથે પડ્યો છે.પરેશાન વાલીઓએ હીરાબાનો ખમ્મકાર ફાઉન્ડેશનનો સંપર્ક કરતા એ નંબર સતત સ્વીચ ઓફ આવ્યો હતો. આ ગંભીર મામલે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સાંસદ મનસુખ વસાવાનો સંપર્ક સાધતા તેમણે પણ ફોન રિસીવ કરવાનું ટાળી મૌન સેવી લીધું હતું.બીજી તરફ, સ્થાનિક આયોજક જનક શાહે મંડપ અને ચા-નાસ્તામાં પોતાના લાખ રૂપિયા ખર્ચાયા હોવાનું જણાવ્યું હતું. ચેકો રિર્ટન થવાથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીનિઓના વાલીઓ આર્થિક તકલીફમાં મુકાઈ ગયા છે.

ફાઉન્ડેશન સ્થાપકનો સંપર્ક ના થઈ શક્યો

હીરાબાનો ખમ્મકાર ફાઉન્ડેશનના સ્થાપક અને સુરતના ઉદ્યોગપતિ પિયુષ દેસાઈનો વિદ્યાર્થિનીઓને અપાયેલા ચેક રિટર્ન થવા અંગેની જાણકારી મેળવવા માટે વારંવાર મોબાઈલ ફોનથી સંપર્ક કરવા છતાં સંપર્ક થઈ શક્યો નહોતો.

સંસ્થાના માલિક તકલીફમાં છે, ચેક ક્લિયર કરાવવા પ્રયાસ કરીશું : જનક શાહ

અંકલેશ્વરમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીનિઓને રૂા.૨,૫૦૦ અને રૂા.૭,૫૦૦ ના ચેક અપાયા હતા. આ અંગે સ્થાનિક આયોજક જનક શાહે જણાવ્યું હતું કે, કેટલીક વિદ્યાર્થિનીઓના ચેક રિટર્ન થયા હોવાના ફોન આવી રહ્યા છે. જોકે, જે સંસ્થા સાથે સંકલન હતું તેના માલિક હાલ તકલીફમાં હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે. વિદ્યાર્થિનીઓના ચેક વહેલી તકે ક્લિયર થાય તેવા અમારા પ્રયાસો ચાલુ છે.

ચેક રિટર્ન અને પેનલ્ટી અંગે મને કોઈ માહિતી નથી : ધારાસભ્ય રમેશ મિસ્ત્રી

૫૧૧ વિદ્યાર્થિનીઓને અપાયેલા ચેક રિટર્ન થતા સ્કૂલો દ્વારા ફી માટે વાલીઓને કરાતા દબાણ અને રૂા.૫૦૦ ની પેનલ્ટી લાગવાના મુદ્દે ભરૂચના ભાજપના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી કે જેઓની હાજરીમાં આ ચેકોનું વિતરણ કરાયું હતુ, તેમણે જણાવ્યું હતું કે આ અંગે મને કોઈ માહિતી નથી. તેમણે આ સમગ્ર મામલે પોતાનો બચાવ કરતા માત્ર એટલું જ કહ્યું હતું કે, આ મુદ્દે મુદ્દ હું તપાસ કરીને કહું છું.

સરખેજમાં પકડાયેલી ડ્રગ્સ ફેક્ટરીમાં કેમિકલ આપી

મુદસ્સરને મદદ કરનારા Ph.D વિદ્યાર્થીનો પ્રવેશ જીટીયુ રદ કરશે

અમદાવાદ,શુક્રવાર

સરખેજની લબ્બેક સોસાયટીમાંથી પકડાયેલી ડ્રગ્સ ફેક્ટરીમાં પોલીસે જેની ધરપકડ કરી છે તે મુખ્ય આરોપી એવા મુદસ્સરને ડ્રગ્સ બનાવવા માટે જરૂરી કેમિકલ જીટીયુના પીએચડીના વિદ્યાર્થીએ પુરુ પાડ્યુ હોવાનું બહાર આવ્યુ છે.પોલીસે તેની અટકાયત પણ કરી છે ત્યારે જીટીયુ દ્વારા પીએચડી પ્રવેશ રેગ્યુલેશન્સને ધ્યાને રાખીને આ વિદ્યાર્થીઓનું પીએચડી પ્રવેશ રજિસ્ટ્રેશન રદ કરાશે.

૪૮ હજાર રૂપિયાની આર્થિક સહાય મળવા છતાં વધુ પૈસાની લાલચે કેમિકલ પુરુ પાડી મદદ કરી

યુનિ.માંથી મળતી માહિતી મુજબ આ વિદ્યાર્થીએ ૨૦૨૨૪માં જીટીયુમાં પીએચડીમાં પ્રવેશ લીધો હતો. યુનિ.માં કેમિકલ એન્જિનિયરિંગ બ્રાંચ ન હોવાથી આ વિદ્યાર્થી એલ.ડી ઈજનેરીમાં એક પ્રોફેસરની ગાઈડશિપ હેઠળ પીએચડી-રિસર્ચકાર્ય કરી રહ્યો હતો.એઆઈસીટીઈની એડીએફ એટલે કે ડોક્ટરલ ફેલોશિપ સ્કીમ હેઠળ વિદ્યાર્થીને દર મહિને ૩૭ હજાર રૂપિયા ફેલોશિપ અને અને એચઆરએ સાથે ૪૮ હજાર રૂપિયાની આર્થિક સહાય પણ મળતી હતી.છતાં વિદ્યાર્થીએ વધુ રૂપિયા મેળવવાની લાલચે કેમ મુદસ્સરને મદદ કરીને કેમિકલ પુરુ પાડ્યુ તે પ્રશ્ન છે.તમામ બાબતોને લઈને હાલ પોલીસ દ્વારા સઘન તપાસ કરવામા આવી રહી છે.જો કે યુનિ.ના વહિવટી અધિકારીના જણાવ્યા મુજબ જીટીયુ દ્વારા સંદિગ્ધ પ્રવૃત્તિઓને ધ્યાને રાખી પીએચડી રેગ્યુલેશન્સના નિયમો મુજબ જરૂરી પ્રક્રિયા કરીને આ વિદ્યાર્થીનું પીએચડી એનરોલમેન્ટ-રજિસ્ટ્રેશન રદ કરશે.હાલ યુનિ.દ્વારા આ માટેની પ્રક્રિયા શરૂ કરાઈ છે.

મુદસ્સરને ગુજરાતમાં મોટા ડ્રગ્સ માફિયા બનવું હતું

NCBને સરખેજના એમડી ડ્રગ કેસમાં વધુ બે શખ્સોની કડી મળી

અમદાવાદ,શુક્રવાર

સરખેજના લબ્બૈન પાર્કમાં મુદસ્સર પઠાણ નામના આરોપીના ઘરમાંથી એમ ડી ડ્રગ્સ બનાવવાના યુનિટ મળી આવવાના મામલે તપાસ દરમિયાન કુલ ચાર આરોપીઓની ધરપકડસ થઈ ચુકી છે. ત્યારે આ કેસમાં સંડોવાયેલા વધુ બે આરોપીઓની કડી એનસીબીને મળતા તેમની ધરપકડ કરવા માટે તજવીજ શરૂ કરવામાં આવી છે.

હર્ષિલ પરીખે એમ ડી ડ્રગ્સ બનાવવા મુદસ્સર સાથે તેના સરખેજના મકાન પર પણ નિયમિત રીતે જતો હતો

બીજી તરફ એવી પણ વિગતો જાણવા મળી છે કે મુદસ્સર પઠાણ ગુજરાતનો સૌથી મોટો એમ ડી ડ્રગ્સ માફિયા બનવા ઈચ્છતો હતો.

સરખેજમાં એનસીબી દ્વારા ઝડપી પાડવામાં આવેલા એમ ડી ડ્રગ્સ તૈયાર કરવાના યુનિટના કેસમાં મુખ્ય આરોપી મુદસ્સર પઠાણની પુછપરછમાં રાજસ્થાનના પ્રતાપગઢ અને મધ્યપ્રદેશના મંદસૌરમાં રહેતા બે શખ્સોની તેમજ જીટીયુમાં પીએચડીનો અભ્યાસ કરતા હર્ષિલ પરીખની ધરપકડ કરવામાં આવી છે. ત્યારે એનસીબીને વધુ બે આરોપીઓની કડી મળતા તેમને ઝડપી લેવા માટે અલગ અલગ ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

એનસીબીની પ્રાથમિક પુછપરછમાં મુદસ્સરે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે રાજસ્થાનનું પ્રતાપગઢ અને મધ્યપ્રદેશનું મંદસૌર દેશના સૌથી વધુ એમ ડી ડ્રગ્સ તૈયાર કરતા યુનિટ ધરાવે છે અને તેમાં કરોડો રૂપિયાની કમાણી છે. જેથી તેણે એમડી ડ્રગ્સની હેરફેર દરમિયાન નક્કી કર્યુ હતું કે તે ગુજરાતમાં પણ રાજસ્થાનની માફક યુનિટ તૈયાર કરશે. આ માટે તેણે અગાઉ ઝડપાયેલા બે આરોપીઓ પાસેથી વિગતો મેળવીને હર્ષિલની મદદથી તમામ પ્રતિબંધિત કેમિકલ મેળવ્યા હતા. એટલું જ હર્ષિલ સરખેજ ખાતે આવેલા મકાનમાં જઈને મદદ પણ કરતો હતો.



દેશી લાકડાની ઘાણી દ્વારા પરંપરાગત રીતે તલમાંથી તેલ અને કચરીયું બનાવવા માટે બળદ જોડીને ધીમી ગતિઓ ઘાણી ચલાવવામાં આવતી હતી. જેથી તલમાંથી નીચાતાપમાને (કોલ્ડપ્રેસ) દ્વારા તેલ અને કચરીયામાં પોષક તત્વો અને સુગંધ જળવાઈ રહે છે. ઘાણીમાં બળદ જોતરવાનું બંધ થયા પછી ઈલેકટ્રીક મોટર અને હવે હરતી ફરતી ઘાણીમાં મોટર બાઈક જોતરવામાં આવી રહ્યું છે. શિયાળાની શરૂઆતની સાથે જ અમદાવાદના સિમાડાના વિસ્તારોમાં આવીદેશી બાઈક ઘાણીઓ જોવા મળી રહી છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

હરિયાળીના ભોગે રોડને આઈકોનિક બનાવવાની ઘેલછા

ગાંધીનગરમાં વધુ બે માર્ગોને પણ ડેવલપ કરવા વૃક્ષો કપાશે

ગાંધીનગર, શુક્રવાર

દેશના 'ગ્રીન કેપિટલ' તરીકે ઓળખાતા પાટનગર ગાંધીનગરમાં વિકાસની દોડમાં હવે શહેરની હરિયાળી સાથે બાંધછોડ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ભાઈજીપુરાથી પીડીપીયુ સુધીના આઈકોનિક રોડના નિર્માણ બાદ, હવે શહેરના અત્યંત મહત્વપૂર્ણ અને વીવીઆઈપી ગણાતા ચ-રોડ તેમજ રોડ નંબર-બે અને રોડ નંબર-ત્રણને પણ અદ્યતન સુવિધાઓ સાથે વિકસાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

વન વિભાગને મળેલી દરખાસ્તને પગલે હવે કપાતમાં આવતા ઘટાદાર વૃક્ષોનો સર્વે કરાશે

રાજ્યના પાટનગર ગાંધીનગરના માર્ગોને વધુ સુવિધાયુક્ત બનાવવાના ભાગરૂપે આ ત્રણેય મુખ્ય માર્ગો પર અદ્યતન રોડ ઉપરાંત સાયકલ ટ્રેક જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને સાકાર કરવા માટે રોડની આસપાસ વધારાની જમીનની જરૂરિયાત ઊભી થઈ છે. જોકે, આ માર્ગોની આસપાસની મોટાભાગની જમીન જંગલ વિભાગ હસ્તકની છે, જ્યાં વર્ષો જૂના ઘટાદાર વૃક્ષો આવેલા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વનતંત્રને આ રોડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત એક દરખાસ્ત મળી છે. જેના અનુસંધાને વન વિભાગ દ્વારા ઉપરોક્ત ત્રણેય રોડ પર આવેલા વૃક્ષોનો સરવે હાથ ધરવામાં આવ્યો છે અને વૃક્ષોનું માર્કિંગ કરવાની કામગીરી પણ શરૂ કરી દેવાઈ છે.આ પ્રોજેક્ટના અમલીકરણ માટે જંગલ વિભાગે પોતાની જમીન ગુમાવવાનો વારો આવશે. નિયમ મુજબ, રોડના વિકાસ માટે જંગલની જમીનનો ઉપયોગ કરવા માટે તે જમીનનું 'ડીફોરેસ્ટેશન' એટલે કે જંગલની જમીન બિન-જંગલ હેતુ માટે ફેરવવાની ફરજ પડશે.

૮ ટકા વૃક્ષો કપાતા હોવાનો અંદાજ

વન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, ગાંધીનગર શહેરના ચ-રોડ ઉપરાંત રોડ નંબર બે અને રોડ નંબર ત્રણને ડેવલપ કરવાનું આયોજન છે, અહીં અંદાજે માત્ર ૮ થી ૧૦ ટકા જેટલા જ વૃક્ષો કપાતમાં જાય તેવી શક્યતા છે, પરંતુ વૃક્ષો કપાતનો ચોક્કસ આંકડો સરવેની કામગીરી પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.

ચાંદખેડાના ધોબી તળાવમાં કમર્શિયલ શેડ બની ગયા

નવરંગપુરામાં પાસપોર્ટ ઓફિસ, ગુલબાઈ ટેકરા પાસે ૨૮ મકાનો અને ઝૂંપડા તોડાયા

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ મ્યુનિ.ના એસ્ટેટ વિભાગ દ્વારા આજે હોલીવૂડ બસ્તી નામથી ઓળખાતા ગુલબાઈ ટેકરા વિસ્તારમાં દબાણ હટાવ કાર્યવાહી હાથ ધરાવામાં આવી હતી. પશ્ચિમ ઝોનના નવરંગપુરા વોર્ડમાં પાસપોર્ટ ઓફિસથી ગુલબાઈ ટેકરા અને ત્યાંથી ગોયલ ટાવર ચાર રસ્તા સુધી તેમજ નટરાજ સોસાયટી તરફના ટીપી રોડ પર ૨૮ કાચા-પાકા શેડ, ઝૂંપડા અને મકાનો પર જેસીબી ફેરવી દેવાયા હતા. તેમજ ૧૫ મૂર્તિ, વાહનો, લારી સહિતનો સામાન જપ્ત કરી ૫૦૦ મીટર રસ્તો ખુલ્લો કરાયો હતો. નોંધનીય છે કે, વર્ષોથી અહીં રહીશો દ્વારા ઝૂંપડા બાંધીને ભગવાનની મૂર્તિઓ બનાવવામાં આવે છે. ગણેશ ચતુર્થી સહિતના તહેવારોમાં મૂર્તિઓની આખી બજાર ભરાય છે. બીજી બાજુ કોમર્સ છ રસ્તા પાસે માર્જિનની જગ્યામાં વગર પરવાનગીએ કરાયેલ બાંધકામ અને રાણીપ વોર્ડની ભવાનીનગર સોસાયટીમાં પ્રથમ માળે કરાયેલ વધારાનું બાંધકામ તોડી પડાયા હતા. જ્યારે ચાંદખેડા વોર્ડમાં મ્યુનિ.ના રિઝર્વ પ્લોટમાં ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલા એકમો તેમજ ધોબી તળાવમાં બની ગયેલા કાચા કમર્શિયલ શેડ દૂર કરાયા હતા.



દિલજીત દોસાંઝ સોલાર પ્લાન્ટ જોઈને બોલી ઉઠ્યા 'અફીત બઢિયા'

કચ્છના ખાવડામાં અદાણીનો મહાકાય રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ વિશ્વ માટે ક્રાંતિકારી કદમ







GSTના નવા સુધારાથી એક્સપોર્ટરો માટે રિફંડ પ્રક્રિયા સરળ, રેવન્યુ બ્લોકેજ ઘટશે

વાપી, શુક્રવાર

જીએસટી કાઉન્સિલની ૫૭મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોમાં વેપારીઓ, ઉદ્યોગકારો, એક્સપોર્ટરો તેમજ ટ્રાન્સપોર્ટરોને મોટી રાહત આપવામાં આવી છે. જેમાં એક્સપોર્ટ રિફંડની પ્રક્રિયા સરળ બનાવવા અને ઈ-વે બિલના નામે રસ્તામાં માલવાહક વાહનોને બીનજરૂરીરીતે રોકવાની સમસ્યા દુર કરવાના મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે.

૫૭મી જીએસટી કાઉન્સિલમાં કરાયેલા મહત્વના ફેરફારોની સમજ અંગે દમણ જીએસટી કમિશનરેટ દ્વારા સેલવાસમાં જનસંપર્ક કાર્યક્રમ યોજાયો

દમણ જીએસટી કમિશનરેટ દ્વારા સેલવાસ ખાતે જનસંપર્ક કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં છ પંચાયતને આવરી લેવામાં આવી હતી. જેમાં દમણ જીએસટી કમિશનર ડૉ.સતીશકુમારે જણાવ્યું હતું કે, નાના-મોટા તમામ કરદાતાઓમાં સમાનતા લાવવાના પુરતા પ્રયાસો કરાયા છે. સાથે ધરપકડની જોગવાઈ દુર કરી અગાઉ જે પેનલ્ટીની રકમ રૂ.૨૫ હજાર હતી તે ઘટાડીને રૂ.૧૦ હજાર કરી દેવાઈ છે. જીએસટી નિષ્ણાંત જગદીશ સુરતીએ કરદાતાઓને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, અગાઉ એક્સપોર્ટ રિફંડ માટેની કેટલીક શરતોના કારણે નિકાસકારોને મળેલું રિફંડ પરત કરવાની સ્થિતિ ઊભી થતી હતી. તેના પરિણામે કરોડો રૂપિયાની ટેક્સ નોટિસો આપવામાં આવી હતી અને વેપારીઓની કાર્યકારી મૂડી લાંબા સમય સુધી અટવાતી હતી. નવા સુધારાઓથી રિફંડ ક્લેઈમની પ્રક્રિયામાં સરળતા આવશે અને રેવન્યુ બ્લોકેજ ઘટશે. સાથે નિકાસકારો માટે વિદેશી બ્રાન્ચને આપવામાં આવતી સેવાઓને એક્સપોર્ટ ઓફ સર્વિસિસ તરીકે ગણવાની જોગવાઈ, આરબીઆઈની મંજૂરી હેઠળ ભારતીય રૂપિયામાં મળતી નિકાસની ચુકવણી અંગે સ્પષ્ટતા તથા વિદેશી ગ્રાહકોના માલનું ભારતમાં રિપેરિંગ, ટેસ્ટિંગ અને પ્રોસેસિંગ કરતી સેવાઓને લગતા નિયમોમાં રાહત સૂચવાઈ છે. આ ઉપરાંત એસઈઝેડ અને એફટીડબલ્યુઝેડ મારફતે થતી સપ્લાય તથા ઈનપુટ ટેક્સ ક્રેડિટના રિફંડના મુદ્દાઓ પણ મહત્વના છે.

ટ્રાન્સપોર્ટરો માટે સૌથી મહત્વનો ફેરફાર ઈ-વેબિલની તપાસ અંગે કરાયો : બિનજરૂરી ચેકિંગથી રાહત મળશે

આ કાઉન્સિલમાં ટ્રાન્સપોર્ટરો માટે સૌથી મહત્વનો ફેરફાર ઈ-વે બિલની તપાસ અંગે છે. જગદીશ સુરતીએ જણાવ્યું કે, અગાઉ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલ લઈ જની વખતે વચ્ચે આવતા ટ્રાન્ઝિટ રાજ્યોમાં પણ વાહનો રોકીને તપાસ કરવામાં આવતી હતી. તેના કારણે ટ્રક ચાલકોનો સમય બગડતો અને માલની ડિલિવરીમાં વિલંબ થતો હતો. હવે ચોક્કસ બાતમીના આધારે જ વાહન રોકવાની જોગવાઈ સૂચવવામાં આવી છે. આ માટે જોઈન્ટ કમિશનર અથવા તેનાથી ઉપરના અધિકારીની મંજૂરી અને લેખિત કારણો જરૂરી રહેશે. સામાન્ય રીતે તપાસની કાર્યવાહી માલ મોકલનારા અથવા માલ લેનારા જે રાજ્યમાં હોય ત્યાં જ કરવાની રહેશે. જોકે ઈ-વે બિલ કે માલની હેરફેર દર્શાવતા જરૂરી દસ્તાવેજો નહીં હોય તેવા કિસ્સામાં અપવાદરૂપ કાર્યવાહી થઈ શકશે. આ ફેરફારોથી એક્સપોર્ટરોની મૂડી અટવાવાની સમસ્યા ઘટશે અને ટ્રાન્સપોર્ટરોને બિનજરૂરી ચેકિંગથી રાહત મળશે.

પતિ ઘરમાં અજાણી યુવતી સાથે જોવા મળ્યાનો આરોપ

અમેરિકન સિટિઝન પતિ અને સસરા વિરૂદ્ધ મહિલા તબીબે ફરિયાદ નોંધાવી

અમદાવાદ,શુક્રવાર

શહેરના સોલા સાયન્સ સીટી રોડ પર આવેલા એપાર્ટમેન્ટમાં રહેતા મહિલા તબીબે અમેરિકન સિટીઝનશીપ ધરાવતા તેના પતિ અને સસરા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં પતિ પર આરોપ લગાવ્યો છે કે તેનો પતિ સોલાના ભાડાના મકાનમાં તેની સાથે રહેવાને બદલે થલતેજના મકાનમાં રહેવા જતો રહ્યો હતો.જ્યાં એક અજાણી યુવતી મળી આવી હતી. આ સમગ્ર મામલે પોલીસે કાર્યવાહી કરી છે.

પતિ સોલાના ભાડાના મકાનમાંથી થલતેજમાં રહેવા જતો રહ્યો હતોઃ બોડકદેવ પોલીસે કાર્યવાહી કરી

શહેરના સોલા સાયન્સ સિટી રોડ પર આવેલા એક એપાર્ટમેન્ટમાં રહેતા ડૉ.રવિનીતા ભટ્ટ મેમનગર સ્થિત જાણતી હોસ્પિટલમાં એનેસ્થેસિયા વિભાગમાં પીજીનો અભ્યાસ કરે છે. તેમણે નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે તે ઉદેપુરની મેડીકલ કોલેજમાં એમબીબીએસમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમની સાથે અભ્યાસ કરતા રોહન ભટ્ટ સાથે પ્રેમ થયો હતો અને એમબીબીએસ બાદ જુન ૨૦૨૦માં લગ્ન કર્યા હતા અને તે થલતેજમાં મેન્ગો ગાર્ડન વિલામાં રહેતા હતા. રોહન ભટ્ટ અને તેની માતા અમેરિકન સીટીઝનશીપ ધરાવતા હતા. જેથી તે લગ્ન બાદ તે અમેરિકા ગયા હતા અને રવિનીતા તેમના સસરા શૈલેષ ભટ્ટ સાથે રહેતા હતા. વર્ષ ૨૦૨૫માં રોહન ભટ્ટ અમેરિકાથી પરત આવ્યા હતા અને સોલામાં એક ભાડેથી ફ્લેટ રાખીને રહેતા હતા. પરંતુ, થોડા સમય બાદ તે થલતેજમાં તેમના મકાનમાં જતા રહ્યા હતા અને રવિનીતાને મકાનનું ભાડુ ચુકવતા નહોતા. જેથી રવિનીતા થોડા મહિના પહેલા થલતેજ ખાતેના મકાન પર ગયા ત્યારે એક અજાણી યુવતી જોવા મળી હતી. આ સમયે પત્નીએ તેના પતિ અને સસરાને યુવતી અંગે પુછતા કોઈ સંતોષકારક જવાબ આપ્યો નહોતો અને કાઢી મુકી હતી. બાદમાં છુટાછેડાની વાત કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી કરી છે.

વિધાનસભા ચૂંટણીની તૈયારી : મુસદ્દા મતદાર યાદી જાહેર

નવા નામ ઉમેરવામાં અને રદ થવામાં પુરુષ કરતાં મહિલાઓની સંખ્યા વધુ

અમદાવાદ,શુક્રવાર

આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે રાજ્ય ચૂંટણી પંચે દ્વારા ગુજરાતની નવી મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરી છે. સમગ્ર રાજ્યમાં ચાલી રહેલા મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હેઠળ મતદારોની સંખ્યામાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. મુસદ્દા મતદાર યાદીના આંકડાઓનું વિશ્લેષણ કરતાં એવું તારણ સામે આવ્યું છે કે, મતદાર યાદીમાં નવા નામ ઉમેરવામાં તેમજ નામ કમી થવાની પ્રક્રિયામાં પુરુષો કરતાં મહિલાઓની સંખ્યા વધુ રહી છે.

ગુજરાતમાં કુલ મતદારોનો આંકડો ૪.૪૮ કરોડને પાર ૧૨.૧ લાખ મતદારો ઉમેરાયાં, ૩.૫૪ લાખના નામ કમી

હવે આખરી મતદાર યાદી ૧૮ જાન્યુઆરી-૨૭માં પ્રસિધ્ધ થશે,૧૮ વર્ષના યુવા મતદારો એડવાન્સમાં અરજી કરી શકશે

રાજ્યમાં કુલ ૧૨,૦૧,૧૩૧ નવા મતદારો ઉમેરાયા છે, જ્યારે ૩,૫૪,૬૧૮ મતદારોના નામ કમી કરવામાં આવ્યા છે. આ સુધારા-વધારા બાદ હાલ ગુજરાતમાં કુલ મતદારોની સંખ્યા ૪,૪૮,૭૭,૨૮૮ પર પહોંચી ગઈ છે. મતદાર યાદીમાં મહિલાઓની સક્રિયતા પુરુષો કરતાં વધુ રહી છે. ખાસ સુધારણા પ્રક્રિયા દરમિયાન ફોર્મ ભરીને કુલ ૬,૭૬,૫૨૪ મહિલા મતદારો ઉમેરાયા છે, જેની સામે ૫,૨૪,૬૧૦ પુરુષ મતદારો નોંધાયા છે.

બીજી તરફ, મતદાર યાદીના શુદ્ધિકરણ ભાગરૂપે મૃત્યુ પામેલા, કાયમી સ્થળાંતર કરી ગયેલા અને અન્ય કારણોસર નામ રદ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૩,૫૪,૬૧૮ મતદારોના નામ કમી કરાયા છે, તેમાં પણ ૨,૦૨,૯૦૨ મહિલા મતદારો અને ૧,૫૧,૭૧૬ પુરુષ મતદારોનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચ દ્વારા યુવા મતદારોને મતાધિકારનો લાભ મળે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જે યુવાનો ૧૮ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે તેઓ આગામી વર્ષ ૨૦૨૭માં ૧ જાન્યુઆરી, ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબરના રોજ અરજી કરી શકશે. જે નાગરિકોના નામ હજુ સુધી મતદાર યાદીમાં નથી અથવા વિગતોમાં કોઈ સુધારો કરાવવા માંગે છે, તેમના માટે આગામી ૨૯ નવેમ્બરના રોજ સમગ્ર દિવસ દરમિયાન ખાસ ઝુંબેશ યોજાશે, જેમાં નવી અરજીઓ સ્વીકારવામાં આવશે. નાગરિકો ઓનલાઈન પોર્ટલ કે મોબાઈલ એપ મારફતે પણ અરજી કરી શકે છે. તમામ દાવાઓ અને વાંધા-સૂચનોના નિકાલ બાદ આગામી ૧૮ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

રાજ્યમાં મતદારોનું વર્તમાન સરવૈયું

કુલ મતદારો : ૪,૪૮,૭૭,૨૮૮
પુરુષ મતદારો : ૨,૩૦,૯૦,૦૬૭
મહિલા મતદારો : ૨,૧૭,૮૬,૧૫૦
થર્ડ જેન્ડર મતદારો : ૧,૦૭૧

શિક્ષણ વિભાગે નવા નિયમો સાથેનું નોટિફિકેશન કર્યું

ગ્રાન્ટેડ લઘુમતી સ્કૂલોમાં શિક્ષકોની કેન્દ્રિય ભરતી કરવા નવા નિયમો જાહેર

અમદાવાદ,શુક્રવાર

ગુજરાતમાં આવેલી ધો.૯થી૧૨ની ગ્રાન્ટેડ લઘુમતી સ્કૂલોમાં શિક્ષકોની કેન્દ્રિકૃત ભરતીને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે શિક્ષણ વિભાગે અંતે નોટિફિકેશન સાથે નવા નિયમો જાહેર કરી દીધા છે.જો કે નવા નિયમોમાં સરકારે લઘુમતી સ્કૂલોના સંચાલક મંડળના એક ટ્રસ્ટી અને એક પ્રતિનિધિ સાથે પસંદગી સમિતિ બનાવવાની પણ જોગવાઈ કરી છે.પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારોના રૂબરૂ ઈન્ટરવ્યુ થશે અને જેના ૧૦ ગુણ રહેશે.આ ઉપરાંત સરકાર દ્વારા રાજ્ય કક્ષાની સ્કુટિની કમિટી પણ રચાશે. જેમાં અધ્યક્ષ તરીકે કમિશનર ઓફ સ્કૂલ રહેશે.સ્કુટિની કમિટી ઉમેદવારોની અરજી-લાયકાતોની ચકાસણી કરશે અને મેરિટયાદી તૈયાર કરશે.

રાજ્ય સરકારની સ્કુનિટી કમિટી અને સ્કૂલ ટ્રસ્ટ-મંડળના નોમિનેટેડ ટ્રસ્ટીની અધ્યક્ષતામાં પસંદગી સમિતિ બનશે

સરકારે ઓક્ટોબર ૨૦૨૧માં કેન્દ્રિય ભરતી માટે ઠરાવ કરતા રાજ્યની ૩૦૦થી વધુ લઘુમતી સ્કૂલોએ હાઈકોર્ટમાં પીટિશન કરી હતી.જેમાં શિક્ષકોની ભરતી કેન્દ્રિયધોરણે કરવાને લઈને છેલ્લા ઘણા વર્ષોથી વિવાદ ચાલી રહ્યો છે ત્યારે હાઈકોર્ટના ચુકાદા બાદ અંતે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તાજેતરમાં નવા નિયમો સાથેનું નોટિફિકેશન જાહેર કરી દીધું છે.જેમાં માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨માં કલમ ૩૫ હેઠળ મળેલી સત્તાની રૂએ લઘુમતી સ્કૂલો માટે શિક્ષક ભરતીના નવા નિયમો નક્કી કરાયા છે.આ સાથે ૨૦૨૧ના નિયમો હવે નહીં ગણાય અને તેના બદલે આ નવા નિયમો લાગુ પડશે. આ નવા નિયમોમાં સરકારે ભરતી માટે ચકાસણી સમિતિ-સ્કુટિની કમિટી અને પસંદગી સમિતિ રચવાની જોગવાઈ કરી છે. સ્કુટિની કમિટીમાં ચેરમેને કમિશનર ઓફ સ્કૂલ્સ રહેશે તેમજ અન્ય સભ્યોમાં ગુજરાત શિક્ષણ બોર્ડના સચિવ, સરકાર દ્વારા નિયુક્ત અધિકારી તથા સરકાર નોમિનેટેડ બે પ્રતિષ્ઠિત કેળવણીકારો અને સરકાર નોમિનેટેડ લઘુમતી સ્કૂલ સંચાલક મંડળોના પાંચ પ્રતિનિધિ સભ્યો રહેશે. જ્યારે કમિશનર કચેરીના માધ્યમિક વિભાગના જોઈન્ટ ડિરેક્ટર મેમ્બર સેક્રેટરી રહેશે. આ કમિટી ડીઈઓ પાસેથી શિક્ષકોની જગ્યાઓની માહિતી મંગાવશે. જો કે ડીઈઓએ સ્કૂલો પાસેથી ખાલી જગ્યાનું માંગણીપત્રક મંગાવ્યા બાદ સમિતિને મોકલવાનું રહેશે.આ કમિટી ભરતી સૂચનાઓ નક્કી કરશે અને ઉમેદવારોની અરજીઓની ચકાસણી કરશે તથા ટાટમાં મળેલા ગુણના આધારે સ્કૂલ-વિષયવાર મેરિટયાદી તૈયાર કરશે.જ્યારે પસંદગી સમિતિમાં ચેરમેન સ્કૂલ સંચાલક મંડળ-ટ્રસ્ટના એક ટ્રસ્ટી રહેશે. સભ્યોમાં ડીઈઓ દ્વારા નિયુક્ત બહારના કેળવણીકાર ,મંડળે મુકેલા પ્રતિનિધિ ,સ્કૂલના આચાર્ય રહેશે.મેમ્બર સેક્રેટરી તરીકે ડીઈઓના એજ્યુકેશન ઈન્સ્પેકટર રહેશે. પસંદગી સમિતિ ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેશે અને ૧૦માંથી ગુણ આપશે. ઉમેદવાર ૨૦ સ્કૂલની પસંદગી કરી શકશે.ઉમેદવારે ૭ દિવસમાં હાજર થવુ પડશે.જો સ્કૂલ હાજર ન કરે તો કમિટી સરકારને માન્યતા રદની ભલામણ કરી શકે છે.

અમદાવાદમાં બોડકદેવ, પાલડી અને માધુપુરામાંથી ગાંજાના જથ્થા સાથે ત્રણ આરોપીઓની ધરપકડ

અમદાવાદ, શુક્રવાર

શહેરના બોડકદેવ, પાલડી અને માધુપુરા વિસ્તારમાંથી સ્થાનિક પોલીસે ગાંજાના જથ્થા સાથે ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી હતી. બોડકદેવ વિસ્તારમાં આવેલા નર્મદા આવાસ યોજનામાં પોલીસે આનંદ રબારી નામના યુવક પાસેથી ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો. જે જુહાપુરામાં રહેતા કાળુ નામના વ્યક્તિ પાસેથી ખરીદીને સ્થાનિક વિસ્તારમા વેચાણ કરતો હતો. અગાઉ તેને ગાંજો સેવન કરવાની આદત હતી. જેથી ખર્ચને પહોંચી વળવા માટે તેણે વેચાણ પણ શરૂ કર્યું હતું. જ્યારે માધુપુરા પોલીસે બારડોલપુરા પાસેથી વિષ્ણુ ભીલ પાસેથી ગાંજો જપ્ત કર્યો હતો. જે શહેરના અલગ અલગ વિસ્તારમાંથી સેવન કરવા માટે ખરીદી કરતો હતો. અન્ય બનાવમાં મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે ધ્રુવ ગુપ્તા (રહે. વાસણા)ની ગાંજા સાથે પાલડી પોલીસે ધરપકડ કરી હતી. જે છુટક વેચાણ માટે લાવ્યો હતો.

અમદાવાદ વિભાગની ૭ ટ્રેનમાં વધારાના કોચ જોડાશે

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ વિભાગની સાત ટ્રેનમાં રેલવે દ્વારા વધારાના કોચ જોડવાનો નિર્ણય કરાયો છે. સાબરમતી-વારાણસી એક્સપ્રેસ, અમદાવાદ-કોલકત્તા એક્સપ્રેસ, સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ, સાબરમતી-સુલતાનપુર એક્સપ્રેસમાં એક એસી થ્રીટીયર અને એક સ્લીપર કોચ વધારાના લગાવવામાં આવશે. જ્યારે સાબરમતી-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસમાં એક એસી થ્રી ટીયર કોચ જોડવામાં આવશે. આ ઉપરાંત મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ અને અમદાવાદ-બ્રાન્દ્રા કર્ણાવતી એક્સપ્રેસ ટ્રેનમાં એક એસી ચેર કાર વધારાની લગાવવામાં આવશે. આગામી માર્ચ મહિના સુધી નિયત તારીખો મુજબ અસ્થાયી ધોરણે આ વધારાના કોચ જે તે ટ્રેનમાં જોડવામાં આવશે.

ગુજરાત હાઈકોર્ટનો સરકારપક્ષને સીધો સવાલ

નાસીરનગર ડિમોલિશન મુદ્દે કેમ હજુ સુધી FIR દાખલ કરાઈ નથી?

અમદાવાદ,શુક્રવાર

સુરતના નાસીરનગર ડિમોલીશનના ચકચારભર્યા કેસમાં આજે ગુજરાત હાઈકોર્ટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને સીધો સવાલ કર્યો હતો કે, સત્તાવાળાઓ દ્વારા ગેરકાયદે ડિમોલીશન કરાયું છે તેમછતાં આ પ્રકરણમાં હજુ સુધી કેમ પોલીસ ફરિયાદ કરવામાં આવી નથી...??

વૈકલ્પિક રહેઠાણ આપવા એડવોકેટ જનરલની ખાતરી છતાં તેની સાથે અસહમતિ દાખવનાર અધિકારીઓ વિરૂધ્ધ શું પગલાં લેવાશે?

જસ્ટિસ નિખિલ કેરીયલે સરકારપક્ષ અને સુરત મનપાને પૃચ્છા કરી હતી કે, રાજ્યના એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદીએ આ કેસમાં અસરગ્રસ્તોને વૈકલ્પિક વ્યવસ્થા અપાશે તેવી ખાતરી આપી હતી, તેમછતાં સુરત મનપાના અધિકારીઓ કેમ મનમાની કરી રહ્યા છે અને રાજ્યના સર્વોચ્ચ કાયદા અધિકારીની સલાહ સુરત મનપાના અધિકારીઓ માને નહી તેવી પરિસ્થિતિ કેમ સર્જાઈ...??

હાઈકોર્ટ ઈચ્છે કે, રાજ્યના મુખ્ય સચિવ આ સમગ્ર બાબત ધ્યાનમાં લે. હાઈકોર્ટે જે અધિકારીઓએ એડવોકેટ જનરલની સલાહ માની નથી તેમની સામે શું પગલાં લેવાશે તે સહિતના મુદ્દે જવાબ રજૂ કરવા સરકારને મૌખિક તાકીદ કરી હતી.

ચકચારભર્યા ડ્રગ્સ પ્રકરણમાં આરોપીની સક્રિય ભૂમિકા

૫૦૦ કિલો હેરોઈનના કેસમાં મનજીતસિંહના જામીન નામંજૂર

અમદાવાદ,શુક્રવાર

પાકિસ્તાનથી દરિયાઈ માર્ગે બે ટ્રીપમાં ગુજરાતમાં કુલ ૫૦૦ કિલો હેરોઈન ઘૂસાડવાના ચકચારભર્યા ષડયંત્રમાં પકડાયેલા આરોપી મનજીત સિંહ ઉર્ફે મન્ના જસબીર સિંહની જામીન અરજી એડીશનલ પ્રીન્સીપાલ જજ વિનોદ વી. પરમારે ફગાવી દીધી છે.

કોર્ટે જણાવ્યું હતું કે, ડ્રગ્સ સપ્લાય દ્વારા રાષ્ટ્રીય અર્થતંત્ર અને સમાજના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડવા સામે વ્યક્તિગત સ્વતંત્રતા કરતાં દેશની સાર્વભૌમત્વતા સવીપરી છે.

ગુજરાત એટીએસમાં ૪.૯૪૯ કિલો હેરોઈન જપ્તી સંદર્ભે ગુનો નોંધાયો હતો. તપાસમાં પાકિસ્તાનથી દરિયાઈ માર્ગે બે ટ્રીપમાં ગુજરાતમાં કુલ ૫૦૦ કિલો હેરોઈન ઘૂસાડવાનું ષડયંત્ર બહાર આવ્યું હતું, જેની આવકનો ઉપયોગ આતંકવાદ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ માટે થતો હોવાનો ખુલાસો સામે આળતાં કેસની તપાસ એનઆઈએને સોંપાઈ હતી. આ કેસમાં આરોપી મનજીત સિંહ ઉર્ફે મન્ના જસબીર સિંહની ધરપકડ કરી હતી.

આરોપી મનજીતસિંહ ઉર્ફે મન્ના જસબીર સિંહની જામીન અરજીનો વિરોધ કરતાં એનઆઈએ તરફથી જણાવાયું કે, આરોપીએ હેરોઈન સંગ્રહવા વેરહાઉસ બનાવ્યું હતુ.

આ ઉપરાંત લુધિયાણામાં ૬૦ કિલો હેરોઈનનું વિતરણ કર્યું હતું. જેમાંથી રૂ.૧૦ લાખમાંથી ખરીદેલી સેકન્ડ-હેન્ડ મારુતિ સિયાઝ કારનો દિલ્હીથી લુધિયાણા મોટી માત્રામાં કેમિકલ લાવવા ઉપયોગ કર્યો હતો.

સિગારેટ સ્મગલિંગ કેસમાં કસ્ટમ સુપ્રિ. કુસુમ પ્રદીપના જામીન નામંજૂર

અમદાવાદ,શુક્રવાર

મુન્દ્રા પોર્ટ પર રૂ. ૧૯ કરોડની કિંમતનો ૮૦.૪૦ લાખ વિદેશી અને ગેરકાયદે સિગારેટના સ્મગલિંગ કેસમાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સએ પકડેલા કસ્ટમ્સ સુપ્રિન્ટેન્ડન્ટ કુસુમ પ્રદીપ બલજીત દબાસ અને ખાનગી વ્યકિત અમિત કુમારની જામીન અરજી અત્રેની મેટ્રોપોલીટન કોર્ટે ફગાવી દીધી છે.

છેલ્લી ઘડીએ બે કોલેજમાં બેઠક વધતા છઠ્ઠો રાઉન્ડ કરાયો

હોમિયોપેથીની ડિમાન્ડ ઘટી: છ રાઉન્ડ બાદ પણ પ્રથમવાર ૧૫૩૪ બેઠક ખાલી

અમદાવાદ,શુક્રવાર

ભારત સરકારની આયુર્વેદ-હોમિયોપેથી કાઉન્સિલે યુજી આયુર્વેદ-હોમિયોપેથી પ્રવેશ માટેની મુદતમાં વિદ્યાર્થીને કોલેજ જોઈનિંગ માટેની મુદત વધારીને ૩૦ નવેમ્બર કરી છે અને બીજી બાજુ છેલ્લી ઘડીએ રાજ્યમાં બે કોલેજની બેઠકો વધારાઈ છે.જેના પગલે રાજ્યની પ્રવેશ સમિતિએ આજે વધુ એક રાઉન્ડ કરીને સીટ એલોટમેન્ટ કર્યું હતું. જો કે આ વધારાના અને છઠ્ઠા રાઉન્ડ બાદ પણ આયુર્વેદ અને હોમિયોપેથીમાં ૧૬૦૦ જેટલી બેઠકો ખાલી પડી છે.

છઠ્ઠા રાઉન્ડના એલોટેન્ટ બાદ પણ આયુર્વેદમાં ૬૩ અને હોમિયોપેથીમાં ૧૫૩૪ સહિત ૧૫૯૭ બેઠકો ખાલી રહી

ધો.૧૨ સાયન્સ પછીના નીટ આધારીત કોર્સીસમાં આયુર્વેદ અને હોમિયોપેથીમાં સ્ટેટ ક્વોટાની કેન્દ્રિય ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં ચાર રાઉન્ડ બાદ ખાલી પડેલી બેઠકો માટે વધારાનો એક રાઉન્ડ એટલે કે પાંચમો રાઉન્ડ કરાયો હતો.પાંચ રાઉન્ડ બાદ પણ ૧૫૦૦થી વધુ બેઠકો ખાલી પડી હતી અને બીજી બાજુ કેન્દ્ર સરકારની મંજૂરીથી પ્રવેશ મુદતમાં જોઈનિંગ ડેટ વધારીને ૩૦ નવેમ્બર કરાઈ છે.જેથી પ્રવેશ સમિતિએ આછે વધારાનો એક ખાસ રાઉન્ડ-છઠ્ઠો રાઉન્ડ કર્યો હતો.જેમાં વધુ એક સીટ એલોટમેન્ટ કરાયુ હતું. મહત્વનું છે કે કાઉન્સિલે રાજ્યમાં વધુ બે ખાનગી કોલેજની બેઠક વધારાની મંજૂરી આપી છે.જેમાં એકને કોર્ટમાંથી મંજૂરી મળી છે. એક આયુર્વેદ કોલેજને ૩ બેઠકનો અને હોમિયોપેથી કોલેજને ૨૦ બેઠકનો વધારો મળ્યો છે.આ બેઠક વધવા સાથે વધુ એક રાઉન્ડ થયો પરંતુ છઠ્ઠા રાઉન્ડના એલોટમેન્ટમાં પણ આ બેઠક વધારામાં આ બંને કોલેજને એક-એક વિદ્યાર્થી જ મળ્યો છે.

આમ છ રાઉન્ડ બાદ પણ આયુર્વેદમાં ૬૩ અને હોમિયોપેથીમાં ૧૫૩૪ બેઠકો ખાલી પડી છે. પ્રથમવાર આયુર્વેદ અને હોમિયોપેથીમાં ૧૫૯૭ બેઠકો ખાલી પડી છે.મહત્વનું છે કે હોમિયોપેથીમાં અભ્યાસની ડિમાન્ડ વિદ્યાર્થીઓમાં ઘટી રહી હોઈ રેકોર્ડબ્રેક કહી શકાય તેટલી ૧૫૩૪ બેઠકો છ રાઉન્ડ બાદ પણ ખાલી પડી છે.આ નવા રાઉન્ડમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ ૩૦મી સુધીમાં કોલેજ જોઈન કરી લેવાની રહેશે. જો કે નોન રિપોર્ટેડ સીટો સાથે હજુ પણ ખાલી બેઠકો વધશે.

સ્નેહમિલનની ઉજવણીમાં સરકાર રાહતકામો જ ભૂલી ગઈ

પશુ પ્રત્યે સંવેદના ભૂલાઈ, દુકાળગ્રસ્ત વિસ્તારોમાં પશુપાલકોને ફૂટી કોડી નહીં

અમદાવાદ,શુક્રવાર

એક તરફ દિવાળી સ્નેહમિલનની પુરજોશમાં ઉજવણી થઈ રહી છે ત્યારે બીજી તરફ સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના દુષ્કાળગ્રસ્ત જિલ્લાના ખેડૂતો અને માલધારીઓની મુશ્કેલી વધી છે. ઘાસચારો અને માલધારીઓને પશુદીઠ રૂા.૮૦ સહાય આપવાની જાહેરાત જાણે કાગળ પર જ રહી ગઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દેવભૂમિ દ્વારકા પ્રવાસ અગાઉ સ્થાનિકો અને ખેડૂતો ભડક્યાં છે કેમકે, દુકાળની જાહેરાતને આજે એક મહિનો વિત્યો છે ત્યારે પશુપાલકો અને ખેડૂતો સરકારી સહાયની રાહ જોઈને લાચાર બન્યા છે.

ઘાસચારો જ નહીં, ૮૦ રૂપિયાની સહાય કાગળ પર રહી ગઈ મુખ્યમંત્રીના દ્વારકા પ્રવાસને લઈ સ્થાનિકો-ખેડૂતો ભડક્યાં

સરકારે દેવભૂમિ દ્વારકા, કચ્છ, જામનગર અને પોરબંદર જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યાને એક મહિનો પૂરો થઈ ગયો છે.

દુકાળગ્રસ્ત વિસ્તારોમાં ૧લી નવેમ્બરથી રાહતકામો શરૂ કરવાની જાહેરાત કરાઈ હતી.વી.બી.-જી રામજી યોજના હેઠળ ૧૫૦ દિવસની રોજગારી આપવા નક્કી કરાયુ હતું પરંતુ હજુ સુધી જમીની સ્તરે કોઈ કામગીરી દેખાતી નથી. છે કે રાહતકામો શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી તેનો સરકાર હજુ ફોડ પાડતી નથી.

આ તરફ, રાજ્ય સરકારે પશુપાલકોને બે મહિના સુધી પશુદીઠ દૈનિક રૂા.૮૦ ચૂકવવાનો વાયદો કરાયો હતો. હજુ સુધી એક પણ રૂપિયો પશુપાલકોના ખાતામાં જમા થયો નથી. નિયમ મુજબ દુકાળગ્રસ્ત વિસ્તારોમાં દર સાત દિવસે પશુપાલકોને ઘાસચારો મળવો જોઈતો હતો, પરંતુ હજુ સુધી એક પણ વખત ઘાસચારો ન મળ્યો નથી મૂંગા પશુઓ ભૂખે મરી રહ્યા છે.

ખેડૂત આગેવાનોનું કહેવું છે કે, સ્નેહમિલનની ઉજવણીમાં સરકાર દુષ્કાળનો સામનો કરી રહેલા અન્નદાતા અને પશુપાલકોને જ ભૂલી ગઈ છે.

















મધ્યસ્થ બેંક રેપો રેટમાં વધારો કરે તેવી શક્યતા

વ્યાજદરમાં વધારા બાદ નાણાકીય સ્થિતિ કડક

અમદાવાદ, તા. ૨૭

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ઓક્ટોબરમાં નીતિગત દરોમાં (પોલિસી રેટ) કરાયેલા વધારા બાદ નાણાકીય સ્થિતિ નોંધપાત્ર રીતે કડક બની છે. બેંકિંગ સિસ્ટમમાં તરલતા (લિક્વિડિટી) ખાધની સ્થિતિમાં સરકી જતાં, ત્રણ મહિનાના સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ (સીડી)ના દરો ૧૦૦ બેસિસ પોઈન્ટ્સ સુધી ઉછળ્યા છે અને ઓવરનાઈટ મની માર્કેટ દરો પણ મજબૂત થયા છે. છ સભ્યોની મોનેટરી પોલિસી કમિટીની બેઠક આવતા અઠવાડિયે મળવાની છે, જેમાં બજારના સહભાગીઓ એવી અપેક્ષા રાખી રહ્યા છે કે મધ્યસ્થ બેંક રેપો રેટમાં વધુ વધારો કરશે.

બેંકિંગ સિસ્ટમમાં તરલતા ખાધની સ્થિતિમાં સરકી જતાં, ત્રણ મહિનાના સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ (સીડી)ના દરો ૧૦૦ બેસિસ પોઈન્ટ્સ સુધી ઉછળ્યા

મોનેટરી પોલિસીનો ઓપરેટિંગ ટાર્ગેટ એવો વેઈટેડ એવરેજ કોલ રેટ તાજેતરમાં વધીને ૫.૭૬ ટકા થયો હતો, જેણે અગાઉના સત્રના ૫.૭૩ ટકાની સામે ૫.૭૫ ટકાના માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી દરને પાર કર્યો હતો. રિઝર્વ બેંકના તાજેતરના ડેટા અનુસાર, બુધવારે બેંકિંગ સિસ્ટમ રૂ. ૩૨,૨૧૬ કરોડની લિક્વિડિટી ખાધમાં હતી.



ટૂંકા ગાળાના બજાર દરોમાં આ કડકાઈ ખાસ કરીને જોવા મળી છે. ઓક્ટોબરના પ્રથમ સપ્તાહથી ત્રણ મહિનાનો સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ દર આશરે ૧૦૦ બેસિસ પોઈન્ટ્સ વધીને ૭.૫-૭.૬ ટકા થયો છે, જ્યારે એક વર્ષનો દર આશરે ૫૧ બેસિસ પોઈન્ટ્સ વધીને ૮.૧ ટકા થયો છે.

વ્યાજદરમાં વધુ એક વધારાની શક્યતા વચ્ચે, સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ ઈશ્યુ કરવાનું પ્રમાણ સપ્ટેમ્બરમાં રૂ. ૧.૧૫ લાખ કરોડ અને ઓક્ટોબરમાં રૂ. ૯૭,૩૮૨ કરોડ રહ્યા બાદ, નવેમ્બરના પ્રથમ પખવાડિયામાં વધીને રૂ. ૭૬,૩૫૪ કરોડ પર પહોંચી ગયું છે.

જાણકારોના જણાવ્યા અનુસાર, ટૂંકા ગાળાના મની માર્કેટ દરોમાં સતત ઉપર તરફી ગતિ જોવા મળી રહી છે, અને બેંકિંગ સિસ્ટમની માર્જિનલ લિક્વિડિટી કડક થવાથી દબાણ વધી રહ્યું છે.

બેંકિંગ સિસ્ટમમાં ટૂંકા ગાળાની તરલતા દાખલ કરવા માટે રિઝર્વ બેંક સતત વેરિયેબલ રેટ રેપો હરાજી કરી રહી છે. એકંદર ટકાઉ તરલતા (એગ્રિગેટ ડ્યુરેબલ લિક્વિડિટી) હજુ પણ સરપ્લસમાં હોવા છતાં, વારંવાર લિક્વિડિટી ઓપરેશન્સની જરૂરિયાત દર્શાવે છે કે સીમાંત સ્તરે તરલતા કડક થઈ રહી છે. આનાથી ટૂંકા ગાળાના મની માર્કેટ દરો પર ઉપર તરફી દબાણ આવી રહ્યું છે, ખાસ કરીને જ્યારે બેંકો થાપણો (ડિપોઝિટ) અને બજારમાંથી ઉધાર લેવા માટે સ્પર્ધા કરી રહી છે.

સરકારી રોકડ બેલેન્સે પણ આ કડકાઈમાં ફાળો આપ્યો છે, કારણ કે સરકારી ખર્ચ ધીમો પડવાથી બેંકિંગ સિસ્ટમમાં ભંડોળનો પ્રવાહ મર્યાદિત થયો છે. બજારના સહભાગીઓના જણાવ્યા અનુસાર, સરકારી રોકડ બેલેન્સ હાલમાં રૂ. ૫.૬ લાખ કરોડ છે.

બજારના સહભાગીઓ અપેક્ષા રાખે છે કે રિઝર્વ બેંક આગામી પોલિસી બેઠકમાં લિક્વિડિટી વધારવાના પગલાં, ખાસ કરીને સરકારી સિક્યોરિટીઝની ઓપન માર્કેટ ખરીદી અને ફોરેન એક્સચેન્જ સ્વેપ પર વિચાર કરશે.

અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, વિવિધ કારણોસર લગભગ એક મહિનાથી લિક્વિડિટી ખૂબ જ કડક રહી છે.

આ તબક્કે ઓપન માર્કેટ ખરીદીની અપેક્ષા છે. ફોરેન એક્સચેન્જ સ્વેપ પણ એક વિકલ્પ બની શકે છે કારણ કે તે રૂપિયાની તરલતા દાખલ કરવામાં મદદ કરશે, અને સાથે જ રિઝર્વ બેંક ને સ્થાનિક ચલણ પરના મજબૂતીના દબાણને સંચાલિત કરવાની મંજૂરી આપશે. રિઝર્વ બેંક પોલિસી બેઠકમાં કેટલાક પગલાંની જાહેરાત પણ કરી શકે છે.

ઈશ્યુ કરાયેલ CD

૩૧ ઓગસ્ટ, '૨૬	૧૯,૫૦૨
૧૫ સપ્ટેમ્બર, '૨૬	૩૯,૬૪૮
૩૦ સપ્ટેમ્બર, '૨૬	૭૪,૬૦૭
૧૫ ઓક્ટોબર, '૨૬	૪૫,૭૮૧
૩૧ ઓક્ટોબર, '૨૬	૫૧,૬૦૧
૧૫ નવેમ્બર, '૨૬	૭૬,૩૫૪

(રૂ. કરોડમાં)

AI બૂમની ચિંતા વચ્ચે JP Morganના અહેવાલથી ખળભળાટ

આગામી પાંચ વર્ષમાં ૨.૪ કરોડ નોકરીઓ જોખમમાં, નવી તકો જ નહિ સર્જાય

અમદાવાદ, તા. ૨૭

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઝડપી વિકાસ વિશ્વભરના લાખો ઓફિસ-આધારિત કર્મચારીઓની નોકરીઓ માટે એક મોટો પડકાર બની રહ્યો છે. જેપી મોર્ગન વેલ્થ મેનેજમેન્ટના અહેવાલ મુજબ એઆઈને કારણે આગામી પાંચ વર્ષમાં ૨.૪ કરોડ નોકરીઓ જોખમમાં મુકાઈ શકે છે - જેમાં 'નોલેજ વર્કર્સ' (એવા કર્મચારીઓ જેઓ બૌદ્ધિક કે માનસિક કાર્યોમાં સંકળાયેલા છે) સૌથી વધુ પ્રભાવિત થશે.



વધુને વધુ કંપનીઓ માનવ કર્મચારીઓ દ્વારા કરવામાં આવતા કાર્યો માટે એઆઈ આધારિત બની રહી છે. જેપી મોર્ગનનો અંદાજ છે કે, વૈશ્વિક સ્તરે આગામી પાંચ વર્ષમાં એઆઈ વાર્ષિક ધોરણે ૧.૩ ટકા 'નોલેજ વર્કર્સ'નું સ્થાન લઈ શકે છે.

'ધ ગ્રેટ રિસેશન' કરતાં પણ ખરાબ સ્થિતિ સર્જાશે

જેપી મોર્ગને નોકરીઓ ગુમાવવાની આ ગતિની સરખામણી ૨૦૦૦ના દાયકામાં જોવા મળેલી સ્થિતિ સાથે કરી છે. દર વર્ષે કુલ રોજગારના આશરે ૨ ટકા હિસ્સાનું નુકસાન થઈ શકે છે, આ દર ૨૦૦૦ના દાયકામાં ઉત્પાદન ક્ષેત્રે નોકરીઓ ઘટવાના દર કરતાં ચાર ગણો ઝડપી છે.

વિશ્લેષકોનું માનવું છે કે આ દર 'ગ્રેટ રિસેશન' (મહામંદી) દરમિયાન જોવા મળેલા નોકરી ગુમાવવાના દરની સમકક્ષ હોઈ શકે છે. જોકે 'ગ્રેટ રિસેશન' બે વર્ષ સુધી ચાલ્યું હતું, જ્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત આ તબક્કો ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી ચાલુ રહેવાની ધારણા છે.

એઆઈ લાગુ કરવાનો ખર્ચ, માનવ કર્મચારીઓને રાખવાના ખર્ચ કરતાં લગભગ અડધો છે. અહેવાલ સૂચવે છે કે એઆઈને કારણે આવતા આ બદલાવોને જોતાં કંપનીઓ સીધી છટણી કરવાને બદલે ખાલી પડેલી જગ્યાઓ ન ભરવાનું વલણ અપનાવી શકે છે.

એક નોંધપાત્ર જોખમ એ પણ જેપી મોર્ગને સૂચવ્યું કે જો નોકરીઓનું નુકસાન અમુક ચોક્કસ વ્યવસાયો કે ક્ષેત્રોમાં કેન્દ્રિત થઈ જાય તો પરિસ્થિતિ અતિગંભીર બની શકે છે અને અમુક વિસ્તારોમાં આર્થિક તથા રાજકીય દબાણ ઊભું થઈ શકે છે.

જેપી મોર્ગનના વિશ્લેષકોના મતે એઆઈ અપનાવવામાં અગ્રેસર યુનાઈટેડ સ્ટેટ્સ પર જ તેની સૌથી ગંભીર અસર પડવાની શક્યતા છે. જોખમમાં રહેલી નોકરીઓમાંથી બે-તૃતીયાંશ નોકરીઓ યુનાઈટેડ સ્ટેટ્સમાંથી એટલે કે આગામી પાંચ વર્ષમાં ૧.૬ કરોડ અર્થાત પ્રતિ વર્ષ ૩૦ લાખ કર્મચારીઓ ગંભીર રીતે પ્રભાવિત થઈ શકે છે.

AIમાં અગ્રેસર અમેરિકા પર સૌથી ગંભીર અસર થશે

બે-તૃતીયાંશ નોકરીઓ માત્ર યુનાઈટેડ સ્ટેટમાં ઘટશે

FTA હેઠળ ભારતના વેપાર ગૃહો બહુ ઓછો લાભ ઉઠાવે છે: મલ્હોત્રા

મુંબઈ, તા. ૨૭

મુક્ત વેપાર કરાર હેઠળ મળતા લાભોમાંથી ભારતના વેપાર ગૃહો તેમના વિદેશમાંના સમોવડિયાની સરખામણીએ માત્ર ૨૦થી ૩૦ ટકા જ લાભોનો ઉપયોગ કરી રહ્યા છે એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું. અમેરિકા સાથે વેપાર કરાર થવાની તૈયારીમાં છે ત્યારે જ આ નિરીક્ષણ આવી પડ્યું છે.

જેમની સાથે કરાર થયા છે તેવા દેશોના વેપારીઓ પ્રમાણમાં મોટો લાભ લઈ રહ્યા છે

એસએમઈ ફાઈનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ખાતે બોલતા તેમણે જણાવ્યું હતું કે, ભારત સરકારે હવે અસંખ્ય માર્ગો ખોલી આપ્યા છે. અનેક મુક્ત વેપાર કરાર થયા છે. પરંતુ ભારતના વેપાર ગૃહો વેપાર કરાર હેઠળ મળતા લાભોમાંથી ૨૦-૩૦ ટકા જ લાભો ઉઠાવી રહ્યા છે જ્યારે જેમની સાથે કરાર થયા છે તેવા દેશમાંના તેમના સમોવડિયા વેપાર ગૃહો ઉપલબ્ધ લાભોમાંથી ૬૦થી ૭૦ ટકા લાભો ઉઠાવી રહ્યા છે. યુનાઈટેડ કિંગ્ડમ (યુકે). ઓમાન તથા ન્યુઝીલેન્ડ સહિતના અનેક દેશો સાથે ભારતે તાજેતરમાં વેપાર કરાર કર્યા છે.



અમેરિકા સાથે વેપાર કરાર થવાની તૈયારીમાં હોવાનું સરકારી સુત્રોએ શુક્રવારે જણાવ્યું હતું. કરાર હેઠળ નિશ્ચિત કરાયેલા નીચા ટેરિફ્સનો લાભ લેવામાં ભારતના વેપાર ગૃહોએ હજુ ઘણું કરવાનું બાકી છે, એમ મલ્હોત્રાએ ઉમેર્યું હતું.

કવોલિટી, ડિલિવરીની સમયરેખા તથા સર્ટિફિકેશન જેવી બાબતો સુધારવા નાના તથા મધ્યમ વેપાર ગૃહોએ મુક્ત વેપાર કરાર બાબત વધુ જાણવું રહ્યું એમ પણ ગવર્નરે ઉમેર્યું હતું.

માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એમએસએમઈ)નો આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સ્વીકારનો દર ૧૪ ટકા જેટલો છે જે ચીન જેવા હરિફ દેશોની સરખામણીએ ઘણો નીચો છે.

અત્રે ઉલ્લેખનિય છે કે દેશના નિકાસકારો અમેરિકા સાથે ત્વરિતે વેપાર કરાર થાય તેવી ઈચ્છા ધરાવી રહ્યા છે પરંતુ કરારના લાભનું ચિત્ર કંઈક અલગ જ જોવા મળી રહ્યું છે.

નવ મહિનામાં અમેરિકામાં થતી કાપડની નિકાસમાં ૨૫%નો ઘટાડો

અમદાવાદ, તા. ૨૭

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રનો ૨૫ ટકા ટેરિફ (આયાત શુલ્ક) ભારતના કાપડ ઉદ્યોગ માટે એક મોટા આંચકા સમાન છે, જેણે ૨૦૨૬ના પ્રથમ નવ મહિનામાં વાર્ષિક ધોરણે સૌથી તીવ્ર ઘટાડો જોયો છે. આ સમયગાળા દરમિયાન અમેરિકામાં થતી કુલ નિકાસ ૨૫.૨ ટકા ઘટીને ૩.૧ બિલિયન ડોલર થઈ ગઈ છે.

આ સમય દરમિયાન અમેરિકાની એકંદર વસ્ત્રો (એપેરલ)ની આયાતમાં ૬.૧ ટકાનો ઘટાડો

મોટાભાગના ભારતીય નિકાસકારો વર્તમાન પરિસ્થિતિ અંગે ચિંતિત હોવા છતાં, કેટલાકને આશા છે કે ઓક્ટોબરથી જથ્થાબંધ ઓર્ડર મળવાનું શરૂ થયું હોવાથી પરિસ્થિતિમાં સુધારો થશે. ઈન્ડિયન ટેક્સટાઈલ પ્રમોશન્સ ફેડરેશન દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, જાન્યુઆરી-સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારતથી અમેરિકામાં થતી નિકાસ અંદાજે ૪.૧૪ બિલિયન ડોલર હતી. આ ઘટાડો એવા સમયે આવ્યો છે જ્યારે જાન્યુઆરી-સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન અમેરિકાની એકંદર વસ્ત્રો (એપેરલ)ની આયાતમાં ૬.૧ ટકાનો ઘટાડો થયો છે. અમેરિકામાં ભારતની નિકાસમાં ઘટાડો મુખ્યત્વે ટેરિફની અનિશ્ચિતતાને કારણે થયો હતો. રશિયા સંબંધિત ટેરિફની અનિશ્ચિતતાઓ હળવી થતાં, અમેરિકન ખરીદદારોમાં ભારત તરફથી સોર્સિંગ (ખરીદી) વધારવા અંગે ધીમે ધીમે નવો રસ જોઈ રહ્યા છીએ. ભારત-અમેરિકા વચ્ચેનો સાનુકૂળ વેપાર કરાર ગુમાવેલો બજાર હિસ્સો પાછો મેળવવામાં અને ત્યારબાદ તેનો વિસ્તાર કરવામાં મદદ કરી શકે છે.



સપ્ટેમ્બર સુધીના સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન, વિયેતનામ ૨૨.૬ ટકા બજાર હિસ્સા સાથે સૌથી મોટો સપ્લાયર રહ્યું હતું, જ્યારે બાંગ્લાદેશ ૧૧.૯ ટકા સાથે બીજા ક્રમે, ચીન ૧૦.૮ ટકા સાથે ત્રીજા ક્રમે અને ત્યારબાદ ભારત ૬.૭ ટકા હિસ્સા સાથે ચોથા ક્રમે રહ્યું હતું.

બાંગ્લાદેશમાં અશાંતિથી ભારતના ગારમેન્ટ ઉત્પાદન એકમોને લાભ

મુંબઈ, તા. ૨૭

બાંગલાદેશમાં કામદારોની હડતાળને પરિણામે વૈશ્વિક ફેશન રિટેલરો ભારત સહિત એશિયાના અન્ય ઉત્પાદન મથકો ખાતે તેમના ઓર્ડર ફેરવી રહ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે કેટલીક જાણીતી ફેશન રિટેલ બ્રાન્ડસે નવેમ્બરના પ્રથમ પખવાડિયામાં તેમના મહિનાના સરેરાશ ઓર્ડરમાંથી દસ ટકા જેટલા ઓર્ડર બાંગલાદેશની બહાર આપ્યા છે.

નવેમ્બરમાં અનેક જાણીતી બ્રાન્ડસના ઓર્ડર ભારત તરફ વળ્યા

કામદારોની હડતાળ તથા વધી રહેલા ખર્ચને કારણે સ્પર્ધાત્મકતા ઘટી જવાને પરિણામે આ નિર્ણય આવી પડ્યો હોવાનું એક રિટેલ ચેઈનના સુત્રોએ જણાવ્યું હતું.

વેપાર સુત્રોના જણાવ્યા પ્રમાણે નવેમ્બરના પ્રથમ પખવાડિયામાં બાંગલાદેશમાંથી અંદાજે ૨૫.૪૦ કરોડ ડોલરનો ઓર્ડર વિવિધ બ્રાન્ડસે પડોશી દેશો ખાસ કરીને ભારત તરફ વાળ્યા છે.

સસ્તા લેબરને કારણે બાંગલાદેશ રેડીમેડ ગારમેન્ટસના ઉત્પાદનમાં ભારત જેવા તેના હરિફ દેશો કરતા અગ્રતા ધરાવે છે. ગારમેન્ટ ઉદ્યોગ બાંગલાદેશના અર્થતંત્રમાં મોટો હિસ્સો ધરાવે છે.



અમેરિકા દ્વારા ઊંચા ટેરિફની સ્થિતિમાં ભારતના ટેકસટાઈલ ઉદ્યોગ સામે સંકટ ઊભુ થઈ શકે છે. વેતનમાં વધારાને લઈને બાંગલાદેશના ગારમેન્ટ ક્ષેત્રના કર્મચારીઓ દ્વારા છેલ્લા કેટલાક સમયથી આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે એટલું જ નહીં વીજ અછત અને રાજકીય અનિશ્ચિતતાને કારણે પણ બાંગલાદેશમાં વેપાર કામકાજ ખોરવાઈ ગયાનું સુત્રોએ ઉમેર્યું હતું.

આંદોલનને કારણે ગારમેન્ટ ઉદ્યોગને ૪૦ કરોડ ડોલરનું નુકસાન થયાનું બાંગલાદેશ ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એન્ડ એક્સપોર્ટર્સ એસોસિએશન દ્વારા આ અગાઉ દાવો કરાયો હતો.

બાંગલાદેશમાં અશાંતિને કારણે ભારતના ગારમેન્ટ ઉત્પાદન એકમોને લાભ થઈ રહ્યો છે અને ક્રિસમસને લગતા મોટા ઓર્ડરો તેમને પ્રાપ્ત થઈ રહ્યા છે, એમ સ્થાનિક સુત્રોએ જણાવ્યું હતું.

વિશ્વ બજાર ઉંચકાતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટમાં વૃદ્ધિ

સોનામાં બે દિવસમાં રૂ.૪૫૦૦ તથા ચાંદીમાં રૂ.૧૦૦૦૦નો ઉછાળો : કૂડ ૯૮ ડોલર પાર

(વાણિજ્ય પ્રતિનિધિ)

મુંબઈ, શુક્રવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદી તથા પ્લેટીનમના ભાવમાં તેજી આગળ વધી હતી. વિશ્વ બજાર ઉંચકાતા તથા ઘરઆંગણે કરન્સી બજારમાં રૂપિયા સામે ડોલર ફરી ઉછળતાં દેશમાં આયાત કરાતી કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટમાં વૃદ્ધી થતી જોવા મળી હતી તથા તેની ઈમ્પેકટ બજાર ભાવ પર પણ દેખાઈ હતી.

પ્લેટીનમ વધી રૂ.૪૮ હજાર નજીક પહોંચ્યું: સોનાએ રૂ.૧ લાખ ૩૦ હજારની સપાટી ફરી કૂદાવી : કોપરમાં પણ તેજી આવી

વિશ્વ બજારમાં સોનામાં ફંડો ફરી એક્ટીવ રહ્યા હતા. વૈશ્વિક સોનાના ભાવ ઔંસના વધી ઉંચામાં ૩૬૮૫ થઈ ૩૬૭૦થી ૩૬૭૧ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ વધી ૪૪.૫૭ થઈ ૪૩.૯૫થી ૪૩.૯૬ ડોલર રહ્યા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે પણ તેજી આગળ વધી હતી. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૩૫૦૦ ઉછળ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ વધી રૂ.૧૫૬૦૦૦ રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે જીએસટી વગર સોનાના ભાવ રૂ.૩૫૦૦ વધી ૯૯પના રૂ.૧૨૫૭૬૩ તથા ૯૯૯ના રૂ.૧૨૬૨૯૯ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર વધુ રૂ.૭૦૦૦ વધી રૂ.૧૫૪૩૦૦ બોલાયા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા.

દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૧૦૦૦ વધી રૂ.૪૭૭૪૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના વધી ૧૩૭૦ થઈ ૧૩૪૯થી ૧૩૫૦ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ વધી ૯૨૪ થઈ ૯૧૦થી ૯૧૧ ડોલર રહ્યા હતા. કોપરના વૈશ્વિક ભાવ આજે ૪.૭૩ ટકા ઉંચા બોલાઈ રહ્યા હતા. વિશ્વ બજારમાં કૂડતેલના ભાવમાં તેજી આગળ વધી હતી. બ્રેન્ટ કૂડના ભાવ ઉંચામાં ૯૮.૦૬ ડોલર થઈ ૯૬.૬૩ ડોલર રહ્યા હતા. યુએસ કૂડના ભાવ વધી ૮૬.૬૦ થઈ ૮૫.૨૭ ડોલર રહ્યા હતા. કૂડના ભાવ વધી ત્રણ સપ્તાહની ટોચે પહોંચ્યા હતા. મિડલ ઈસ્ટમાં ફરી તંગદિલી વધ્યાના વાવડ હતા.

૨૦૨૭માં બેંકોની લોન વૃદ્ધિ બે આંકડામાં રહેવાની શક્યતા : ફિચ

અમદાવાદ, તા. ૨૭

૨૦૨૭માં બેંકો બે આંકડામાં (ડબલ-ડિજિટ) લોન વૃદ્ધિ જાળવી રાખશે તેવી અપેક્ષા છે, જ્યારે ખર્ચ કાર્યક્ષમતામાં સુધારો નફાકારકતા અને સ્થિર મૂડીકરણને ટેકો આપશે તેમ ફિચ રેટિંગ્સે જણાવ્યું હતું.

કેટલાક ક્ષેત્રોમાં નવી નોન-પરફોર્મિંગ લોન બનવાનું પ્રમાણ સાધારણ વધવાની શક્યતા

ફિચને અપેક્ષા છે કે માર્ચ ૨૦૨૮માં પૂરા થતા નાણાકીય વર્ષમાં ભારતીય બેંકોનું નાણાકીય પ્રદર્શન સ્થિર રહેશે, કારણ કે મજબૂત આર્થિક વૃદ્ધિ લોન વૃદ્ધિને લગભગ ૧૫ ટકાની આસપાસ તેજ રાખશે, જ્યારે નીતિગત દરોમાં સાધારણ વધારો નેટ ઈન્ટરેસ્ટ માર્જિન અને કમાણીને ટેકો આપશે.

લોન જૂની થવાની સાથે એસેટ-ક્વોલિટી (સંપત્તિની ગુણવત્તા) પર થોડું દબાણ વધવાની શક્યતા છે. તાજેતરના વર્ષોમાં થયેલી ઝડપી લોન વૃદ્ધિને પગલે અસુરક્ષિત પર્સનલ લોન અને કૃષિ-વ્યવસાય (એગ્રી-બિઝનેસ) લોન સહિતના કેટલાક ક્ષેત્રોમાં નવી નોન-પરફોર્મિંગ લોન બનવાનું પ્રમાણ સાધારણ વધવાની શક્યતા છે, જે બાહ્ય પરિસ્થિતિઓ પ્રત્યે સંવેદનશીલ હોઈ શકે છે.

રૂપિયો સામે ડોલર ઉછળી ૯૩ને પાર ફોરેક્સમાં ૪.૪૪ અબજ ડોલરનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ)

મુંબઈ, શુક્રવાર

મુંબઈ ફરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ વધુ ઉંચકાતાં રૂપિયો વધુ ગબડ્યો હતો શેરબજાર ઘટતાં તથા વિશ્વ બજારમાં કૂડતેલના ભાવ ફરી વધતાં મુંબઈ ફરન્સી બજારમાં આજે રૂપિયા પર દબાણ વધ્યાનું બજારના જાણકારો બતાવી રહ્યા હતા. ડોલરના ભાવ રૂ.૯૨.૪૫ વાળા આજે સવારે રૂ.૯૨.૫૦ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૯૨.૪૫ થયા પછી ભાવ ઉછળી ઉંચામાં રૂ.૯૩.૦૦ થઈ રૂ.૯૨.૯૯ રહ્યા હતા.

ગોલ્ડ રિઝર્વમાં પણ વધુ ૪.૦૯૫ અબજ ડોલર ઘટી ૯૪.૫૨ અબજ ડોલર નોંધાયું

ડોલરના ભાવ વધુ ૫૪ પૈસા વધતાં રૂપિયો આજે વધુ ૦.૫૮ ટકા તૂટ્યો હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ મક્કમ હતો. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ નીચામાં ૧૦૩.૬૪ તથા ઉંચામાં ૧૦૩.૮૭ થઈ ૧૦૩.૮૦ રહ્યાના સમાચાર હતા. અમેરિકામાં જીડીપી વૃદ્ધીના ડેટા પ્રોત્સાહક આવ્યા હતા. ત્યાં આગળ ઉપર વ્યાજ દરમાં વધારો થવાની શક્યતા પણ જાણકારો બતાવી રહ્યા હતા.

દરમિયાન, મુંબઈ બજારમાં રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ આજે ૮૫ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૨૨.૦૯ થઈ ૧૨૨.૦૪ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે ૫૦ પૈસા વધી રૂ.૧૦૨.૦૫ થઈ રૂ.૧૦૧.૯૨ રહ્યા હતા. જાપાનની કરન્સી રૂપિયા સામે આજે ૦.૫૩ ટકા ઉંચકાઈ હતી. ચીનની કરન્સી રૂપિયા સામે આજે ૦.૬૮ ટકા વધી હતી. દરમિયાન, ભારતમાં ફોરેક્સ રિઝર્વ ૪.૪૪ અબજ ડોલર ઘટી ૭૦૦.૬૦ અબજ ડોલરના મથાળે ઉતરી ગયાનું રિઝર્વ બેન્કના સૂત્રોએ જણાવ્યું હતું. આ પૂર્વે ફોરેક્સ રિઝર્વમાં ૧૪.૨૦ અબજ ડોલર ઘટયા પછી હવે વધુ ૪.૪૦ અબજ ડોલર ઘટતાં કરન્સી બજારમાં ખાસ્સી ચર્ચા સંભળાઈ હતી. ગોલ્ડ રિઝર્વમાં પણ વધુ ૪.૦૯૫ અબજ ડોલર ઘટી ૯૪.૫૨ અબજ ડોલર નોંધાયું હોવાનું રિઝર્વ બેન્કના સૂત્રોએ જણાવ્યું હતું.

ફોરેક્સ ભાવ

ડોલર	રૂા. ૯૨.૯૯
પાઉન્ડ	રૂા. ૧૨૨.૦૪
યુરો	રૂા. ૧૦૧.૯૨
યેન	રૂા. ૦.૫૮
બ્રેન્ટ કૂડ	૯૬.૫૦ ડોલર

શેરબજારમાં ઉદ્ભવેલી તેજીની જોવાયેલી અસર

ફંડોની ઈક્વિટી સ્કીમમાં રિડમ્પશનનું દબાણ

મુંબઈ, તા. ૨૭

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)ની ધૂમ ખરીદીને પરિણામે વર્તમાન મહિનામાં ભારતીય શેરબજારમાં આવેલી રેલીનો લાભ લઈ ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ) નફો બુક કરી રહ્યા છે એટલું જ નહીં મ્યુચ્યુઅલ ફન્ડસ મારફત ઈક્વિટીસમાં રોકાણ કરતા ઈન્વેસ્ટરો ખાસ કરીને રિટેલ રોકાણકારો પણ પોતાની પાસેના યુનિટસનું ઊંચી નેટ એસેટ વેલ્યુએશને (એનએવી) રિડમ્પશન કરી રહ્યાનું ફન્ડ હાઉસોના સુત્રો જણાવી રહ્યા છે.

જંગી રિડમ્પશનને ધ્યાનમાં રાખતા નવેમ્બરમાં મ્યુચ્યુઅલ ફન્ડસ ઈક્વિટી સ્કીમમાં નેટ ઈન્ફ્લોસ નીચો રહેવાની ફન્ડો ગણતરી મૂકી રહ્યા છે.



નવેમ્બરમાં સેન્સેકસમાં ૧૧ ટકાથી વધુનો વધારો થયો છે અને ઓલટાઈમ હાઈની નજીક સરકી રહ્યો છે.

વર્તમાન વર્ષમાં માર્ચમાં ઈક્વિટી સ્કીમમાં રૂપિયા ૪૦૪૫૦ કરોડનો નેટ ઈન્ફ્લો રહ્યો હતો જે ૨૦૨૬ના કોઈ એક મહિનાનો સૌથી ઊંચો ઈન્ફ્લો રહ્યો છે. ગત મહિનામાં આ આંક રૂપિયા ૩૨૯૯૪ કરોડ રહ્યો હતો.

ઓક્ટોબર સતત ૬૮મો એવો મહિનો રહ્યો હતો જેમાં ઈક્વિટી સ્કીમમાં નેટ ઈન્ફ્લો જોવા મળ્યો હતો.

જંગી રિડમ્પશનને ધ્યાનમાં રાખતા ઈક્વિટી સ્કીમમાં નેટ ઈન્ફ્લોનો આંક રૂપિયા ૧૨૦૦૦ કરોડ આસપાસ રહેવાની ધારણાં મૂકવામાં આવી રહી છે.

રિટેલ કરતા હાઈ નેટવર્થ ઈન્વેસ્ટર્સ તરફથી રિડમ્પશનનું દબાણ વધુ હોવાનું એક ફન્ડ હાઉસના સુત્રોએ જણાવ્યું હતું.

નવેમ્બરમાં ઈક્વિટી કેશ માર્કેટમાં ડીઆઈઆઈની નેટ રૂપિયા ૫૪૮૯૭ કરોડની વેચવાલી રહી છે જ્યારે એફપીઆઈની રૂપિયા ૧,૨૭,૯૪૪ કરોડની નેટ ખરીદી રહી હોવાનું પ્રાપ્ત ડેટામાં જણાવાયું છે.

સતત ૧૬ મહિના સુધી વેચવાલ રહ્યા બાદ નવેમ્બરમાં એફપીઆઈની ભારતીય ઈક્વિટીસ કેશમાં નેટ ખરીદી રહી છે.

વર્તમાન મહિનામાં એફપીઆઈની ઈક્વિટીસમાં ખરીદી રૂપિયા એક લાખ કરોડને પાર કરી ગઈ છે જે અત્યારસુધી કોઈ એક મહિનાની વિક્રમી ખરીદી છે, એમ એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં અગાઉ જણાવાયુ હતું.

લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન (એલટીસીજી) ટેકસ નાબુદ કરવાની હિલચાલ તથા વિશ્વના અન્ય ઊભરતા દેશોની સરખામણીએ ભારતનો આર્થિક વિકાસ દર ઊંચો જોવાઈ રહ્યો છે તેને ધ્યાનમાં રાખી એફપીઆઈસ ફરી ભારત તરફ વળી હોવાનું જણાય છે.

રિડમ્પશન વધી જતા નવેમ્બરમાં નેટ ઈન્ફ્લોમાં ઘટાડો જોવા મળે તેવી સંભાવના

અમદાવાદ તથા દિલ્હી- NCRમાં સૌથી વધુ વણવેચાયેલા મકાનો

અમદાવાદ, તા. ૨૭

અન્ય મોટા રહેણાંક બજારોની સરખામણીમાં અમદાવાદ અને દિલ

ગુજરાત સમાચાર

લગ્ન વિષયક

M•A•T•R•I•M•O•N•I•A•L•S















રોકાણકારોને નવી પ્રોડક્ટ આપવાની તૈયારી

અમદાવાદ, તા. ૨૬

રોકાણજગતમાં વધુ સારું નાણાકીય સેવા ઇકોસિસ્ટમ બનાવવાના પ્રયાસોના ભાગરૂપે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા 'ઇન્ટિગ્રેટેડ વેલ્થ એડવાઇઝરી' નામની નવી કેટેગરી શરૂ કરવા અંગે વિચારણા કરી રહ્યું છે. બોન્ડ અને ક્રેડિટ પ્રોડક્ટ્સ પર આયોજિત 'ફિક્સેક્સ ૨૦૨૬' ના એક સત્રમાં બોલતા સેબીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મનોજ કુમારે જણાવ્યું કે આ પ્રસ્તાવિત નવી કેટેગરીનું નિરીક્ષણ અને નિયમન કેવી રીતે કરવું, તે અંગે હાલ અંતિમ ચર્ચા ચાલી રહી છે.

સેબીના અધિકારીએ ફાઇનાન્શિયલ પ્રોડક્ટોના 'મિસ-સેલિંગ' (ખોટી રીતે વેચાણ) સામે પણ ચેતવણી આપી હતી અને તેને બજારની સ્થિરતા તથા રોકાણકારોના વિશ્વાસ માટે ખતરો ગણાવ્યો હતો.

તેમણે જણાવ્યું કે મિસ-સેલિંગના કેસો ઓળખવા માટે નિયમનકારે 'સુદર્શન' અને 'રડાર' નામની મોનિટરિંગ સિસ્ટમ કાર્યરત કરી છે. હાલ બજારના દરેક ટ્રાન્ઝેકશનો પર નજર રાખવામાં આવી રહી છે.

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા ૧૫૩૦૦૦-૧૫૬૦૦૦
ચાંદી રૂપુ ૧૫૨૮૦૦-૧૫૫૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯) ૧૨૯૫૦૦-૧૩૦૫૦૦
સોનું (૯૯.૫) ૧૨૯૨૦૦-૧૩૦૨૦૦
હોલમાર્ક ૧૨૭૮૯૦

મુંબઈ

ચાંદી ૧૫૪૩૦૦
સોનું (૯૯.૫) ૧૨૫૭૯૩
સોનું (૯૯.૯) ૧૨૬૨૯૯

રાજકોટ

ચાંદી ૧૫૪૫૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૩૦૫૦૦
સીકકા (૧ ગ્રામ) ૧૩૧૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૧૯૦૦૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૮૦૦
રાજકોટ મગફળી ૧૮૪૦-૧૮૫૦
સોનુ ૨૪ કેરેટ ૧૩૦૫૦૦
૧ કિલો ચાંદી ૧૫૪૫૦૦

અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૧૪૦-૧૬૦, ટગર ૭૦૦-૮૦૦
ડમરો ૧૦-૧૫, લીલી ૧૦-૨૦
હજારી ગલ ૪૦૦-૬૦૦

BSE સૌથી વધુ ઘટ્યા

કંપની	બંધ ભાવ	ઘટાડો (ટકામાં)
HCL ટેક	૧૪૨૩.૮૦	૨.૮૧
ઈન્ફોસીસ	૧૧૫૨.૦૦	૨.૫૫
TCS	૨૫૭૫.૦૦	૨.૪૬
બજાજ ફીન	૧૮૪૮.૦૦	૨.૧૭
ટેક મહિન્દ્રા	૧૮૧૫.૦૦	૨.૧૫
એક્સિસ બેંક	૧૩૮૦.૧૦	૨.૦૪
મારૂતિ	૧૩૭૬૦.૦૦	૧.૮૫
કોટક બેંક	૫૦૦.૦૫	૧.૭૬
અદાણી પોર્ટ	૧૮૮૧.૯૦	૧.૫૭
બજાજ ફાય	૧૦૮૩.૦૦	૧.૪૬
ઈટરનલ	૩૬૨.૫૦	૧.૪૫
અલ્ટ્રાટેક	૧૨૫૫૫.૧૫	૧.૩૬
ભારતી એરટેલ	૨૦૬૫.૦૦	૧.૨૯
ICICI બેંક	૧૫૯૫.૦૦	૧.૨૭
રિલાયન્સ	૧૩૮૦.૦૦	૧.૨૧
HDFC બેંક	૯૫૭.૨૫	૧.૧૦
SBI	૧૧૨૬.૦૦	૧.૦૧

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૫૪૩૦૦
મુંબઈ સોનું (૯૯.૫) ૧૨૫૭૯૩
મુંબઈ સોનું (૯૯.૯) ૧૨૬૨૯૯
અમ. ચાંદી ૧૫૬૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૩૦૫૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૩૦૨૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૨૩૦
અમ. કપાસિયા નવો ૨૬૨૦

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૯૫૦-૩૨૩૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૩૦૩૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૪૫૦-૨૬૨૦
રાઈસ બ્રાન્ડ (૧૫ કિલો) ૨૫૦૦
સોયાબીન નવો ડબો ૨૫૦૦
દિવેલ ૨૭૦૦
પામોલીન જુનો ડબો ૨૧૦૦
પામોલીન નવો ડબો ૨૩૦૦
કોપરેલ ૪૩૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું ૩૩૦૦
તીખું સરસીયું ૩૫૦૦
સનફ્લાવર ૨૬૫૦
મકાઈ તેલ ૨૩૨૫૦

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો

બટાકા દેશી ૮૦-૧૪૦
બટાકા ડીસા ૧૦૦-૨૮૦
દુંગળી મહારાષ્ટ્ર ૭૦૦-૧૦૦૦
દુંગળી એમપી ૪૦૦-૮૦૦

NSE સૌથી વધુ ઘટ્યા

કંપની	બંધ ભાવ	ઘટાડો (ટકામાં)
શ્રીરામ ઈન	૯૨૩.૫૦	૩.૯૯
બજાજ ઓટો	૧૦૪૮૫.૦૦	૩.૩૬
HCL ટેક	૧૪૨૪.૧૦	૩.૦૩
ઈન્ફોસીસ	૧૧૫૧.૩૦	૨.૬૮
L	૨૫૭૨.૫૦	૨.૫૭
ટેક મહિન્દ્રા	૧૮૧૩.૯૦	૨.૨૦
આઈશર મોટર્સ	૮૦૦૩.૫૦	૨.૧૬
એક્સિસ બેંક	૧૩૮૦.૧૦	૧.૯૮
બજાજ ફીન	૧૮૪૯.૦૦	૧.૯૬
કોટક બેંક	૫૦૦.૦૦	૧.૯૫
જીયો ફીન	૨૨૨.૬૦	૧.૯૪
મારૂતિ	૧૩૭૬૫.૦૦	૧.૭૮

ગુજરાત સમાચાર

ક્લાસિફાઇડ્સ

CLASSIFIEDS | ટચૂકડી જાહેરખબર

PROPERTY | MATRIMONIAL | BUSINESS | AUTOMOBILES | JOB | SERVICES

Call : 8799236001/2/3

ટચૂકડી જાહેરખબર માટે ગમતીલા ક્લાસિફાઇડ કોલ કરો.

વ્યવસાયિક

વિક્રય-ખરીદી

Required Computer Teachers for School at Maninagar, Ahmedabad. Qual. Any UG (Engilish & Gujarati Medium) Qualification:- BCA, BCA, MCA, PGDCA or equivalent. Teaching experience is must. Eligible candidates may apply and send their resume on WhatsApp Mobile number:- 9737297269

જરૂરિયાત વિસ્તાર સુરતની બાજુમાં આવેલ જી.આઈ.ડી.સી.માં ઉમરગામ ઉપર આવેલ કંપની માટે ૧૦ પાસ ઉમેદવાર જોઈએ છે. ૧૨ પાસ ઉમેદવાર પણ ચાલશે. ૨૪ કલાક ચાલતી કંપની. જમવાની સગવડ. ૮૪૬૦૦૨૨૨૨

Required Qualified Female Teachers for Pre School at Akbarnagar. 9979998494

Required Teachers B. Sc., B. Ed. Ganesh Primary School, English Medium Nr. Rahejas Bunk, Opp. Vishwas Park Vastral Ahmedabad. M. 9429998403

કોમર્શિયલ જગ્યા

ભાડે-આપવાની

જરૂરિયાત વિસ્તાર ઘોડદોડ રોડ, સુરત. ૧૫૦૦ સ્કે.ફૂટ ઓફિસ જોઈએ છે. ૨૪ કલાક ચાલતી કંપની. જમવાની સગવડ. ૮૪૬૦૦૨૨૨૨

ખાલી પડેલ

Required Sales Executive- 06 (2) Telly Caller- 2 Walk- in between 12 to 4, Mahalaxmi EVS, Thakkarbhagalpur, Ahmedabad Mail: mahalaxmi.evs@yahoo.com, M. 8866884333

કામ માટેની જરૂરિયાત

ઓફિસ સ્ટાફ

જરૂરિયાત વિસ્તાર ઘોડદોડ રોડ, સુરત. ૧૫૦૦ સ્કે.ફૂટ ઓફિસ જોઈએ છે. ૨૪ કલાક ચાલતી કંપની. જમવાની સગવડ. ૮૪૬૦૦૨૨૨૨

ટ્યુશન

ક્લાસીસ

જરૂરિયાત વિસ્તાર ઘોડદોડ રોડ, સુરત. ૧૫૦૦ સ્કે.ફૂટ ઓફિસ જોઈએ છે. ૨૪ કલાક ચાલતી કંપની. જમવાની સગવડ. ૮૪૬૦૦૨૨૨૨

ઓફિસ

જરૂરિયાત વિસ્તાર ઘોડદોડ રોડ, સુરત. ૧૫૦૦ સ્કે.ફૂટ ઓફિસ જોઈએ છે. ૨૪ કલાક ચાલતી કંપની. જમવાની સગવડ. ૮૪૬૦૦૨૨૨૨

ઓફિસ

**ભાડે-આપવાની



જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ ખેડાના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ માતર ના માતર તાલુકાના મોજે લિંબાસી ગામની સીમના બ્લોક/સર્વે નંબર-૧૪૪૨-અ ની ૨ હેકટર ૮૪ આરે ૪૧ ચો.મી. જુની શરતની ખેતીની જમીન પ્રભુભાઇ પ્રેમજીભાઇ પટેલની પોતાની કુલ સ્વતંત્ર માલીકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઇના કોઇપણ જાતના અવરોધ કે અંતરાય સીવાય તમામ પ્રકારના બોજાઓથી મુકત આવેલી હોવાનુ જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના વેચાણના હેતુથી ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે. ઉપરોકત જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગણોત હક્ક કે અન્ય કોઇ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે અમોને નીચેના સરનામે દિન-૭ માં મળે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગણોત હક્ક કે અન્ય કોઇ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ જમીન માલીકની તરફેણમાં જતાં યાને કે 'વેઇવ' કરેલ છે, તેમ સમજી સદરહુ જમીનનું ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે તેમજ વેચાણ અંગેની કાર્યવાહીઓ કરવામાં આવશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

રાજેશ કે. શાહ, એડવોકેટ,
૫૦૧, એડોર એસ્પાયર, જહાનવી રેસ્ટોરન્ટ પાસે, પાંજરા પોળ, યુનિવર્સિટી એરીયા,
અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૯૨૫૦૬૬૨૨૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીકટ કલોલ તાલુકા કલોલનાં ગામ મોજે ગણપતપુરાની સીમનાં ખાતા નં.૪૪૫ નાં બ્લોક નં. ૨૫૦ (જુના બ્લોક નં.૨૩૫) ની હે ૧ - આરે ૩૩-૧૯ ચો. મી. એટલે કે ૧૩૩૧૯ સ. ચો. મી. ની જુની શરતની ખેતીની જમીન અનિતાબેન રતીલાલ જાવીયા તે નિલમભાઇ ચોટલીયાનાં પત્નીની કુલ સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી તથા તે જમીન અમારા અસીલને વેચાણ આપવાની હોવાથી અમારી પાસે ટાઇટલ ક્લિયર, માર્કેટેબલ તથા બોજા રહીત હોવા બદલનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇ શખ્સનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજ પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટ થી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી અમો ટાઇટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તા. ૨૮/૧૧/૨૦૨૬
ડી. વીં. દેસાઇ એન્ડ કંપની, એડવોકેટસ
વતી રાજેશ ડી. દેસાઇ (એડવોકેટ)
હિતેષ ડી. દેસાઇ (એડવોકેટ)
પંક્તિ હિતેષ દેસાઇ (એડવોકેટ)
પ્રિયંકા રાજેશ દેસાઇ (એડવોકેટ)
દીપ રાજેશ દેસાઇ (એડવોકેટ)
૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭
ટે.નં. ૨૬૬૨૧૭૯૩/૨૬૬૪૨૦૨૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીકટ કલોલ તાલુકા કલોલનાં ગામ મોજે ઉસ્માનાબાદની સીમનાં ખાતા નં.૩૧૫ નાં બ્લોક નં. ૧૯૭ (જુના બ્લોક નં.૧૬૪) ની હે ૧ - આરે ૧૮-૩૫ ચો. મી. એટલે કે ૧૧૮૩૫ સ. ચો. મી. ની જુની શરતની ખેતીની જમીન પૈકી હે ૦ - આરે ૨૧-૨૪ ચો. મી. એટલે કે ૨૧૨૪ સ. ચો. મી. ની જુની શરતની ખેતીની જમીન હિતેષ હર્ષદભાઇ પરમારની કુલ સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી તથા તે જમીન અમારા અસીલને વેચાણ આપવાની હોવાથી અમારી પાસે ટાઇટલ ક્લિયર, માર્કેટેબલ તથા બોજા રહીત હોવા બદલનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇ શખ્સનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજ પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટ થી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી અમો ટાઇટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તા. ૨૮/૧૧/૨૦૨૬
ડી. વીં. દેસાઇ એન્ડ કંપની, એડવોકેટસ
વતી રાજેશ ડી. દેસાઇ (એડવોકેટ)
હિતેષ ડી. દેસાઇ (એડવોકેટ)
પંક્તિ હિતેષ દેસાઇ (એડવોકેટ)
પ્રિયંકા રાજેશ દેસાઇ (એડવોકેટ)
દીપ રાજેશ દેસાઇ (એડવોકેટ)
૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭
ટે.નં. ૨૬૬૨૧૭૯૩/૨૬૬૪૨૦૨૦

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૧૪ (વસ્ત્રાલ) ના તાલુકા દશકોઈ ના મોજે વાંચની ની સીમના રિ-સર્વે/બ્લોક નં.૨૨૭૨ ની ૨૭૩૬ ચો.મી.ના બ્લોક નં.૧૯૧/અ ની ૨૬૬૮ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન સુકૃતી બિલ્ડકોન એ નામની ભાગીદારી પેઢી વતી તેના ભાગીદાર હર્ષદકુમાર મોહનભાઈ પટેલ ની માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન- ૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૩ (મેમનગર) તાલુકે સાબરમતીના મોજે શેખપુર-ખાનપુરની સીમના ટી.પી.સ્કીમ ન.૦૩ ના ફાઈનલ પ્લોટ નંબર-(સીટી સર્વેના રેકર્ડ મુજબ-૨૦૭ પૈકીના/૬) મ્યુનીસીપલ કોર્પોરેશનના બીલ મુજબ-૨૧૦ તથા ૨૧૧ ની જમીનમાં સાધના કોલોની કો.ઓ.હા.સોસાયટી લી.ના પ્લોટો પૈકી સબ પ્લોટ નંબર-૦૬ ની જમીન ૪૨૮ ચો૨સ.વાર યાને ૩૫૭.૮૫ ચો૨સ મીટર તથા તેના ઉપર ગ્રાઉન્ડ ફલો૨ના બાંધકામવાળી મિલકત આવેલી છે તે મિલકત તથા સોસાયટીની જમીનમાં રોડ રસ્તાની જમીન તથા કોમન મીલકતમાં વગર વહેચાયેલ હકક હીસ્સા તથા શેર સર્ટીફીકેટના સભાસદ તરીકેના હકકો સહિતની મિલકતના માલીક કમલ દીનુભાઈ પટેલ રહેવાસી-અમદાવાદનાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી છે. અને સર્વે પ્રકારના બોજાઓથી મુકત હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટના અભિપ્રાયની માંગણી કરેલી છે. તો મજકુર મિલકત ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક હીસ્સો હિત સંબંધ દર દાવો બોજો હોય તો અગર અન્ય પ્રકારે કોઈપણ જાતનો હકક ધરાવતા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના દસ્તાવેજ પુરાવા સહીતની લેખીત જાણ રજી. પોસ્ટ એ.ડી.થી નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં કસુર કરશો તો સદરહું મિલકત ઉપર કોઈપણ શખ્સ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો નથી અને હોયતો તે જતો કર્યો છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટનો અભિપ્રાય આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર કે વાંધો ચાલશે નહી.

તારીખ-૨૫-૧૧-૨૦૨૬
સ્થળ-અમદાવાદ

મહેન્દ્ર એમ.શાહ, એડવોકેટ
૩૫/એ, ગ્રાઉન્ડ ફલોર હરસીધ્ધ ચેમ્બર્સ, આશ્રમરોડ, અમદાવાદ-૧૪

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૧૧ (અસલાલી) ના તાલુકા દશકોઈ ના મોજે બડોદરા ની સીમના રિ-સર્વે/બ્લોક નં.૩૩ ની ૨૪૦૯૭ ચો.મી.ના બ્લોક નં.૧૫૪/બ ની ૨૪૦૬૬ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૪૨૪ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૯૭/૧ ની ૬૭૭૫ ચો.મી. તથા ફાઈનલ પ્લોટ નં. ૯૭/૨ ની ૭૬૬૫ ચો.મી. એમ મળી કુલ ૧૪૪૪૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન પૈકી ૭૫૮૧ ચો.મી. સુકૃતી બિલ્ડકોન એ નામની ભાગીદારી પેઢી વતી તેના ભાગીદાર હર્ષદકુમાર મોહનભાઈ પટેલ (કાપડીયા) ની માલિકીની તથા ૬૮૫૯ચો.મી. જમીન મહેશ કાનજીભાઈ સાવલીયા, હર્ષદ મોહનભાઈ કાકડીયા, ભરતભાઈ હરજીભાઈ રાદડીયા, કૃણાલ પ્રવિણભાઈ રાદડીયા, વિશાલ મનસુખલાલ બોરડ, પ્રતિકભાઈ ભુપેન્દ્રભાઈ શાહ, કિર્તનભાઈ મહેશકુમાર શાહ નાઓની માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

મોજે - હેબતપુર

ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૯ (બોપલ) ઘાટલોડીયા તાલુકાનાં મોજે - હેબતપુર ગામની સીમના (એ) બ્લોક નં. ૧૦૦ ઈ ની હે.આરે.ચો.મી. : ૦-૬૬-૬૯ ની જમીનને ટી.પી.સ્કીમ નં.૨૧૭ (શીલજ - ભાડજ - હેબતપુર - થલતેજ - સોલા) માં સમાવેશ કરી ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૦૦/ઈ ની ચો.મી. ૫૮૧૯ તથા (બી) બ્લોક નં.૧૦૦બ/૨ ની હે.આરે.ચો.મી. : ૦-૨૩-૭૮ ની જમીનને ટી.પી.સ્કીમ નં.૨૧૭ (શીલજ - ભાડજ - હેબતપુર - થલતેજ - સોલા) માં સમાવેશ કરી ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૦૦/બ ની ચો.મી. ૧૪૨૭ ની ખેતીની જમીન (૧) મનુભાઈ ખોડાભાઈ ભરવાડ, (૨) દિનેશભાઈ ખોડાભાઈ ભરવાડ, (૩) વાશીબેન તે અમરતભાઈ ખોડાભાઈ ભરવાડની વિધવા, (૪) સગીર સીમરન અમરતભાઈ ભરવાડ તથા (૫) સગીર નવીન અમરતભાઈ ભરવાડની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હીસ્સો, દાવો અલાખો, બોજો કે ચાર્જ નથી અને જો હોય તો તે જમીન માલિકની તરફેણમાં વેવ યા જતો કરેલ છે. તેમ માની સદરહુ જમીન અંગે ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ અને સર્ટીફીકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો આ જમીન અંગેનો હકક દાવો વાંધો વિરોધ કે તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતા એ નોંધ લેવી.

મિસ બાલા આર. ઠક્કર (એડવોકેટ)
ડૉ. મિસિસ દિપીકા પન્નીરવેલ (એડવોકેટ)
૧૧, સુમંગલમ સોસાયટી, એશિયા સ્કુલની પાછળ, સનરાઈઝ પાર્ક સામે, ડ્રાઈવ ઈન રોડ, અમદાવાદ-૩૮૦૦૫૪, ફોન નં. ૨૬૮૫૬૫૭૧

જાહેર નોટિસ

મોજે-ખાવડ

ડીસ્ટ્રીકટ મહેસાણા રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ કડી તાલુકાના મોજે - ખાવડ ગામની સીમના રી-સર્વે મુજબના બ્લોક નં. ૨૧૪૩ (જુના બ્લોક નં. ૧૬૩૮) ની હે.આરે.ચો.મી. ૧-૧૫-૫૨ ની ખેતીની જમીન (૧) પટેલ બાબુભાઈ અંબાલાલ, (૨) પટેલ ઘનશ્યામભાઈ અંબાલાલ, (૩) પટેલ મહેન્દ્રકુમાર રણછોડભાઈ, (૪) પટેલ માણેકભાઈ નાગરભાઈ, (૫) પટેલ શારદાબેન તે ચંદુભાઈની વિધવા, (૬) પટેલ સુરેશભાઈ ચંદુભાઈ, (૭) પટેલ વિષ્ણુભાઈ ચંદુભાઈ,(૮) પટેલ જશીબેન તે નટવરભાઈની વિધવા, (૯) પટેલ રમિલાબેન નટવરભાઈ, (૧૦) મર્હુમ પટેલ ધર્મેન્દ્રભાઈ નટવરભાઈના સીધીલીટીના વારસદારો (૧૦.૧) ધર્મીષ્ઠાબેન ધર્મેન્દ્રભાઈ પટેલના પત્નિ, (૧૦.૨) રીયા ધર્મેન્દ્રભાઈ પટેલ, (૧૦.૩) દિવ્યા ધર્મેન્દ્રભાઈ પટેલ, (૧૦.૪) સગીર શ્રેય ધર્મેન્દ્રભાઈ પટેલ, (૧૧) દીપિકાબેન કલ્પેશભાઈ પટેલ, (૧૨) નિહારીકા કલ્પેશભાઈ પટેલ તથા (૧૩) ઉર્વીશ કલ્પેશભાઈ પટેલની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૮-૧૧-૨૦૨૬
મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ ખેડાના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ માતર ના માતર તાલુકાના મોજે લિંબાસી ગામની સીમના બ્લોક/સર્વે નંબર-૧૫૩૯ ની ૧ હેકટર ૩૩ આરે ૫૫ ચો.મી. જુની શરતની ખેતીની જમીન ચંપાબેન પ્રભુભાઇ પટેલના વારસદારો-(૧) રાકેશ ઉર્ફે સાધુ જ્ઞાનવિજયદાસ પ્રભુભાઇ પટેલ, (૨) હિતેશ પ્રભુભાઇ પટેલ તથા (૩) દર્શન પ્રભુભાઇ પટેલે તેઓની કુલ સંયુકત માલીકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઇના કોઇપણ જાતના અવરોધ કે અંતરાય સીવાય તમામ પ્રકારના બોજાઓથી મુકત આવેલી હોવાનુ જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના વેચાણના હેતુથી ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે. ઉપરોકત જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગણોત હક્ક કે અન્ય કોઇ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે અમોને નીચેના સરનામે દિન-૭ માં મળે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગણોત હક્ક કે અન્ય કોઇ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ જમીન માલીકની તરફેણમાં જતાં યાને કે 'વેઇવ' કરેલ છે, તેમ સમજી સદરહુ જમીનનું ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે તેમજ વેચાણ અંગેની કાર્યવાહીઓ કરવામાં આવશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

રાજેશ કે. શાહ, એડવોકેટ,
૫૦૧, એડોર એસ્પાયર, જહાનવી રેસ્ટોરન્ટ પાસે, પાંજરા પોળ, યુનિવર્સિટી એરીયા,
અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૯૨૫૦૬૬૨૨૮

જાહેર નોટિસ

મોજે-અડાલજ

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ ગાંધીનગર (ઝોન - ૨) ગાંધીનગર તાલુકાના મોજે-અડાલજ ગામની સીમના બ્લોક નં. ૪૬ ની કુલ ચો.મી. ૨૨૦૫૫ ની જમીનમાંથી વિકાસના હેતુ માટેની કપાત બાદ કરતાં બાકી રહેતી ચો.મી. ૧૪૩૩૪ ની બિનખેતીની જમીન કે જેને સીટી સર્વે વોર્ડ : અડાલજ (બિનખેતી) માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં.NA46 ની ચો .મી. ૧૪૩૩૪ ની બિનખેતીની જમીન કે જેને ટી.પી. સ્કીમ નં. ૧૧/બી માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૭૬/૨ ની ચો.મી. ૨૮૫૪ ની મલ્ટીપર્પઝ હેતુ માટેની બિનખેતીની જમીન S.R. INVESTMENTS- એ નામની ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને તેના વહીવટકર્તા ભાગીદારે અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, ડેવલપમેન્ટ હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયનુ સર્ટીફિકેટ ઈસ્યુ કરી દઈશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૮-૧૧-૨૦૨૬.

વિશાલ આર. પટેલ, એડવોકેટ,
ઠે.જી/૧૦૪, હોમ ટાઉન, ન્યુ રાણીપ, અમદાવાદ - ૩૮૨૪૮૦.
મો. ૮૮૪૯૮ ૯૮૭૭૪

જાહેર નોટિસ

અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જણાવવાનુ કે, જત જીલ્લે અમદાવાદ તાલુકે સાબરમતીના અમદાવાદ-૩ (મેમનગર વિભાગ) ના મોજે ચંગીસપુરની સીમમાં ટી.પી. સ્કીમ નંબર-૩ ના જુના ફાઈનલ પ્લોટ નંબર-૪૪૭/૨/બી અને નવા ફાઈનલ પ્લોટ નંબર-૪૪૭/૪ ની જમીન કે જેનો સીટી સર્વે વોર્ડ - ટી.પી.-૩/૩-૪ શેખપુર-ખાનપુર-ચંગીસપુરમાં સમાવેશ થવાથી તેનો સીટી સર્વે નંબર-૩૯૩૪ પડેલ છે તે જમીનમાં ''ત્રિવેણી એપાર્ટમેન્ટ'' ના નામથી ઓળખાતી મિલકત આવેલી છે જે અંગે ત્રિવેણી ફ્લેટ ઓનર્સ એસોસીએશન બનાવેલ છે અને સદર ''ત્રિવેણી એપાર્ટમેન્ટ'' માં આવેલ સેકન્ડ ફ્લોરનો ફ્લેટ નંબર-૮ ની સમચોરસવાર-૧૬૫ એટલે કે ચોરસમીટર-૧૩૭-૯૭ ની સુપર બિલ્ટઅપ એરિયાના બાંધકામવાળી મિલકત કાંતિદેવી પુરોહિત, પ્રમોદ બંશીધર પુરોહિત તથા ઉષા પ્રમોદ પુરોહિત એમ ત્રણેયના સહિયારા માલિકી કબજા ભોગવટામાં મુળ સભ્ય તરીકે આવેલી, ત્યારબાદ કાંતિદેવી બંશીધર પુરોહિતે પોતાની મિલકત અંગે એક વિલ યાને વસિયતનામું તારીખ-૫/૪/૨૦૧૦ ના રોજ કરેલ અને તે વિલમાં સદર મિલકતમાંનો પોતાનો વગર વહેંચાયેલ ૧/૩ મા હક્ક હિસ્સાની મિલકત પોતાની હયાતી બાદ પોતાના દિકરા-પ્રમોદ બંશીધર પુરોહિતને સ્વતંત્ર માલિક તરીકે આપવાનું ઠરાવેલ. ત્યારબાદ કાંતિદેવી તારીખ-૧૧/૨/૨૦૧૪ ના રોજ જોધપુર મુકામે અવસાન પામેલા અને તેઓના ગુજરવાથી તેઓએ કરેલ વિલની રૂઇએ સદર મિલકતમાના તેઓના વગર વહેંચાયેલ ૧/૩ હક્ક હિસ્સાની મિલકત મજકુર પ્રમોદ બંશીધર પુરોહિતને માલિક તરીકે પ્રાપ્ત થયેલ, ત્યારબાદ ઉષા પ્રમોદ પુરોહિત પોતાની મિલકત અંગે વિલ યાને વસિયતનામું કર્યા સિવાય તારીખ-૨/૬/૨૦૨૬ના રોજ અવસાન પામેલા. આથી તેઓના ગુજરવાથી સદર મિલકતમાના તેઓના હક્ક હિસ્સાની મિલકત તેઓના સીધી લીટીના વારસદાર તરીકે (૧) પ્રમોદકુમાર બંશીધર પુરોહિત, (૨) પ્રિયંકા અવિનાશ વ્યાસ, (૩) મેઘના પ્રમોદ પુરોહિતને પ્રાપ્ત થયેલ. આમ સદર ફ્લેટ નંબર-૮ વાળી મિલકત હાલમાં ઉપર જણાવ્યા મુજબ (૧) પ્રમોદકુમાર બંશીધર પુરોહિત, (૨) પ્રિયંકા અવિનાશ વ્યાસ, (૩) મેઘના પ્રમોદ પુરોહિત, રહેવાસી-૮, ત્રિવેણી ડુપ્લેક્ષ, ટેક્ષટાઈલ ટ્રેડર્સ સામે, મીઠાખળી છ રસ્તા, અમદાવાદનાએ સહિયારા માલિકી કબજા ભોગવટાની અને સંપૂર્ણ બોજામુક્ત હોવાની જણાવેલ છે અને સદર મિલકત તેના અંગેના આનુસંગિક તમામ હક્કો સહિત અમારા અસીલને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે અને સદર મીલકત અંગે અમારા અસીલે અમારી પાસે ના-વાંધા પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો સદર મીલકતના ઉપર કોઈપણ બેન્ક, વ્યક્તિ કે સંસ્થાના કોઈપણ પ્રકારના હકક દાવા બોજા હીસ્સા કે હીતસંબંધ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં પુરાવા સહીત અમોને લેખિતમાં ખબર આપવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદર મીલકતના ઉપર કોઈના કોઈપણ જાતના હકક દાવા બોજા હીસ્સા કે હીતસંબંધ નથી અને હોય તો તે જતા કર્યા છે તેમ સમજી ઉપરોકત મુદત વિતે સદર મીલકત અંગે અમો ના-વાંધા પ્રમાણપત્ર ઈસ્યુ કરીશુ અને અમારા અસી

ગુજરાત સમાચાર

સુપ્રિમની આહાર ચિંતા

જે સરકાર બીમારીનાં મૂળ કારણોને રોક્યા વિના માત્ર નવી હોસ્પિટલો બાંધવાનો ગર્વ લેતી હોય, તેની આરોગ્ય નીતિ હંમેશાં અધૂરી જ રહેવાની. સાચી શાસન વ્યવસ્થાની સફળતા દર્દીઓની સારવાર કરવામાં નહીં, પરંતુ નાગરિકોને દર્દી બનતા અટકાવવામાં રહેલી છે. દેશની સર્વોચ્ચ અદાલતનું મૂળ કાર્ય બંધારણનું અર્થઘટન કરવાનું, નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવાનું અને રાષ્ટ્રના અત્યંત જટિલ કાનૂની વિવાદો ઉકેલવાનું છે. પરંતુ જ્યારે એ જ સુપ્રીમ કોર્ટે બિસ્કિટના પડીકા, વેફર્સ, ચોકલેટ અને ઠંડા પીણાંની બોટલોમાં કેટલી ખાંડ, મીઠું અને ફેટ છે તેની ચિંતા કરવી પડે, ત્યારે તે ઘટના માત્ર ન્યાયિક સક્રિયતા નથી રહેતી, તે વહીવટી નિષ્ફળતાનું કરુણ દસ્તાવેજીકરણ બની જાય છે. ૨૬ નવેમ્બરે ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા અને ન્યાયમૂ ત કે. વિનોદ ચંદ્રનની ખંડપીઠે ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક સત્તામંડળને ચાર મહિનામાં પેકેજ્ડ ખાદ્યપદાર્થો પર લાલ ષટ્કોણ આકારની સ્પષ્ટ ચેતવણી મૂકવાનો જે આદેશ આપ્યો, તે આવકારદાયક તો છે જ, પરંતુ આઝાદીના આઠ દાયકા પછી અદાલતે સરકારને એ યાદ અપાવવું પડે કે નાગરિકોની થાળીમાં શું પીરસાઈ રહ્યું છે- તે આપણી શાસન વ્યવસ્થા માટે ગહન આત્મમંથનનો વિષય છે.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે આ નિર્ણય માટે દેશને આટલી લાંબી પ્રતીક્ષા કેમ કરવી પડી? સન ૨૦૧૮થી આ મુદ્દે ચર્ચાઓ ચાલે છે, ૨૦૨૨માં સ્ટાર-રેટિંગ જેવા પ્રસ્તાવો આવ્યા, સમિતિઓ મળી, બેઠકો થઈ અને ફાઈલો ફરતી રહી. વહીવટી તંત્રની આ અનંત ચર્ચા-વિચારણા વચ્ચે કરોડો ભારતીયો અજાણતાં જ ધીમું ઝેર આરોગતા રહ્યા. ભારતીય તબીબી સંશોધન પરિષદના અહેવાલ મુજબ દેશમાં અંદાજે ૨૦ કરોડથી વધુ લોકો ડાયાબિટીસથી, ૧૩ કરોડથી વધુ પ્રી-ડાયાબિટીસથી, ૩૧ કરોડ હાઈ બ્લડપ્રેશરથી અને ૨૫ કરોડથી વધુ લોકો મેદસ્વિતાથી પીડાય છે. એક તરફ આપણે દાયકાઓથી ભૂખમરા અને કુપોષણ સામે લડી રહ્યા છીએ અને બીજી તરફ સસ્તી કેલરીયુક્ત તૈયાર ખોરાકથી ફૂલેલા શરીરોની ફોજ ઊભી થઈ રહી છે. પેટ ભરાઈ જવું અને શરીરને પોષણ મળવું, આ બંને સાવ ભિન્ન બાબતો છે.

આધુનિક ખાદ્ય ઉદ્યોગ ગ્રાહકના મનોવિજ્ઞાનને જેટલી ઊંડાણથી સમજે છે, તેટલો ગ્રાહક પોતાના ખોરાકના બંધારણને સમજતો નથી. પેકેટના આગળના ભાગ પર 'નેચરલ' કે 'મલ્ટિગ્રેન' જેવા રૂપાળા શબ્દોના મહોરા પહેરાવીને કંપનીઓ ગ્રાહકને મીઠી વાતોમાં ભોળવે છે, અને પેકેટની પાછળ સૂક્ષ્મ અક્ષરોમાં ખારા સત્યો છુપાવે છે. સુપ્રીમ કોર્ટે માત્ર 'એડેડ સુગર' નહીં પણ 'ટોટલ સુગર અને સેચ્યુરેટેડ ફેટ' લખવાનો જે આગ્રહ રાખ્યો છે, તે આ જ છળકપટ સામેનો સીધો પ્રહાર છે. જ્યારે વેચનાર પાસે ઉત્પાદનની પૂરી માહિતી હોય અને ખરીદનાર માત્ર ભ્રામક જાહેરાતો પર નિર્ભર હોય, ત્યારે પસંદગીની સ્વતંત્રતા એ માત્ર ભ્રમ બની જાય છે. અહીં સરકારના આર્થિક ગણિતનો વિરોધાભાસ પણ સ્પષ્ટ દેખાય છે. એક તરફ ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગના ૧૩ ટકાથી વધુના વાર્ષિક વિકાસ દરને આર્થિક સિદ્ધિ તરીકે વધાવવામાં આવે છે, અને બીજી તરફ આ જ ઉદ્યોગના ઉત્પાદનો ખાઈને બીમાર પડતા નાગરિકોની સારવાર પાછળ સરકારી તિજોરીમાંથી અબજો રૂપિયા ખર્ચાય છે.

નફો કંપનીઓના ખાતામાં જમા થાય છે અને બીમારીનું બિલ સામાન્ય પરિવારો તથા જાહેર આરોગ્ય તંત્રના માથે ફાટે છે. સૌથી વધુ ચિંતાજનક બાબત બાળકોની છે. તમાકુ કે દારૂની જાહેરાતો સામે નૈતિક બૂમરાણ મચાવતો આપણો સમાજ કાર્ટૂન પાત્રો અને સેલિબ્રિટીઓ દ્વારા બાળકોના કુમળા મનમાં તૈયાર ખોરાકનું વ્યસન રોપતા માર્કેટિંગ સામે રહસ્યમય મૌન સેવી લે છે. છ વર્ષના બાળકને ગ્રાહક બનાવતી કંપની આગામી પચાસ વર્ષ સુધી પોતાનો નફો સુરક્ષિત કરી લેતી હોય છે. જોકે, તમામ દોષ વ્યવસ્થા પર ઢોળીને નાગરિકો પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. નવો મોબાઈલ ફોન, કાર કે વીમા પોલિસી ખરીદતી વખતે સૂક્ષ્મદર્શક યંત્ર લઈને દરેક શરત તપાસતો આજનો બુદ્ધિશાળી ગ્રાહક, પોતાના સંતાનના લંચબોક્સમાં શું મુકાય છે તે તપાસવાની તસ્દી લેતો નથી. ચામાં ખાંડ બંધ કરીને પરહેજનો આત્મસંતોષ માનતો વર્ગ બિસ્કિટ, સોસ, અથાણાં અને નમકીન દ્વારા રોજિંદી મર્યાદા કરતાં અનેકગણું મીઠું અને ખાંડ પેટમાં પધરાવે છે.

વિશ્વના અનુભવો સાબિત કરે છે કે કડક નિયમનથી પરિણામ મળે છે. ૨૦૧૬માં ચિલી જેવા દેશે પેકેજ્ડ ફૂડ પર સ્પષ્ટ ચેતવણી અને શાળાઓમાં તેના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો, જેના પરિણામે બિનઆરોગ્યપ્રદ પીણાંના વપરાશમાં ૨૪ ટકા જેટલો ઘટાડો નોંધાયો. ભારત પાસે પણ બંધારણની કલમ ૪૭ છે, જે નાગરિકોના પોષણ અને જાહેર સ્વાસ્થ્યની સુધારણાને રાજ્યની પ્રાથમિક ફરજ ગણાવે છે.

'તમે જે કામ કરતા હશો તે કામ હું તમારા કરતાં વધારે કરીને બતાવીશ...'

સમયચક્રને થોડું ઉલટું ઘુમાવો અને આ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં આવો. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોં એઆઈ ઇમ્પેક્ટ સમિટમાં ભાગ લેવા ભારત આવ્યા છે. મુંબઈની સત્તાવાર મુલાકાત દરમિયાન તેઓ હોટલ તાજ પેલેસમાં રાજ શમાની નામના યુવાન પોડકાસ્ટરને લાંબો ઇન્ટરવ્યુ આપે છે. ઇન્ટરવ્યુ પછી રાજ ફ્રેન્ચ પ્રેસિડન્ટને કહે છે, 'સર, આજની તારીખે મારો પોડકાસ્ટ દુનિયામાં પચ્ચીસમા ક્રમે છે. અઢાર મહિનામાં હું નંબર વન પોડકાસ્ટર બની જવાનો છું.' રાજ આ વાત એટલી સહજતાથી અને આત્મવિશ્વાસપૂર્વક કહે છે, જાણે એ એમ બોલી રહ્યો હોય કે સર, સોમવાર પછી મંગળવાર આવવાનો છે.

કટ ટુ-

નવેમ્બર ૨૦૨૬. રાજનો 'ફિગરિંગ આઉટ વિથ રાજ શમાની' નામનો પોડકાસ્ટ યુટ્યુબ પર બાવીસ મિલિયન સબસ્ક્રાઇબર્સનો આંકડો વટાવીને દુનિયાનો નંબર વન પોડકાસ્ટ બની જાય છે. 'ધ ડાયરી ઓફ અ સીઈઓ' (૨૧.૯ મિલિયન) અને 'ધ જૉ રોગન એક્સપિરીયન્સ' (૨૧.૨ મિલિયન) નામના આંતરરાષ્ટ્રીય કક્ષાના અફલાતૂન પોડકાસ્ટ હવે પાછળ રહી ગયા છે. રાજે તો ફ્રેન્ચ પ્રેસિડન્ટને ૧૮ મહિના કહ્યા હતા, પણ એ નવ જ મહિનામાં વર્લ્ડનો નંબર વન પોડકાસ્ટર બની જાય છે!

ઇન્દોરના એક સામાન્ય પરિવારમાં મોટો થયેલો જુવાનિયો અમેરિકા-ઈંગ્લેન્ડના સુપરસ્ટાર પોડકાસ્ટર્સને પછાડીને નંબર વનના સિંહાસન પર આરૂઢ થાય એ નાનીસૂની વાત નથી. આ ડિજિટલ યુગમાં તો નહીં જ! જો તમે સોશિયલ મિડીયા પર ઠીક ઠીક સમય પસાર કરતા હશો તો એ શક્ય નથી કે તમારા ફીડમાં રાજ શમાનીના લાંબા વીડિયો, નાની ક્લિપ્સ કે રીલ આવી ન હોય. આમ જોવા જાઓ તો ૨૯ વર્ષના રાજ શમાનીનું વ્યક્તિત્વ પહેલી નજરે અભિભૂત કરી નાખે એવું નથી. નથી એના દેખાવમાં ગ્લેમરસ મોડલ જેવી પર્સનાલિટી કે નથી એની પાસે પોડકાસ્ટર પ્રખર ગુપ્તા જેવી સામેવાળાને 'પાડી' નાખે એવી વાક્ચાતુરી. પણ આ જ એનો પ્લસ પોઇન્ટ છે. એ આપણા પરિવારના સભ્ય જેવો કે પાડોશમાં રહેતા જુવાનિયા જેવો જ લાગે છે. એ સિન્સિયર અને ધીરગંભીર છે. એ તમને સતત જેન્યુઇન અને નમ્ર લાગે છે. એનામાં રણવીર અહલાબાદિયા જેવી ચાંપલાશ કે કૃત્રિમતા નથી. રાજની બુદ્ધિશાળી આંખોમાં સતત નવું શીખવા-સમજવાની ઉત્સુકતા



રાજ શમાની

તરવરતી જોઈ શકાય છે.

સૌથી મોટી વાત તો આ છે. એણે ૨૦૨૧માં 'ફિગરિંગ આઉટ વિથ રાજ શમાની' શરૂ કર્યું ત્યારે પહેલાં દિવસથી જ નક્કી કરી લીધું હતું કે સોશિયલ મિડીયા પર જે સૌથી વધુ ચાલે છે ને વાઇરલ થાય છે એવા પાંચ વિષયોને એ હાથ પણ નહીં લગાડે. કયા પાંચ વિષયો? સૌથી પહેલાં તો, ભૂત-પ્રેત, કાળો જાદુ, ગૂઢ વિદ્યા, તંત્ર-મંત્ર જેવી સુપરનેચરલ અને પેરાનોર્મલ બાબતો. બીજું, અંધશ્રદ્ધાને ઉત્તેજન આપે એવા નકલી અધ્યાત્મની વાતો. ત્યાર બાદ, મૃત્યુની નજીકના અનુભવો અને પરલોકની થિયરીઓ. ચોથું છે સેક્સ, લોકોને ઉત્તેજિત કરી નાખે એવા અશ્લીલ વિષયો. અને છેલ્લે સેલિબ્રિટી ગોસિપ, એકબીજા પર કાદવઉછાળની પ્રવૃત્તિઓ, ફાલતુ વિવાદો.

સાથે સાથે રાજ શમાનીએ એ નિશ્ચય પણ કરી લીધો હતો કે હું ક્યારેય શરાબ, પાનમસાલા, સિગારેટ કે એવી કોઈ પણ હાનિકારક વસ્તુઓ વેચતી યા જુગાર-સટ્ટાને ઉત્તેજન આપતી કંપનીઓ સાથે બ્રાન્ડ ડીલ નહીં કરું. ફાલતુ પણ તરત વાઇરલ થઈ શકે એવા વિષયો અને હાનિકર્તા પ્રોડક્ટ્સ વેચતી કંપનીઓના પૈસા - આ બન્નેના પ્રલોભનથી દૂર રહેવા માટે આંતરિક મજબૂતી જોઈએ. રાજ શમાનીની સફળતા એટલે આપણને મીઠી લાગે છે કે એ કેવળ ઉત્તમ કોન્ટેન્ટના જોરે વિશ્વનો સર્વશ્રેષ્ઠ પોડકાસ્ટર બન્યો છે.

વાત-વિચાર

શિશિર રામાવત

યાદ રહે, રાજ શમાની માત્ર પોડકાસ્ટર નથી. એ તો એનાં ઘણાં બધાં કામો પૈકીનું કેવળ એક કામ છે. રાજ એન્ત્રોપ્રિન્યોર છે, જેણે શરૂઆત પપ્પાના બિઝનેસથી કરી હતી. રાજના ફાધર સાબુ લોકલ બ્રાન્ડનો સાબુ બનાવતા, પછી સાબુ અને ડિટર્જન્ટ બનાવતી કંપનીઓને કાચો માલ સપ્લાય કરતા. ૨૦૦૮ની મંદીની તેમના બિઝનેસ પર અસર પડી. ૨૦૧૩માં, કે જ્યારે રાજ ૧૬ વર્ષનો હતો, ત્યારે એના પપ્પા ખૂબ બીમાર પડ્યા. સંયુક્ત પરિવારમાં રહેતા રાજને સમજાયું કે મારે ફેમિલીને આર્થિક મદદ કરવી પડશે. આમેય રાજ પાસે 'મૈં બડા હો કર ડોક્ટર (કે કંઈ પણ) બનુંગા...' પ્રકારનો કોઈ સ્પષ્ટ કરીઅર પ્લાન નહોતો. તેણે ફેમિલી બિઝનેસમાં ઝંપલાવવાનું નક્કી કર્યું. પપ્પાએ દસ હજાર રૂપિયા આપ્યા. રાજે યુટ્યુબ પર વીડિયો જોઈ જોઈને ઘરની અગાસી પર પ્લાસ્ટિકની ડોલમાં વાસણ ધોવાનું લિક્વિડ બનાવવાના અખતરા શરૂ કર્યા. એણે પોતાની પ્રોડક્ટનું નામ રાખ્યું 'જાદુગર ડ્રોપ' (ડ્રોપ એટલે ટીપું). બજારમાં વિમ અને પ્રિલ જેવી રાષ્ટ્રીય કક્ષાની મોટી બ્રાન્ડ્સ ઓલરેડી અડીંગો જમાવીને બેસી ચૂકી હતી. રાજે વિચાર્યું: હું માત્ર મારા પાડોશ પર, ને ધીમે ધીમે મારા શહેર પર ફોકસ કરીશ. વિમ અને પ્રિલની અડધા લીટરના લિક્વિડ સોપની બોટલના ત્યારે આશરે ૧૧૦ રૂપિયા હતા, રાજે જાદુગર ડ્રોપની

એક વખત હતો જ્યારે રાજ શમાનીના પપ્પા ખુદ એને કહેતા કે અલ્યા, તું કેમેરા સામે આટલી લાંબી લાંબી વાતો શાનો કર્યા કરે છે? હું તારો બાપ છું તોય કંટાળીને તારા ઇન્ટરવ્યુ જોવાનું પડતું મૂકું છું, તો બીજાઓ ક્યાંથી જોવાના? આ જ રાજ શમાની આજે યુટ્યુબ પર બે કરોડ ૨૦ લાખ સબસ્ક્રાઇબર્સ સાથે દુનિયાનો નંબર વન પોડકાસ્ટર છે...

કિંમત ૪૫ રૂપિયા રાખી. ઘરે-ઘરે, દુકાને-દુકાને જઈને પોતાની પ્રોડક્ટ વેચી. મોટા સુપર સ્ટોર્સ પોતાની પ્રોડક્ટને જગ્યા આપે તે માટે એણે બહુ તિકડમ કર્યાં. એની મહેનત સફળ થતી ગઈ. ક્રમશઃ પપ્પાની કંપનીએ ડિટર્જન્ટ પાવડર, ટોયલેટ ક્લીનર, ફ્લોર ક્લીનર, સેનિટાઇઝર વગેરે પણ બનાવવા માંડ્યું ને કંપની બે પાંદડે થઈ.

આ આખી પ્રક્રિયા દરમિયાન રાજને પોતાના વિશે એક વાત સમજાઈ: મને લોકો સાથે સંવાદ (કોમ્યુનિકેટ) કરતા સારું આવડે છે, અને મને આ કામમાં મજા આવે છે! એણે નાની નાની કોન્ફરન્સો, કોલેજો અને વેપારીઓની મીટિંગ વગેરેમાં બોલવાનું શરૂ કર્યું. એ ટિકટોક પર નાના નાના વિડીયો બનાવી-બનાવીને મૂકતો. ૨૦૨૦માં ભારતમાં ટિકટોક પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો, અને ત્યારે ભારતીય ક્રિએટર્સ માટે ઇન્સ્ટાગ્રામ રીલ્સ એકાએક ખૂબ મહત્ત્વપૂર્ણ તક બની ગઈ. રાજે આ તકને ઓળખી લીધી. એણે પૂરી તાકાતથી રીલ્સ બનાવવા માંડી. કેટલી? ૧૦૦ દિવસમાં લગભગ ૪૦૦-૫૦૦ રીલ્સ, એટલે કે દરરોજની આશરેચારથી પાંચ રીલ્સ!

રાજ આ રીતે એક ક્રિયેટર તો બની ગયો હતો, પણ એને કંઈક વધુ નક્કર જોઈતું હતું. એ સફળ લોકો સુધી પહોંચવા માંગતો હતો. એને સમજવું હતું કે આ મોટા મોટા એન્ત્રોપ્રિન્યોર્સ, રોકાણકારો, સેલિબ્રિટીઝ અને બીજા સફળ લોકોમાં શું જુદું હોય છે? તેઓ કેવી રીતે વિચારે છે? આ બધા પાસે પહોંચવું કેવી રીતે? નથી મારી પાસે એવું નેટવર્ક, કે નથી એવી કોઈ ઓળખાણો. હું કોઈ અબજોપતિ કે મોટા બિઝનેસમેનને સીધો ફોન કરીને એમ તો ન જ કરી શકું કે મને તમારો એક કલાક જોઈએ છે, મારે તમારી પાસેથી બધું શીખવું-સમજવું છે!

બસ, પોતાનું ડિજિટલ પ્લેટફોર્મ બનાવવાનો વિચાર રાજને આ રીતે આવ્યો. એને થયું કે જો મારી પાસે મારું પોતાનું પ્લેટફોર્મ હશે તો તે મોટાં માથાં સુધી પહોંચવાનું માધ્યમ બની શકશે... અને આ રીતે જન્મ થયો એની યુટ્યુબ ચેનલ 'ફિગરીંગ આઉટ વિથ રાજ શમાની'નો. ૨૦૨૧માં. શરૂઆતમાં તો નહોતો કોઈ આધુનિક સ્ટુડિયો. ન કોઈ મોંઘી સાઉન્ડ સિસ્ટમ. ન કોઈ ભવ્ય પ્રોડક્શન. બસ એક ફોન અને એક માઇક્રોફોન. પહેલાં ૫૩ પોડકાસ્ટ સુધી વ્યુઝ પણ સાવ કંગાળ. ક્યારેક પંદર વ્યુઝ, તો ક્યારેક વીસ! એના પપ્પા સુધ્ધાં કહેતા કે અલ્યા, તું કેમેરા સામે આટલી લાંબી લાંબી વાતો શાનો કર્યા કરે છે? હું તારો બાપ છું તોય કંટાળીને તારો પોડકાસ્ટ જોવાનું પડતું મૂકું છું તો બીજાઓ ક્યાંથી જોવાના? પણ રાજમાં જીદ હતી. સાતત્ય, શિસ્ત અને લોકોના અભિપ્રાયથી જરાય નાહિંમત ન થવું - આ એના સૌથી મોટા ગુણ છે... અને મહેનત! રાજ હંમેશા કહે છે, 'તમે કોઈ પણ કામ કરતા હશો તો એ જ કામ હું તમારા કરતાં વધારે કરીને બતાવીશ. આઇ વિલ ઓલવેઝ આઉટ-વર્ક યુ!' રાજ શીખતો ગયો, ખુદને સુધારતો ગયો.

પરિણામ આપણી સામે છે. પાંચ-સાડાપાંચ વર્ષ પછી બે કરોડ વીસ લાખ સબસ્ક્રાઇબર્સ સાથે રાજ શમાની આજે દુનિયાનો નંબર વન પોડકાસ્ટર છે! ભારતના ટોચના સેલિબ્રિટીઝ તો ખરા જ, પણ બિલ ગેટ્સ, ઓપન એઆઈવાળા સેમ ઓલ્ટમેન, સ્વિમિંગ લેજન્ડ માઇકલ ફેલ્પ્સ અને લેખની શરૂઆતમાં વાત કરી એ ફ્રેન્ચ પ્રેસિડન્ટ ઇમેન્યુઅલ મેક્રોં જેવી ગ્લોબલ હસ્તીઓ આજે રાજના પોડકાસ્ટમાં ગેસ્ટ બનીને આવે છે. આજની તારીખે, સમજોને, રાજ આખેઆખું મિડીયા હાઉસ ચલાવે છે. એની પાસે લગભગ ૨૦૦ લોકોનો સ્ટાફ છે, જે ભારતની બહાર પણ ફેલાયેલો છે. એની કંપનીનું આર્થિક કદ ૧૧૦ કરોડ રૂપિયાનું હોવાનો અંદાજ છે. એ ખુદ વ્યક્તિગત રીતે મહિને એકથી દોઢ કરોડ રૂપિયા કમાય છે.

રાજ હજુ ત્રીસનો પણ થયો નથી. ભવિષ્યમાં એની કરીઅર કેવા રંગો ધારણ કરે છે તે જોવાની મજા આવશે.

ભારતમાં વિકાસઃ હવે તો લાખો ગુલાબજાંબુ હવામાં ઉછળે છે

આ સીઝનમાં ઈન્ડિયા આવી ગયેલા એક એનઆરઆઈની ડાયરીનાં લીક થયેલાં પાનાં...

પેજ વનઃ ખરેખર, ઈન્ડિયા બહુ ડેવલપ થઈ ગયું. અમારે ફોરેનમાં તો એકાદું પ્લેન કેન્સલ થાય તો હોહા મચી જાય. અહીં પેલી કોઈ સ્પાઈસ કરીને એરલાઈન્સનાં મોટાભાગનાં પ્લેન કેન્સલ થાય છે તો પણ કોઈને કોઈ ફરક જ નથી પડતો. આને કહેવાય ડેવલપ્ડ કન્ટ્રીનો એટિટ્યુડ. બાકી કહે છે કે મારા નેટિવનું એસ ટી બસ સ્ટેશન પણ એરપોર્ટ જેવું ચકચકિત બની ગયું છે. બસ સ્ટેશન બહુ ક્લિન રહે છે કારણ કે દિવસમાં બે-ચાર બસ માંડ આવે છે અને પબ્લિક તો બધી હજુ પ્રાઈવેટ ગાડીઓમાં ટિંગાઈ ટિંગાઈને જ જાય છે.જુઓ, ડેવલપ થયેલી બિલ્ડિંગને આ રીતે સાચવવાનું તો કોઈ ઈન્ડિયાની પબ્લિક પાસેથી શીખે.



પેજ ટુઃ પેલાં તો કે છે કે દિલ્હી સાઈડ બહુ પોલ્યુશન રહેતું હતું. હવે તો જુઓ નાનાં -નાનાં સિટીમાં પણ દિલ્હી જેટલું પોલ્યુશન રહે છે. ખરેખર બધાં નાનાં -નાનાં સિટીને દિલ્હીનાં લેવલે લાઈ દીધાં...આને કહેવાય ડેવલપમેન્ટ.

પેજ થ્રીઃ બહુ બધું ડેવલપ થઈ ગયું છે, પણ થોડું થોડું બગડવા પણ માંડ્યું છે. આ જુઓ ને, મહારાષ્ટ્ર સાઈડ ટૂર માથે જ

અગડમ્ બગડમ્

બાબા આદમ

પડી. કોઈપણ હોટલ કે ઢાબાંમાં ખાવાં જઈએ તો બધું એટલું ચોખ્ખું ચોખ્ખું ફૂડ મળે કે બોર થઈ જવાયું. ઈન્ડિયામાં તો રોડસાઈડ બધો કચરો ખાવાની જ મજા હતી. પણ આ મહારાષ્ટ્રમાં કહે છે કે કોઈ મુંઢે નામના માણસે બધું બગાડી નાખ્યું. બધો સ્વાદ ગાયબ... સારું છે બીજાં સ્ટેટમાં હજુ કોઈ મુંઢે જેવું નથી.

પેજ ફોરઃ આહા, ઈન્ડિયા પિક્ચરોમાં

આ શિયાળામાં બિહાર સાઈડ પહોંચી ગયેલા એક એનઆરઆઈની ડાયરી

પણ કેટલું બધું ડેવલપ થઈ ગયું. અહીં આવીને 'રામાયણ' નામની પિક્ચર જોઈ તો હોલિવુડની પિક્ચર જેવાં જ સુપર વિઝ્યુઅલ... મજા પડી ગઈ. મ્યુઝિક પણ એવું જ... હોલિવુડની ફિલ્મો જેવું...મતલબ કે થિયેટરની બહાર નીકળીને ભૂલી જવાય એવું. ઈન્ડિયા ખરેખર ઈન્ટરનેશનલ લેવલે પહોંચી ગયું છે.

પેજ ફાઇવઃ દર વખતે આવું તો મારા નેટિવમાં દસ-બાર મેરેજ એટેન્ડ કરી જ નાખું. બાકી ઈન્ડિયા મેરેજ ફંકશનોની રીતે પણ ડેવલપ બહુ થઈ ગયું હો. હવે લગ્નનાં ફંકશન પણ પાંચ દિવસથી ઓછામાં પતતાં નથી. આ વખતે કોઈએ સલાહ આપી કે ઈન્ડિયા આવીને રાજસ્થાન-કેરલાની તો બહુ ટૂર મારી, પણ બિહાર બાજુ ફરી આવો એટલે ઈન્ડિયા કેવું ડેવલપ થઈ ગયું છે તેની ખબર પડે. બિહારમાં પહોંચ્યો તો ત્યાં એક મેરેજ જોયાં. ઓહોહો... કાંઈ માણસ..કાંઈ માણસ! કોણ કહે છે કે ભારતમાં ભૂખમરો છે? અહીં ચાર-પાંચ લાખ લોકો તો મારી નજર સામે જમ્યા. મેં જોયું કે પુરીઓ અને ગુલાબ જાંબુ તો હવામાં ઉછળતાં હતાં. બાકી કહેવું પડે. કોઈ રીચ, ડેવલપ્ડ કન્ટ્રી પણ હજુ એ લેવલે નથી પહોંચ્યો કે લાખો ગુલાબ જાંબુ આમ હવામાં ઉછળતાં હોય. ઈન્ડિયા ખરેખર વધારે પડતું ડેવલપ થઈ ગયું છે...

આદમનું અડપલું

બિહારમાં એક સમયે નેતાઓ ઘાસચારો ખાઈને જીવતા હતા, હવે ગુલાબ જાંબુ ખવડાવતા થયા છે, આ પણ વિકાસ જ છે ને!

ઓવૈસી, આઝમ ખાન, ઈમરાન મસૂદ વચ્ચે હૂંસાતૂંસી

ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પહેલાં જ વિરોધ પક્ષોની એકતા છિન્નભિન્ન

ઉત્તર પ્રદેશમાં વિધાનસભાના જંગ પૂર્વે વિપક્ષો બાખડી રહ્યા છે. એક તરફ કોંગ્રેસ અને સમાજવાદી પક્ષ વચ્ચે બેઠકોની ફાળવણીનો મામલો ટલ્લે ચઢી રહ્યો છે, તો બીજી તરફ એઆઈએમઆઈએમના અસદુદીન ઓવૈસી અને સમાજવાદી પક્ષના નેતા આઝમ ખાન વચ્ચેની શાબ્દિક ટપાટપી સતત તેજાબી બની રહી છે. ઓવૈસીએ રચેલા નવા ગઠબંધનમાં સાથી પક્ષ તરીકે ચંદ્રશેખર આઝાદનો પક્ષ છે. ઓવૈસીએ પોતાના નવા જોડાણ માટે મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે ચંદ્રશેખર આઝાદને નીમ્યા છે.



આઝમ ખાન અસદુદીન ઓવૈસી

આમ આદમી પાટી પણ ઉત્તર પ્રદેશના જંગમાં કૂદી પડવા તૈયાર થઈ રહી છે. સૌથી મહત્ત્વનો મુદ્દો સમાજવાદી પક્ષના પ્રભુત્વનો છે. દેશના સૌથી જૂના રાજકીય પક્ષ કોંગ્રેસની લાચારી લોકોની નજરમાં આવી ગઈ છે. કોંગ્રેસ પ્રાદેશિક પક્ષો આધારિત બનતી જાય છે. ઉત્તર પ્રદેશના જંગમાં સમાજવાદી પક્ષ અને કોંગ્રેસ વચ્ચેનું જોડાણ ભંગાણના આરે છે. દરેક પક્ષ ચૂંટણીની તૈયારીમાં ખૂંપેલો છે. દરેકે પડદા પાછળ પોતાના ઉમેદવારો જાહેર કરેલા છે, પરંતુ કોંગ્રેસને સમાજવાદી પક્ષે ઠેંગો બતાવી રાખ્યો છે.

પશ્ચિમ બંગાળના વિધાનસભાના જંગ કરતાં પણ બમણો રસપ્રદ જંગ ઉત્તર પ્રદેશનો બની રહ્યો છે. અહીં ઉલ્લેખનીય છે કે ઉત્તર પ્રદેશનો જંગ સીધો જ લોકસભાના જંગ સાથે સંકળાયેલો છે, કેમ કે દરેક જણ લોકસભાની સૌથી વધુ એવી ઉત્તર પ્રદેશની ૮૦ બેઠકો પર નજર રાખીને બેઠા છે. કોંગ્રેસ પણ સમાજવાદી પક્ષ સાથે નમીને વાત એટલા માટે કરે છે કે તે પણ લોકસભાની ૮૦ બેઠકોમાંથી મોટો હિસ્સો મેળવવા માંગે છે. ઉત્તર પ્રદેશ જેવા મોટા રાજ્યમાં પણ કોંગ્રેસ પોતાનું સંગઠન મજબૂત કરી શકી નથી. હકીકત એ છે કે પ્રાદેશિક પક્ષ કોંગ્રેસ સાથે જોડાણ કરવા તત્પર હોવા જોઈએ, તેના બદલે અહીં બાજી ઊલટી છે.

પ્રાદેશિક પક્ષોની તાકાત એક સમયે મમતા બેનરજીમાં જોવા મળી હતી અને હવે તે અખિલેશ યાદવમાં જોવા મળી રહી છે. યુપીમાં બેઠકોની વહેંચણીને લઈને નિવેદનબાજી અટકવાનું નામ નથી લઈ રહી. કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદનાં નિવેદનો બાદ સપામાં હલચલ તેજ થઈ ગઈ છે. સપાના મેનિફેસ્ટોને લઈને પણ ઈમરાને વાંધો ઉઠાવ્યો છે. સમાજવાદી પાટીનું કહેવું છે કે મીડિયામાં આ પ્રકારની

પ્રસંગપટ

પ્રતિક્રિયાઓથી માત્ર ભાજપ જ ખુશ થઈ રહ્યો છે. સપાએ મસૂદને સલાહ આપી કે જ્યારે બંને પક્ષોનું ટોચનું નેતૃત્વ ગઠબંધનની રૂપરેખા પર ચર્ચા કરી રહ્યું છે, ત્યારે તેમણે સંયમ રાખવો જોઈએ. સપાએ ૨૦૨૭ની ચૂંટણીઓ માટે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરી દીધો છે. આ અંગે પણ ઈમરાન મસૂદે કહ્યું કે સપાએ ગઠબંધનની વાતચીત પૂરી થવાની રાહ જોવી જોઈતી હતી અને ત્યારબાદ એક સંયુક્ત ચૂંટણી ઢંઢેરો જાહેર કરવો જોઈતો હતો. ઓવૈસી સાથે જોડાણની વાત એટલા માટે આગળ ન વધી કેમ કે તેઓ પણ ૫૦ બેઠકો માંગતા હતા. કોંગ્રેસ પણ ૧૦૦ બેઠકો માંગી રહી છે, તો પછી અખિલેશ માટે શું બચે? વિપક્ષના નેતાઓ કોઈ બાંધછોડ કરવા તૈયાર નથી. એમ લાગે છે કે આ લોકોને મતદારો શું માંગે છે તે તરફ ધ્યાન આપવાનો કોઈ સમય નથી.

કોંગ્રેસ અને સમાજવાદી પક્ષના નંબર ટુ સ્તરના નેતાઓ વચ્ચે ચાલતી જીભાજોડી અંગે બંને પક્ષનું મોવડીમંડળ ચૂપ છે. અખિલેશ યાદવ અને રાહુલ ગાંધી રાજકીય મિત્રો છે, પરંતુ રાજકીય દાવપેચમાં અખિલેશ યાદવ વધુ ચતુર સાબિત થઈ રહ્યા છે. વિપક્ષો વચ્ચેની હૂંસાતૂંસી ચૂંટણી જાહેર થતાં પહેલાં જ શરૂ થઈ ગઈ છે. આ હૂંસાતૂંસી પ્રતિદિન વધુ તીવ્ર બની રહી છે. જ્યાં ભાજપને હરાવવા વિપક્ષી એકતાની જરૂર હતી, ત્યાં વિપક્ષોની એકતા છિન્નભિન્ન થયેલી નજરે પડે છે. વિપક્ષોની લડાઈ જોઈને ભાજપના ચહેરા પર સ્મિત ફરકે તે સ્વાભાવિક છે.

અખિલેશ યાદવ અને રાહુલ ગાંધી મિત્રો છે, પરંતુ રાજકીય દાવપેચમાં અખિલેશ વધુ ચતુર સાબિત થઈ રહ્યા છે

મેષ (અ.લ.ઈ.)

સપ્તાહ દરમ્યાન આપના રૂકવાટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે ધીરે ઉકેલ આવતો જાય. વાણીની મીઠાશથી કામમાં સરળતા થતી જાય. ધંધામાં લાભ-ફાયદો જણાય. પરદેશના કામ અંગે મિલન-મુલાકાત થઈ શકે. સંતાનના પ્રશ્ને ચિંતા-ઉચાટ જણાય. સપ્તાહ પસાર થાય તેમ આપના કાર્યની સાથે અન્ય કામમાં વ્યસ્ત રહેવાનું બને. કોર્ટ-કચેરીના કામકાજ અંગે દોડધામ-શ્રમ ખર્ચ જણાય. તા. ૨૯ ઉચાટ-ઉદ્વેગ રહે. ૩૦. દિવસ પસાર થાય તેમ રાહત થતી જાય. ૧. કામકાજમાં સાનુકૂળતા રહે. ૨. હર્ષ-લાભ. ૩. દોડધામ-શ્રમ રહે. ૪. ખર્ચ-ખરીદી જણાય. ૫. આપના કામકાજમાં વ્યસ્ત રહો. સ્ત્રીવર્ગને સંતાનની ચિંતા જણાય. વિદ્યાર્થીવર્ગને મધ્યમ.

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, શુક્રવાર

શેરોમાં ઈન્ડેક્સ બેઝડ વિક્રમી તેજી તરફની દોટને આજે સપ્તાહના અંતે બ્રેક લાગી હતી. અમેરિકા દ્વારા ભારત પર ટ્રેડ ડિલ માટે થઈ રહેલા દબાણ અને ટેરિફની ચીમકી વચ્ચે પાછલા બે દિવસમાં આ પરિબળને ડિસ્કાઉન્ટ કરી શેરોમાં તેજી કરવામાં આવ્યા બાદ આજે ફંડોએ ઓવરબોટ પોઝિશન હળવી કરી હતી. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો આજે ૫૪ પૈસા નબળો પડીને ૯૨.૯૯ થઈ જતાં અને ક્રુડ ઓઈલના ભાવમાં મજબૂતી સાથે વિશ્વ બજારમાં ફરી સોના અને ચાંદી તરફ ફંડોના તેજીના વેપારને લઈ આજે ઈક્વિટી બજારોમાં વધ્યામથાળે સાવચેતીની અસર જોવાઈ હતી. ફંડોએ આજે ઓટોમોબાઈલ, આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, બેંકિંગ શેરોમાં મોટું ઓફલોડિંગ કર્યું હતું. જો કે કેપિટલ ગુડઝ-પાવર, મેટલ શેરોમાં ખરીદી કરતાં ઈન્ડેક્સ બેઝડ મોટું ધોવાણ અટક્યું હતું. સેન્સેક્સ ૯૮૯.૩૩ પોઈન્ટ ગબડીને ૮૩૩૩૯.૨૬ અને નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૨૭૭.૩૦ પોઈન્ટ તૂટીને ૨૫૬૦૭.૨૦ બંધ રહ્યા હતા.

રૂપિયો ૫૪ પૈસા નબળો પડતાં અને ફોરેન ફંડોની ખરીદી ધીમી પડ્યા સાથે

શેરોમાં સપ્તાહના અંતે પ્રોફિટ બુકિંગ : સેન્સેક્સ ૯૮૯ પોઈન્ટ ગબડીને ૮૩૩૩૯

આઈટી ઈન્ડેક્સ ૪૮૦ પોઈન્ટ ગબડ્યો : ઝેનસાર, એચસીએલ, એમ્ફેસીસ, ટીસીએસ, ઈન્ફોસીસ ઘટ્યા

આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં આજે ફરી ફંડોએ ઉછાળે વેચવાલી કરી હતી. એઆઈ-આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કારણે વિશ્વના ઘણા ઉદ્યોગોને મોટો ફટકો પડવાના અહેવાલો અને આઈટી ઉદ્યોગને પણ મોટી અસરના નવા રિપોર્ટ વહેતાં થતાં સાવચેતીમાં ફંડોએ તેજીનો વેપાર ઉછાળે હળવો કર્યો હતો. ઝેનસાર ટેકનોલોજી રૂ.૧૬.૩૫ ઘટીને રૂ.૫૩૭.૨૫, એચસીએલ ટેકનોલોજી રૂ.૪૧.૨૦ઘટીને રૂ.૧૪૨૩.૮૦, એમ્ફેસીસ રૂ.૬૯.૮૦ ઘટીને રૂ.૨૪૪૫, ઈન્ફોસીસ રૂ.૩૦.૧૦ ઘટીને રૂ.૧૧૫૨, ટીસીએસ રૂ.૬૫ ઘટીને રૂ.૨૫૭૫, વિપ્રો રૂ.૪.૩૦ ઘટીને રૂ.૧૯૨.૨૦, ટેક મહિન્દ્રા રૂ.૩૯.૮૦ ઘટીને રૂ.૧૮૧૫ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૪૮૦.૯૦ પોઈન્ટ ઘટીને ૩૦૯૨૮.૫૯ બંધ રહ્યો હતો.

અમેરિકાની ટેરિફ ચીમકીએ ઓટો કોમ્પોનન્ટ ઉદ્યોગ પર અસરની શકયતાએ ઓટો શેરોમાં વેચવાલી

અમેરિકાએ ભારત પર પણ ટેરિફ વધારવાની ચીમકી આપતાં ઓટો કોમ્પોનન્ટ, એનસીલિયરી ઉદ્યોગને ફટકો પડવાના અંદાજોએ આજે ફરી ઓટો શેરોમાં ફંડો વેચવાલ બન્યા હતા. હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા રૂ.૧૦૧.૪૦ તૂટીને રૂ.૨૦૦૮.૬૦, અશોક લેલેન્ડ રૂ.૪.૭૫ ઘટીને રૂ.૧૧૧.૫૫, ઉનો મિન્ડા રૂ.૩૬.૪૫ ઘટીને રૂ.૧૩૫૩, બજાજ ઓટો રૂ.૨૭૮ ઘટીને રૂ.૧૦,૫૬૨, આઈશર મોટર્સ રૂ.૧૮૦ ઘટીને રૂ.૮૦૧૦, મારૂતી સુઝુકી રૂ.૨૬૦ ઘટીને રૂ.૧૩,૭૬૦, મધરસન સુમી રૂ.૩.૫૦ ઘટીને રૂ.૧૬૧.૫૦, ટાટા મોટર્સ કમર્શિયલ વ્હીકલ રૂ.૬.૬૦ ઘટીને રૂ.૪૨૪.૯૦, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૩૫ ઘટીને રૂ.૩૪૫૩ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૮૦૧.૪૨ પોઈન્ટ તૂટીને ૬૨૦૩૪.૧૧ બંધ થયો હતો.

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં એક્સિસ બેંક, કોટક બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક ઘટ્યા

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં પણ પાછલા દિવસોમાં મોટી ખરીદી થયા બાદ આજે ફરી ફંડોએ ઉછાળે નફો બુક કરતાં ભાવો ઘટ્યા હતા. એક્સિસ બેંક રૂ.૨૮.૭૦ ઘટીને રૂ.૧૩૮૦.૧૦, કોટક મહિન્દ્રા બેંક રૂ.૮.૯૫ ઘટીને રૂ.૫૦૦.૦૫, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૨૦.૫૦ ઘટીને રૂ.૧૫૯૫, એચડીએફસી બેંક રૂ.૯.૫૦ ઘટીને રૂ.૮૫૭.૨૫, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૧૧.૫૦ ઘટીને રૂ.૧૧૨૬, કેનેરા બેંક રૂ.૧.૩૦ ઘટીને રૂ.૧૩૧.૨૦, પીએનબી રૂ.૧.૦૫ ઘટીને રૂ.૧૪૬.૫૫ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૬૧૧.૧૯ પોઈન્ટ ઘટીને ૭૧૦૨૩.૪૯ બંધ રહ્યો હતો.

ઈન્ડેક્સ બેઝડ તેજીને વિરામ સામે સ્મોલ કેપ, મિડ કેપ શેરોમાં આકર્ષણ : ૨૩૯૬ શેરો પોઝિટીવ બંધ

સપ્તાહના અંતે આજે સેન્સેક્સ, નિફ્ટી બેઝડ તેજીને વિરામ મળ્યા સામે ફંડો, ખેલંદાઓનું સ્મોલ, મિડ કેપ શેરોમાં આકર્ષણ જળવાતાં માર્કેટબ્રેડથ પોઝિટીવ રહી હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૬૨૬ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૨૩૯૬ અને ઘટનારની સંખ્યા ૧૯૬૯ રહી હતી.

કેપિટલ ગુડઝ શેરોમાં તેજી અકબંધ : ડાટા પેટર્નસ, ભારત ડાય., મઝગાંવ, હિન્દ. એરોનોટિક્સ ઉછળ્યા

પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં ફંડો, ખેલાડીઓએ આજે ખરીદી વધારતા તેજી અકબંધ રહી હતી. ડાટા પેટર્નસ રૂ.૧૯૦ વધીને રૂ.૪૩૩૪, ભારત ડાયનામિક્સ રૂ.૪૫.૫૦ વધીને રૂ.૧૦૭૮.૫૦, મઝગાંવ ડોક રૂ.૭૨.૨૦ વધીને રૂ.૧૮૯૧.૨૦, હિન્દુસ્તાન એરોનોટિક્સ રૂ.૧૬૫ વધીને રૂ.૫૦૭૪, કેઈઆઈ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૧૦૪.૭૫ વધીને રૂ.૩૭૫૨.૯૫, કાર્બોરેન્ડમ યુનિવર્સલ રૂ.૨૬.૧૦ વધીને રૂ.૧૦૦૧.૧૦, પાવર ઈન્ડિયા રૂ.૮૦૧ વધીને રૂ.૩૧,૧૧૯, કમિન્સ ઈન્ડિયા રૂ.૯૮.૪૦ વધીને રૂ.૪૨૦૨.૪૦, કોચીન શિપ રૂ.૨૬ વધીને રૂ.૧૧૨૬, કિર્લોસ્કર એન્જિન રૂ.૩૬.૩૦ વધીને રૂ.૧૩૭૧.૧૦ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૧૧૨૪.૪૪ પોઈન્ટ ઉછળીને ૭૧૫૭૨.૨૭ બંધ રહ્યો હતો.

મેટલ શેરોમાં પસંદગીની ખરીદી : હિન્દુસ્તાન ઝિંક, નાલ્કો, જિન્દાલ સ્ટીલ, જિન્દાલ સ્ટેનલેસ, સેઈલ વધ્યા

મેટલ-માઈનીંગ શેરોમાં આજે ફંડોની પસંદગીની ખરીદી જળવાઈ હતી. સોના અને ચાંદીના ભાવમાં ફરી ઉછાળા સાથે એલ્યુમીનિયમની આયાત ડ્યુટી વધારવા ઉદ્યોગની માંગને લઈ આજે ફંડો લેવાલ રહ્યા હતા. હિન્દુસ્તાન ઝિંક રૂ.૧૭.૫૦ વધીને રૂ.૫૪૫, નાલ્કો રૂ.૯.૩૫ વધીને રૂ.૩૦૪.૨૦, જિન્દાલ સ્ટીલ રૂ.૨૨.૬૫ વધીને રૂ.૧૧૩૬.૧૦, જિન્દાલ સ્ટેનલેસ રૂ.૧૩ વધીને રૂ.૭૧૯.૩૫, સેઈલ રૂ.૨.૭૦ વધીને રૂ.૧૬૪.૧૦, એપીએલ અપોલો રૂ.૨૪.૧૦ વધીને રૂ.૧૫૦૫.૧૦, જેએસડબલ્યુ સ્ટીલ રૂ.૧૭ વધીને રૂ.૧૩૨૨ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૩૮૯.૪૯ પોઈન્ટ વધીને ૩૭૩૭૫.૩૧ બંધ રહ્યો હતો.

FPIs/FIIની કેશમાં રૂ.૧૬૩૪ કરોડની ચોખ્ખી ખરીદી : DIIની રૂ.૫૫૬ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે શુક્રવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૧૬૩૪.૩૩ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરી હતી. કુલ રૂ.૧૪,૨૫૯.૪૫ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૨,૬૨૫.૧૨ કરોડની વેચવાલી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની પણ આજે રૂ.૫૫૬.૪૨ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી રહી હતી. કુલ રૂ.૨૭,૨૬૩.૬૫ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૭,૮૨૦.૦૭ કરોડની વેચવાલી કરી હતી.

શેરોમાં રોકાણકારોની સંપતિ-માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૯૪ હજાર કરોડ ઘટીને રૂ.૫૧૩.૧૧ લાખ કરોડ

સેન્સેક્સ, નિફ્ટી બેઝડ તેજી સાથે આજે સ્મોલ, મિડ કેપ શેરોમાં તેજી જળવાઈ રહ્યા છતાં ફ્રન્ટલાઈન શેરોમાં વેચવાલીએ રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૯૪ હજાર કરોડ ઘટીને રૂ.૫૧૩.૧૧ લાખ કરોડ રહ્યું હતું.

નિફ્ટી સ્પોટ ૨૭૭ પોઈન્ટ તૂટીને ૨૫૬૦૭ : આઈટી, ઓટો, બેંકિંગ શેરોમાં ફંડો વેચવાલ : સ્મોલ, મિડ કેપ શેરોમાં જળવાયેલું આકર્ષણ : FPIs/FIIની કેશમાં રૂ.૧૬૩૪ કરોડની ખરીદી

ખાદ્યતેલોમાં બેતરફી વધઘટ: રવિ મોસમમાં કૃષિ વાવેતરમાં દસ ટકાનો ઘટાડો જોવાયો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,શુક્રવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે સિંગતેલ તથા કપાસિયા તેલના ભાવ ઘટાડા પર રહ્યા હતા. આયાતી પામતેલ તથા સોયાતેલના ભાવ ઉંચકાયા હતા. અન્ય ખાદ્યતેલોના ભાવ સાંકડી વધઘટે અથડાતા રહ્યા હતા. નવા વેપાર ધીમા હતા. મુંબઈ દિવેલ હાજર તથા હાજર એરંડાના ભાવમાં આજે ધીમો ઘટાડો નોંધાયો હતો.

સોયાબીનની ઓલ ઈન્ડિયા આવકો ૫ લાખ ૪૦ હજાર ગુણી આવી

મુંબઈ ખોળ બજારમાં ટનના ભાવ સોયાખોળના રૂ.૧૫૦૦ ઉંચકાયા હતા જ્યારે સનફલાવર ખોળના ભાવ ટનદીઠ રૂ.૫૦૦ ઘટયા હતા. જો કે અન્ય ખોળો શાંત રહ્યા હતા. સૌરાષ્ટ્ર ખાતે સિંગતેલના ભાવ વધી રૂ.૧૮૦૦ રહ્યા હતા તથા આ ભાવોએ બાયર્સ વધ્યા હતા. ત્યાં કોટન વોશ્ડના ભાવ રૂ.૧૩૫૦ તથા કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૩૮૫થી ૧૩૯૦ રહ્યા હતા જ્યારે ત્યાં પામતેલના ભાવ રૂ.૧૨૪૦ તથા સોયાતેલ રિફાઈન્ડના ભાવ રૂ.૧૩૫૦ રહ્યા હતા. ત્યાં કોટન વોશ્ડમાં પણ બાયર્સ વધ્યા હતા. વિશ્વ બજારમાં મલેશિયા પામતેલ વાયદાના ભાવ નજીકની ડિલીવરીમાં ૫૭ પોઈન્ટ ઘટયા હતા દૂરની ડિલીવરીના ભાવ ૯થી ૧૫ પોઈન્ટ પ્લસમાં રહ્યાના સમાચાર હતા.

દરમિયાન, ભારતમાં રવિ મોસમમાં આ વર્ષે અત્યાર સુધીના ગાળામાં વિવિધ કૃષી પાકોનું કુલ વાવેતર ૧૦થી ૧૧ ટકા ઘટી ૨૬૦થી ૨૬૧ લાખ હેકટર્સમાં થયાનું કૃષી તજજ્ઞોએ જણાવ્યું હતું. રવિ મોસમમાં અત્યાર સુધીના ગાળામાં સિંગદાણાના વાવેતરનો વિસ્તાર ૧ લાખ ૮હજાર હેકટર્સ નોંધાયો છે જ્યારે સનફલાવરનું વાવેતર ૧૭ હજાર હેકટર્સ તથા રાયડા-મસ્ટર્ડનું વાવેતર ૭૧થી ૭૨ લાખ હેકટર્સમાં નોંધાયું છે. વિવિધ તેલિબિયાનું કુલ વાવેતર આશરે ૭૪ લાખ હેકટર્સ નોંધાયું છે.

કંડલા ખાતે પામોલીનના ભાવ ડિસેમ્બરના રૂ.૧૨૫૮ તથા જાન્યુઆરીના રૂ.૧૨૬૮ રહ્યા હતા જ્યારે સોયાતેલના ભાવ ડિસેમ્બરના રૂ.૧૩૬૫ તથા જાન્યુઆરીના રૂ.૧૩૭૫ રહ્યા હતા. સોયાબીનની આવકો આજે મધ્ય-પ્રદેશમાં ૩ લાખ ૨૫ હજાર ગુણી જ્યારે મહારાષ્ટ્રમાં ૧ લાખ ૧૦ હજાર ગુણી આવી હતી. ઓલ ઈન્ડિયા આવકો ૫ લાખ ૪૦ હજાર ગુણી આવી હતી. મધ્ય પ્રદેશમાં ભાવ રૂ.૭૪૦૦ થી ૭૬૫૦ રહ્યા હતા.

પી-નોટસ મારફત રોકાણ આકર્ષણ જળવાયું

મુંબઈ, તા. ૨૭

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)નું ભારતમાં તાજેતરમાં પુનરાગમન થયાનું જોવા મળી રહ્યું છેપરંતુ ઈક્વિટીસમાં પાર્ટિસિપેટરી નોટસ (પી-નોટસ) મારફતના રોકાણમાં આ અગાઉથી જ વધારો થઈ રહ્યાનું પ્રાપ્ત આંકડા જણાવે છે. વર્તમાન વર્ષના ફેબ્રુઆરીમાં પશ્ચિમ એશિયામાં યુદ્ધ ફાટી નીકળ્યા બાદ પી-નોટસ મારફતનું રોકાણ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં રૂપિયા ૧૪૮૨૩ કરોડ વધ્યુ હોવાનું ડીપોઝિટરીસના ડેટામાં જણાવાયુ છે.જો કે આ ગાળામાં એફપીઆઈસે નેટ રૂપિયા ૧.૫૬ ટ્રિલિયનની વેચવાલી કરી હતી.

દેશમાં એફપીઆઈની કુલ એસેટસમાં પી-નોટસનો હિસ્સો ઓગસ્ટના અંતે ૨.૦૭ ટકા રહ્યો હતો. જે વિદેશી રોકાણકારો ભારતમાં રજિસ્ટર્ડ ન હોય તેવા રોકાણકારો ભારતીય ઈક્વિટીસમાં પી-નોટસ મારફત રોકાણ કરી શકે છે.

વર્તમાન વર્ષમાં સતત વેચવાલ રહ્યા બાદ એફપીઆઈએ નવેમ્બરમાં ભારતીય બજારમાં નાણાં ઠાલવવાનું શરૂ કર્યુ છે અને વર્તમાન મહિનામાં નેટ ખરીદદાર રહ્યા છે.

બજારની અસ્થિરતા વચ્ચે પણ SIP બુક્સમાં વધારો

અમદાવાદ, તા. ૨૭

વેલ્થ-ટેક પ્લેટફોર્મ વેલ્થી અને મોનિટર ડેલોઈટના સંયુક્ત અભ્યાસ મુજબ, બજારની અસ્થિરતા હોવા છતાં ૧૩ શહેરોના ૬૭૮ મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રિબ્યુટર્સમાંથી ૬૨% ડિસ્ટ્રિબ્યુટર્સે તેમની સિપ (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) બુક્સમાં વૃદ્ધિ નોંધાવી છે. રિપોર્ટમાં જણાવાયું છે કે જાતે રોકાણ કરવાના પ્લેટફોર્મની લોકપ્રિયતા હોવા છતાં, છેલ્લા એક વર્ષમાં માત્ર ૧૦% રોકાણકારોએ જ ડાયરેક્ટ પ્લેટફોર્મ પર જવા માટે નાણાં ઉપાડ્યા (રિડમ્પશન કરાવ્યા) છે.

અભ્યાસમાં નાણાં ઉપાડવા (રિડમ્પશન) માટેના સૌથી મુખ્ય કારણોમાં નાણાકીય લક્ષ્યોની પ્રાપ્તિ (૪૫% મત) અને રોકડની જરૂરિયાત (૪૦% મત) જણાવવામાં આવ્યા છે, જ્યારે નબળા વળતર (૩૫% મત) અને બજારના ઘટાડા (૩૦% મત) ને ઓછા જવાબદાર ગણાવાયા છે.

BSNL-MTNLની રૂ. ૧૩૦૦ કરોડની સંપત્તિઓના મોનેટાઈઝેશનની તૈયારી

અમદાવાદ, તા. ૨૭

જાહેર ક્ષેત્રની કંપનીઓના એસેટ મોનેટાઈઝેશનની જવાબદારી ધરાવતી સંસ્થા નેશનલ લેન્ડ મોનેટાઈઝેશન કોર્પોરેશન લિમિટેડે સરકારી ટેલિકોમ કંપનીઓ બીએસએનએલ અને એમટીએનએલની સંપત્તિઓના મોનેટાઈઝેશન માટેના નવા પ્રસ્તાવોની સમીક્ષા કરી છે.એનએલએમસીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં ભારત સંચાર નિગમ લિમિટેડ અને મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ પાસે રહેલી એસેટ વેલ્યુએશન અને મોનેટાઈઝેશન અંગેના પ્રસ્તાવો પર ચર્ચા કરવામાં આવી હતી. આ સંપત્તિઓનું અંદાજિત કુલ મૂલ્ય લગભગ ૧૩૦૦ કરોડ આસપાસ છે.

આજનું ભવિષ્ય - અગ્નિદત્ત પદમનાભ

મેષ : જેમ દિવસ પસાર થતો જાય આપને કામકાજમાં પ્રતિકૂળતા અનુભવાય. મૃત-પિતૃપક્ષે બીમારી-ચિંતાનું આવરણ આવી જાય.

વૃષભ : આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવું કામકાજ થવાથી આનંદ અનુભવાય. યાત્રા-પ્રવાસ, મિલન-મુલાકાતનું આયોજન ગોઠવાય.

મિથુન : આપને કામકાજમાં સાનુકૂળતા મળી રહે. સીઝનલ ધંધામાં આવક જણાય. સામાજિક - વ્યવહારિક કામકાજ રહે.

કર્ક : આપના ગણત્રી-ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ રહે. મિલન- મુલાકાતમાં સાનુકૂળતા રહે.

સિંહ : આપના કામમાં ધીરજ અને શાંતિ રાખવા. ઉતાવળમાં ભૂલો થાય. આવેશ- ઉશ્કેરાટમાં કોઈ નિર્ણય કરવા નહીં.

કન્યા : આપના કામમાં આકસ્મિક સાનુકૂળતા મળતાં કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. ધંધામાં ઘરાકી આવી જાય.

તુલા : દિવસ દરમ્યાન આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવું પડે. જમીન- મકાન - વાહનના કામ થઈ શકે.

વૃશ્ચિક : દેશ-પરદેશના કામમાં, આયાત-નિકાસના કામમાં આપને સાનુકુળતા મળી રહે. નોકર-ચાકરવર્ગનો સાથ જણાય.

ધન : આપે તન-મન-ધનથી વાહનથી સંભાળીને શાંતિથી દિવસો પસાર કરી લેવા. કૌટુંબિક- પારિવારિક પ્રશ્ને ચિંતા જણાય.

મકર : આપના અગત્યના કામનો ઉકેલ આવતો જવાથી રાહત થતી જાય. મહત્ત્વના નિર્ણયો લેવાના હોય તો લઈ શકાય. આનંદ રહે.

કુંભ : આપના કામમાં હરિફવર્ગ- ઈર્ષ્યા કરનારવર્ગ મુશ્કેલી ઉભી કરવાના પ્રયાસ કરે. આકસ્મિક ખર્ચ- ખરીદી જણાય.

મીન : આપના રુકાવટ- વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે - ધીરે ઉકેલ આવતો જાય. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય.

આજનુ પંચાંગ તા.૨૮/૧૧/૨૦૨૬,શનિવાર

કારતક વદ પાંચમ

દિવસના ચોઘડિયા : કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ.
રાત્રિના ચોઘડિયા : લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ.
અમદાવાદ સૂર્યોદય : ૭ ક. ૦૪ મિ. સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૨ મિ.
નવકારસી સમય : (અ) ૭ ક. ૫૨ મિ.
જન્મરાશિ : મિથુન (ક.છ.ઘ.) ૭ ક. ૨૪ મિ. સુધી પછી કર્ક (ડ.હ.) રાશિ આવે.
નક્ષત્ર : પુનવર્સુ ૧૨ ક. ૫૧ મિ. સુધી પછી પુષ્ય નક્ષત્ર આવે.
ગોચર ગ્રહ :- સૂર્ય-વૃશ્ચિક, મંગળ-સિંહ, બુધ-તુલા, ગુરૂ-સિંહ, શુક-તુલા, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-મિથુન ૭ ક. ૨૪. મિ. સુધી પછી કર્ક.
હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન, પ્લુટો-મકર, રાહુકાળ-૯.૦૦થી ૧૦.૩૦ (દ.ભા.)**વિક્રમ સંવત :** ૨૦૮૩, કાલયુક્ત સંવત્સર શાકે- ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત - ૨૫૫૩
દક્ષિણાયન હેમંત ઋતુ- રાષ્ટ્રીય દિનાંક - માર્ગશીર્ષ - ૭ - વ્રજ માસ : માગસર-૪
માસ-તિથિ-વાર :- કારતક વદ પાંચમ
મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદીઉલ આખર માસનો ૧૮ મો રોજ
પારસી શહેનશાહી વર્ષ : ૧૩૯૬ તીર માસનો ૧૬મો રોજ મેહેર

જન્મ તારીખ વર્ષ સંકેત તા.૨૮/૧૧/૨૦૨૬,શનિવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ સાનુકુળ રહે. **નોકરી-ધંધો :** વ્યવસાયિક દ્રષ્ટિએ વર્ષ સારું પસાર થાય. આપના કામ ઉકેલાતાં જાય. મહત્વના કામમાં આપના સલાહ-સૂચન લેવામાં આવે. આપના ધાર્યા પ્રમાણેનું કામ થઈ શકે. જો કે સામાજિક- વ્યવહારિક કામકાજ અંગે દોડધામ-શ્રમ રહે. **નાણાકીય સુખાકારી :** નાણાકીય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ પસાર થતું જાય તેમ આપને રાહત થતી જાય. જાવકમાં ઘટાડો થાય. આવકમાં વધારો જણાય. આકસ્મિક ખોટા ખર્ચ અટકવાથી આપને રાહત રહે. **પુત્ર-પૌત્રાદિક :-** પુત્ર-પૌત્રાદિક માટે વર્ષ સારું રહે. અવિવાહીત- પુત્ર- પૌત્રાદિકના વિવાહ-લગ્નની વાતચીત આવે કે નક્કી થાય. તેમના અભ્યાસ - કારકિર્દી આરોગ્યની ચિંતા ઓછી થાય. નવદંપતીને સંતાન પ્રાપ્તિના યોગ ઉભા થાય.

મંત્રમુગ્ધ

- ''અતિશય લાડકોડ અનેક દુર્ગુણોને જન્મ આપે છે, જ્યારે કઠોર શિસ્ત અને યોગ્ય શિક્ષણ સદ્‌ગુણોનું સિંચન કરે છે. આથી જ સંતાન અને શિષ્યના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમનો આંધળો મોહ કરવાને બદલે યોગ્ય શિક્ષા આપવી જ હિતાવહ છે.''
- વ્યવહારનીતિના પ્રખર ઉપદેશક આચાર્ય ચાણક્ય
- ''જીવનના રણસંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવા માટે સમયની પ્રતિક્ષા કરવાની ક્ષમતા અને ધીરજનો અખૂટ ભંડાર આ બે સૌથી શક્તિશાળી હથિયાર છે. જેના બળે દુનિયાના કોઈપણ વિકટ જંગને જીતી શકાય છે.''
- રશિયાના અમરસર્જક ને સૂક્ષ્મ અભ્યાસુ લિયો ટોલ્સટોય
- ''ચાલાકી તમને ક્ષણિક ફાયદો કરાવી શકે છે, પણ તેનાથી ક્યારેય ઈતિહાસ કે મહાન કાર્યો નથી સર્જાતા ! મોટા સંકલ્પોને પાર પાડવા માટે છળ-કપટ નહીં, પણ પવિત્ર મન અને અડગ ઈરાદાની જ જરૂર પડે છે.''
- ચારિત્ર્ય ઘડતર અને રાષ્ટ્રજાગૃતિના પ્રેરણાપુરુષ સ્વામી વિવેકાનંદ
- આ વિશ્વમાં આપણા અસ્તિત્વનો સાર બે સ્તંભ પર ટકેલો છે.
૧) પરિશ્રમ ૨) સંયમ.
- રોમન સામ્રાજ્યના સ્ટોઇક દાર્શનિક એપિક્ટેટસ
- ઈશ્વરને પ્રાર્થના કરતો રહો પણ હલેસા મારવાનું ચાલુ રાખો.
- રશિયન કહેવત

સંકલન : russhabhshahgs@gmail.com

ક્રોસવર્ડ ૬૪ વર્ડ્સ - [illegible]



ગુજરાત સમાચાર સુડોકુ



જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડીસ્ટ્રીકટ અમદાવાદના તાલુકા સાણંદના મોજે સનાથલની સીમના ખાતા નંબર-૩૬૪૩ ના બ્લોક / સર્વે નંબર-૩૫૮/અ/૨ ની ૦-૮૯-૦૨ હે.આ.ચો.મી. ક્ષેત્રફળ, આકાર-૩.૯૩ વાળી જુની શરતની ખેતીની જમીન અમો (૧) જ્યોતીબેન નરપતસિંહ ચૌહાણ, (૨) મિત્તલબેન નરપતસિંહ ચૌહાણ, (૩) સગીર કુલદીપસિંહ નરપતસિંહ ચૌહાણના વાલી તરીકે તેના માતા જ્યોતીબેન નરપતસિંહ ચૌહાણ તથા (૪) સગીર અનિરૂધ્ધસિંહ નરપતસિંહ ચૌહાણ ના વાલી તરીકે તેના માતા જ્યોતીબેન નરપતસિંહ ચૌહાણના નામે રેવન્યુ રેકર્ડમાં સંયુકત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજા રહીત અને કાનુની વિવાદોથી પર હોવાનું જણાવી તેઓએ અમારી પાસે ટાઈટલ કલીયરન્સની કામગીરી અમોને સોપેલી છે. જેથી આ જાહેર નોટીસ આપી લાગતા વળગતા સર્વે શખ્સો, વ્યકિત, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા અન્ય જાહેર કે ખાનગી સંસ્થા કે ઓથોરીટી, કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર, બીલ્ડર, ઓર્ગેનાઈઝર, કોન્ટ્રાકટર, પ્રોજેકટ કન્સલ્ટન્ટ, કે ફાઈનાન્સર તરીકે, કે બાનાખતના કરાર, ભાડાચિઠ્ઠી કે ભાડા કરાર, પાવર ઓફ એટર્ની, એસાઈનમેન્ટના કરાર, કબજા કરાર, સમજુતી કરાર, હુકમનામું, મનાઈ હુકમ કે અન્ય કોઈ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કુટુંબના સભ્ય કે વારસદાર તરીકે કે સદર જમીન અંગેના જુના ટાઈટલ ડીડસ બાબતે કે મજકુર જમીન અંગે રેવન્યુ રેકર્ડસમાં થયેલ વખતો વખતનાં ફેરફાર બાબતે કે બીજી રીતે સદર જમીન પર હક્ક, દાવો, કે અલાખો ધરાવતા હોય તો તેઓએ તેની પુરાવા સાથે લેખીતમાં જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન - ૭ (સાત) ની અંદર નીચેના સરનામે મોકલવા અન્યથા તેવા હકક, દાવા કે અલાખા પર કોઈપણ લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનને ટાઈટલ કલીયરન્સ આપવામાં આવશે અને કોઈના કોઈપણ પ્રકારના કલેઈમ નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ માનવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

Date: 27/11/2026

N. J. Associate
(Legal Advisor and Advocates)
401, 6th Floor, Panchdhara Complex, Near TGB. S. G. Highway, Bodakdev,
Ahmedabad-380054
Mo.: 99252 07342

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડીસ્ટ્રીકટ અમદાવાદના તાલુકા સાણંદના મોજે સનાથલની સીમના ખાતા નંબર-૩૬૪૩ ના બ્લોક/ સર્વે નંબર-૩૫૮/અ/૩ ની ૦-૬૪-૯૦ હે.આ.ચો.મી. ક્ષેત્રફળ, આકાર-૨.૮૬ વાળી જુની શરતની ખેતીની જમીન અમો મહેન્દ્રકુમાર શીવુભાઈના નામે રેવન્યુ રેકર્ડ માં સ્વતંત્ર માલીકીની બોજા રહિત અને કાનુની વિવાદોથી પર હોવાનું જણાવી તેઓએ અમારી પાસે ટાઈટલ કલીયરન્સની કામગીરી અમોને સોપેલી છે. જેથી આ જાહેર નોટીસ આપી લાગતા વળગતા સર્વે શખ્સો, વ્યકિત, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા અન્ય જાહેર કે ખાનગી સંસ્થા કે ઓ

જાહેર નોટિસ

જત જી-અમદાવાદ, તા-બાવળા, મોજે-કાલીવેજ્ જી ની સીમના ખાતા નંબર-૧૧૬, સર્વે નંબર-૪૯૭ (રી-સર્વે પહેલાના જુના સર્વે નંબર-૩૨૮) ની કુલ હે.આરે.ચો.મી.-૫-૭૮-૭૧ ના ક્ષેત્રફળની, આકાર રૂા.૧૧.૪૪ વાળી ખેતીની જમીન (૧) ભીખાભાઈ કચરાભાઈ (૨) વિજુબેન કચરાભાઈ (૩) અજુબેન કચરાભાઈ (૪) જિંકુબેન કચરાભાઈ (૫) શાંતુબેન કચરાભાઈ (૬) સવિતાબેન કેશુભાઈ (૭) ભરતભાઈ કેશુભાઈ (૮) રોહીતભાઈ કેસુભાઈ (૯) કોકીલાબેન કેસુભાઈ (૧૦) મીનાબેન કેશુભાઈ ની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની હોવાનુ જણાવી સદર મિલકત અંગેના તેઓના ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે, જો સદર મિલકત ઉપર કોઇનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, દાવો, લોન, વાંધો, ધિરાણ, વિગેરે કાંઇપણ હોય તો તે અંગેની લેખીત જાણ દિન-૭ (સાત)માં પ્રમાણિત પુરાવા સાથે રજી.એ.ડી. થી કરવી. ત્યારબાદ, કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, વાંધો વિગેરે નથી અને હોય તો તે જતા (વેવ) કરેલ છે તેમ સમજી હું ટાઇટલ સર્ટીફીકેટ આપીશ,જેની નોંધ લેશો.

Girish R Vithlani (Advocate)
13, First Floor, Abhinandan Complex, Opp. TRP, Bopal, Ahmedabad. (M): 98983 46164

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯(બોપલ) ના ઘાટલોડીયા તાલુકાના ગામ મોજે ઘુમાની સીમના બ્લોક નંબર - ૩૯૯, ૪૦૦ વિગેરેની જમીનમાં શ્રી વ્રજશ્યામ કો. ઓ. હા. સો. લી. આવેલ છે. જે 'ગ્રીન સીટી' ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ પ્લોટ નંબર - ૪૪૭/૧ ની ૪૦૦ ચોરસવારની બીનખેતીની જમીન મુકુંદભાઈ માધવલાલ પટેલ એ તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આ અંગે અમારા અસીલએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફિકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક,દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને સદરહુ જમીન અંગેનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.
અમદાવાદ.
તા. ૨૮-૧૧-૨૦૨૬

મુકેશ જી.પંડ્યા, એડવોકેટ
૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.
Offi. : 98258 09777
Mob. : 98259 09777

જાહેર નોટિસ

જત KARAI DEVELOPERS LLP નામની ભાગીદારી પેઢી, કે જેની રજી ઓફીસ : બી/૧૫, ચંદ્રલોક સોસાયટી, મહાલક્ષ્મી ઈન્ટરસીટી, નરોડા, નરોડા પોલીસ સ્ટેશન, અમદાવાદ ખાતે આવેલ છે, તે પેઢીએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના તાલુકા ગાંધીનગરના ગામ મોજે ચીલોડા (નરોડા) ની સીમના સીટી સર્વે નં.NA૨૯૪/૧, શીટ નં.NA૯૯, (બ્લોક/સર્વે નં.૨૯૪/પૈકી ૧) ની ૯૫૯૧ ચો.મી. જમીન કે જેનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૪૧૧ માં થતાં ફળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૯ ની કુલ ૯૫૯૧ ચો.મીટરની બીનખેતીની જમીન ઉપર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાસ કરેલ સબડિવિઝનના પ્લાન મુજબ સબ પ્લોટ નં.૨ ની ૩૦૬૯ ચો.મીટર બીનખેતીની જમીન તથા તેમાં જવા-આવવાના તમામ પ્રકારના ચાલ નિકાલના હક્કો હિતો સહીતની જમીન પેઢીની માલિકી તેમજ કબજા ભોગવટાની હોવાનું જણાવીને અમારી પાસેથી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. વધુમાં આ સંદર્ભમાં તેઓએ જણાવેલ છે કે, સદરહુ જમીનને લગતા અસલ દસ્તાવેજો જેવા કે, (૧) તા.૦૮/૦૩/૨૦૧૬ નો રજીસ્ટર્ડ કબુલાત દસ્તાવેજ નં.૩૬૨૫, (૨) તા.૧૦/૦૫/૨૦૧૬ નો રજીસ્ટર્ડ કબુલાત દસ્તાવેજ નં.૬૯૦૧ તથા (૩) તા.૨૦/૦૩/૨૦૨૩ નો રજીસ્ટર્ડ સુધારા લેખ નં.૧૪૮૯૭ અગાઉના માલિકોથી ક્યાંક મુકાઈ ગયેલ હોવાથી અગાઉના માલિકોએ તે હાલના માલિકોને સુપ્રત કરેલ નથી. સબબ, આથી સર્વે લાગતા-વળગતાઓને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સદરહુ જમીનના ટાઈટલ ડીડસ્ એટલે કે ઉપરોક્ત અસલ દસ્તાવેજ પુરાવાઓ કોઈપણ વ્યક્તિ, બેન્ક, પેઢી, નાણાંકીય સંસ્થા ધરાવતાં હોય કે સદરહુ જમીનના ટાઈટલ્સ બાબતે કોઈપણ વ્યક્તિ, બેન્ક, પેઢી, નાણાંકીય સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો પોષાતો હોય અને તેના કારણે કોઈપણ પ્રકારનો વાંધો હોય તો તે અંગેની લેખિત જાણ અમોને પુરાવાઓ સહિત આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન - પાંચ (૫) માં નીચેના સરનામે કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ જમીનમાં કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો પોષાતો નથી અને જો પોષાતો હોય તો તે જતો (Waive) કરેલ છે. તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપીશું. ત્યારબાદ કોઈપણ વ્યક્તિની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની આથી સર્વે લાગતા-વળગતાઓએ નોંધ લેવી.
સ્થળ : ગાંધીનગર.
તારીખ : ૨૭/૧૧/૨૦૨૬

એફ.કે.લાખાણી, એસોસીએટસ્
એડવોકેટ્સ
૬૦૧, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, સેક્ટર નં.૧૧, ગાંધીનગર.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ (૪) (પાલડી), તાલુકા સાબરમતીના મોજે ગામ પાલડીની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૩ ના ફાઈનલ પ્લોટ નંબર- ૯૧૭ ની કાયમી ભાડાપટ્ટાના હક્કોવાળી બીનખેતીની જમીન કાયમી પટ્ટેદાર તરીકે ''ધી રાજનગર જૈન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ'' ના સભાસદો ધારણ કરતા આવેલ છે, મજકુર ફાઈનલ પ્લોટની જમીન ઉપર સદરહુ સોસાયટીના સભાસદોના રહેણાંકના હેતુ માટે પાડવામાં આવેલ સબ-પ્લોટીંગની સ્કીમ કે જે ''રાજનગર સોસાયટી'' તરીકે ઓળખાય છે, જે શહેર અમદાવાદમાં પાલડી વિસ્તારમાં આવેલ છે, જે પૈકી સબ-પ્લોટ નંબર-૧ ની કુલ સમચોરસમીટર ૭૧૯.૮૯ ના વિસ્તારની જમીન પૈકી ઉત્તર દિશાતરફની સમચોરસમીટર ૩૧૫ ના વિસ્તારની જમીન તથા તેની ઉપર આવેલ સમચોરસમીટર ૧૦૩.૫૭ ના બંગલાના બાંધકામ સહિતની મિલ્કત સોસાયટીના સભાસદ તરીકેના વરાડે પડતા તમામ હક્કો અધિકારો સહિતની મિલ્કત શ્રી પરેશ નટવરલાલ પટેલ, રહેવાસી અંબિકા નિવાસ, ઉમા સોસાયટી પાસે, જૈન મર્ચન્ટ પાંચ રસ્તા, પાલડી, અમદાવાદની સ્વતંત્ર માલીકી કબજા-ભોગવટાની બોજારહીત આવેલ હોવાનું જણાવી, ઉપરોકત સબ-પ્લોટ નંબર-૧ પૈકી બંગલાના બાંધકામવાળી મજકુર અધિકારો સહિતની સ્થાવર મિલ્કત તેઓની સહમાલિકી-કબ્જા-ભોગવટાની બોજારહીત આવેલ હોવાનું જણાવી, અમારા અસીલને તબદિલથી વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અમારા અસીલ તરફથી મજકુર સબ-પ્લોટ નંબર ૨ (બંગલા નંબર- ૨-એ તથા ૨-બી) વાળી મિલ્કત પરત્વેના ઉપરોકત તમામના સહસભાસદ તરીકેના રાઈટસ-ટાઈટલ્સ કિલયર અને માર્કેટેબલ હોવા બાબતેના અમારા અભિપ્રાયોની માંગણી કરેલ છે. - - આથી મજકુર સબ-પ્લોટ નંબર ૨ (બંગલા નંબર- ૨-એ તથા ૨-બી) વાળી મિલ્કત કે તેના કોઈ ભાગ અંગે કોઈપણ શખ્સ, બેનિફિસયરી, બેન્ક, સંસ્થા કે મંડળીનો કોઈપણ પ્રકારનો હકક- હિસ્સો, ગીરો, બોજો, લાગભાગ કે દાવો-અલાખો હોય તો તેઓએ તે અંગેની લેખિત જાણ તેના લેખિત પુરાવાઓ સહિત આ નોટિસ પ્રસિદ્ધ થયેલથી દિન સાત (૭) માં અમોને કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો મજકુર સબ-પ્લોટ નંબર ૨ (બંગલા નંબર- ૨-એ તથા ૨-બી) વાળી મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો હકક- હિસ્સો, લાગભાગ કે હિતસંબંધ નથી અને હોય તો તે ઉપરોકત જણાવેલ મિલ્કતના સભાસદોની તરફેણમાં જતા યાને વેવ કરેલ છે, તેમ સમજી મજકૂર મિલ્કત અંગેના ટાઈટલ્સ ચકાસણીની કાર્યવાહી તેમજ મજકુર મિલ્કતના તબદિલ /વેચાણ અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે ક્લેઈમ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. આજ રોજ તારીખ - ૨૮, માહે - નવેમ્બર, સને ૨૦૨૬ ના દિને.

શાલીન એન. પરીખ,
એડવોકેટ એન્ડ મીડિયેટર
પી.એચ. પરીખ એન્ડ કંપની
પાંચમો માળ, સુમેરુ સેન્ટર, પરિમલ રેલવે ક્રોસિંગ પાસે. એલિસ બ્રિજ અમદાવાદ
ફોન નંબર- (૦) ૨૬૬૫૦૩૧૬

જાહેર નોટિસ

મોજે અસારવા તાલુકા અસારવા ની સીમના સીટી સર્વે નંબર ૪૩૬૭, શીટ નંબર ૫૩, સર્વે નંબર ૬-૬૧૯, ટી.પી. સ્કીમ નંબર ૮ ના ફાયનલ પ્લોટ નંબર ૧૧૮ ની જમીન ઉપર શ્રી ઉત્તર ગુજરાત પટેલ નગર કો. ઓ. હા. સો. લી. વિભાગ-૧ આવેલ છે. જેમાં આવેલ ટેનામેન્ટ નંબર ૬૯ વાળી મિલકત શકરીબેન જીવણલાલ પટેલ ના કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટામાં આવેલ હોવાની જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કિ કરેલ હોઈ તે મિલકત ઉપર તેમના સિવાય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ હક્ક હિસ્સો માલીકીહક્ક, કબજા હક્ક, લોન, બોજો, અલાખો, ગીરો, લીયન, બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક દાવો પોષાતો હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે થી દિન- ૭ માં લેખિત દસ્તાવેજ પુરાવા સહિત નીચેના સરનામે જાણ કરવી. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. જેની નોંધ લેશો.
સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૭/૧૧/૨૦૨૬.
મારી સુચના અને ફરમાઈશથી

રાકેશકુમાર ભીખાભાઈ મકવાણા
એડવોકેટ એન્ડ નોટરી
ઓફિસ નંબર : ૬, ગંગા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, જી. ડી. સ્કુલ સામે, નરોડા રોડ, સૈજપુર બોઘા, અમદાવાદ.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીક્ટ કલોલ તાલુકા કલોલનાં ગામ મોજે ગણપતપુરાની સીમનાં ખાતા નં.૪૪૪ નાં બ્લોક નં. ૨૪૯ (જુના બ્લોક નં.૨૩૪)ની હે ૦-આરે ૪૩-૦૨ ચો. મી. એટલે કે ૪૩૦૨ સ. ચો. મી. ની જુની શરતની ખેતીની જમીન ગાંગાણી દિપકભાઈ ગોરધનભાઈની કુલ સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી તથા તે જમીન અમારા અસીલને વેચાણ આપવાની હોવાથી અમારી પાસે ટાઈટલ ક્લિયર, માર્કેટેબલ તથા બોજા રહીત હોવા બદલનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજ પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટ થી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી અમો ટાઇટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.
તા. ૨૮/૧૧/૨૦૨૬

ડી. વીં. દેસાઈ એન્ડ કંપની, એડવોકેટસ
વતી રાજેશ ડી. દેસાઈ (એડવોકેટ)
હિતેષ ડી. દેસાઈ (એડવોકેટ)
પંક્તિ હિતેષ દેસાઈ (એડવોકેટ)
પ્રિયંકા રાજેશ દેસાઈ (એડવોકેટ)
દીપ રાજેશ દેસાઈ (એડવોકેટ)
૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭
ટે.નં. ૨૬૬૨૧૭૯૩/૨૬૬૪૨૦૨૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ (૪) (પાલડી), તાલુકા સાબરમતીના મોજે ગામ પાલડીની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૩ ના ફાઈનલ પ્લોટ નંબર- ૯૧૭ ની કાયમી ભાડાપટ્ટાના હક્કોવાળી બીનખેતીની જમીન કાયમી પટ્ટેદાર તરીકે ''ધી રાજનગર જૈન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ'' ના સભાસદો ધારણ કરતા આવેલ છે, મજકુર ફાઈનલ પ્લોટની જમીન ઉપર સદરહુ સોસાયટીના સભાસદોના રહેણાંકના હેતુ માટે પાડવામાં આવેલ સબ-પ્લોટીંગની સ્કીમ કે જે ''રાજનગર સોસાયટી'' તરીકે ઓળખાય છે, જે શહેર અમદાવાદમાં પાલડી વિસ્તારમાં આવેલ છે, જે પૈકી સબ-પ્લોટ નંબર-૧ ની કુલ સમચોરસમીટર ૭૧૯.૮૯ ના વિસ્તારની જમીન પૈકી ઉત્તર દિશાતરફની સમચોરસમીટર ૩૧૫ ના વિસ્તારની જમીન તથા તેની ઉપર આવેલ સમચોરસમીટર ૧૦૩.૫૭ ના બંગલાના બાંધકામ સહિતની મિલ્કત સોસાયટીના સભાસદ તરીકેના વરાડે પડતા તમામ હક્કો અધિકારો સહિતની મિલ્કત શ્રી પરેશ નટવરલાલ પટેલ, રહેવાસી અંબિકા નિવાસ, ઉમા સોસાયટી પાસે, જૈન મર્ચન્ટ પાંચ રસ્તા, પાલડી, અમદાવાદની સ્વતંત્ર માલીકી કબજા-ભોગવટાની બોજારહીત આવેલ હોવાનું જણાવી, ઉપરોકત સબ-પ્લોટ નંબર-૧ પૈકી બંગલાના બાંધકામવાળી મજકુર મિલ્કત પરત્વેના માલીકના રાઈટસ-ટાઈટલ્સ કિલયર અને માર્કેટેબલ હોવા બાબતેના અમારા અભિપ્રાયોની માંગણી કરેલ છે. - આથી મજકુર સબ-પ્લોટ નંબર-૧ પૈકી બંગલાના બાંધકામવાળી મિલ્કત કે તેના કોઈ ભાગ અંગે કોઈપણ શખ્સ, બેનિફિસયરી, બેન્ક, સંસ્થા કે મંડળીનો કોઈપણ પ્રકારનો હકક-હિસ્સો, ગીરો, બોજો, લાગભાગ કે દાવો- અલાખો કે કોઈ વ્યક્તિનો ભાડવાત તરીકેના હક્કો કે અન્ય કોઈપણ હક્કો પોષાતા હોય તો તેઓએ તે અંગેની લેખિત જાણ તેના લેખિત પુરાવાઓ સહિત આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન સાત (૭) મા અમોને કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો મજકુર સબ-પ્લોટ નંબર-૧ પૈકી બંગલાના બાંધકામવાળી પરત્વે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક-હિસ્સો, લાગભાગ કે હિતસંબંધ નથી અને હોય તો તે તમામ ઉપરોકત જણાવેલ મિલ્કતના સભાસદોની તરફેણમાં જતા યાને વેવ કરેલ છે, તેમ સમજી મજકુર મિલ્કત અંગેના ટાઈટલ્સ ચકાસણીની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવામાં આવશે અનેત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે ક્લેઈમ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. આજ રોજ તારીખ ૨૮, માહે - નવેમ્બર, સને ૨૦૨૬ ના દિને

શાલીન એન. પરીખ, એડવોકેટ એન્ડ મિડીયેટર
પી.એચ. પરીખ એન્ડ કું.
પાંચમો માળ, સુમેરૂ સેન્ટર, પરિમલ રેલ્વે ક્રોસીંગ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ
ફોન નંબર- (ઓ) ૨૬૬૫૦૩૧૬

જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે લેકમેડેલ ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લિ. એ નામની કંપનીના વતી અને તરફથી તેના ડિરેક્ટર ૧) મોહમ્મદઅબબાસ કૌશરઅલી કલ્યાણી, ૨) નાઝીમ નવરોઝભાઈ કાઝાણી એમ બંનેએ, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અને તાલુકા બાવળાનાં મોજે ગામ ભાયલાની સીમના બ્લોક નંબર ૯૭ (જુના બ્લોક નંબર ૧૪૪) ની કુલ સમચોરસમીટર ૨૫૭૯૯ પૈકી વણવહેંચાયેલ હિસ્સાની સમચોરસમીટર ૨૯૭ની બીનખેતીની જમીન તથા બ્લોક નંબર ૧૩૪ (જુના બ્લોક નંબર ૧૭૪) ની કુલ સમચોરસમીટર ૧૭૫૧૧ પૈકી વણવહેંચાયેલ હિસ્સાની સમચોરસમીટર ૧૫૯૩૯ ની બીનખેતીની જમીન એમ મળી કુલ સમચોરસમીટર ૧૬૨૩૬ ની બીનખેતીની જમીન., લેકમેડેલ ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લિ. એ નામની કંપનીની કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટાની તથા બોજા રહીત હોવાનું જણાવી લેકમેડેલ ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લિ. એ નામની કંપની એ સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે., અને અમારા અસીલે અમારી પાસે સદર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. લેકમેડેલ ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લિ. એ નામની કંપની તથા તેના ડિરેક્ટરો ૧) મોહમ્મદઅબબાસ કૌશરઅલી કલ્યાણી, ૨) નાઝીમ નવરોઝભાઈ કાઝાણીનાઓ આથી જણાવે છે કે, લેકમેડેલ ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લિ. એ નામની કંપનીએ સદર જમીન ઉપર કોઈપણ બેંક, વ્યક્તિ, પેઢી કે ખાનગી સંસ્થા પાસેથી લોન ધિરાણ મેળવી બોજો ઉત્પન્ન કરેલ નથી કે હાલમાં ચાલુ નથી., તેમજ સદરહુ જમીન અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિત શખ્સને લખી આપી ટ્રાન્સફર એસાઈન કરેલ નથી કે સદર જમીનમાં હાલ કોઈપણ જાતની રેવન્યુ તકરારો કે દિવાની તકરારો ચાલતી નથી કે પેન્ડીંગ નથી કે કોઈપણ જાતનું હુકમનામું થયેલ નથી કે મનાઈ હુકમ ચાલુ નથી., તેમજ સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ સદર જમીન અમારા અસીલ વેચાણ રાખવા અંગેની કાર્યવાહી હાથ ધરશે., તો ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.
અમદાવાદ
તારીખ:- ૨૭/૧૧/૨૦૨૬

નેહલ એન. શાહ એસોસીએટ્સ
સૌરિન રાજેશભાઈ શાહ
એડવોકેટ
૪૦૮, શાંતિમોલ, નવરંગ ટાવર સામે, સાર્થક સ્કુલ પાસે, સત્તાધાર ચાર રસ્તા પાસે, ઘાટલોડીયા, અમદાવાદ. મો.નં.- ૭૯૮૪૯૩૦૧૩૭

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ- ૫ (નારોલ) નાં તાલુકા મણીનગરનાં મોજે ગામ ખોખરા મહેમદાવાદની સીમનાં ટી.પી. સ્કીમ નં. ૨૪ નાં ફાઈનલ પ્લોટ નં. ૨૫૨ ની બિનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ પાયેય (મણીનગર) કો.ઓ.હા.સો.લી. કે જે હાલમાં પાયેય એપાર્ટમેન્ટ તરીકે ઓળખાય છે તે પૈકી સેકન્ડ ફ્લોર ઉપર આવેલ ફ્લેટ નં. ૧૧- બી વાળી મીલકત જેનું ક્ષેત્રફળ ૮૦ સમ ચોરસ વાર યાને ૬૬.૮૮ સમ ચોરસ મીટર (અ.મ્યુ.કોર્પો. બીલ મુજબ ૬૦.૨૧ સ.ચો.મી.) તથા ગેલેરી તથા વગર વહેંચાયેલ હિસ્સાની ૧૭ સમ ચોરસ વાર વપરાશની તમામ હકકો સહિતની મીલકત ઈન્દિરાબેન પ્રભાતસિંહ બારોટની કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ છે. અમો સોસાયટીએ સદર માલિકનાં નામે શેર સર્ટીફીકેટ નં. ૪૦., શેર નંબરઃ ૨૧૬ થી ૨૨૦, તા. ૩૦/૦૩/૧૯૭૭ નાં રોજ ઈસ્યુ કરેલ પરંતુ સદર અસલ શેર સર્ટીફીકેટ નં. ૪૦. મુળ માલિક ઈન્દિરાબેન પ્રભાતસિંહ બારોટથી કયાંક ખોવાઈ ગયેલ છે અને તેઓએ અમો સોસાયટીને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરી આપવા અરજી કરેલ છે. આથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે ઉપરોકત જણાવેલ અસલ શેર સર્ટીફીકેટ નં ૪૦ પરત્વે હરકોઈ શખ્સ યા નાણાંકીય સંસ્થા યા ત્રાહિતનો કોઈપણ જાતનો હકક, દાવો, અલાખો, બોજો, લીયન વિગેરે જે કાંઈ આવેલ હોય તો તેની વિગત આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત દસ્તાવેજ પુરાવા સહિત અમોને જાણ કરવી, કસુર થયેથી સદર શેર સર્ટીફીકેટ નં.૪૦ પરત્વે કોઈનો, કોઈપણ જાતનો હકકદાવો વિગેરે આવેલ નથી, તેમ સમજીને અમો સોસાયટી દ્વારા ઉપરોકત માલિકના નામે ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે, તેની જાહેર જનતાએ નોંધ લેવી.
અમદાવાદ.તારીખઃ ૨૫.૧૧.૨૦૨૬.

(ચેરમેન/સેક્રેટરી)
પાયેય મણીનગર કો.ઓ.હા.સો.લી. મણીનગર, અમદાવાદ.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકા ધોળકાના ગામ મોજે કૌકાની સીમના રી-સર્વે અનુસારના નંબર-૧૫૭૭(જુના બ્લોક/સર્વે સર્વે નંબર-૪૯૧)ના ખાતા નંબર-૧૪૫૮ની હે-આર-ચોમી ૦-૯૨-૯૯ યાને ક ૯૨૯૯ ચોરસમીટરની આકાર રૂા.૫-૯૦ પૈસાવાળી ખેતીની જમીન ઘાંચી મોહંમદઅલ્તાફ ગુલામમયુદ્દીન, રહેવાસી- ૪/૨૯૫/૩, ઘાંચીઢાળ, લોધીના લીમડા પાસે, ધોળકા, તાલુકો ધોળકા, જિલ્લો અમદાવાદઅમદાવાદની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી તથા કબજા ભોગવટાની આવેલી હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે સદરહુ જમીનના ઉપરોકત માલિકના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલ છે તો સદરહુ જમીન ઉપર કોઈપણ શખ્સ, બેંક કે મંડળીનો બોજો, ચાર્જ, લીયન હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા વિનાના વાંધા ધ્યાને લેવામાં આવશે નહિ) લેખિત જાણ રજી. પોસ્ટ એ.ડી. પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, વાંધો, તકરાર, દાવાદુવી કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ વેચાણની કાર્યવાહી પૂર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.
તારીખ ૨૭-૧૧-૨૦૨૬.

નરેન્દ્ર એસ. ઠાકોર, એડવોકેટ
મેસર્સ ઠાકોર એન્ડ કંપની, એડવોકેટ્સ,
ઓફિસ-બી/૪૦૭, ગોપાલ પેલેસ, શિરોમણી રેસીડેન્સી પાસે, વિનસ સ્ટ્રેટમ સામે, નહેરુનગર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો.૯૯૨૫૨૩૩૪૯૬

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ સાણંદ તાલુકા સાણંદના મોજે નિધરાડની સીમના બ્લોક/સરવે નંબર ૨૪૧/૧ ની ૮૦૦૦ ચોરસમીટર(ખાતા નંબર ૨૦૬૩)ની જુની શરતની ખેતીની જમીન પૈકી (૧) ૧૨૦૦ ચોરસમીટર નુપુલભાઈ બંસીભાઈ પટેલ, (૨) ૩૪૦૦ ચોરસમીટર નિકુંજભાઈ પ્રહલાદભાઈ પટેલ અને (૩) ૩૪૦૦ ચોરસમીટર દીલીપભાઈ ગોરધનદાસ પટેલ ધરાવે છે. સદરહુ જમીન પૈકી ૪૧૫ ચોરસમીટર જમીન અમદાવાદ વિરમગામ રેલ્વે લા

આંકડાનું ગણિત

(પહેલા પાનાનું ચાલુ)

હોવાનું મનાય છે. વિપક્ષમાં તડાંથી સરકારને લોકસભા અને રાજ્યસભામાં આ બિલ પાસ કરાવી લેવાની આશા છે.

કેન્દ્ર સરકારે સીમાંકન અને મહિલા અનામત સંબંધિત બંધારણીય સુધારા બિલ પાસ કરાવવા માટે સંસદની વિશેષ બેઠક બોલાવી છે. અગાઉ સરકાર એપ્રિલ ૨૦૨૬માં વિશેષ સત્રમાં આ બિલ પાસ કરાવવામાં નિષ્ફળ ગઈ હતી. તે સમયે બિલની તરફેણમાં ૨૯૮ અને વિરોધમાં ૨૩૦ મત પડ્યા હતા જ્યારે બે તૃતિયાંશ બહુમતી માટે સરકારને ૩૫૨ મતોની જરૂર હતી. જોકે, સાત મહિના પછી સરકારે ફરી આ બિલ પાસ કરાવવા વિશેષ બેઠક બોલાવી છે. આ સાત મહિનામાં કેન્દ્ર સરકારે દક્ષિણના પક્ષોના સૂચનો સ્વીકારીને પોતાની તરફેણમાં કરી લીધા છે અને આ રીતે વિપક્ષની એકતા તોડી નાંખી છે.

લોકસભાનું વર્તમાન ગણિત જોઈએ તો ૫૪૩ સભ્યોની લોકસભામાં બિલ પાસ કરાવવા સરકારને ૩૬૧ મતોની જરૂર છે. ત્રણ બેઠકો ખાલી હોવાથી ગૃહમાં ૫૪૦ સાંસદો છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ પાસે સાથી પક્ષો સહિત હાલ ૩૨૧ સાંસદો છે. તેને બિલ પાસ કરાવવા ૪૦ મતોની જરૂર છે. રાજ્યસભામાં કુલ ૨૪૩ સાંસદો છે, જેમાંથી ૧૫૧ સાંસદ એનડીએ પાસે છે. આમ રાજ્યસભામાં બિલ પાસ કરાવવા માટે બે તૃતિયાંશનો ૧૬૨નો આંકડો પાસ કરાવવા ભાજપને ૧૧ બેઠકોની જરૂર છે. ડીએમકેના ૨૨ અને શરદ પવારની એનસીપીના ૮ સાંસદોએ બિલનું સમર્થન કર્યું છે. આ સિવાય બીઆરએસ, વાયએસઆર સહિત નાના પક્ષો અને અપક્ષોની મદદથી સરકારને ૩૬૧નો આંકડો પાર કરી જવાનો વિશ્વાસ છે.

બિલમાં

(પહેલા પાનાનું ચાલુ)

રાજ્યની લોકસભા-વિધાનસભા બેઠકોમાં ૫૦ ટકાનો વધારો કરાશે. સૂચિત બિલ સંસદમાં પસાર થયા પછી કાયદો બન્યા બાદ લોકસભા અને વિધાનસભા બંનેમાં મહિલાઓને ૩૩ ટકા અનામત મળશે જ્યારે આ સીમાંકનને ૨૦૫૧ સુધી ફ્રીઝ કરાશે.

લોકસભામાં સોમવારે વિશેષ બેઠકમાં જૂના બે બિલ પાછા લઈને બંધારણીય સુધારા સંબંધિત ત્રણ નવા બિલ રજૂ કરાશે. નવા સૂચિત બિલમાં સીમાંકન પંચની રચના, વસતીગણતરીના આંકડાના ઉપયોગ, મહિલા અનામત અને બેઠકોની સંખ્યા વધારવા અંગે ફેરફારો કરાયા છે. તેના હેઠળ કાયદો લાગુ થયા પછી વહેલી તકે સીમાંકન પંચની રચના કરાશે અને લોકસભા, રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોની વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત લાગુ કરવાની જોગવાઈ રખાઈ છે. આ અનામત બેઠકો રોટેશનના આધારે નક્કી થશે.

સૂચિત બિલ મુજબ લોકસભા અને વિધાનસભાની બેઠકોમાં એકસમાન ૫૦ ટકાનો વધારો કરાશે જ્યારે રાજ્યોની વિધાનસભા બેઠકોની મહત્તમ સીમા ૬૫૦ અને લોકસભા બેઠકોની ઉપરી મર્યાદા ૮૫૦ સુધી રાખી શકાશે. બેઠકોની સંખ્યાની સરેરાશ ૧૯૭૧ની વસતી ગણતરીના આધારે નક્કી કરાશે, જેથી રાજ્યોનું વર્તમાન પ્રતિનિધિત્વ ઘટે નહીં અને દક્ષિણના રાજ્યોની તેમની બેઠકો ઘટવાની આશંકા દૂર થાય. ચૂંટણી ક્ષેત્રોની હદો ૨૦૧૧ની વસતીગણતરીના આંકડાના આધારે ફરીથી નક્કી કરાશે અને તેને ૨૦૨૭ની વસતી ગણતરીથી અલગ રખાશે.

બ્રિટનમાં

(પહેલા પાનાનું ચાલુ)

એજન્ટે બેન્ક કાર્ડનો ઉપયોગ કર્યા વિના ગ્રાહકના બેન્ક એકાઉન્ટમાંથી સીધા પેમેન્ટ કરીને પિત્ઝાનો ઓર્ડર આપ્યો છે.

બ્રિટનની નાણાકીય સંસ્થા ફાઈનાન્શિયલ કન્ડક્ટ ઓથોરિટીના રેગ્યુલેટરી સેન્ડબોક્સ દ્વારા પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેમાં, એઆઈ એજન્ટે પાપા જ્હોન્સમાંથી ૯ માર્ગેરિટા પિત્ઝાનો ઓર્ડર આપ્યો હતો. તેમાં લોયડ્સ બેંક, પેમેન્ટ ટેકનોલોજી કંપની ટ્લેયર અને પાપા જ્હોન્સ સામેલ હતાં. આ ટેકનોલોજીમાં એઆઈ એજન્ટ ગ્રાહકના બેન્ક એકાઉન્ટ સાથે જોડાયેલી પેમેન્ટ સુવિધાનો ઉપયોગ કરીને સીધા રિટેલરને પૈસા ચૂકવી શકે છે. તેમાં ડેબિટ કે ક્રેડિટ કાર્ડની જરૂર પડતી નથી. આ વ્યવહારમાં એઆઈ એજન્ટને ગ્રાહકના બેંક એકાઉન્ટ નંબર, પાસવર્ડ કે અને ગુપ્ત માહિતીની જરૂર પડતી નથી. ગ્રાહક બેંક સાથે અગાઉથી ખર્ચની મર્યાદા નક્કી કરી શકે છે. એઆઈ એજન્ટ તે મર્યાદાથી વધુ ખર્ચ નથી કરી શકતો. આ પેમેન્ટમાં ઓપન બેંકિંગ ટેકનોલોજીનો ઉપયોગ થયો હતો. ઓપન બેંકિંગમાં ગ્રાહકમાં ગ્રાહકની મંજૂરીથી એક બેંક એકાઉન્ટમાંથી બીજા એકાઉન્ટમાં સીધા પૈસા ટ્રાન્સફર થઈ શકે છે.

સ્પેસએક્સ

(૧૭મા પાનાનું ચાલુ)

અવકાશમાં ડેટા સેન્ટર બનાવાશે, જ્યાં કમ્પ્યુટિંગ માટે સૌર ઊર્જાનો ઉપયોગ થશે. આ સેટેલાઈટમાં એવી કમ્પ્યુટર સિસ્ટમ હશે, જે વ્યાપક પ્રમાણમાં ડેટા પ્રોસેસ કરી શકશે અને ઓપ્ટિલ લિંકની મદદથી ડેટા શૅર કરશે. ત્યાર પછી પ્રોસેસ કરાયેલો ડેટા પૃથ્વી પર મોકલાશે.

કંપનીની યોજના સન-સિંક્રોનસ ઓર્બિટ સહિત અન્ય કક્ષાઓમાં ઉપગ્રહ સ્થાપિત કરવાની છે. આ પ્રોજેક્ટનું નામ સ્ટારમાઈન્ડ રખાયું છે. તેનો આશય અવકાશમાં જ ડેટા પ્રોસેસ કરવાનો અને ધરતી પર એઆઈ સંબંધિત કામો માટે કમ્પ્યુટિંગ પાવર ઉપલબ્ધ કરાવવાનો છે. આ ઉપગ્રહ ઓપ્ટિકલ લિંક મારફત એકબીજાના સંપર્કમાં રહેશે જ્યારે ઈમર્જન્સ અને બેકઅપ સંચાર માટે રેડિયો ફ્રિક્વન્સીનો ઉપયોગ થશે.

એફસીસી મુજબ સ્પેસએક્સને નવેમ્બર ૨૦૩૩ સુધીમાં આ પ્રોજેક્ટ પર કામ શરૂ કરવાનું રહેશે. વધુમાં કંપનીએ નવેમ્બર ૨૦૩૫ સુધીમાં એક લાખ એટલે કે કુલ સંખ્યાના ૧૦ ટકા ઉપગ્રહ સ્થાપિત કરવાના રહેશે. નવેમ્બર ૨૦૩૮ સુધીમાં પાંચ લાખ ઉપગ્રહોની તૈનાતી કરાશે જ્યારે નવેમ્બર ૨૦૪૦ સુધીમાં સંપૂર્ણ પ્રોજેક્ટનું કામ પૂરું કરવાનું રહેશે.

જોકે, પૃથ્વીની જેમ અવકાશમાં પણ ડેટા સેન્ટરોનો વિરોધ શરૂ થઈ ગયો છે. આ પ્રોજેક્ટ અંગે ખગોળ વૈજ્ઞાનિકોએ ચિંતા વ્યક્ત કરી છે. અમેરિકન એસ્ટ્રોનોમિકલ સોસાયટીએ એફસીસીના નિર્ણય પર નિરાશા વ્યક્ત કરતા કહ્યું કે, સેટેલાઈટથી નીકળનારા રેડિયો તરંગો અને ગરમીથી રેડિયો તથા ઈન્ફ્રારેડ ખગોળ વિજ્ઞાનને નુકસાન પહોંચાડી શકે છે. ઉપગ્રહો વચ્ચે અથડામણ, પ્રક્ષેપણ અને વાયુમંડળમાં તેમના ફરી પ્રવેશથી થનારા પ્રદૂષણ અંગે પણ સવાલ ઉઠાવવામાં આવ્યા છે.

મૃત્યુ પછીની

(૧૭મા પાનાનું ચાલુ)

અગાઉથી ચૂકવણી કરાયેલા કરારોનું મૂલ્ય ૨૦૧૯માં બાર અબજ ડોલર હતું, જે વધીને અઢાર અબજ ડોલર થયું છે.કંપનીના અંતિમવિધિ સંબંધિત અગાઉથી કરાયેલા વેચાણમાં પણ એક ત્રિમાસિક ગાળામાં સાત ટકાનો વધારો નોંધાયો હતો. ભારતમાં આ બજાર હજી નાનુ છે, પણ ધીમે ધીમે વિકસી રહ્યું છે. કંપનીના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ લોકોએ આ સેવા માટે નોંધણી કરાવી છે.

આ નવી પહેલને લઈને સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિભાવો જોવા મળ્યા છે. ઘણા લોકોએ અગાઉથી અંતિમ સંસ્કારની વ્યવસ્થા કોઈ નૈતિક ખોટ ન હોવાનું જણાવ્યું છે. જો કે, તેમને ચિંતા એ છે કે આવી સુવિધાઓને કારણે લોકો પોતાના પરિવારજનો અને સ્વજનો સાથેના સંબંધો જાળવવાની જવાબદારીથી દૂર ન થઈ જાય. અંતિમવિધિનું આયોજન સરળ બને, પરંતુ માનવીય લાગણીઓ અને પારિવારિક સંબંધોનું મહત્વ જળવાઈ રહેવું પણ એટલું જ જરૂરી છે.

સીઆરપીએફને સુરક્ષા વ્યવસ્થા જાળવવા કહ્યું, મુખ્ય સચિવને અવમાનનાની નોટિસ, રૂબરૂ હાજર થવા આદેશ

દીપથૂન

(પહેલા પાનાનું ચાલુ)

જવાબદારી સોંપી હતી.

જ્યારે રાજ્ય સરકારે એવી દલીલ કરી હતી કે આદેશ મુજબ ટીમની રચના કરાઈ હતી જેને દીપ પ્રાગટ્યની જવાબદારી સોંપવામાં આવી હતી, જોકે મંદિર પ્રશાસને ટીમને મંજૂરી નહોતી આપી. આ દલીલોને સુપ્રીમ કોર્ટે ફગાવી હતી. સુપ્રીમે કહ્યું હતું કે પ્રથમ દ્રષ્ટીએ આ મામલો રાજ્ય સરકાર દ્વારા કોર્ટની અવમાનનાનો લાગી રહ્યો છે, ઈરાદાપૂર્વક અમારા આદેશનો અમલ કરવામાં નથી આવ્યો. આદેશનું પાલન કરવું ફરજિયાત છે, આ સાથે જ સુપ્રીમ કોર્ટે આ વિવાદમાં સંકળાયેલા અરુલમિગુ સુબ્રમણ્યસ્વામી મંદિરના ટ્રસ્ટીઓને સસ્પેન્ડ કરી દીધા હતા અને સ્તંભ પર દીપ પ્રાગટ્ય કરવા રાજ્ય સરકારના અધિકારીઓને આદેશ આપ્યો હતો. અરજદારો અને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ એએસઆઈએ રાજ્ય સરકારના પગલાને અવમાનના ગણાવી હતી. સુપ્રીમે હાલ આ મામલે રાજ્યના મુખ્ય સચિવને રૂબરૂમાં હાજર થવા માટે આદેશ કર્યો હતો. સાથે જ સીઆરપીએફને સુરક્ષા વ્યવસ્થા જાળવવા આદેશ કર્યો હતો.

૩૦મીની

(પહેલા પાનાનું ચાલુ)

અને આ મામલાની વધુ સુનાવણી ૧૮ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ મુલતવી રાખી છે. સર દોરાબજી ટાટા ટ્રસ્ટ (એસડીટીટી) અને આરડી ટાટા ટ્રસ્ટ (આરડીટીટી)એ ટાટા સન્સ અને તેના છ ડિરેક્ટરો સામે હાઈકોર્ટમાં દાવો દાખલ કર્યો હતો, જેમાં ચંદ્રશેખરનની ત્રીજી પાંચ વર્ષની મુદત માટે એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે પુનઃનિયુક્તિને પડકારવામાં આવ્યો હતો.

એસડીટીટીએ ૫૦ કરોડ રૂપિયાની માંગણી કરી છે, જ્યારે આરડીટીટીએ ૧૮ ટકા વાર્ષિક વ્યાજ સાથે ૧૫ કરોડ રૂપિયાનું નુકસાન માંગ્યું છે. દાવાઓ અનુસાર, ૧૭ સપ્ટેમ્બરના રોજ ટાટા સન્સ બોર્ડ દ્વારા ચંદ્રશેખરનની પુનઃનિયુક્તિનો ઠરાવ અમાન્ય હતો કારણ કે તેને કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશન (એઓએ)ની કલમ ૧૨૧ હેઠળ જરૂરી હકારાત્મક મત મળ્યો ન હતો. તાત્કાલિક રાહતની માંગ એ હતી કે ૩૦ નવેમ્બરના રોજ યોજાનારી બોર્ડ મીટિંગ દરમિયાન નોમિની ડિરેક્ટરો વચ્ચે મંતવ્ય વિભાજીત થવાની સ્થિતિમાં ટાટા સન્સના ચેરમેન તેમના નિર્ણાયક મતનો ઉપયોગ કરી શકતા નથી. શુક્રવારે, ટ્રસ્ટના વકીલોએ પણ બેઠક મુલતવી રાખવાની માંગ કરી હતી, જેનો ટાટા સન્સે વિરોધ કર્યો હતો.

ટાટા સન્સ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ હરીશ સાળવીએ જણાવ્યું હતું કે બોર્ડ મીટિંગ યોજવી જરૂરી છે કારણ કે તેને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી નિર્દેશ મળ્યો છે જેમાં સેન્ટ્રલ બેન્કને તેના (ટાટા સન્સના) નિર્ણય (ફરજિયાત લિસ્ટિંગનું પાલન કરવા અંગે)ની જાણ કરવા માટે ૧૨ ડિસેમ્બરની સમયમર્યાદા આપવામાં આવી છે.

સાળવીએ જણાવ્યું હતું કે, કોઈપણ ઠરાવ પસાર થશે તે હાઈકોર્ટના આદેશોને આધીન રહેશે.

એસડીટીટી વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું હતું કે ટાટા સન્સ દ્વારા મીટિંગ યોજવાની બનાવટી તાકીદ દર્શાવવા આરબીઆઈનો નિર્દેશનો ઉપયોગમાં લેવાનું કાવતરું છે.

બિસ પાસ થતાં ૨૦૨૯ની લોકસભા-રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનો માર્ગ સાફ થશે

એપ્રિલ ૨૦૨૬માં બિલ પાસ કરાવવામાં નિષ્ફળ સરકારે સાત મહિનામાં દક્ષિણના પક્ષોને મનાવી લીધાનો દાવો

લોકશાહીની

(પહેલા પાનાનું ચાલુ)

દરમિયાન આ બિલ રજૂ કર્યું હતું, પરંતુ લોકસભામાં પર્યાપ્ત સમર્થન ના મળતા તે પસાર થઈ શક્યું નહોતું. હવે સરકારે દાવો કર્યો છે કે તેની બાસે સૂચિત બિલ પસાર કરાવવા માટે જરૂરી સંખ્યા બળ છે.

બંધારણીય સુધારા બિલ પસાર કરાવવા માટે સંસદના બંને ગૃહમાં બે તૃતિયાંશ બહુમતી જરૂરી છે. આ બિલ લોકસભામાં પાસ કરાવવા સરકારને ૩૬૧ મતોની જરૂર છે. એનડીએનું સંખ્યાબળ ૩૨૧ છે. એટલે કે સરકારને બિલ પાસ કરાવવા ૪૦ સાંસદોની જરૂર છે. આ બિલ પાસ કરાવવા માટે સરકાર વિપક્ષમાં ફાડિયા પાડવામાં સફળ થઈ હોવાનું મનાય છે.

કોંગ્રેસ અને અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી સહિત કેટલાક વિરોધપક્ષોએ સૂચિત સીમાંકન બિલનો વિરોધ કર્યો છે ત્યારે તમિલનાડુના ડીએમકે અને શરદ પવારના એનસીપીએ બિલનું સમર્થન કર્યું હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ સિવાય દક્ષિણના અન્ય પક્ષો બીઆરએસ, વાયએસઆર તેમજ એક-એક સાંસદ ધરાવતા નાના પક્ષો તથા અપક્ષોના સમર્થનથી આ બિલ પસાર કરાવવાની સરકારે તૈયારી કરી લીધી હોવાનું સૂત્રોનું કહેવું છે.

સરકારે ગુરુવારે સંસદની વિશેષ બેઠક બોલાવવાની જાહેરાત કરી ત્યારથી જ રાજકીય વર્તુળોમાં અનેક ચર્ચાઓ થવા લાગી હતી.

વિપક્ષની ટીકાઓના જવાબમાં સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજૂએ શુક્રવારે કહ્યું હતું કે, સરકાર કોઈ વિશેષ સત્ર અથવા વિશેષ બેઠક બોલાવે તો તેનો અર્થ છે કે દેશ માટે મહત્વપૂર્ણ બિલ અથવા કામકાજ રજૂ થવાનું છે. વિપક્ષે જે કંઈ કરવું હોય તે સંસદના ગૃહમાં કરે. બહાર ખાલી નિવેદનો કરવાનો કોઈ અર્થ નથી.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

વચ્ચે ૯૧,૪૨૯ મતદારોનો સર્વે કરવામાં આવ્યો હતો. સર્વેના આંકડા પ્રમાણે સત્તાપક્ષ અને વિરોધપક્ષ વચ્ચે નજીકની ટક્કર થવાની છે. એજન્સીના રીપોર્ટ પ્રમાણે કુલ મત ટકાવારી બાબતે સમાજવાદી પાર્ટી ભાજપ કરતા આગળ રહે છે. જો કોંગ્રેસ સાથે ગઠબંધન થયું તો ઈન્ડિયા ગઠબંધન બહુમતના આંકડા (૨૦૨) બેઠકો કરતા વધુ બેઠકો મેળવશે. જો ઈન્ડિયા ગઠબંધનના પક્ષો ભેગા નહીં થાય તો ભાજપ અને એનડીએને નજીકની બહુમતી મળી શકે છે.

મહિલા અનામત બીલની આડમાં સિમાંકન બીલ પર બધાની નજર

રાજ્ય સભામાં વિરોધપક્ષના નેતા અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ વિરોધપક્ષના તમામ નેતાઓને મળવા માટે બોલાવ્યા છે. સરકાર સંસદમાં સિમાંકન સાથે જોડાયેલું એક બંધારણ સુધારણા બીલ ફરીથી લાવી શકે છે. આ બાબતે રણનીતિ ઘડવા માટે વિરોધપક્ષના તમામ નેતાઓ ભેગા મળશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ મીટીંગમાં ઈન્ડિયા ગઠબંધનના તમામ પક્ષોના નેતાઓની સાથે ગઠબંધનની બહાર રહેલા વિરોધપક્ષો જેમ કે ડીએમકે, આપ અને બીજેડીના નેતાઓને પણ બોલાવવામાં આવશે. આ બેઠક શનિવારે સવારે ૧૧.૩૦ વાગે મળવાની શક્યતા છે. સંસદનું સત્ર ૩૦મી નવેમ્બરે બોલાવવામાં આવ્યું છે અને શક્યતા એવી છે કે, સરકાર મહિલા અનામત જલ્દીથી લાગુ કરવા માટે એક બંધારણ સુધારણા બીલ લાવી શકે છે. જેમાં સિમાંકનનો મુદ્દો પણ સામેલ હશે. લોકસભાની કાર્યવાહી ૩૦મી નવેમ્બરથી અને રાજ્યસભાની કાર્યવાહી રજી ડિસેમ્બરથી શરૂ થશે. કોંગ્રેસના કહેવા પ્રમાણે સંસદનું આ સત્ર સિમાંકન માટે છે અને મહિલા અનામત બીલ સાથે એને કોઈ લેવા દેવા નથી. પક્ષે એને 'ગભરાયેલા અને દબાણમાં ફસાયેલા વડાપ્રધાન' નું હતાશા ભર્યું પગલું ગણાવ્યું હતું.

શરદ પવાર જુથે વ્હિપ જારી કર્યો

મોદી સરકારે ૩૦મી નવેમ્બરથી સંસદનું ખાસ સત્ર બોલાવવાનો પ્રસ્તાવ રજુ કર્યો છે. આ બાબતે બાકીના તમામ પક્ષો પણ તૈયારીમાં લાગી ગયા છે. એનસીપી (શરદ પવાર)એ લોકસભાના પોતાના સાંસદોને ત્રણ લીટીનો વ્હિપ જાહેર કર્યો છે. પક્ષ તરફથી જાહેર કરવામાં આવેલા પત્રમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે ૩૦ નવેમ્બરથી માંડીને ૪ ડિસેમ્બર સુધી લોકસભામાં અત્યંત મહત્વપૂર્ણ કામગીરી થવાની છે. પક્ષના તમામ સાંસદોએ સંસદમાં હાજર રહેવું ફરજીયાત છે. કેન્દ્ર સરકારે લોકસભાના અધ્યક્ષ અને રાજ્યસભાના સભાપતિને વિનંતી કરી છે કે આવશ્યક સરકારી કામકાજ પુરુ કરવા માટે લોકસભા ૩૦મી નવેમ્બરથી અને રાજ્યસભા ૨ ડિસેમ્બરથી બોલાવવામાં આવે. એનસીપી (શરદ પાવર)ના સાંસદ સુપ્રિયા સુલે છેલ્લા કેટલાક દિવસોથી બીજા વિરોધ પક્ષ કરતા અલગ વાત કરી રહ્યા છે. એમ લાગે છે કે એનસીપી (શરદ પવાર) અને સરકાર વચ્ચે સાંઠગાંઠ થઈ ગઈ છે.

સીમાંકન પર બીઆરએસની શરત

સંસદમાં સીમાંકન બીલ રજુ કરતા પહેલા ફરીથી એકવાર રાજકારણ ગરમાયું છે. દક્ષિણ ભારતના રાજ્યોને લોકસભામાં મળનાર હિસ્સા બાબતે વિપક્ષે ચિંતા બતાવી છે. ભારત રાષ્ટ્ર સમીતી (બીઆરએસ)એ ચોખ્ખું કહ્યું છે કે એને સીમાંકનનો વિરોધ નથી. પક્ષની માંગણી છે કે દક્ષિણ ભારતની હમણા જે ૨૪ ટકા સંસદીય હિસ્સેદારી છે એ જેમની તેમ રહેવી જોઈએ. આ સિવાય ૧૯૭૧ની વસ્તી ગણતરીનો આધાર પણ જેમનો તેમ બનાવી રાખવાની શરત મૂકવામાં આવી છે. બીઆરએસના પ્રવક્તા રાવુલા શ્રીધરએ કહ્યું હતું કે, એમનો પક્ષ સીમાંકનને ટેકો ત્યારે જ આપશે જ્યારે દક્ષિણ ભારતના હિતોની રક્ષા થાય. એમનું માનવું છે કે, વસ્તી નિયંત્રણના ઉપાયો યોગ્ય રીતે લાગુ કરવાવાળા રાજ્યોને નુકસાન થવું જોઈએ નહીં.

સીજેપીની લોકશાહી બચાવ રેલીને નાગપુરમાં સફળતા

નાગપુરમાં સીજેપીએ લોકશાહી બચાવ રેલીનું આયોજન કર્યું હતું. અભિજીત દિપકેની આગેવાની હેઠળ યોજાયેલી આ રેલીમાં અભિનેતા પ્રકાશ રાજ તેમજ આસુતોષ રાંકા સહિત ઘણા લોકોએ ભાગ લીધો હતો. લોકશાહી, બંધારણ અને નાગરીક અધિકારીઓ સાથે જોડાયેલા પ્રશ્નો માટે યોજાયેલી આ રેલી પર બધાની નજર હતી. રેલીનું સમાપન જય ભીમના સૂત્રો સાથે થયું હતું. નાગપુર ખાતે સંવિધાન ચોક પર યોજાયેલી આ રેલીમાં હજારો લોકો ઉમટ્યા હતા. રેલીમાં નેતાઓએ સૂત્રો પોકાર્યા હતા કે કોકરોચ અભી ઝીંદા હે. નાગપુર આરએસએસનું નથી, પરંતુ ડો. બાબા સાહેબ આંબેડકરનો ગઢ છે. રેલીમાં સૌરવ દાસને લંડન જતા રોકવામાં આવેલી ઘટનાની પણ આકરી ટીકા કરવામાં આવી હતી. આસુતોષ રાંકાએ કહ્યું હતું કે જે લોકો પોતે કદી કોલેજ નથી ગયા એમણે સૌરવ દાસને વિદેશ જતા રોક્યા છે.

રાજીનામુ નહીં સ્વિકારો તો હાંકી કાઢો

બરેલી ખાતે રાષ્ટ્રીય અધિકાર મોરચાના સ્થાપક અને ભૂતપૂર્વ સીટી મેજીસ્ટ્રેટ અલંકાર અગ્નીહોત્રીએ ઉ. પ્ર. સરકારને મુશ્કેલીમાં મૂકી દીધી છે. કમિશનરની તપાસમાં અલંકાર અગ્નીહોત્રીને દોષિત જાહેર કરવામાં આવ્યા છે. ત્યાર પછી અલંકાર અગ્નીહોત્રીએ પોતાના રાજીનામા અને યુજીસીના નવા નિયમોને લઈને વાત કરી હતી. એમનું કહેવું છે કે એમણે પહેલા જ રાજીનામું આપી દીધું છે. જો સરકાર રાજીનામું નહીં સ્વિકારે તો એમને નોકરીમાંથી ડિસમીસ કરી શકે છે. દેશના કરોડો બાળકોનું ભવિષ્ય સુનિશ્ચત કરવા તેઓ નોકરીની કુરબાની આપવા તૈયાર છે.

એમણે જે કોઈ નિર્ણય લીધો છે એ સમજી વિચારીને લીધો છે. યુજીસીના પ્રસ્તાવીત નિયમો બાબતે એમણે વિરોધ કરતા કહ્યું હતું કે, ૧૦ મહિના સુધી આંદોલન ચલાવ્યા પછી હવે આ નિયમોને ખોટા અને અસંતુલિત કહેવામાં આવી રહ્યા છે. જો આરએસએસને પણ આ નવા નિયમો સામે વાંધો હોય તો આ નિયમો લાવવાની જરૂર શું હતી?



દિપમ વિવાદ આગળ વધ્યો, સુપ્રિમ કોર્ટે વિજય સરકારને પડકારી

તામિલનાડુના મદુરાઈ સ્થિત તિરુપરનકુંદ્રમ ડુગરો પર કાર્તિગઈ દિપમ પ્રગટાવવાના કિસ્સામાં સુપ્રિમ કોર્ટે રાજ્યની વિજય સરકાર અને અધિકારીઓ વિરુદ્ધ કડક વલણ લીધું છે. કોર્ટે કહ્યું છે કે, હવે પરિસ્થિતિને કડકાઈથી ઉકેલવાનો સમય આવી ગયો છે. સુપ્રિમ કોર્ટે રાજ્યના સિનિયર અધિકારીઓને અવમાનનાની નોટીસ મોકલી છે. સાથે મંદિરના ટ્રસ્ટી બોર્ડને પણ બરખાસ્ત કરવામાં આવ્યું છે. મંદિરનું મેનેજમેન્ટ કરવા માટે બે રીટાયર્ડ હાઈકોર્ટ જજોની નિમણૂક રીસીવર તરીકે કરવામાં આવી છે. જસ્ટીસ અરવિંદકુમાર અને જસ્ટીસ વિપુલ પંચોલીની બેંચે કહ્યું હતું કે, રાજ્ય સરકારનું વલણ પ્રથમ દ્રષ્ટીએ સુપ્રિમ કોર્ટના હુકમની અવમાનના છે. બેંચે આ બાબતે પોતાનું દુઃખ અને નારાજગી વ્યક્ત કરી હતી. બંધારણીય અવ્યવસ્થા ઉભી કરનારાઓને માફ કરવામાં નહીં આવે.



NBFC ACQUISITION WANTED

Our client wishes to acquire an NBFC registered with RBI, preferably listed with NSE or BSE, with low or no business activity.

Interested parties/intermediaries

Please Contact: P. Santhamarai Kannan & Co.

21, P Block, 18th Street, Block P, Anna Nagar, Chennai, Tamilnadu 600040. Mobile Number: +91 [illegible]

Email: acquisition.psk@gmail.com

PUBLIC NOTICE

TORRENT POWER

GSPL Transmission Limited

NOTICE INVITING TENDER









સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

આકાશ દીપની બે વિકેટ : એક તબક્કે ન્યુઝીલેન્ડનો સ્કોર ૧૧૦/૪ હતો

બીજી ટેસ્ટમાં ભારતની આક્રમક શરૂઆત બાદ ન્યુઝીલેન્ડના સંઘર્ષ સાથે પાંચ વિકેટે ૨૪૬

લાથમના ૫૯ અને બ્લન્ડેલના ૫૩* રન : ભારતે પી. કિષ્નાના સ્થાને ગુરનૂરને તક આપી



કાઈસ્ટચર્ચ, તા.૨૭

આકાશ દીપ સહિતના ભારતીય બોલરોએ બીજી ટેસ્ટમાં પ્રભાવશાળી શરૂઆત કરતાં એક તબક્કે યજમાન ન્યુઝીલેન્ડને ૧૧૦/૪ પર ધકેલી દીધું હતુ. જોકે યજમાન ટીમના બેટસમેનોએ સંઘર્ષ કરતાં કાઈસ્ટચર્ચમાં શરૂ થયેલી શ્રેણીની બીજી અને આખરી ટેસ્ટના પ્રથમ દિવસે પ્રથમ ઈનિંગમાં પાંચ વિકેટે ૨૪૬ રન કર્યા હતા.

રમત બંધ રહી ત્યારે, બ્લન્ડેલ ૫૩ અને ફિલિપ્સ ૩૬ રને રમતમાં હતા. આકાશ દીપે ૫૨ રનમાં બે વિકેટ મેળવી હતી. જ્યારે કંબોજ, ગુરનૂર અને સુંદરને ૧-૧ વિકેટ મળી હતી. ટીમ ઈન્ડિયાના ફાસ્ટરો આવતીકાલે બીજા દિવસે યજમાનોની બાકીની પાંચ વિકેટ સસ્તામાં ઝડપવાનો પ્રયાસ કરશે. જ્યારે ન્યુઝીલેન્ડને પ્રથમ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં આપેલી લડતના પુનરાર્તનની અપેક્ષા છે. વેલિંગ્ટન ખાતેની પ્રથમ ટેસ્ટમાં ન્યુઝીલેન્ડે પ્રથમ ઈનિંગમાં ૭૦/પના સ્કોર બાદ ૩૬૮ રન નોંધાવ્યા હતા.

ન્યુઝીલેન્ડની ૭૭ રનની ઓપનિંગ ભાગીદારી

ટીમ ઈન્ડિયાના કેપ્ટન ગિલે ટોસ જીતીને પ્રથમ યજમાન ટીમને બેટિંગમાં ઉતારી હતી. પીચ અને પરિસ્થિતિ ફાસ્ટ બોલરોને અનુકૂળ હતી અને ભારતીય કેપ્ટને તેનો ફાયદો ઉઠાવવા માટે અપેક્ષા પ્રમાણે નિર્ણય લીધો હતો. લાથમ અને કોન્વે (૩૧)ની જોડીએ ૭૭ રનની ભાગીદારી કરી હતી. આ પછી નિકોલ્સે ૪૬ બોલમાં ધીરજભરી ૧૬ રનની ઈનિંગ પણ રમી હતી.



આકાશ દીપનો પ્રહાર, ન્યુઝીલેન્ડ ફસડાયું

પ્રથમ ટેસ્ટમાં નિષ્ફળ રહેલા કેપ્ટન લાથમે ૧૨૮ બોલમાં છ ચોગ્ગા સાથે ૫૯ રનની ઈનિંગ રમી હતી. જોકે આકાશ દીપે લાથમની વિકેટ ઝડપતાં ન્યુઝીલેન્ડનો મિની ધબડકો થયો હતો અને તેઓ ૧૧૦/૧ પરથી ૧૧૦/૪ પર ફસડાયા હતા.

લાથમ આઉટ થયો તે પછી કંબોજે નિકોલ્સ (૧૬)ને આકાશ દીપના હાથે કેચઆઉટ કરાવ્યો હતો. જ્યારે રચિનને ૦ પર આકાશ દીપે આઉટ કર્યો હતો.

બ્લન્ડેલનો મિચેલ-ફિલિપ્સ સાથે સંઘર્ષ

ન્યુઝીલેન્ડની ટીમને ફરી બેઠી કરવાનો પ્રયાસ કરતાં મિચેલ સાથે જોડાયેલા બ્લન્ડેલે સ્કોરબોર્ડને ફરતું રાખ્યું હતુ. તેમણે પાંચમી વિકેટમાં ૧૨૮ બોલમાં ૭૪ રન જોડ્યા હતા. સુંદરે મિચેલને ૩૧ રને જુરેલના હાથે કેચઆઉટ કરાવ્યો હતો. બ્લન્ડેલે ૧૧૭ બોલમાં છ ચોગ્ગા સાથે નોટઆઉટ ૫૩ રન નોંધાવ્યા હતા. જ્યારે ફિલિપ્સે તેનો સાથ આપતાં ૬૪ બોલમાં પાંચ ચોગ્ગા સાથે ૩૬* રન ફટકાર્યા હતા. તેમની વચ્ચે ૬૨ રનની નોટઆઉટ ભાગીદારી નોંધાઈ હતી.

ન્યુઝીલેન્ડ પ્રથમ ઈનિંગ

	રન	બોલ	૪	૬
લાથમ કો.પંત બો.આકાશ દીપ	૫૯	૧૨૮	૬	૦
કોન્વે એલબી બો.ગુરનૂર	૩૧	૭૯	૪	૦
નિકોલ્સ કો.આકાશ દીપ બો.કંબોજ	૧૬	૪૬	૧	૦
રચિન કો.પંત બો.આકાશ દીપ	૦	૬	૦	૦
મિચેલ કો.જુરેલ બો.સુંદર	૩૧	૭૪	૪	૦
બ્લન્ડેલ રમતમાં	૫૩	૧૧૭	૬	૦
ફિલિપ્સ રમતમાં	૩૬	૬૪	૫	૦
વધારાના (બાય ૮, લેગબાય ૫, નોબોલ ૭)	૨૦			
કુલ (૮૫ ઓવરમાં પાંચ વિકેટે)	૨૪૬			

વિકેટનો ક્રમ : ૧-૭૭ (કોન્વે ૨૫.૬), ૨-૧૧૦ (લાથમ ૪૧.૩), ૩-૧૧૦ (નિકોલ્સ ૪૨.૧), ૪-૧૧૦ (રચિન ૪૩.૬), ૫-૧૮૪ (મિચેલ ૬૪.૪).

બોલિંગ : બુમરાહ ૧૯-૪-૩૭-૦, કંબોજ ૧૭-૫-૫૬-૧, આકાશ દીપ ૨૧-૬-૫૨-૨, ગુરનૂર બ્રાર ૧૯-૪-૫૨-૧, સુંદર ૯-૧-૩૬-૧.

રોહિતની કેપ્ટન્સીમાં મુંબઈ પાંચ આઈપીએલ ટાઈટલ જીત્યું છે

રોહિત શર્માનું ત્રણ વર્ષ બાદ મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન તરીકે પુનરાગમન

મુંબઈ, તા.૨૭

ભારતના ભૂતપૂર્વ ટી-૨૦ વર્લ્ડ ચેમ્પિયન કેપ્ટન રોહિત શર્માને ત્રણ વર્ષ બાદ ફરી મુંબઈ ઈન્ડિયન્સના સુકાની તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. રોહિતના નેતૃત્વ હેઠળ મુંબઈની ટીમ પાંચ વખત આઈપીએલમાં ચેમ્પિયન બની હતી. જોકે ૨૦૨૩ની આઈપીએલ સિઝન પછી મુંબઈએ રોહિતના સ્થાને હાર્દિકને કેપ્ટન બનાવ્યો હતો, જેના કારણે સ્થાનિક ચાહકોમાં નારાજગી જોવા મળી હતી. હાર્દિક પંડ્યા હવે પંજાબ કિંગ્સમાં સામેલ થઈ ગયો છે, ત્યારે મુંબઈએ ફરી વખત તેના દિગ્ગજ સુપરસ્ટાર રોહિત શર્માને કેપ્ટન તરીકે પસંદ કર્યો છે.

મુંબઈ ઈન્ડિયન્સની યાદીમાં રોહિત શર્માએ કહ્યું છે કે, હું આઈપીએલની ૨૦મી સિઝન માટે તૈયાર છું. નવી સિઝનના પડકારોની સાથે હું મુંબઈના ટીમ અને ચાહકોને ઉજવણીની વધુ તકો પુરી પાડવા માટે ઉત્સુક છું. અમારા આગવા અંદાજમાં રમવાની સાથે ફરી સ્પર્ધામાં ઉતરીને રમતનો આનંદ માણવા માટે પણ હું સજ્જ છું. મુંબઈ ઈન્ડિયન્સ મારી જિંદગીનો એક અભિન્ન હિસ્સો છે અને મુંબઈ ઈન્ડિયન્સની ટીમનું સુકાન સંભાળવું એ મારા માટે ગર્વની બાબત રહી છે.

રોહિતે ઊમેર્યું કે, ટીમના માલિક નીતા અંબાણી અને આકાશ અંબાણી સાથે આગામી સિઝન અંગેનો અમારો વાર્તાલાપ ઉત્સાહજનક રહ્યો છે. મને વિશ્વાસ છે કે, અમારી ટીમ ઘણી સિદ્ધિઓના શિખર સર કરી શકે તેમ છે.

રોહિતનો કેપ્ટન્સીનો રેકોર્ડ

આઈપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન તરીકેની જવાબદારી રોહિતને વર્ષ ૨૦૧૩માં સોંપવામાં આવી હતી. ૩૯ વર્ષના રોહિતની આગેવાનીમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૦માં આઈપીએલ ચેમ્પિયન બની હતી. તેઓએ ૨૦૧૩માં ચેમ્પિયન્સ લીગ ટી-૨૦ પણ જીતી હતી. જે ટુર્નામેન્ટ હવે બંધ કરી દેવામાં આવી છે. રોહિતને ૨૦૨૩ની સિઝન બાદ કેપ્ટન તરીકે વિદાય આપવામાં આવી હતી અને હાર્દિક પંડ્યાને સુકાન સોંપવામાં આવ્યું હતુ.



છેલ્લા છ વર્ષના દેખાવ પર નજર

મુંબઈ ઈન્ડિયન્સની ટીમે ૨૦૨૦માં પાંચમું ટાઈટલ જીત્યું તે પછી તેઓનો દેખાવ ખાસ ઉત્સાહજનક રહ્યો નહતો. તેઓ ૨૦૨૧માં પાંચમા, ૨૦૨૨માં ૧૦માં ક્રમે રહ્યા હતા. તેઓ૨૦૨૩માં ક્વોલિફાયર-ટુ રમ્યા હતા. જોકે આ પછી હાર્દિકને સુકાન સોંપવામાં આવ્યું હતુ. હાર્દિકની આગેવાનીમાં મુંબઈ ૨૦૨૪માં ૧૦માં ક્રમે રહ્યું હતુ. ૨૦૨૫માં તેઓ ક્વોલિફાયર-ટુ સુધી પહોંચ્યા હતા. જોકે ૨૦૨૬માં ફરી નવમા ક્રમે ફસડાતા હવે કેપ્ટન્સીમાં પરિવર્તન કરવામાંઆવ્યું છે.

રોહિત છેલ્લી ત્રણ સિઝનથી હાર્દિકની કેપ્ટન્સી હેઠળ માત્ર બેટ્સમેન તરીકે રમતો હતો

બ્રિટન સાત વર્ષ પછી ડેવિસ કપની સેમિ ફાઈનલમાં



બોલોગ્ના : બ્રિટને ડેવિસ કપ ટેનિસ સ્પર્ધામાં સાત વર્ષના લાંબા ઈંતેજારનો અંત લાવી સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ક્વાર્ટર ફાઈનલમાં બ્રિટને મજબૂત જર્મન ટીમને ૨-૧થી પરાજય આપ્યો હતો. હવે આવતીકાલે સેમિફાઈનલમાં તેનો મુકાબલો સ્પેન સામે થશે. ક્વાર્ટર ફાઈનલની પ્રથમ સિંગલ્સમાં બ્રિટનના નોરીએ જર્મનીના સ્ટ્રફને ૬-૩, ૩-૬, ૬-૨થી હરાવ્યો હતો.તે પછી વિશ્વના નંબર વન ખેલાડી ઝ્વેરેવ સામે બ્રિટનના આર્થર ફેરી ૩-૬, ૨-૬થી હાર્યો હતો. નિર્ણાયક ડબલ્સ મેચમાં બ્રિટનના હેનરી પેટન અને નીલ સ્કુપ્સ્કીએ જર્મનીના કેવિન ક્રાવિટ્ઝ અને ટિમ પ્યુત્ઝને ૬-૨, ૭-૬(૬)થી હરાવીને બ્રિટનને સેમિફાઈનલમાં પહોંચાડ્યું હતું. બીજી તરફ સ્પેને પણ ઓસ્ટ્રિયાને ૨-૦થી હરાવી સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું છે.

'બુમરાહે અગાઉ નવા અંદાજમાં પ્રેક્ટિસ કરી હતી'

બુમરાહે તેની રનઅપની સ્ટાઈલમાં પરિવર્તન કરતાં ચાહકોમાં તર્ક-વિતર્ક

કાઈસ્ટચર્ચમાં લંચ બાદ બુમરાહે નવા અંદાજમાં બોલિંગ કરી

કાઈસ્ટચર્ચ, તા.૨૭

ભારતીય ફાસ્ટ બોલર બુમરાહે ન્યુઝીલેન્ડ સામે કાઈસ્ટચર્ચમાં શરૂ થયેલી શ્રેણીની બીજી ટેસ્ટમાં લંચ બાદના સેશનમાં બોલ નાંખતા પહેલાના તેના રનઅપના અંદાજમાં પરિવર્તન કરતાં ક્રિકેટ જગતમાં તર્ક-વિતર્કો શરૂ થઈ ગયા છે. બુમરાહ બોલ ફેંકવા માટે દોડવાનુ શરૂ કરે ત્યારથી બોલને બંને હાથથી પકડી રાખે છે. જ્યારે કાઈસ્ટચર્ચમાં લંચ બાદના સ્પેલમાં બુમરાહે રનઅપ દરમિયાન બંને હાથે બોલ પકડવાને બદલે બોલ જમણા હાથથી પકડ્યો હતો અને ડાબો હાથ છુટો રાખ્યો હતો. જોકે તેનો બોલ ફેંકવાનો અંદાજ તો અગાઉના જેવો જ રહ્યો હતો. અલબત્ત, રન અપ દરમિયાન તેનું આ નાનકડુ પરિવર્તન ચાહકોની નજરમા આવી ગયું હતુ. કેટલાક ચાહકોએ દલીલ કરી હતી કે, બુમરાહે તેની ઈજા તેમજ વર્કલોડના કારણે રનઅપના અંદાજમાં પરિવર્તન કર્યું હોઈ શકે. દરમિયાનમાં પ્રથમ દિવસની રમતના અંતે આકાશ દીપે આ અંગે કહ્યું કે, જો બુમરાહે આ પરિવર્તન કર્યું છે, તો તેની સામે સવાલ કરનારા આપણે કોણ ? તે આ પ્રકારે બોલિંગ કરવાની પ્રેક્ટિસ તો પ્રેક્ટિસ મેચ રમાઈ તે પહેલાથી કરતો આવ્યો છે. કદાચ તેના મનમાં કોઈ ચોક્કસ વ્યુહ હશે, એટલે તેણે આમ કર્યું હશે. બુમરાહે કાઈસ્ટચર્ચમાં શરૂ થયેલી ટેસ્ટના પ્રથમ દિવસે ૧૯ ઓવર નાંખીને ચાર મેડન સાથે ૩૭ રન આપ્યા હતા અને તેને એક પણ વિકેટ મળી નહતી.



હેડ કોચ ગંભીરના તુંડમિજાજથી ચાહકોમાં ભારે નારાજગી

બીજી ટેસ્ટની ટીમમાં પણ પડતો મુકાયો છે તે જાણી મોહમ્મદ સિરાજ રડી પડેલો?

કાઈસ્ટચર્ચ, તા. ૨૭

ન્યુઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટમાં પણ ભારતીય ફાસ્ટ બોલર સિરાજ અને સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર જાડેજાને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન ન મળતાં ક્રિકેટ જગતમાં ચર્ચા શરૂ થઈ છે. આ નિર્ણયથી માત્ર ચાહકો જ નહીં, પરંતુ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરો પણ આશ્ચર્યમાં છે.

સિરાજની ઉદાસી

કાઈસ્ટચર્ચ ટેસ્ટ અગાઉ સિરાજ મેદાનની બહાર સનગ્લાસ પહેરીને ફરતો જોવા મળ્યો હતો. તેના ચહેરા પરની ઉદાસી અને હાવભાવ જોઈને કોમેન્ટ્રી પેનલમાં હાજર ભૂતપૂર્વ ભારતીય સ્પિનર મુરલી કાર્તિકે સવાલ કર્યો હતો કે , 'શું તે રડી રહ્યો છે?' ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન રહાણેએ પણ સિરાજના હાવભાવ અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. કાર્તિકે કહ્યું કે સિરાજ લાગણીશીલ ખેલાડી છે અને દેશ માટે રમવાની તેની તીવ્ર ઈચ્છા છે. કેટલાક ખેલાડીઓ ટીમમાંથી બહાર થાય ત્યારે સહજતાથી સ્વીકારી લે છે, પરંતુ કેટલાક ખેલાડીઓ માટે દેશનું પ્રતિનિધિત્વ કરવું સૌથી મહત્ત્વનું હોય છે. સિરાજ બીજી શ્રેણીમાં આવે છે. તેના માટે રમવાની તક ન મળવી સ્વાભાવિક રીતે દુઃખદાયક હોઈ શકે છે. જોકે, સિરાજ ખરેખર રડી રહ્યો હતો કે નહીં તેની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

તર્કહીન દલીલ

સિરાજની પસંદગી ન થવા પાછળ ટીમ મેનેજમેન્ટે ફોર્મ અને બોલિંગની વર્તમાન લયને કારણ ગણાવ્યું છે. જોકે વર્તમાન ૨૦૨૫-૨૭ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં સિરાજે ૧૧ ટેસ્ટમાં ૪૩ વિકેટ ઝડપી છે. આ ભારત તરફથી સૌથી વધુ વિકેટ છે. ઓવલ ખાતે ઈંગ્લેન્ડ સામેની ઐતિહાસિક ટેસ્ટ બાદની સાત ટેસ્ટમાં તેણે ૨૧ વિકેટ ૨૧.૨૮ની સરેરાશથી લીધી છે. જોકે, ૨૦૨૬માં અફઘાનિસ્તાન અને શ્રીલંકા સામેની ત્રણ ટેસ્ટમાં તેની વિકેટ લેવાની ક્ષમતામાં ઘટાડો નોંધાયો હતો.



'ગંભીર' માનસિકતા

આ સમગ્ર વિવાદમાં મુખ્ય સવાલ હેડ કોચ ગંભીર અને કેપ્ટન શુભમન ગિલની પસંદગીની નીતિનો છે. ટીમ મેનેજમેન્ટ યુવા બોલરોને તક આપવા માગે છે અને વર્તમાન ફોર્મને ભૂતકાળની સિદ્ધિઓ કરતાં વધુ મહત્ત્વ આપે છે, એવી છાપ ઊભી થઈ છે. બીજી ટેસ્ટમાં કૃષ્ણાના સ્થાને ગુરનૂરને ટેસ્ટ ડેબ્યૂ કરાવવાનો નિર્ણય પણ આ દિશામાં જોવામાં આવી રહ્યો છે.

અહીં ગંભીરની પસંદગીની વિચારધારા સામે પ્રશ્નો ઊભા થાય છે. શું આ ખરેખર ટીમની જરૂરિયાત મુજબ લેવાયેલો ક્રિકેટિંગ નિર્ણય છે કે પછી એક વખત નિર્ણય લીધા બાદ તેમાંથી પાછા ન હટવાની જીદ છે? તેનો જવાબ માત્ર ટીમ મેનેજમેન્ટ જ આપી શકે. સિરાજ જ નહિ જાડેજાને પણ ગંભીરની તુમાખીને લીધે સહન કરવું પડે છે. ભારતીય ક્રિકેટ બોર્ડ અને પસંદગી સમિતિએ હેડ કોચ ગંભીરને તાત્કાલિક અસરથી હટાવી દેવો જોઈએ તેવી ચાહકોની પ્રતિક્રિયા પણ સોશિયલ મીડિયામાં જોઈ શકાય છે.

ભારતીય ક્રિકેટ બોર્ડે ગંભીર પાસે સિરાજ અને જાડેજાને કેમ ટીમમાં સ્થાન નથી અપાતું તેનો જવાબ માંગવો જોઈએ

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી

ભારતીય મહિલા હોકી ટીમ ૬-૨થી મલેશિયાને હરાવીને ફાઈનલમાં પ્રવેશી

આજે સાંજે ૭.૦૦થી ચીન સામે ફાઈનલ

ભોપાલ, તા.૨૭

ભારતની મહિલા હોકી ટીમે ૬-૨થી મલેશિયાને હરાવીને ઘરઆંગણે ચાલી રહેલી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી મહિલા હોકી ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. ભારતીય ટીમ આ સતત ત્રીજી અને ઓવરઓલ છઠ્ઠી વખત ફાઈનલમાં પ્રવેશી છે. જ્યાં તેનો મુકાબલો ચીન સામે થશે. ભારત અને ચીન વચ્ચેની ફાઈનલ આવતીકાલે સાંજે ૭.૦૦ વાગ્યાથી રમાશે. મધ્ય પ્રદેશના ભાપોલમાં નાથુ બરખેડા ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં ચાલી રહેલી મહિલા હોકી ટુર્નામેન્ટમાં ભારતે વિજયફૂચને આગળ ધપાવી હતી. દીપિકા સેહરાવતે બે અને મુમતાઝ ખાન, નવનીત કૌર, સુનેલિતા ટોપ્પો અને ઈશિકાએ એક-એક ગોલ ફટકાર્યા હતા. મલેશિયા તરફથી નુર અઝહર અને નુરામીરા ઝુલ્કીફ્લી ભારતીય ટીમ આ સાથે ટુર્નામેન્ટમાં સળંગ છઠ્ઠી મેચ જીતવામાં સફળ રહી હતી. ચીને અન્ય સેમિ ફાઈનલમાં ભારે સંઘર્ષ બાદ કાઈના એકમાત્ર ગોલને સહારે જાપાનને હરાવ્યું હતુ. ભારતીય ટીમ ગ્રૂપ સ્ટેજમાં ચીન સામે ૬-૨થી પ્રભુત્વસભર જીત હાંસલ કરી ચૂકી છે. આ કારણે ભારત સતત ત્રીજું અને ઓવરઓલ ચોથું ટાઈટલ જીતવા માટે ફેવરિટ મનાય છે.



વર્લ્ડ ચેસ : ગુકેશ-સિન્દારોવ વચ્ચેની ત્રીજી બાજી પણ ડ્રો



ઝુરિચ : વર્લ્ડ ચેમ્પિયન ભારતીય ગ્રાન્ડ માસ્ટર ડી. ગુકેશ અને ઉઝબેક ચેલેન્જર ગ્રાન્ડમાસ્ટર સિન્દારોવ વચ્ચેની ફિડે વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપની ત્રીજી બાજી પણ ભારે રસાકસી બાદ ડ્રોમાં પરિણમી હતી. અગાઉની બંને બાજી પણ ડ્રો થઈ હતી અને બંને ખેલાડીઓ ત્રણ મુકાબલા બાદ ૧.૫-૧.૫થી બરોબરી પર છે. વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપમાં કુલ ૧૪ મુકાબલા ખેલાવાના છે અને જે ખેલાડી પહેલા ૭.૫ પોઈન્ટ કરી લેશે તે વિજેતા બનશે. ફિડે વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપમાં શુક્રવારે રેસ્ટ ડે હતો. હવે ઝુરિચમાં ભારતીય સમય પ્રમાણે આવતીકાલે શનિવારે સાંજે ૭.૩૦થી ચોથી બાજી શરૂ થશે. બંને યુવાખેલાડીઓ વચ્ચેની ત્રીજી બાજી ૪૦ મુવ્સ અને ૪ કલાક તેમજ ૫૦ મિનિટના સંઘર્ષ બાદ આખરે ડ્રો થઈ હતી.



અંડર-૧૬ વિજય મર્ચન્ટ ટ્રોફીમાં ગુજરાતનો ૯૧ રનથી વિજય

શિવામોગ્ગા : ગુજરાતે હરિયાણા સામેની અંડર-૧૬ મર્ચન્ટ ટ્રોફીની મલ્ટી ડેઝ ટુર્નામેન્ટની મેચમાં ૯૧ રનથી વિજય મેળવ્યો હતો. ગુજરાત પ્રથમ ઈનિંગ : ૧૩૯ (૯માં ક્રમના બેટ્સમેન વિહાન કાકડિયાના ૯૩ બોલમાં ૮૦, ટીમ એક તબક્કે ૫૫/૮માં ફસડાઈ હતી, કાર્તિક આધાન ૪/૧૯), હરિયાણા પ્રથમ ઈનિંગ : ૧૧૯ (વિરાટ ત્યાગી ૪૮, સમર્થ પટેલ ૫/૩૩), ગુજરાત બીજી ઈનિંગ : ૨૪૪ (વંશ શાહ ૬૭, દૈવિક પટેલ ૪૨, કાર્તિક આધાન ૫/૫૦), હરિયાણા બીજી ઈનિંગ ૧૭૩ (અશ્વિન લોહાન ૮૨, સમર્થ પટેલ ૩/૨૩, વિહાન કાકડિયા ૩/૫૩).

સઈદ મોદી ઈન્ટરનેશનલ બેડમિંટન ટુર્નામેન્ટ

તન્વી શર્મા અને ઉન્નતી હૂડા વચ્ચે ઓલ ઈન્ડિયન સેમિ ફાઈનલ મુકાબલો

ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડી પણ અંતિમ ચારમાં



લખનઉ, તા.૨૭

ભારતની યુવા બેટમિંડન ખેલાડી તન્વી શર્મા અને ઉન્નતી હૂડા વચ્ચે ઘરઆંગણે લખનઉમાં ચાલી રહેલી સઈદ મોદી ઈન્ટરનેશનલ બેડમિંટન સુપર ૩૦૦ ટુર્નામેન્ટની મહિલા સિંગલ્સની સેમિ ફાઈનલ રમાશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતની ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ પણ મહિલા ડબલ્સમાં અંતિમ ચારમાં સ્થાન મેળવી ટાઈટલની આશા જીવંત રાખી છે. રેશિકા અને સાત્વિક રેડ્ડી કાનાપુરમની જોડીએ મિક્સ ડબલ્સમાં અંતિમ ચારમાં પ્રવેશ કર્યો હતો.

સેકન્ડ સીડ ધરાવતી તન્વીએ ઈન્ડોનેશિયાની પ્રાતિવીને ૨૧-૧૯, ૧૮-૨૧, ૨૧-૧૪થી મહાત આપતાં સેમિ ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. જ્યારે ભારતની ત્રીજો સીડ ધરાવતી ઉન્નતી હૂડાને હમવતન ખેલાડી અનમોલ ખરબને ૨૧-૧૯, ૧૫-૨૧, ૨૧-૧૮થી પરાજીત કરી હતી. ગુજરાતની આંતરરાષ્ટ્રીય બેડમિંટન ખેલાડી તસ્નીમ મીરનો ક્વાર્ટર ફાઈનલમાં પરાજય થયો હતો. તેને ટોપ સીડ ધરાવતી જાપાનીઝ ખેલાડી ગુન્જીએ ૨૧-૧૧, ૨૧-૧૧થી હરાવી હતી.મેન્સ સિંગલ્સમાં તુષાર સુવીર ઈન્ડોનેશિયાના શુજીવો સામે ૨૧-૧૯, ૧૯-૨૧, ૯-૨૧થી હારતા ભારતના પડકારનો અંત આવ્યો હતો.

ટ્રીસા-ગાયત્રીની ટોપ સીડ જોડીને ફ્રાન્સની લામ્બેર્ટ-પોન્ગાન્ટે સામે ક્વાર્ટર ફાઈનલમાં બાય મળી હતી. જ્યારે સાત્વિક રેડ્ડી કાનાપુરમ અને રેશિકા ઉથાયાસૂરિયાનની જોડીએ ૨૧-૮, ૨૧-૧૪થી ભારતના જ વીર કુલાવે અને ઋતુપર્ણા પાંડાની જોડીને મહાત આપી હતી.

હેડ કોચ લેંગર અને કેપ્ટન પેઈને આવી હરકત કરતા ટીમને અટકાવી હતી

લાયને બોલ ટેમ્પરિંગ માટે 'મિન્ટ'નો ઉપયોગ કરવા સાથી ખેલાડીઓને યુક્તિ બતાવી હતી



સીડની : ઓસ્ટ્રેલિયન ક્રિકેટના સૌથી મોટા વિવાદોમાંના એક એવા ૨૦૧૮ના સેન્ડપેપર કૌભાંડને લઈને ફરી એક રસપ્રદ ખુલાસો ચર્ચામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયાના અનુભવી સ્પિનર નાથન લાયને કથિત રીતે બોલ ટેમ્પરિંગના વિવાદ બાદ ખેલાડીઓને બ્રેથ મિન્ટ્સ (મોઢાની દુર્ગંધ દૂર કરતી મિન્ટ્સ)નો ઉપયોગ કરવાની સલાહ આપી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ વાતે ક્રિકેટ જગતમાં આશ્ચર્ય અને ચર્ચા જગાવી છે. ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ઓપનર ઉસ્માન ખ્વાજાએ તાજેતરમાં એક પોડકાસ્ટમાં આ ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. તેમના જણાવ્યા અનુસાર, ઓક્ટોબર ૨૦૧૮માં યુએઈમાં પાકિસ્તાન સામેની ટેસ્ટ શ્રેણી દરમિયાન ઓસ્ટ્રેલિયાના એક સિનિયર ખેલાડીએ બોલને વધુ સારી રીતે ચમકાવવા માટે બ્રેથ મિન્ટ્સનો ઉપયોગ કરવાનો વિચાર રજૂ કર્યો હતો.

ખ્વાજાએ શરૂઆતમાં ખેલાડીનું નામ જાહેર કર્યું નહોતું. જોકે, ઓસ્ટ્રેલિયાના અખબારમાં પ્રકાશિત અહેવાલમાં ખેલાડી તરીકે નાથન લાયનનું નામ સામે આવ્યું છે. કથિત સૂચન સામે ટીમમાં જ વિરોધ થયો હતો. અહેવાલો અનુસાર, બેટર ટ્રેવિસ હેડે આ વિચારનો વિરોધ કર્યો હતો. તત્કાલીન કેપ્ટન ટિમ પેઈન અને કોચ જસ્ટિન લેંગરે પણ આ બાબતને ગંભીરતાથી લીધી હતી અને આવી કોઈ હરકત ન થાય તે સુનિશ્ચિત કર્યું હતું.

સાઉથ આફ્રિકાના બોલ ટેમ્પરિંગ પ્રકરણને છ મહિના પણ નહોતા થયા ત્યારે લાયને પાકિસ્તાન સામેની શ્રેણીમાં સૂચન કર્યું હતું

પ્લેયર ઓફ ધ મેચ ઓવર્ટનની ૧૨ રનમાં પાંચ વિકેટ

ઈંગ્લેન્ડે ત્રીજી ટી-૨૦માં ડકર્વથને સહારે ઓસ્ટ્રેલિયાને સાત વિકેટથી હરાવ્યું

પાંચ મેચની શ્રેણીમાં ઈંગ્લેન્ડ ૨-૧થી આગળ

બ્રિસબેન, તા.૨૭

પ્લેયર ઓફ ધ મેચ ઓવર્ટનની ૧૨ રનમાં પાંચ વિકેટ તેમજ કોક્ષના ૧૪ બોલમાં અણનમ ૩૩ને સહારે ઈંગ્લેન્ડે ત્રીજી ટી-૨૦માં ઓસ્ટ્રેલિયા સામે ડકવર્થ-લુઈસના નિયમને સહારે સાત વિકેટથી જીત હાંસલ કરી હતી. ૧૬ ઓવરમાં ૯૩ના ટાર્ગેટને ઈંગ્લેન્ડે ૮.૫ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવી પાર પાડ્યો હતો. એનેયુરિન ડોનાલ્ડે ૧૩ બોલમાં ૩૨ રન નોંધાવ્યા હતા. મેરેડિથે ૩૦ રનમાં ત્રણ બેટ્સમેનને પેવેલિયન ભેગા કર્યા હતા. પાંચ ટી-૨૦ની શ્રેણીમાં ઈંગ્લેન્ડે ૨-૧થી સરસાઈ મેળવી લીધી છે અને હવે ચોથી મેચ ૨૯મી નવેમ્બર ને રવિવારે બપોરે ૧.૪૫ વાગ્યાથી રમાશે. બ્રિસબેનમાં રમાયેલી મેચમાં ટોસ જીતીને ઈંગ્લેન્ડે ફિલ્ડિંગ પસંદ કરી હતી અને ઓસ્ટ્રેલિયા ૧૬.૫ ઓવરમાં ૧૦૮માં ખખડી ગયું હતુ. હાર્પરે સર્વાધિક ૨૬ રન ૧૪ બોલમાં નોંધાવ્યા હતા. મેકગર્કના ૧૧ બોલમાં ૨૨, નિખિલ ચૌધરીના ૧૯, ઓવેનના ૧૭ અને મિચેલ માર્શના ૧૧ રન હતા. જેમી ઓવર્ટને ૪ ઓવરમાં એક મેડન સાથે માત્ર ૧૨ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયાએ આખરી પાંચ વિકેટ ૧૬ રનમાં જ ગુમાવી હતી. ડોસને ૧૬ રનમાં ત્રણ વિકેટ મેળવી હતી.



નવો ટ્રેન્ડ: અમેરિકામાં છટણી અને ભારતમાં ભરતી

ગ્રોસરી કંપની ક્રોગર યુએસમાં જોબ કટ કરશે અને ભારતમાં ઉમેરશે

નવી દિલ્હી, તા.૨૭

અમેરિકન ગ્રોસરી કંપની ક્રોગર અમેરિકામાં આગામી ત્રણ વર્ષમાં ત્રણ હજાર કોર્પોરેટ જોબ્સ ખતમ કરવાનું અને ભારતમાં વિસ્તરણ કરવાનું આયોજન કરી રહી છે. આ બધુ ત્યારે થઈ રહ્યુ છે જ્યારે કંપની તેની કામગીરીની પુર્નરચના કરી રહી છે. તેમા ભારતમાં કેટલીક કોર્પોરેટ્સ ભૂમિકામાં વૃદ્ધિ કરી રહી છે તો ઘરઆંગણે વહીવટી ખર્ચ ઘટાડી રહી છે. કંપનીના આ પગલાંને ટ્રમ્પે લાદેલા વિઝા પ્રતિબંધ સાથે જોડવામાં આવી રહ્યુ છે. તેના હેઠળ વધુને વધુ કંપનીઓ અમેરિકામાં જોબ્સ ઘટાડીને ભારતમાં જોબ્સ વધારી શકે છે.

ટ્રમ્પ તંત્રએ એચ-૧ વિઝા અશક્ય બનાવતા કંપનીઓએ શોધેલા નવા રસ્તાથી ભારતને ફાયદો અને અમેરિકાને નુકસાન

કંપનીએ હજી સુધી સ્પષ્ટતા કરી નથી કે તે કેટલી અમેરિકન પોઝિશન્સ ઘટાડવાની છે અને કેટલી ભારત શિફ્ટ કરવાની છે. ક્રોગર અમેરિકામાં તેનો હાલનો વર્કફોર્સ ૮,૨૦૦નો છે અને કંપની આગામી ત્રણ વર્ષમાં તેની સંખ્યા ઘટાડીને ૫,૨૦૦ કરવાનું આયોજન ધરાવે છે. કંપની અમેરિકામાં વર્કફોર્સ ઘટાડી રહી છે અને બીજી બાજુએ બેંગ્લુરુમાં તે બિઝનેસ અને કોર્પોરેટ ફંકશન્સ માટે નવું કેપેસિટી સેન્ટર સ્થાપી રહી છે. કંપનીના આ વિસ્તરણમાં તેના કર્મચારીઓ અને બહારના સર્વિસ પ્રોવાઈડરોનો સમાવેશ થાય છે.

કંપનીનું આ સેન્ટર તેના પરંપરાગત ટેકનોલોજી સર્વિસિસ સેન્ટર ઉપરાંતનું સમર્થન આપશે તેમ માનવામાં આવે છે. તેમા ફાઈનાન્સિયલ એનાલિસ્ટ, સપ્લાય ચેઈન, રિયલ એસ્ટેટ પોર્ટફોલિો એનાલિસ્ટ અને ડેટા એનાલિટિક્સનો સમાવેશ થાય છે. ફોક્સ ન્યૂઝે જણાવ્યું હતું કે ક્રોગર અમેરિકામાં જોબ ઘટાડી રહી છે અને ભારતમાં જોબ ઓપન કરી રહી છે. કંપનીના બેંગ્લુરુ ખાતેના ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર ખાતે ૩૦ નવી કોર્પોરેટ જોબ્સ ઓપન થઈ છે.

ઓક્ટોબરમાં કંપનીના આંતરિક મેમોમાં જણાવાયું હતું કે એઆઈની વધતી જતી ભૂમિકા અને ઓટોમેશનના પગલે કંપની વહીવટી ખર્ચામાં ઘટાડો કરી રહી છે. તેના પગલે આગામી સમયગાળામાં ત્રણ હજાર જોબ્સ ઘટાડવામાં આવશે. કંપની ટેકનોલોજી અને મશીન લર્નિંગનો ઉપયોગ ઉત્પાદકતા વધારવા, વર્કફ્લો સ્ટ્રીમલાઈન કરવા અને પુનરાવર્તીત કાર્યોમાં ઘટાડો કરવા માંગે છે.

કંપની ૨૦૨૯ સુધીમાં તેના ખર્ચમાં ચાર અબજ ડોલરની બચત કરવાનું આયોજન ધરાવે છે. આ માટે તે રિસ્ટ્રકચરિંગ અને કામગીરીમાં ફેરફારો કરી રહી છે. આ બચતના કારણે તેને ગ્રોસરીના ભાવ નીચા રાખવામાં અને કસ્ટમર એક્સપીરિયન્સની ગુણવત્તા વધારવામાં મદદ મળશે. કંપનીના આયોજનમાં ૨૦૨૯ સુધીમાં પાંચ અબજ ડોલરનું રોકાણ કરવાનો પણ સમાવેશ થાય છે. કંપનીનું ફેડરલ ડિસ્ક્લોઝર જણાવે છે કે તેની ઓહાયો ખાતેની ટેકનોલોજી ઓફિસમાં સોફ્ટવેર, ડેટા અને ક્વોલિટી એન્જિનિયરિંગના હોદ્દા પર એચ-૧બી ધારકોમાં ભારતીયો ૭૨ ટકા હિસ્સો ધરાવતા હતા.

બજાર તૂટતા

(૧૭મા પાનાનું ચાલુ)

બદલ પ્રેક્ષકોની માફી માંગી. જો કે તેમણે કાર્યક્રમ જારી રાખ્યો. આ બનાવ દક્ષિણ કોરીયાના શેરબજારમાં આવેલા મોટા ઘટાડા દરમિયાન બન્યો હતો. તે સમયે તેના મુખ્ય ઈન્ડેક્સ કોસ્પીમાં ૬.૧૬ ટકાનો ઘટાડો થયો હતો.

આ છેલ્લા ૧૦ મહિનાનું નીચલું સ્તર હતું. કિમે પોતાની ભાવુકતાનું કારણ આપતા જણાવ્યું હતું કે બજાર તૂટતા નુકસાન સહન કરી રહેલા નાના રોકાણકારોની કેટલીય વાતો સાંભળીને તે ભાવુક થઈ હતી.

હિન્દુ ધર્મમાં

(૧૭મા પાનાનું ચાલુ)

પરિવારે અગાઉ ૨૪ જુન ૨૦૨૬ના રોજ કોટ્ટારક્કરા શ્રી મહાગણપતિ મંદિરના પ્રશાસનિક અધિકારી સમક્ષ આવેદનપત્ર આપ્યું હતું, અને મંદિરમાં મત ધર્મપરિવર્તનમ એટલે કે ધર્મ પરિવર્તનની વિધિ કરાવવામાં આવે તેવી માગ કરી હતી. જોકે મંદિર પ્રશાસને હજુસુધી કોઈ જ એવી વ્યવસ્થા કરી આપી નથી. જેને કારણે આ પરિવારે હવે હાઈકોર્ટની મદદ માગી છે. પરિવારે બંધારણના આર્ટિકલ ૨૫નો ઉલ્લેખ કરીને એવી દલીલ કરી છે કે દરેક વ્યક્તિને પોતાના અંતરાત્મા મુજબ ધર્મ માનવાની સ્વતંત્રતા છે. હવે આ સમગ્ર મામલે હાઈકોર્ટ ૪ ડિસેમ્બરના રોજ વધુ સુનાવણી કરશે.

વિશ્વના

(૧૭મા પાનાનું ચાલુ)

લગભગ બે કરોડની વસ્તી ભૂખમરાના આરે છે, જે કુલ વસ્તીનો ૪૧ ટકા હિસ્સો થાય છે.

સુદાનના દક્ષિણ દારફુરના વિસ્થાપિતોના આવેલા કેમ્પમાં ભૂખમરાની સ્થિતિ દુષ્કાળને પણ સારી કહેવડાવે તેવી છે.

ઊંચા ઈંધણ ખર્ચે મધ્યપૂર્વની વિપરીત સ્થિતિને મોટો ફટકો માર્યો છે. આ જ રીતે યમનના સરકાર હસ્તકના પ્રદેશમાં ૧૮ લાખ લોકો ભૂખમરાના આરે છે. જ્યારે હુથી બળવાખોરો રહે છે ત્યાંના ભૂખમરાનો આંકડો જ નથી, કારણ કે ત્યાં કોઈ જઈ શક્તું નથી.

દક્ષિણ-પશ્ચિમ યમનના અત્યંત ગીચ વિસ્તાર પર કરવામાં આવેલા હુમલામાં ૧૧નાં મોત થયા છે, એમ હુથીઓના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું. તેમા બાળકોનો પણ સમાવેશ થાય છે. હુથીઓએ આ હુમલા માટે સાઉદી અરેબિયાની આગેવાની હેઠળના યમનના સરકારી દળોને જવાબદાર ઠેરવ્યા હતા. હુથીઓએ તાઈઝ શહેરની કરેલી ઘેરાબંધી તોડવા માટે આ હુમલો કરવામાં આવ્યો હોવાનું મનાય છે.

હુથીઓએ સાઉદીની ઓઈલ ફેસિલિટીઝને ફરીથી નિશાન બનાવી હતી અને તેમા ગુરુવારે ફરીથી જાઝન રિફાઈનરી પર કરેલા હુમલાનો સમાવેશ થાય છે. જ્યારે સાઉદીના ઉર્જા મંત્રાલયે જણાવ્યું હતું કે તેમની ઓઈલ રિફાઈનરી પર કરવામાં આવેલા હુમલામાં નેપાળી કામદારનું મોત થયું હતું.

પૂર્વ સીએમના સરકારી બંગલામાં ૧૨ ટોઈલેટ, આઠ બેડરૂમ, વૈભવી બાથટબ, સ્પા, પાંચ મોટા ટીવીની સુવિધા





૧૧ લાખનું

(૧૭મા પાનાનું ચાલુ)

મુલાકાત બાદ જે મહેલની અંદરની જે તસવીરો સામે આવી છે તે મુજબ ઝુમ્મરની કિંમત ૧૧.૫૬ લાખ, સોફાની ૫.૪૭ લાખ, ખુરસીઓની ૫.૫૮ લાખ, સેન્ટ્રલ ટેબલની ૬.૭૯ લાખ, કર્ટેઈનની કિંમત ૫.૬૯ લાખ હોવાનો રાજ્ય સરકારે દાવો કર્યો છે. આ બંગલાના રિનોવેશન અને ફર્નિશિંગનો કુલ ખર્ચ ૫૮.૮૩ કરોડ હોવાનો આંકડો સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. આ બંગલાની મુલાકાત માટે રૂ. ૨૦ની ટિકિટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે, લોકો ઓનલાઈન બૂકિંગ કરી શકે તેવી સુવિધા પણ આપવામાં આવશે. આ બંગલામાં કુલ આઠ બેડરૂમ, ૧૨ ટોઈલેટ, એક વૈભવી બાથટબ, સ્પા, મોંઘા કારપેટ, પાંચ મોટી સ્ક્રીનવાળા ટીવી વગેરેનો સમાવેશ કરાયો છે. મંત્રી કપિલ મિશ્રાએ કહ્યું હતું કે કેજરીવાલના શાસનમાં જનતાના રૂપિયા ક્યાં ખર્ચાઈ રહ્યા હતા તેની લોકોને આ શીશ મહેલની મુલાકાત બાદ જાણ થશે. આમ આદમી તરીકે પોતાને ઓળખાવનારા અરવિંદ કેજરીવાલ ૨૦૧૫થી ૨૦૨૪ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી હતા ત્યારે આ વૈભવી બંગલામાં રહેતા હતા. હાલમાં આ બંગલાની દેખરેખ અને સાફ સફાઈ માટે ૧૦ લોકોનો સ્ટાફ પણ તૈનાત કરાયો છે.

ન્યાયતંત્રમાં દલિત, આદિવાસી, મહિલા, લઘુમતીની અવગણના : પત્રમાં આરોપ, કોપી પીએમને પણ મોકલી

ન્યાયતંત્રમાં

(૧૭મા પાનાનું ચાલુ)

ગવઈએ પત્રમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૧થી ૨૦૨૬ દરમિયાન થયેલી નિમણુંકોમાં આશરે ૮૦ ટકા પદ જનરલ કેટેગરી કે સામાન્ય વર્ગના લોકોને અપાયા છે.

જ્યારે ઓબીસી વર્ગને ૧૪ ટકાથી પણ ઓછુ પ્રતિનિધિત્વ અપાયું છે. દેશની કુલ વસતીના માત્ર પાંચ ટકા હિસ્સો ધરાવનારા સમુદાયના લોકો સુપ્રીમ કોર્ટની ૪૦ ટકાથી વધુ જગ્યા પર કબજો જમાવી બેઠા છે. હાઈકોર્ટોમાં અન્ય ન્યાયાધીશ માટે જગ્યા તૈયાર કરવા માટે યોગ્ય મુખ્ય ન્યાયાધીશોની બદલી કરવામાં આવી રહી છે તેવો ઉલ્લેખ કરતા જસ્ટિસ ગવઈએ કહ્યું હતું કે જે મુખ્ય ન્યાયાધીશને પહેલા નાની હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરાયા હતા તેમની હવે મુખ્ય હાઈકોર્ટ માટે ભલામણ કરવામાં આવી રહી છે. પત્રમાં જસ્ટિસ ગવઈએ રાષ્ટ્રપતિને યાદ અપાવતા કહ્યું હતું કે ન્યાયિક પદો પર નિમણુંક, ટ્રાન્સફરમાં કોલેજિયમની સર્વોપરિતાનો મતલબ એ નથી થતો કે તેની કોઈ જવાબદારી ના હોય. કોલેજિયમ પણ બંધારણના આર્ટિકલ ૧૨૪(૨) અંતર્ગત બંધારણનું રક્ષણ કરવાના પોતાના કર્તવ્યથી મૂક્ત ના થઈ શકે.

બળવાખોર TMC જૂથને ઝટકો : હાઈકોર્ટે વિપક્ષી નેતા બેનરજીની નિમણુકને ફગાવી

કોલકાતા,તા.૨૭

કલકતા હાઈકોર્ટે મમતા બેનરજીના તૃણમૂલ કોંગ્રેસ પક્ષમાં બળવો કરનારા ઋતબ્રત બેનર્જીને આકરો ઝટકો માર્યો છે.હાઈકોર્ટે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષી નેતાપદેથી એમની નિયુક્તિને રદ કરી નાખી છે.

૧૦ દિવસમાં નવેસરથી નિર્ણય લેવા અદાલતની તાકીદ

અદાલતે આ મુદ્દે નવેસરથી નિર્ણય લેવાનો આદેશ કર્યો છે. હાઈકોર્ટે ૨૭ નવેમ્બરે પશ્ચિમ બંગાળ વિધાનસભા અધ્યક્ષના એ નિર્ણયને રદ કરી દીધો, જે અંતર્ગત એમણે ઋતબ્રત બેનરજીને વિપક્ષી નેતા નિયુક્ત કર્યા હતા. હાઈકોર્ટે વિધાનસભા અધ્યક્ષ રથિન્દ્ર બોઝને પશ્ચિમ બંગાળમાં વિપક્ષી નેતા કોણ હોવું જોઈએ એ મુદ્દે ૧૦ દિવસમાં વિચાર કરવા માટે સૂચના આપી છે.

ન્યાયમૂર્તિ કૃષ્ણ રાવે વિપક્ષી દળ, તૃણમૂલ કોંગ્રેસના મુખ્ય દંડકરૂપે નિમાયેલા અખરૂજ્જમાની નિયુક્તિને પણ રદ કરી નાખી છે. હવે બંને હોદ્દે નવી નિયુક્તિ મુદ્દે વિધાનસભા અધ્યક્ષે ૧૦ દિવસમાં નિર્ણય કરવાનો છે. હાઈકોર્ટે આ ચુકાદો મમતા બેનરજી જૂથના ટીએમસીના નેતા શોભનદેવ ચટ્ટોપાધ્યાયની એ અરજી પર આપ્યો છે કે જેમાં એમણે વિધાનસભા અધ્યક્ષ દ્વારા વિપક્ષી ટીએમસી (ડેમોક્રેટિક તૃણમૂલ કોંગ્રેસ) જૂથના નેતા ઋતબ્રત બેનરજીને વિધાનસભામાં વિપક્ષી નેતા નિયુક્ત કરવાના નિર્ણયને પડકાર્યો હતો.

મુખ્ય વિવાદ એનો હતો કે વિધાનસભા અધ્યક્ષે મમતા જૂથના નેતા શોભનદેવ ચટ્ટોપાધ્યાયને વિપક્ષી નેતા બનાવવાના અગાઉથી નક્કી નિર્ણયને માનવાની ના પાડી દીધી હતી અને બળવાખોર નેતા ઋતબ્રત બેનરજીને વિપક્ષી નેતાપદે નિયુક્ત કરી દીધા હતા. ટીએમસી (મમતા જૂથ)નો દાવો છે કે શોભનદેવ ચટ્ટોપાધ્યાયને વિપક્ષી નેતા બનાવવાનો નિર્ણય અગાઉથી થઈ ચૂક્યો હતો, છતાં વિધાનસભા અધ્યક્ષે પક્ષની વાતને માનવાનો ઈન્કાર કરી દીધો.

નોંધનીય છે કે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં મમતા બેનરજીના પક્ષ ટીએમસીની જબરદસ્ત હાર પછી ઋતબ્રત બેનરજીએ પક્ષમાં બળવો કરી ૫૯ ધારાસભ્યો સાથે ડેમોક્રેટિક તૃણમૂલ કોંગ્રેસના નામે પોતાનું અલગ જૂથ બનાવી લીધું હતું.

ધામધૂમથી

(૧૭મા પાનાનું ચાલુ)

ગયા હતા.

બંને પક્ષને ખૂબ સમજાવ્યા હતા કે અહમના ટકરાવને લીધે શા માટે આવો શુભપ્રસંગ રોળી નાખો છો? પણ કોઈ માનવા તૈયાર નહોતું. ત્યાર પછી શહેરના સમાજસેવક અન બીજા અગ્રણી નાગરિકો પણ આ મડાગાંઠ ઉકેલવા પહોંચ્યા હતા. સમાજસેવકે તો જમણવારનો પૂરેપૂરો ખર્ચ પોતે ચૂકવવાની તૈયારી બતાવી હતી. આમ છતાં બેમાંથી કોઈ પક્ષ નમતું જોખવા તૈયાર ન થતા આખરે લગ્ન ફોક કરવામાં આવ્યા હતા અને જાન લીલા તોરણે પાછી વળી હતી. સમગ્ર શહેરમાં આ કિસ્સો ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

પ્રશાંત મહાસાગરમાંથી એક નવી તોફાની સિસ્ટમ સક્રિય થઈ રહી હોવાથી ઓરેગન, મોન્ટાના, વ્યોમિંગમાં હિમવર્ષાની આશંકા

અમેરિકામાં

(૧૭મા પાનાનું ચાલુ)

કિ.મી.ની ગતિએ ફૂંકાયો હતો.

વર્જિનિયા, મેરીલેન્ડ, ડેલ્વર, ન્યૂજર્સી, ન્યૂયોર્ક અને કોસ્ટલ ન્યૂ ઈંગ્લેન્ડમાં પણ અનરાધાર વર્ષા અને જળબંબાકાર પરિસ્થિતિમાંથી સલામત સ્થળોએ ફેરવવા પડ્યાં હતા.

ન્યૂયોર્કનાં 'સીટી ઈમર્જન્સી મેનેજમેન્ટે' જણાવ્યું હતું કે, ગુરૂવારે બપોર પછી પવન અને વર્ષાનું જોર વધ્યું હતું.

છેલ્લાં ૧૦૦ વર્ષમાં જોવા ન મળ્યું હોય તેવું આ તોફાન હતું. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરૂવારે જ ફ્લોરિડાને ૧૦૦ મિલિયન ડોલરની ફેડરલ રીઝર્વમાંથી સહાય કરવાની જાહેરાત કરી હતી. જે આ ચક્રવાત ઉપરાંત તે પૂર્વે પણ થયેલા હરિકેન 'ઈઝેયાસ'ને પરિણામે થયેલાં નુકસાન માટેની આપૂર્તિ સમાન છે.

દરમિયાન પ્રશાંત મહાસાગરમાંથી એક નવી તોફાની સિસ્ટમ સક્રિય થઈ રહી છે. તેનાથી ઓરેગનના દરિયા કિનારાના વિસ્તારોમાં વરસાદ અને કાસ્કેડ પર્વતમાળામાં ભારે હિમવર્ષા થવાની આશંકા છે. મોન્ટાના અને વ્યોમિંગના પર્વતીય વિસ્તારોમાં પણ શુક્રવારે મોડી રાત સુધી હિમપ્રપાતની સંભાવના છે.

સબરીમાલા યાત્રા : ૪૧ દિવસના વ્રતનો મહિમા



કેરળના પ્રસિદ્ધ સબરીમાલા મંદિરમાં ભગવાન અય્યપ્પાની વાર્ષિક મંડલ-મકરવિલક્કુ યાત્રાની શરૂઆત થઈ ગઈ છે. દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ આ યાત્રામાં ભાગ લેવા માટે સબરીમાલા પહોંચે છે. યાત્રાની સૌથી વિશેષ પરંપરા એ છે કે ભક્તોએ ભગવાન અય્યપ્પાનાં દર્શન કરતાં પહેલાં સતત ૪૧ દિવસ સુધી કઠિન વ્રત અને નિયમોનું પાલન કરવું પડે છે. આ સમયગાળાને 'મંડલ વ્રતમ' કહેવામાં આવે છે. આ વ્રતનો હેતુ શરીર અને મનને શુદ્ધ રાખવાની સાથે ભક્તોમાં શિસ્ત, સંયમ અને આધ્યાત્મિક ભાવના વિકસાવવાનો છે. ભક્તો વ્રતની શરૂઆત ગળામાં તુલસી અથવા રુદ્રાક્ષની માળા ધારણ કરીને કરે છે. આ માળાને 'મુદ્રા માળા' કહેવામાં આવે છે. આ વ્રત દરમિયાન મોટા ભાગના ભક્તો કાળા, વાદળી અથવા કેસરી રંગનાં સાદાં વ ો પહેરે છે. ભક્તો સામાન્ય રીતે ચંપલ પહેરવાનું ટાળે છે અને શક્ય હોય ત્યાં સુધી જમીન પર સૂવાનું પસંદ કરે છે. રોજ સ્નાન કરવું, પૂજા કરવી, ભગવાન અય્યપ્પાનું નામસ્મરણ કરવું, દારૂ-માંસનું સેવન ન કરવું અને ગુસ્સા પર નિયંત્રણ રાખવું પણ આ વ્રતનો ભાગ છે.

ભારતીય ટીનેજર એઆઈ આંત્રપ્રિન્યોરની પુતિન સાથે સેલ્ફી વાઈરલ

મોસ્કોમાં ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ૧૭ વર્ષના ભારતીય એઆઈ આંત્રપ્રિન્યોરની રશિયન પ્રમુખ પુતિન સાથેની સેલ્ફી સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગઈ છે. કેરળનો રહેવાસી રાઉલ જહોન અજુ કોચી સ્થિત એઆઈ રીયલ્મ ટેકનોલોજીસના સ્થાપ કઅને ચીફ ટેકનોલોજી ઓફિસર છે, તે એઆઈ જર્ની કોન્ફરન્સમાં રશિયન પ્રમુખ પુતિનને મળ્યો હતો. અહીં તેને રશિયન પ્રમુખ પુતિનની સાથે સંવાદ કરવાની તક મળી હતી.

આ સંવાદ પછી તેણે પુતિનને સેલ્ફી માટે રીકવેસ્ટ કરી હતી અને તેમણે તેની મંજૂરી આપી હતી. આજે પુતિનની સાથેની સેલ્ફીના લીધે તે એઆઈ કિડ ઓફ ઈન્ડિયા તરીકે જાણીતો બની ગયો છે. તેણે જણાવ્યું હતું કે આ સેલ્ફીએ મને કલ્પી ન હોય તેવી ઓળખ અપાવી છે. ભારત ખાતેની રશિયન એમ્બેસીએ જણાવ્યું હતું કે રાઉલ તે યુવા એઆઈ ટેલેન્ટ્સમાં એક છે જે રશિયા અને કઝાખસ્તાનના પ્રમુખને મળ્યો છે.

પોલીસે બંધક બનાવાયેલા વિદેશીઓને બચાવ્યા

નોકરીનું ખોટું વચન આપી ૧૬૪ વિદેશીઓને બંધક બનાવાયા

નવી દિલ્હી, તા. ૨૭

નોકરી અપાવવાનું ખોટું વચન આપીને વિદેશી નાગરિકોને ભારત બોલાવવા અને તેમને બંધક બનાવી આંતરરાષ્ટ્રીય સાયબર છેતરપિંડી કરાવવાનો એક કેસ નોઈડામાં સામે આવ્યો છે.

નોઈડામાં વિદેશીઓને બંધક બનાવી આંતરરાષ્ટ્રીય સાયબર છેતરપિંડી કરાવવા મજબૂર કરાયા

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચ ટીમે ગુરૂવારે આ જૂથનો પર્દાફાશ કર્યો હતો અને લગભગ ૧૬૪ વિદેશી નાગરિકોને મુક્ત કરાવ્યા હતાં.

સૂત્રોનાં જણાવ્યા અનુસાર દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચ ટીમે ગુરૂવારે નોઈડાનાં સેક્ટર ૧૩૬માં તેમની ઓફિસમાં દરોડા પાડ્યા હતાં અને ૧૬૪ વિદેશી નાગરિકોને બચાવ્યા હતાં.

તેમાં ૯૨ ઈન્ડોનેશિયન અને ૭૨ મલેશિયન નાગરિકો સામેલ હતાં. પોલીસે ઘટના સ્થળેથી ૧૭૪ પાસપોર્ટ સહિત મોટી સંખ્યામાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો પણ જપ્ત કર્યા હતાં.

પોલીસનાં જણાવ્યા અનુસાર વિદેશી નાગરિકોને એક આઈટી સર્વિસિઝ કંપનીમાં સારી નોકરી અને ઉંચા પગારનું ખોટું વચન આપીને ભારત બોલાવવામાં આવ્યા હતાં.ભારત આવ્યા પછી આ તમામ વિદેશી નાગરિકોનાં પાસપોર્ટ જપ્ત કરી લેવામાં આવ્યા હતાં.

ગુજરાત સમાચાર APPOINTMENTS

REQUIRE Civil Engineer

QUALITY HEAD

REQUIRED

WANTED DOCTORS (FULL TIME)
1) Opthalmologist
2) Gynecologist
ANJALI HOSPITAL

Parul University PRINCIPAL

HIRING HARIT ZAVERI JEWELLERS

જોઇએ છે
શ્રેયાર્થ યુનીવર્સીટીની ભાડજ પાસે આવેલ ૭ માળની બિલ્ડીંગ (આશરે ૩,૦૦,૦૦૦ ચો.ફુટ)માં લેબરથી કામ કરી શકે તેવા ઈલેક્ટ્રીકલ તેમજ પ્લમ્બીંગ કોન્ટ્રાક્ટર જોઈએ છે. માલ-સામાન સંસ્થા તરફથી આપવામાં આવશે.
email : hrhead5959@gmail.com

KALAMANDIR

SAHAKAR SE SAMRIDDHI

દેશ-દુનિયા

કેનેડાના પૂર્વ પીએમ અને પોપસ્ટારની એક છોટી સી લવસ્ટોરી..



પ્રેમ અને રાજકારણને દૂર દૂરનો સંબંધ નથી. જો બંને સાથે આવે તો પ્રેમ અથવા તો પદ છોડવાનો વારો આવે. કેનેડાના પૂર્વ પીએમ જસ્ટિન ટ્ રુડો અને અમેરિકન પોપસ્ટાર કેટી પેરીની લવસ્ટોરી કંઈક આવી જ છે. એક તરફ દેશની રાજનીતિમાં લાંબો સમય વિતાવનાર ટ્ રુડો અને બીજી તરફ દુનિયાભરમાં પોતાના ગીતોથી કરોડો ચાહકોનું દિલ જીતનારી કેટી પેરી... ટ્ રુડોએ કેનેડાના પીએમનું પદ છોડ્યું, પત્ની છોડી પછી આ અનોખી લવસ્ટોરી શરૂ થઈ. આ કહાણી હવે યુરોપની સૌથી મોંઘી અને લક્ઝરી ટ્રેન સફર સુધી પહોંચી છે.

એક તરફ, ટ્રુડોનું ૧૮ વર્ષનું લગ્નજીવન સમાપ્ત થયું અને બીજી તરફ, કેટી પેરી હોલિવૂડ એક્ટર ઓર્લેન્ડો બ્લૂમથી સગાઈ અને એક પુત્રી બાદ અલગ થઈ હતી

પેરિસથી વેનિસ સુધીની સફર : તાજેતરમાં આ કપલ પેરિસથી વેનિસ સુધીની ૨૪ કલાકની સફર માટે વેનિસ-સિમ્પલોન-ઓરિએન્ટ એક્સપ્રેસ ટ્રેનમાં સવાર થયું હતું. બંનેએ ટ્રેનનો એક આખો પ્રાઈવેટ કોચ બુક કરાવ્યો હતો. આ સફરનું ભાડું લગભગ ૮૦ હજાર પાઉન્ડ છે. એટલે કે ટ્રેનમાં એક રાત વિતાવવા માટે લગભગ એક કરોડ રૂપિયાનો ખર્ચ! **મોન્ટ્રિયલમાં મુલાકાત અને પછી પ્રેમની શરૂઆત :** કેટી પેરી અને જસ્ટિન ટ્ રુડોની મુલાકાતની ચર્ચા જુલાઈ ૨૦૨૫માં શરૂ થઈ હતી. ૨૮ જુલાઈના રોજ બંને કેનેડાના મોન્ટ્રિયલ શહેરમાં સાથે જોવા મળ્યાં હતાં. બંનેએ માઉન્ટ રોયલ પાર્કમાં સાથે સમય વિતાવ્યો. ત્યારબાદ જાણીતી રેસ્ટોરાંમાં ડિનર કર્યું હતું. ત્યાંથી તેઓ ડ્રિન્ક્સ માટે પણ ગયાં હતાં. આ મુલાકાતના બે દિવસ બાદ ટ્રુડો કેટી પેરીના લાઈફટાઈમ્સ ટુરના મોન્ટ્રિયલ કોન્સર્ટમાં પણ જોવા મળ્યા હતા. શરૂઆતમાં બંનેએ પોતાના સંબંધો અંગે જાહેરમાં કંઈ કહ્યું નહોતું. જોકે, ઓક્ટોબર ૨૦૨૫માં કેટી પેરીના ૪૧મા જન્મદિવસે બંને પેરિસમાં કેઝી હોર્સ કેબરે શોમાં જોવા મળ્યાં હતાં. **૧૮ વર્ષનું લગ્નજીવન અને પછી અલગ થવાનો નિર્ણય :** ટ્ રુડોએ મે ૨૦૦૫માં સોફી ગ્રેગોઇર સાથે લગ્ન કર્યા હતાં. બંને એકબીજાને યુવાનીના દિવસોથી ઓળખતાં હતાં. સોફી ટ્ રુડોના નાના ભાઈની ક્લાસમેટ હતી. વર્ષો બાદ ૨૦૦૩માં બંને ફરી મળ્યાં હતાં અને ત્યારબાદ પ્રેમસંબંધ શરૂ થયો હતો. લગભગ ૧૮ વર્ષના લગ્નજીવન બાદ ૨ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ બંનેએ અલગ થવાની જાહેરાત કરી હતી. આ લગ્નજીવનથી તેમને ત્રણ સંતાનો છે. ઝેવિયર, એલા-ગ્રેસ અને હેડ્રિયન. તેમણે બાળકોને મળીને ઉછેરવાની જાહેરાત કરી છે. **કેટી પેરી તાજેતરમાં જ સંબંધમાંથી બહાર આવી હતી :** બીજી તરફ, કેટી પેરીનું અંગત જીવન પણ આ સમયગાળામાં બદલાઈ રહ્યું હતું. કેટી પેરી અને હોલિવૂડ એક્ટર ઓર્લેન્ડો બ્લૂમ ૨૦૧૬થી સાથે હતાં. ૨૦૧૯માં બંનેએ સગાઈ કરી હતી અને તેમને ડેઝી નામની પુત્રી પણ છે. જોકે, જૂન ૨૦૨૫માં બંનેએ પોતાનો સંબંધ સમાપ્ત કર્યો હતો.

બંનેએ પેરિસથી વેનિસ જવા માટે ટ્રેનનો લગભગ રૂ. ૧ કરોડનો પ્રાઈવેટ કોચ બુક કરાવ્યો હતો, જે બાદથી આ સંબંધો ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે

ધડકન ટુમાં નવી સ્ટોરી અને નવોદિત કલાકારો હશે

૨૬ વર્ષે ધડકન-ટુ બનશે, સુનિલ શેટ્ટી કેમિયો કરશે

મુંબઈ, તા. ૨૭

૨૦૦૦માં રિલીઝ થયેલી સુપરહીટ લવસ્ટોરી 'ધડકન'ની સિક્વલ 'ધડકન ટુ' બની રહી છે અને તેમાં સુનીલ શેટ્ટી ખાસ ભૂમિકામાં જોવા મળશે. ધડકનમાં અક્ષય કુમાર, શિલ્પા શેટ્ટી અને સુનીલ શેટ્ટીએ મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી.



'ધડકન ટુ'નું નિર્દેશન ૨૦૧૭માં આવેલી 'ટોઈલેટઃ એક પ્રેમકથા ફેમ નિર્દેશક નારાયણ સિંહ' કરવાના હોય તેમ લાગે છે. આ ફિલ્મમાં તેઓ તેમના પુત્રને લોન્ચ કરવા માંગે છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આ ફિલ્મમાં નવોદિતોને તક આપવામાં આવશે અને સ્ટોરી પણ એકદમ અલગ હશે.

'ધડકન' જ્યારે રિલીઝ થઈ ત્યારે તેના ગીતો અને સંવાદો ભારે લોકપ્રિય બન્યા હતા.

ટોઈલેટઃ એક પ્રેમકથા ફેમ નિર્દેશક નારાયણ સિંહ તેમના પુત્રને આ ફિલ્મ દ્વારા લોન્ચ કરવાની ફિરાકમાં

ડ્રોન ત્રાટકતા રેબલ સ્તબ્ધ બની સ્ટેજ પરથી જતી રહી

ઈવેન્ટમાં ધુરંધરનું ગીત ગાતી રેપર રેબલ પર ડ્રોન ત્રાટક્યું

મુંબઈ, તા. ૨૭

આસામના પાટનગર ગુવાહાટીમાં પલ્સ ૨૦૨૬ એવોર્ડ સમારોહમાં ૨૬ વર્ષની રેપર સિંગર રેબલ 'ધુરંધર'નું ગીત રન ડાઉન ધ સિટીઃ મોનિકા ગાઈ રહી હતી ત્યારે જ તેના ચહેરા પર અચાનક ડ્રોન ત્રાટક્યુ હતું.

ડ્રોનનો હુમલો થતાં ઘડીભર સ્તબ્ધ બની ગયેલી રેબલ એ પછી સ્ટેજ પરથી રવાના થઈ ગઈ હતી. રેબલને આ ઘટનામાં કોઈ ઈજા



થઈ છે કે કેમ તે જાણી શકાયું નથી. ઈન્સ્ટા પર ફરી રહેલા વિડિયોમાં રેબલ સ્ટેજ પર ફૂદકાં મારી ગીત પરફોર્મ કરી રહી હોય છે ત્યારે ડ્રોન ત્રાટકતું દેખાય છે. ડ્રોન તેના ચહેરા પર અથડાઈ સ્ટેજ પર પડી ગયું હતું.

રેબલને 'ધુરંધર'માં બે ગીત રજૂ કરવાની તક મળી હતી.

ગુવાહાટીમાં પલ્સ ૨૦૨૬ એવોર્ડના શોમાં રેબલના પરફોર્મન્સ ટાણે ડ્રોન ત્રાટકવાનો વીડિયો વાઈરલ

સંપત્તિના હિસ્સાની ટકાવારી વિવાદિત હોવાની દલીલ

કરિશ્માના સ્વ. પતિની પ્રોપર્ટીના વિવાદમાં લવાદી પ્રક્રિયા અટકી

મુંબઈ, તા. ૨૭

૩૦,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ ધરાવતાં આર કે ફેમિલિ ટ્રસ્ટનો વિવાદ મધ્યસ્થી દ્વારા લાવવાની પ્રક્રિયા નિષ્ફળ જતાં સુપ્રીમ કોર્ટે ગુરૂવારે મધ્યસ્થીની પ્રક્રિયા બંધ કરી દીધી હતી. ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ ડીવાય ચન્દ્રચૂડની આગેવાની હેઠળ મંત્રણાના ૧૫ રાઉન્ડ પછી પણ બંને પક્ષો વચ્ચે કોઈ સંમતિ સધાઈ નહોતી.



ઉદ્યોગપતિ સંજયકપૂરની માતા રાની કપૂર વતી ટ્રસ્ટની સંપત્તિમાંથી ૬૦૦૦ કરોડ રૂપિયાનો હિસ્સો માંગવામાં આવ્યો હતો જ્યારે પ્રિયા કપૂરે વતી વકીલોએ તે ટ્રસ્ટની સંપત્તિના ૬૦ ટકા હિસ્સો મેળવવાને પાત્ર છે જ્યારે સંજયના સંતાનોમાં બાકીના ૪૦ ટકા હિસ્સાને વહેંચી દેવો જોઈએ.

સંજય અને કરિશ્મા કપૂરના સંતાનો માટે ૨૬ ટકા હિસ્સાની માગણી

ફિલ્મ રજૂ થઈ ચૂકી હોઈ જોનારાઓએ જોઈ લીધી છે

રામાયણ ફિલ્મ વિરુદ્ધ થયેલી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી

નવી દિલ્હી, તા. ૨૭

ફિલ્મ 'રામાયણ ભાગ એક'માં ઘણી બાબતોને મારીમચડીને રજૂ કરવામાં આવી હોઈ તેની નવી પેઢી પર વિપરીત અસર પડે તેમ હોવાથી અમારી અરજીની તત્કાળ સુનાવણી હાથ ધરવામાં આવે તેવી અરજદારની દલીલ સુપ્રીમ કોર્ટે નકારી કાઢી જણાવ્યું હતું કે આ ફિલ્મ સિનેમાગૃહોમાં રજૂ થઈ ચૂકી છે અને જેમણે આ ફિલ્મ જોવી હતી તેમણે જોઈ લીધી છે એટલે આ તબક્કે હાલ અદાલતી હસ્તક્ષેપ કરવાની કોઈ જરૂર જણાતી નથી.



સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે જણાવ્યું હતું કે ફિલ્મમેકર્સને તેમની સમજણ અનુસાર મહાકાવ્ય રજૂ કરી શકે છે.

આ ફિલ્મ સામે વાંધો હોય તો તમને તમારી અલગ રીતે તમારી રામાયણ બનાવવાની છૂટ છે : જજ

પોતાનું ધાર્યું કરવા જાણીતા ભાજપાના હાઈકમાન્ડે વિપક્ષોની એકતાને વેરણછેરણ કરી બાજી પલટી !

ભારતના નવા ભાગલા પાડતા પહેલાં 'ઈન્ડિયા'માં ભાગલા પાડ્યા

કેન્દ્ર સરકાર ફરી એક વખત સીમાંકન બિલ અને મહિલા અનામત કાયદાના અમલ સંબંધિત બંધારણીય સુધારા બિલ સંસદમાં રજૂ કરવા સક્રિય બની છે. એપ્રિલ ૨૦૨૬માં સરકાર આ બિલ લોકસભામાં પસાર કરાવવામાં નિષ્ફળ રહી હતી, બુધવારે રાજ્યસભાનું સત્ર બોલાવવાની જાહેરાત કરી છે.

આ બંને ઐતિહાસિક વિધેયકોને કાયદાનું સ્વરૂપ આપવું એ સરકાર માટે કોઈ સરળ કાર્ય નથી, કારણ કે તેના માટે સંસદના બંને ગૃહોમાં બે-તૃતીયાંશ બહુમતીનો કઠિન આંકડો પાર

લોકસભામાં કુલ ૫૪૩ બેઠકોની ક્ષમતા સામે બે-તૃતીયાંશ બહુમતીનો જાદુઈ આંકડો ૩૬૨ થાય છે. જો કે, હાલમાં લોકસભામાં ત્રણ બેઠકો ખાલી હોવાથી બહુમતીનો આંકડો ઘટીને ૩૬૦ પર સ્થિર થયો છે. તેની સામે ભાજપ પાસે પોતાના ૨૪૧ સાંસદો છે. તેના મુખ્ય સહયોગી પક્ષોમાં ટીડીપી પાસે ૧૬, જેડીયુ પાસે ૧૨, શિવસેના પાસે ૧૩ અને લોક જનશક્તિ પાર્ટી પાસે ૫ સાંસદો છે. તે સીવાય ટીએમસીના જુદા થયેલા ૨૦ નેતાઓ સાથે કુલ આંકડો ૩૨૦ થાય છે : વિપક્ષી છાવણીના આંકડાઓ પર નજર કરીએ તો લોકસભામાં કોંગ્રેસ ૯૮ બેઠકો સાથે સૌથી મોટો વિપક્ષી પક્ષ છે, જ્યારે સમાજવાદી પાર્ટી પાસે ૩૭ બેઠકો છે. એનસીપી (શરદ પવાર જૂથ) સહિતના અન્ય વિપક્ષી દળો પાસે ૧૦થી ઓછી બેઠકો છે. ડીએમકે પાસે લોકસભામાં ૨૨ સાંસદો છે. સરકારે ડીએમકે અને શરદ પવારને બિલના સમર્થન માટે મનાવીને વિપક્ષના 'ઈન્ડિયા' બ્લોકમાં ભાગલા પાડ્યા

પરંતુ આ વખતે કેન્દ્ર સરકાર 'ઈન્ડિયા' એટલે કે વિપક્ષના ઈન્ડિ ગઠબંધનમાં ભાગલા પડાવીને સૂચિત બિલ પસાર કરાવી લે તેવી સંભાવના છે. આ બિલ રજૂ કરવા માટે કેન્દ્ર સરકારે ૩૦ નવેમ્બરને સોમવારે લોકસભા અને ૨ ડિસેમ્બરને કરવો જરૂરી છે. આ સમગ્ર પ્રક્રિયામાં બંધારણીય નિયમો, ગૃહમાં સભ્યોની હાજરી, પ્રાદેશિક પક્ષોનું વલણ અને બળવાખોર સાંસદોની ભૂમિકા અત્યંત નિર્ણાયક સાબિત થવાના છે.

બંધારણીય નિષ્ણાતોના મત, ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૬૮ હેઠળ બંધારણીય સુધારા વિધેયક પસાર કરવાની પ્રક્રિયા અત્યંત જટિલ અને કડક છે. રાજ્યોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની સંખ્યા વધારવા માટે પરિસીમન કરાવવું અનિવાર્ય છે, અને તે જ રીતે સંસદમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ ૩૩ ટકા સુધી લઈ જવા માટે પણ બંધારણમાં સુધારો કરવો જરૂરી છે. સામાન્ય વિધેયકો ૫૦ ટકાથી વધુ સભ્યોની સાદી બહુમતીથી પસાર થઈ શકે છે, પરંતુ બંધારણમાં ફેરફાર કરવા માટે વિશેષ બહુમતીની શરત લાગુ પડે છે. આ જોગવાઈ મુજબ, મતદાનના દિવસે ગૃહના કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા ૫૦ ટકા સભ્યોની હાજરી અનિવાર્ય છે, અને હાજર રહીને મતદાન કરનારા સભ્યોમાંથી બે-તૃતીયાંશ સભ્યોનું સમર્થન મેળવવું ફરજિયાત છે. આ ઉપરાંત, જો કોઈ બંધારણીય સુધારો દેશના સંઘીય માળખા, સત્તાની વહેંચણી કે સંસદમાં રાજ્યોના પ્રતિનિધિત્વના માળખામાં ફેરફાર કરતો હોય, તો સંસદની વિશેષ બહુમતી ઉપરાંત દેશની ઓછામાં ઓછી અડધી રાજ્ય વિધાનસભાઓની સાદી બહુમતીથી મંજૂરી મેળવવી પણ જરૂરી બને છે.

વર્તમાન સંજોગોમાં સંસદના નીચલા ગૃહ એટલે કે લોકસભાના સંખ્યાબળનું વિશ્લેષણ કરીએ તો, કુલ ૫૪૩ બેઠકોની ક્ષમતા સામે બે-તૃતીયાંશ બહુમતીનો જાદુઈ આંકડો ૩૬૨ થાય છે. જો કે, હાલમાં લોકસભામાં ત્રણ બેઠકો ખાલી હોવાથી સભ્યોની અસરકારક સંખ્યા ૫૪૦ છે, જેના કારણે બહુમતીનો આંકડો ઘટીને ૩૬૦ પર સ્થિર થયો છે. આ આંકડા સામે સત્તાધારી પક્ષ એનડીએ ગઠબંધનની સ્થિતિ તપાસીએ તો, ભાજપ પાસે પોતાના ૨૪૧ સાંસદો છે. તેના મુખ્ય સહયોગી પક્ષોમાં તેલુગુ દેશમ પાર્ટી પાસે ૧૬, જનતા દળ યુનાઈટેડ પાસે ૧૨, શિવસેના પાસે ૧૩ અને લોક જનશક્તિ પાર્ટી પાસે ૫ સાંસદો છે. આ મુખ્ય પક્ષો અને અન્ય નાના સાથી પક્ષોને મળીને એનડીએનું પોતાનું સંખ્યાબળ ૩૦૦ સુધી પહોંચે છે. આ ઉપરાંત, તૃણમૂલ કોંગ્રેસમાંથી અલગ થયેલા ૨૦ સાંસદોના જૂથે પણ સરકારને સમર્થન જાહેર કર્યું છે, જેનાથી સરકાર પાસે કુલ ૩૨૦ સાંસદોનું સમર્થન થાય છે. આમ છતાં, ૩૬૦ના જાદુઈ આંકડા સુધી પહોંચવા માટે સરકારને હજુ પણ ૪૦ વધારાના સાંસદોના સમર્થનની જરૂર પડશે, જે એક મોટો રાજકીય અવરોધ છે.બીજી તરફ, વિપક્ષી છાવણીના આંકડાઓ પર નજર કરીએ તો લોકસભામાં કોંગ્રેસ ૯૮ બેઠકો સાથે સૌથી મોટો વિપક્ષી પક્ષ છે, જ્યારે સમાજવાદી પાર્ટી પાસે ૩૭ બેઠકો છે. એનસીપી (શરદ પવાર જૂથ) સહિતના અન્ય વિપક્ષી દળો પાસે ૧૦થી ઓછી બેઠકો છે. નોંધપાત્ર બાબત એ છે કે ઈન્ડિયા ગઠબંધનથી અલગ થયેલી ડીએમકે પાસે લોકસભામાં ૨૨ સાંસદો છે. જો વિપક્ષ એકજૂથ થઈને આ વિધેયકોની વિરુદ્ધમાં મતદાન કરે, તો સરકાર માટે ૪૦ સાંસદોની ઘટ પૂરી કરવી અત્યંત કઠિન બની શકે છે.

સંસદમાં લોકસભાની જેમ જ હવે ઉપલા ગૃહ એટલે કે રાજ્યસભાનું સંખ્યાબળ પણ સરકાર માટે એટલું જ પડકારજનક છે. ૨૫૦ સભ્યોની કુલ ક્ષમતા ધરાવતી રાજ્યસભામાં બે-તૃતીયાંશ બહુમતી માટે ૧૬૭ મતોની જરૂર પડે, પરંતુ હાલમાં ગૃહમાં ૨૪૪ સભ્યો જ કાર્યરત છે, કારણ કે નામાંકિત સભ્યોની ૫ અને ચૂંટાયેલા સભ્યની ૧ બેઠક ખાલી છે. આ સંજોગોમાં સરકારને રાજ્યસભામાં વિધેયક પસાર કરવા માટે ૧૬૩ સાંસદોના સમર્થનની જરૂર પડશે. રાજ્યસભામાં ભાજપ પાસે ૧૧૭ બેઠકો છે, જ્યારે એઆઈએડીએમકે (છેંછઘસ્ણ), જેડીયુ, એનસીપી અને ટીડીપી પાસે ૪-૪ બેઠકો છે. અન્ય નાના પક્ષોને ઉમેરતા એનડીએ પાસે ૧૫૪ સભ્યોનું સમર્થન થાય છે. આ ઉપરાંત, ગૃહમાં હાજર ૭ નામાંકિત (નોમિનેટેડ) સભ્યો સામાન્ય રીતે સરકારની તરફેણમાં મતદાન કરતા હોવાનું જોવા મળ્યું છે. જો આ ૭ સભ્યો સરકારની સાથે રહે તો પણ એનડીએ ૧૬૧ના આંકડા સુધી પહોંચે છે, જે ૧૬૩ના જાદુઈ આંકડાથી ૨ મત ઓછા છે. રાજ્યસભામાં વિપક્ષ પાસે કુલ ૬૪ સભ્યોનું સંખ્યાબળ છે, જેમાં કોંગ્રેસ પાસે ૩૦ અને તૃણમૂલ કોંગ્રેસ પાસે ૯ બેઠકો છે, જ્યારે સમાજવાદી પાર્ટી ત્રીજો સૌથી મોટો વિપક્ષી પક્ષ છે.

રાજકીય નિરીક્ષકોના મત, સંસદના આ સીધા દેખાતા આંકડાઓની પાછળ ઘણા એવા રાજકીય અને વ્યૂહાત્મક પાસાઓ છુપાયેલા છે, જે સમગ્ર પરિણામને બદલી શકે છે. પ્રથમ અને સૌથી મહત્વનું પરિબળ ગૃહમાં સભ્યોની ગેરહાજરી અને વોકઆઉટ છે. બંધારણના અનુચ્છેદ ૩૬૮ મુજબ, બે-તૃતીયાંશ બહુમતીની ગણતરી ગૃહની કુલ સભ્યસંખ્યા પર નહીં, પરંતુ મતદાન સમયે 'હાજર અને મતદાન કરનારા' સભ્યોની સંખ્યા પર આધારિત હોય છે. જો વિપક્ષી દળો મતદાનમાં ભાગ ન લઈને ગૃહમાંથી વોકઆઉટ કરે અથવા ગેરહાજર રહે, તો હાજર સભ્યોની કુલ સંખ્યા ઘટી જાય છે અને તેની સાથે જ બે-તૃતીયાંશ બહુમતીનો લક્ષ્યાંક પણ નીચો આવી જાય છે. ઉદાહરણ તરીકે, જો લોકસભામાં તમામ ૫૪૦ સભ્યો મતદાન કરે તો સરકારને ૩૬૦ મતોની જરૂર પડે, પરંતુ જો ડીએમકે (૨૨ સાંસદો) અને એનસીપી-એસપી (૮ સાંસદો) મતદાનથી દૂર રહે, તો કુલ હાજર સભ્યો ઘટીને ૫૧૦ થઈ જશે અને સરકારને વિધેયક પસાર કરવા માટે માત્ર ૩૪૦ મતોની જ જરૂર રહેશે. તેવી જ રીતે રાજ્યસભામાં પણ વિપક્ષના વોકઆઉટથી ૧૬૩નો આંકડો નીચે આવી શકે છે અને ૧૫૪ બેઠકો ધરાવતું એનડીએ સરળતાથી બહુમતી હાંસલ કરી શકે છે.

રાજકીય સમીકરણો ગોઠવવા દરમિયાન બીજું અત્યંત સંવેદનશીલ પરિબળ તૃણમૂલ કોંગ્રેસના ૨૦ બળવાખોર સાંસદો પર લેવાનારો નિર્ણય છે. ટીએમસીના ૨૮માંથી ૨૦ લોકસભા સાંસદો અલગ થઈને નેશનલ સિટિઝન પાર્ટી નામના નાના પક્ષમાં જોડાઈ ગયા છે અને એનડીએને સમર્થન આપી રહ્યા છે. તૃણમૂલ કોંગ્રેસે આ સાંસદો વિરુદ્ધ પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ ગેરલાયક ઠેરવવાની અરજી દાખલ કરી છે. જ્યાં સુધી લોકસભાના અધ્યક્ષ આ અરજી પર કોઈ અંતિમ નિર્ણય ન લે, ત્યાં સુધી આ ૨૦ સાંસદો મતદાન કરવા માટે હકદાર છે.

પરંતુ, જો મતદાન પહેલા અધ્યક્ષ તેમને ગેરલાયક ઠેરવે, તો એનડીએનું સંખ્યાબળ ૩૨૦થી ઘટીને ૩૦૦ ઉપર આવી જશે અને ગૃહની કુલ સભ્યસંખ્યા ૫૨૦ થઈ જશે. આવી સ્થિતિમાં બે-તૃતીયાંશ બહુમતીનો આંકડો ૩૪૭ થશે, જે સરકાર માટે ૪૭ મતોનું મોટું અંતર ઊભું કરશે અને વિધેયક પસાર કરવું અત્યંત મુશ્કેલ બની જશે.



ડીએમકે અને પવાર જૂથ બાજી પલટાવે તેવી વ્યાપક સંભાવના

આ સિવાય ત્રીજું મહત્વનું પરિબળ બિન-જોડાણવાદી અને પ્રાદેશિક પક્ષોની શરતો છે. એનડીએ પોતાના દમ પર બે-તૃતીયાંશ બહુમતીથી લગભગ ૪૦ મત પાછળ હોવાથી આ પક્ષોનું વલણ નિર્ણાયક બની ગયું છે. ઈન્ડિયા ગઠબંધનથી અલગ થયા બાદ ડીએમકે સૌથી મોટો એવો પક્ષ છે જેનું વલણ હજુ અસ્પષ્ટ છે. ડીએમકેના ટોચના નેતૃત્વએ સ્પષ્ટ કર્યું છે કે પરિસીમન બાદ પણ સંસદમાં તમિલનાડુનો વર્તમાન હિસ્સો (૭.૧૮ ટકા) સુરક્ષિત રાખવાની બંધારણીય ખાતરી આપવામાં આવશે, તેના આધારે જ તેઓ પોતાનો નિર્ણય લેશે. બીજી તરફ, એનસીપી (શરદ પવાર જૂથ) ના નેતા સુપ્રિયા સુલેએ એવો સંકેત આપ્યો છે કે જો કાયદામાં તમામ રાજ્યોની બેઠકોમાં એકસમાન ૫૦ ટકાનો વધારો કરવાની જોગવાઈ સુનિશ્ચિત કરવામાં આવે, તો તેમનો પક્ષ આ વિધેયકો પર વિચાર કરી શકે છે. આ ઉપરાંત, વાયએસઆર કોંગ્રેસ, જેણે અગાઉ પણ મુખ્ય વિધેયકો પર સરકારને સમર્થન આપ્યું છે, તેના ૪ મતો સરકારના પક્ષમાં ગણી શકાય છે. વીસીકે (૨) અને આરએલપી (૧) જેવા નાના પક્ષોનું વલણ તેમજ કોઈ એક સાંસદનું સંભવિત ક્રોસ-વોટિંગ પણ બહુમતીના સમીકરણો બદલી શકે છે.

આ રાજકીય ઉથલપાથલમાં અંતિમ પરિબળ જેલમાં બંધ સાંસદોની સ્થિતિ અને સત્તાધારી પક્ષની પોતાની આંતરિક હાજરી છે. રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ આસામની ડિબ્રુગઢ જેલમાં બંધ અપક્ષ સાંસદ અમૃતપાલ સિંહ અને બારામુલ્લાના સાંસદ એન્જિનિયર રશીદની ગેરહાજરી પણ ગણતરીમાં મહત્વની છે. આ બંને સાંસદોને મતદાનમાં ભાગ લેવા માટે અદાલતની વિશેષ પરવાનગી અથવા પેરોલની જરૂર પડે છેત જો તેમને પરવાનગી ન મળે તો ગૃહમાં હાજર સભ્યોની સંખ્યામાં સીધો બે સભ્યોનો ઘટાડો થાય છે. બીજી તરફ, જો મતદાનના દિવસે સત્તાધારી ગઠબંધનના પોતાના જ ૧ થી ૩ સાંસદો કોઈ કારણસર ગેરહાજર રહે, તો સરકારનું બે-તૃતીયાંશ બહુમતી સુધી પહોંચવાનું અંતર વધુ વધી શકે છે. આમ, સંસદના આ સત્રમાં પરિસીમન અને મહિલા અનામત વિધેયકનું ભવિષ્ય માત્ર સત્તાધારી ગઠબંધનના સંખ્યાબળ પર જ નહીં, પરંતુ વિપક્ષની રણનીતિ, પ્રાદેશિક પક્ષો સાથેની વાટાઘાટો અને ગૃહમાં સભ્યોની હાજરીના સૂક્ષ્મ ગણિત પર નિર્ભર રહેશે. કેટલાક જાણકારોનું માનવું છે કે, સરકાર દ્વારા આ સત્ર દરમિયાન કોઈપણ રીતે સોગઠા ગોઠવીને પણ આ બિલ પસાર કરાવી લેવામાં આવશે.

લાખો લોકોને સલામત સ્થળે ખસેડવા પડ્યા, ૫૦૦ ફ્લાઈટ રદ

અમેરિકામાં ચક્રવાતનો કેર : ૧૦ લાખ ઘરોમાં વીજળી ગુલ

(પીટીઆઈ)

અમેરિકાના પૂર્વ તટે પ્રતિ કલાક ૧૧૨ કિ.મી.ની ઝડપે ત્રાટકેલા શક્તિશાળી ચક્રાવાતે ચક્રવાત ત્રાટકતાં ભારે વિનાશ સર્જ્યો છે. આ ચક્રવાતના કારણે પૂર્વીય કાંઠે ન્યૂયોર્કથી વર્જિનિયા સુધીના વિસ્તારોમાં અનેક વૃક્ષો ઉખડી ગયા હતા અને વીજળીના થાંભલા પડી ગયા હતા, જેના પગલે ૧૦ લાખ ઘરોમાં અંધારપટ છવાઈ ગયો હતો અને ૫૦૦ જેટલી ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. બીજીબાજુ તિવ્ર ગતિએ ફૂંકાતા પવન, આંધી-તોફાન અને મૂશળધાર વરસાદથી લાખો લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ટેનેસી વેલી સુધી દક્ષિણના ભાગો, મિડવેસ્ટ, ઓહાયો વેલી અને ગ્રેટર લેક્સના નીચાણવાળા વિસ્તારમાં ઠંડા વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું.

પૂર્વમાં ન્યૂયોર્કથી વર્જિનિયા સુધી ચક્રવાતના કારણે અને પશ્ચિમમાં સમુદ્રની લહેરોના પગલે પૂર આવતા અનેક વિસ્તારો જળબંબાકાર

ન્યૂયોર્ક, તા.૨૭

અમેરિકામાં પૂર્વકાંઠે ચક્રાવાત ત્રાટક્યું હતું તો પશ્ચિમ કાંઠે કેલિફોર્નિયામાં સમુદ્રમાંથી ઉઠેલી ઊંચી લહેરોના કારણે પૂર આવતા સમગ્ર વિસ્તાર જળબંબાકાર થઈ ગયો હતો. સમુદ્રમાં ઊઠેલી ભરતીના કારણે ઉત્તરી કેલિફોર્નિયાના હમ્બોલ્ટ કાઉન્ટીથી લોસ એન્જેલસ પાસે વેન્ચુરા કાઉન્ટી સુધી અનેક વિસ્તારોમાં લોકોને સુરક્ષિત સ્થળો પર જવાના નિર્દેશો અપાયા હતા.

ચક્રવાતના કારણે ગુરુવારે ૪૫૪ જેટલી ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી, અને ૨,૪૧૧ ફ્લાઈટ્સ મોડી થઈ હતી. આ પ્રચંડ ચક્રવાતને પરિણામે ન્યૂયોર્કથી વોશિંગ્ટન સુધીનાં તમામ એરપોર્ટસ બંધ કરવા પડ્યાં હતાં અને આ ચક્રવાત સાથે થયેલા મૂશળધાર વરસાદને લીધે અમેરિકાનો પૂર્વ તટ જળમગ્ન બની ગયો હતો. આ ચક્રવાત પૂર્વ તટે ન્યૂયોર્ક અને વોશિંગ્ટન વચ્ચે ત્રાટક્યો હતો.

આ ચક્રવાતે વેરેલા વિનાશની અસર વીજપુરવઠો યથાવત કરી રહી છે. પૂરમાં ફસાયેલા લોકોને બચાવવા માટે રાહત અને બચાવ ટીમો સતત કામ કરી રહી છે. ખરાબ હવામાનના કારણે થેન્ક્સગિવિંગ પરેડ ૧૦૦ વર્ષમાં પહેલી વખત રદ કરવી પડી હતી.

ચક્રવાતથી આવેલા પૂરના પગલે ૧૦૦ વર્ષમાં પહેલી વખત થેન્ક્સગિવિંગ પરેડ રદ કરવી પડી

આ ચક્રવાતને લીધે પેન્સીલવાનિયામાં આશરે ૨૦,૭૦૦૦, ૧,૭૯,૦૦૦, લોકોને ન્યૂજર્સીમાંથી મેરીલેન્ડમાંથી ૧,૦૬,૦૦૦ અને વર્જિનિયામાં તથા ૧ લાખ મિસુરીમાં અને ૬૮,૦૦૦ને ન્યૂયોર્ક સ્ટેટમાં વિસ્થાપિત કરી સલામત સ્થળે લઈ જવાયા હતા. ન્યૂજર્સીના એવલોનમાં ઐતિહાસિક સ્તરના પૂરે ભારે વિનાશ વેર્યો હતો. હવામાન વિભાગે જણાવ્યું કે, શુક્રવારે હવામાનમાં આંશિક સુધારો થયો છે, પરંતુ ચક્રાવાતની સિસ્ટમને સંપૂર્ણપણે નબળું થતા સમય લાગશે. આ સમયમાં પવન પ્રતિ કલાક ૪૦થી ૫૬

(અનુસંધાન ૧૫મે પાને)

પંજાબની ચૂંટણી પૂર્વે દિલ્હી સરકારનો નિર્ણય

૧૧ લાખનું ઝુમ્મર, પાંચ લાખના સોફા કેજરીવાલનો શીશ મહેલ ખુલ્લો મૂકાયો

નવી દિલ્હી, તા. ૨૭

દિલ્હીની ભાજપ સરકારે અગાઉની આમ આદમી પાર્ટીની સરકારમાં મુખ્યમંત્રી રહેલા અરવિંદ કેજરીવાલના વિવાદિત શીશ મહેલને ખુલ્લો મુક્યો છે. કેજરીવાલે મુખ્યમંત્રી તરીકે જનતાના રૂપિયામાં આ મહેલમાં લાખો રૂપિયાની વસ્તુઓ વસાવી હતી, જેનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. એટલુ જ નહીં કઈ વસ્તુનો ભાવ શું છે તે પણ દર્શાવવામાં આવ્યું છે. લોકો આ શીશ મહેલની મુલાકાત લઈ શકશે.

દિલ્હીની ચૂંટણી પૂર્વે તત્કાલીક મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો શીશ મહેલ ચર્ચાનો વિષય બન્યો હતો, હવે જ્યારે આમ આદમી પાર્ટી શાસિત પંજાબમાં જ્યારે ચૂંટણીનો સમય નજીક આવી રહ્યો છે ત્યારે ફરી આ શીશ મહેલ ચર્ચામાં આવ્યો છે. દિલ્હી સરકારે આ શીશ મહેલને જાહેર જનતા માટે ખુલ્લો મુક્યો છે એટલુ જ નહીં અરવિંદ કેજરીવાલ દ્વારા મુખ્યમંત્રી તરીકે આ મહેલમાં વસાવાયેલી વસ્તુઓનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું છે. કઈ વસ્તુ કેટલી મોંઘી છે તે પણ લોકો વાંચી શકે તે રીતે જાહેર કરવામાં આવી છે. હાલમાં પહેલા મીડિયાકર્મીઓને મુલાકાતની છૂટ આપવામાં આવશે જે બાદ આમ નાગરિકો માટે આ મહેલ ખુલ્લો મુકવામાં આવશે તેમ વર્તમાન પીડબલ્યુડી મંત્રી પરવેશ વર્માએ કહ્યું હતું. મીડિયા દ્વારા





૫.૫૮ લાખની ખુરશીઓ, ૬.૭૯ લાખનું સેન્ટ્રલ ટેબલ, ૫.૬૯ લાખના પડદાં, રિનોવેશનનો કુલ ખર્ચ ૫૮ કરોડ હોવાનો સરકારનો દાવો

(અનુસંધાન ૧૫મે પાને)

દેશો પાસે હવે બચવા માટે ફક્ત છ જ મહિના છે: યુએન

વિશ્વના ૧૬ દેશ ભૂખમરામાં સપડાશે: યુએનની મોટી ચેતવણી

કૈરો,તા.૨૭

યુએનએ ચેતવણી આપી છે કે આગામી છ મહિનામાં વિશ્વના કમસેકમ ૧૬ દેશ ભૂખમરાની આગમાં ઝડપાય તેવી પ્રબળ સંભાવના છે. અલ નીનોના લીધે પાકના ઘટેલા ઉત્પાદન, મધ્યપૂર્વમાં અનેક સ્થળોએ ચાલતા યુદ્ધના કારણે ઘેરાબંધીમાં પકડાયેલા કે વિસ્થાપિત થયેલા લોકોની વિપરીત બનેલી સ્થિતિ, સતત યુદ્ધના લીધે પહોંચી ન શકતી માનવીય સહાયના કારણે આ ૧૬ દેશોની સ્થિતિ વિપરીત થઈ શકે છે. તેમા યમન, સુદાન, ઈરાન, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ગાઝાપટ્ટી, લેબનોન, સીરિયા, ઈરાકનો સમાવેશ થાય છે.

મધ્યપૂર્વમાં ચાલતા યુદ્ધ, ઘેરાબંધી, મોટાપાયા પર વિસ્થાપન, અલ નીનોના કારણે સ્થિતિ વધુ કફોડી બનશે

સતત ચાલતા યુદ્ધોની સાથે ઈંધણના ભાવમાં થયેલા નોંધપાત્ર વધારાના કારણે આ ૧૬ દેશોએ રીતસર ભૂખે મરવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન અને વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ હંગર હોટસ્પોટના મે ૨૦૨૬થી ડિસેમ્બર સુધી આવરી લેવાયેલા રિપોર્ટમાં આ ચેતવણી આપવામાં આવી છે.

તેમા પણ યમન, સોમાલિયા અને ઉત્તર નાઈજીરિયાની સ્થિતિ તો અત્યંત કફોડી છે. આ દેશો તો ભૂખમરાનો ભોગ બનેલા દેશોની યાદીમાં છેક ૨૦૨૨થી સામેલ છે. ગાઝામાં ઓક્ટોબર ૨૦૨૫માં યુદ્ધવિરામ થયા પછી આજે પણ ગાઝાની ૬૭ ટકા વસ્તી ભૂખમરાના આરે છે. તેઓ માટે દિવસ પડે ત્યારે ખાવું શું તે મોટો પ્રશ્ન છે. એકબાજુએ ઈઝરાયેલ યુએન સહાય મર્યાદિત કરે છે અને જે પણ સહાય પહોંચે છે તેના પર હમાસના આતંકીઓ સૌથી પહેલા કબ્જો જમાવી દે છે. સામાન્ય લોકોની સ્થિતિ અત્યંત વિપરીત છે.

યમનની સરકારી સેનાના હુમલામાં હુથી કબજા હેઠળના વિસ્તારમાં ૧૧નાં મોત

સુદાનની ૧.૯૫ કરોડ એટલે કે

(અનુસંધાન ૧૫મે પાને)

બજારમાં ૬ ટકાનો કડાકો આવ્યો હતો

બજાર તૂટતા દક્ષિણ કોરીયાની ન્યૂઝ એન્કર ભાવુક થઈ ગઈ

સીઓલ,તા.૨૭

દક્ષિણ કોરીયાના શેરબજારમાં આવેલા જબરદસ્ત કડાકાના પગલે એક ન્યૂઝ એન્કર લાઈવ ટીવી પર પોતાના આંસુ રોકી શકી ન હતી. બજારમાં ચાલતી વેચવાલી દરમિયાન આ ન્યૂઝ એન્કર એકદમ ભાવુક થઈ ગઈ. આ એન્કર સીઓલ ઈકોનોમિક ટીવીના શો કિમ અહ-હ્યૂન્સ ગોલ્ડન સ્ટોકને હોસ્ટ કરી રહી હતી.

બજાર તૂટતા નાના રોકાણકારોની તકલીફથી દુઃખી થઈ હોવાનો એન્કરનો દાવો

લાઈવ શોમાં ભાવુક થયેલી એન્કર કેમેરામાં કેદ થઈ ગઈ હતી. હવે તેનો વિડીયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. વાસ્તવમાં આ વિડીયો ૨૫ નવેમ્બરના પ્રસારણ દરમિયાનનો છે. કિમ અમેરિકામાં નાસ્ડાકની નબળાઈ પર વાત કરી રહી હતી. આ દરમિયાન સ્ક્રીન પર સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ સાથે જોડાયેલી એક સિંગલ સ્ટોક લિવરેજડ પ્રોડક્ટમાં લગભગ ૧૫ ટકાથી વધુનો આંકડો જોવા મળ્યો.



સ્ક્રીન પર ઘટાડાનો આટલો મોટો આંકડો આવતા જ એન્કર અચાનક ભાવુક થઈ ગઈ. તે થોડી રોકાઈ અને પોતાની વાત ચાલુ રાખવાનો પ્રયત્ન કર્યો. તેણે નાના રોકાણકારોને બજારના મુશ્કેલ તબક્કામાં હિંમત જાળવી રાખવાની અપીલ કરી.જો કે તેણે કાર્યક્રમ જારી રાખ્યો. તેમણે રોકાણકારોને સલાહ આપી કે બજારમાં થોડી તેજી જોઈ ઉતાવળમાં શેર ન ખરીદે અને રૂપિયા બચાવીને રાખે.

તેના પછી લાઈવ ટેલિકોસ્ટ થોડા સમય માટે બીજા સેગમેન્ટમાં જતું રહ્યુ. શોમાં પરત ફર્યા પછી કિમે ભાવુક થવા

(અનુસંધાન ૧૫મે પાને)

પાંચ ટકા જ વસતી પણ સુપ્રીમમાં ૪૦ ટકાથી વધુ જગ્યા પર કબજો

ન્યાયતંત્રમાં એક જ સમુદાયને મહત્વ કેમ : જસ્ટિસ ગવઈનો રાષ્ટ્રપતિને પત્ર

નવી દિલ્હી, તા. ૨૭

દેશના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ બીઆર ગવઈએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને એક પત્ર લખ્યો છે, જેમાં તેમણે સુપ્રીમ કોર્ટની કોલેજિયમની કાર્યપદ્ધતિ પર સવાલો ઉઠાવ્યા છે. સુપ્રીમ કોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ગવઈએ પત્રમાં કહ્યું છે કે ન્યાયાધીશોની નિમણુંક, ટ્રાન્સફર કે પ્રમોશનમાં એક જ સમુદાયના લોકોને મહત્વ અપાઈ રહ્યું છે. જેને પગલે દલિતો, આદિવાસીઓ, મહિલાઓ, લઘુમતિઓની અવગણના થઈ રહી છે અને તેમને પુરતી તક નથી અપાઈ રહી.

૨૦૧૮ પછી હાઈકોર્ટોમાં નિમાયેલા કુલ ૭૧૫ જજોમાંથી માત્ર ૨૨ એસસી, ૧૬ એસટી, ૮૯ ઓબીસી : જસ્ટિસ ગવઈ

રાષ્ટ્રપતિને લખેલા આ પત્રની કોપીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલને પણ મોકલવામાં આવી છે. જેમાં તેમણે આ મામલે દખલ દેવાની માગણી કરી છે. સાથે જ જસ્ટિસ ગવઈએ જજોની નિમણુંકમાં કઈ જાતિના લોકોને વધુ મહત્વ અપાયું તેને લઈને સરકારી આંકડા પણ રજુ કર્યા છે. તેમણે પત્રમાં કહ્યું છે કે વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધી દેશની વિવિધ હાઈકોર્ટોમાં નિમણુંક કરાયેલા કુલ ૭૧૫ જજોમાંથી માત્ર ૨૨ એસસી, ૧૬ એસટી, ૮૯ ઓબીસી અને ૩૭ લઘુમતી સમુદાયના છે. જસ્ટિસ

(અનુસંધાન ૧૫મે પાને)

ઈલોન મસ્કની સ્પેસએક્સનું મહત્વાકાંક્ષી અભિયાન

સ્પેસએક્સ અવકાશમાં ડેટા સેન્ટર બનાવશે, ૧૦ લાખ સેટેલાઈટ છોડશે

વોશિંગ્ટન, તા.૨૭

દુનિયામાં એઆઈનો ઉપયોગ વધવાની સાથે ડેટા સેન્ટરોની માગ પણ વધી રહી છે. બીજીબાજુ પર્યાવરણને થતા નુકસાનના પગલે ડેટા સેન્ટરોનો વિરોધ વધી રહ્યો છે. આવા સમયે દુનિયાના સૌથી ધનિક ઉદ્યોગપતિ ઈલોન મસ્કની સ્પેસએક્સ કંપનીએ હવે અવકાશમાં ડેટા સેન્ટર બનાવવાની તૈયારી હાથ ધરી છે. આ માટે કંપનીને અમેરિકન સરકારની મંજૂરી પણ મળી ગઈ છે. અમેરિકાની ફેડરલ કમ્યુનિકેશન્સ કમિશને સ્પેસએક્સને અવકાશમાં ૧૦ લાખ સેટેલાઈટ તૈનાત કરવાની મંજૂરી આપી દીધી છે.

દુનિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ તિવ્ર ગતિએ વધતા ડેટા સેન્ટરોની માગ વધી રહી છે. તેના માટે વ્યાપક પ્રમાણમાં વીજળી અને પાણીની જરૂર પડે છે અને તેની પર્યાવરણ પર વિપરિત અસર થતી હોવાથી અમેરિકા જ નહીં દુનિયાભરમાં ડેટા સેન્ટરો સામે વિરોધ વધી રહ્યો છે.



લોકોના વિરોધ છતાં હવે ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સે અવકાશમાં ડેટા સેન્ટર બનાવવાની દિશામાં કામ શરૂ કર્યું છે. અવકાશમાં ડેટા સેન્ટર બનાવવા માટે અમેરિકન અવકાશ નિયામક ફેડરલ કમ્યુનિકેશન્સ કમીશન (એફસીસી)એ સ્પેસએક્સને ૧૦ લાખ જેટલા ઉપગ્રહો છોડવાની મંજૂરી આપી દીધી છે. આ પ્રોજેક્ટ હેઠળ

સેટેલાઈટથી નીકળનારા રેડિયો તરંગોથી ઈન્ફ્રારેડ ખગોળ વિજ્ઞાનને નુકસાનનો વૈજ્ઞાનિકોનો દાવો

(અનુસંધાન ૧૩મે પાને)

સ્પેસએક્સને ૨૦૩૫ સુધીમાં એક લાખ, ૨૦૩૮ સુધીમાં પાંચ લાખ, ૨૦૪૦ સુધીમાં ૧૦ લાખ સેટેલાઈટ છોડવા મંજૂરી

વધારાના ૨૦ મહેમાનોના ખર્ચા કોણ ભોગવશે તે મુદ્દે તકરાર

ધામધૂમથી યોજાયેલાં લગ્નમાં ૨૦ થાળી વધી જતાં ઝઘડો: લગ્ન ફોક

મુંબઈ, તા.૨૭

સોલાપુરમાં શાહી ઠાઠમાઠ સાથે ધામધૂમથી યોજાયેલા લગ્ન સમારંભમાં જમણવાર વખતે ૨૦ મહેમાન વધી ગયા એની થાળીના પૈસા કોણ ચૂકવશે? એવી મામૂલી બાબતમાં વરપક્ષ અને કન્યાપક્ષ વચ્ચે જોરદાર બોલાચાલી અને ઘર્ષણ થયા બાદ આખરે લગ્ન ફોક કરવામાં આવ્યા હતા. વરપક્ષ અને કન્યાપક્ષ બેમાંથી કોઈ પોતાની હઠ છોડવા તૈયાર ન થતા આખરે જાન લીલાતોરણે કન્યાને લીધા વિના પાછી ફરી હતી.

બંને પક્ષ સામસામે આવી જતાં માંડવે પહોંચેલી પોલીસ અને સમાજ સેવકોની સમજાવટ એળે ગઈ

આ ભવ્ય લગ્નસમારોહમાં ગઈ કાલે જમણવાર માટે લાંબી લાઈન જોઈને કન્યાપક્ષવાળા એક કર્તાહર્તાએ વરપક્ષવાળાને ટોણો માર્યો હતો કે હવે વધારાની થાળીના પૈસા ભરજો. ત્યાર પછી તો વાતનું વતેસર થઈ ગયું હતું. ભરમંડપમાં વરપક્ષ અને કન્યાપક્ષ વચ્ચે શાબ્દિક યુદ્ધ શરૂ થઈ ગયું હતું. પછી તો ગઈ રાત્રે શરૂ થયેલી આ બોલાચાલી અને ઝઘડો વહેલી સવારે ચાર વાગ્યા સુધી ચાલ્યો હતો. પછી તો વાત પોલીસમાં પહોંચતા સંબંધિત ક્ષેત્રના પોલીસ અધિકારી તેમની ટીમને લઈને પહોંચી

(અનુસંધાન ૧૫મે પાને)

હિન્દુ પૂર્વજોએ ધર્મ પરિવર્તન કર્યું હતું : કેરળનો પરિવાર

હિન્દુ ધર્મમાં આવવા માગીએ છીએ ખ્રિસ્તી પરિવાર હાઈકોર્ટ પહોંચ્યો

નવી દિલ્હી, તા. ૨૭

કેરળના એક ખ્રિસ્તી પરિવારે હિન્દુ ધર્મ અપનાવવા માટે હાઈકોર્ટની શરણ લીધી છે. પરિવારના આઠ લોકો ખ્રિસ્તી ધર્મ છોડીને પોતાના પૂર્વજોના હિન્દુ ધર્મમાં પરત આવવા માગે છે. પોતાના મૂળ ધર્મમાં પરત આવવા માટે તેમણે કોલ્લમ જિલ્લાના કોટ્ટારક્કરા સ્થિત મહાગણપતિ મંદિરમાં ધાર્મિક વિધિ માટે માગ કરી હતી.

ધર્માંતરણની વિધિ માટે એક મંદિરમાં અરજી કરી પણ પાંચ મહિનાથી કોઈ જવાબ ના આવતા હાઈકોર્ટમાં અરજી

મંદિર પ્રશાસન તરફથી કોઈ જ જવાબ ના આવતા પાંચ મહિના બાદ હવે પરિવાર હાઈકોર્ટ પહોંચ્યો છે અને સમગ્ર મામલે દખલ દેવાની માગણી કરી છે. આ સમગ્ર મામલો કેરળના કોલ્લમ જિલ્લાના પુનાલુર વિસ્તારના એક ખ્રિસ્તી પરિવાર સાથે જોડાયેલો છે. પરિવારના આઠ લોકો ચર્ચ ઓફ સાઉથ ઈન્ડિયા સીએસઆઈ સાથે જોડાયેલા છે. અરજદાર સૂર્યલક્ષ્મી એસના જણાવ્યા મુજબ તેમના પૂર્વજો હિન્દુ હતા અને કુરાવા સમુદાય સાથે સંબંધ ધરાવે છે. પરિવારે પોતાની ઈચ્છા સાથે ફરી હિન્દુ ધર્મ અપનાવવાનો નિર્ણય લીધો છે. આ

(અનુસંધાન ૧૫મે પાને)

કુદરતનું અનોખું વિન્ટર પેઈન્ટિંગ

આ તસવીરને જોઈએ તો જાણે કુદરતે કેનવાસ પર સફેદ રંગથી કોઈ સુંદર ચિત્ર દોર્યું હોય તેવો અહેસાસ કરાવે છે. બરફથી ઢંકાયેલો નાનકડો ટાપુ, તેની આસપાસ ફેલાયેલું ઘેરા રંગનું શાંત સરોવર અને ટાપુ પર બરફની ચાદર ઓઢીને ઊભેલાં વૃક્ષો... આકાશમાંથી લેવામાં આવેલું આ દ્રશ્ય જાણે કોઈ વિન્ટર પેઈન્ટિંગ હોય એવું લાગે છે. ટાપુનો અનોખો આકાર અને તેની વચ્ચેથી પસાર થતો સફેદ બરફીલો રસ્તો કુદરતી કલાકૃતિ જેવો દેખાય છે. કિનારે બાંધેલી નાના બોટ્સ પર પણ બરફના થર જામી ગયા છે.

અમેરિકામાં બ્લેક ફાઈડે સેલની ધૂમ



અમેરિકામાં થેંક્સગિવિંગ પછીના શુક્રવારને બ્લેક ફાઈડે કહેવામાં આવે છે. આ બ્લેક ફાઈડે દરમિયાન અમેરિકામાં દરેક નાના-મોટા સ્ટોર્સમાં બમ્પર ડિસ્કાઉન્ટ રાખવામાં આવે છે. એટલે, રાતથી જ મોટા સ્ટોર્સની બહાર ખરીદદારોની લાઈનો લાગી જતી હોય છે. જેવા તેઓ શોપની અંદર જાય કે, તરત જ ૬૫ ઈંચના સ્ક્રીનના એલઈડી ટીવી સહિતના સામાન ટ્રોલીમાં ભરીને બિલિંગ કાઉન્ટર તરફ દોડે. બિલિંગ કાઉન્ટર પર પણ લાંબી લાઈનો હોય. ભારતમાં પણ બ્લેક ફાઈડે સેલનું અનુકરણ કરવામાં આવ્યું છે. આ દરમિયાન ટ્રેન્ડ સમાન રહેતો હોય છે. પરંતુ, અહીં એટલી પ્રામાણિકતા નથી જોવા મળતી. રૂ. ૧૦ની ચોકલેટનો ભાવ રૂ. ૧૦૦ લખવામાં આવે અને તેને ડિસ્કાઉન્ટ બાદ રૂ. ૫૦માં આપવામાં આવતી હોય છે. આમાં એકલા દુકાનદારો કે ઓનલાઈન રિટેલર્સનો વાંક કાઢવો પણ મુશ્કેલ છે કારણ કે, ખરીદદારો ૧૦ની ચોકલેટ ૫૦માં ખરીદીને એવું માનતા હોય છે કે, તેમણે રૂ. ૫૦ની બચત કરી. ભારતમાં આ જ માર્કેટિંગ છે.

જીવનની અંતિમ સફર માટે અગાઉથી આયોજન

મૃત્યુ પછીની વ્યવસ્થા માટે પેકેજ ડીલ : દિલ્હીમાં નવું સ્ટાર્ટઅપ

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હીની સ્ટાર્ટઅપ કંપની મોક્ષ વોયેજએ અંતિમ સંસ્કારની વ્યવસ્થાનું અગાઉથી બુકિંગ કરવાની અનોખી સેવા શરૂ કરી છે. નમો ગંગે વેલનેસ દ્વારા સંચાલિત આ કંપનીએ દિલ્હી ખાતે યોજાયેલા ઈન્ડિયા ઈન્ટરનેશનલ ટ્રેડ ફેરમાં લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. આ સેવા અંતિમ સંસ્કારનું આયોજન, કાંધિયા, મૃતદેહનું પરિવહન, અંતિમવિધિ પછીની ધાર્મિક ક્રિયાઓ અને વિદેશથી મૃતદેહ પરત લાવવાની વ્યવસ્થા પૂરી પાડે છે.

છ હજારથી દોઢ લાખ સુધીના પેકેજ : સુવિધા અને સંવેદનશીલતા વચ્ચે સંબંધો જાળવવાનો પડકાર

આ સેવાઓના ભાવ રૂા. છ હજારથી દોઢ લાખ સુધીના છે. કંપનીના જણાવ્યા અનુસાર પશ્ચિમી દેશોમાં અંતિમ સંસ્કારનો વ્યવસાય પહેલેથી જ અબજો ડોલરનો છે. અમેરિકામાં આ ઉદ્યોગનું વાર્ષિક કદ આશરે ૨૦.૮ અબજ ડોલર છે. તેમાં સર્વિસ કોર્પોરેશન ઈન્ટરનેશનલ (એસસીઆઈ)નો નોંધપાત્ર હિસ્સો છે, ખાસ કરીને અગાઉથી કરવામાં આવતા કરારો આ વ્યવસાયની આવકનો મહત્વનો આધાર છે. અમેરિકામાં એસસીઆઈના

(અનુસંધાન ૧૩મે પાને)

મહિલા અનામત-સીમાંકન કોને તારશે અને કોને ડુબાડશે?

નવું સીમાંકન અને મહિલા અનામત ગુજરાતનો રાજકીય નકશો બદલશે

અમદાવાદ,શુક્રવાર

કેન્દ્ર સરકાર લોકસભામાં નવું સીમાંકન અને 'મહિલા અનામત અધિનિયમ-૨૦૨૩' બિલ પસાર કરવા રાજકીય તડજોડ કરી રહી છે. જોકે, આ બિલ ગુજરાતના રાજકીય નકશાને જડમૂળથી બદલી નાખશે. આગામી ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં જો આ બંને નિર્ણયો અમલમાં આવશે, તો ગુજરાતના રાજકારણમાં સત્તાના સમીકરણો સાથે ઊથલપાથલ થશે. અનેક દિગ્ગજ નેતાઓની રાજકીય જમીન ખસી જશે. કેમકે, લોકસભા અને વિધાનસભા બંનેની બેઠકોમાં વધારો થશે.નવા સીમાંકન અને મહિલા અનામત કોને તારશે અને કોને ડુબાડશે, તેના પર સમગ્ર રાજ્યની નજર ટકી છે!

નવુ બિલ લોકસભામાં પસાર થશે તો, ૨૭૩ ધારાસભ્યો, ૩૯ સાંસદો સાથે ગુજરાતમાં સત્તાનો નવો મહાસંગ્રામ ખેલાશે

ગુજરાતમાં ૧૯૭૫થી વિધાનસભાની ૧૮૨ બેઠકો યથાવત રહી છે, પરંતુ હવે આ આંકડો ઈતિહાસ બનવા જઈ રહ્યો છે. નવા સીમાંકન મુજબ રાજ્યમાં પ્રતિનિધિત્વનો વ્યાપ મોટા પાયે વધશે.હાલમાં ગુજરાતમાંથી ૨૬ સાંસદો ચૂંટાઈને લોકસભામાં જાય છે. નવા સીમાંકનને પગલે ગુજરાતની ૧૩ બેઠકોનો વધારો થતાં કુલ સંખ્યા ૩૯ પર પહોંચી જશે. હાલની ૧૮૨ બેઠકોમાં ૯૦ જેટલી નવી બેઠકોનો ઉમેરો થતાં ગુજરાત વિધાનસભાનું સંખ્યાબળ ૨૭૩ થઈ જશે.નોંધનીય છે કે લોકસભા અને વિધાનસભામાં બેઠકો વધશે, પરંતુ ગુજરાતની રાજ્યસભાની ૧૧ બેઠકોમાં કોઈ વધારો થશે નહીં.

આ પ્રક્રિયામાં માત્ર નવી બેઠકો જ નહીં ઉમેરાય, પરંતુ ભૌગોલિક સીમાઓ બદલાતા અનેક જૂની અને પ્રતિષ્ઠિત બેઠકો રદ થશે. પરિણામે, પોતાનું અસ્તિત્વ ટકાવવા મરણિયા પ્રયાસો કરવા પડશે. આ બિલને લીધે પુરુષ પ્રધાન રાજકારણના કિલ્લા ધરાશાયી થશે.

નવું સીમાંકન લાગુ થતાં જ આ કાયદો અમલમાં આવશે, જે મુજબ કુલ બેઠકોમાંથી ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે જેથી ગુજરાતની ૩૯ લોકસભા બેઠકોમાંથી ૧૩ બેઠકો પર માત્ર મહિલા ઉમેદવારો જ ચૂંટણી લડી શકશે. આ જ પ્રમાણે, ૨૭૩ વિધાનસભા બેઠકોમાંથી અંદાજે ૯૧ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે.આ નિર્ણયથી રાજકીય પક્ષોમાં ટિકિટ વહેંચણીનું ગણિત સંપૂર્ણપણે

ગુજરાત વિધાનસભાની બેઠકોની સફર

૧૯૬૦ : ૧૩૨ બેઠકો
૧૯૬૨ : ૧૫૪ બેઠકો
૧૯૬૭ : ૧૬૮ બેઠકો
૧૯૭૫ થી હાલ સુધી ૧૮૨ બેઠકો
સંભવિત નવું સીમાંકન ૨૭૩ બેઠકો

લોકસભામાં ૧૩, વિધાનસભામાં ૯૧ બેઠકો મહિલા માટે અનામત : આદિવાસી, દલિત વિસ્તારમાં નવા સમીકરણ

વર્ષોથી પોતાના મતવિસ્તારને જાગીર સમજીને બેઠેલા નેતાઓએ નવેસરથી બદલાઈ જશે. જે બેઠકો પર વર્ષોથી

(અનુસંધાન ૪થે પાને)

રાજ્યમાં ઠંડી માટે હજી એક સપ્તાહ રાહ જોવી પડશે

અમદાવાદ, શુક્રવાર

શિયાળો જાણે લોકો સાથે સંતાકૂકડી રમી રહ્યો તેમ બે દિવસ ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. પરંતુ ફરીથી લઘુત્તમ તાપમાન ઘટવાને બદલે વધી રહ્યું છે. અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત સહિત મોટા ભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાન અડધોથી એક ડિગ્રી વધી ગયું હતું. જ્યારે ૭ શહેરોમાં ૧૫ ડિગ્રીથી ઓછું તાપમાન નોંધાયું હતું. નલિયામાં સૌથી ઓછું ૧૦.૮ડિગ્રી, કંડલામાં ૧૨.૫, અમરેલીમાં ૧૩.૪, રાજકોટમાં ૧૪.૪ અને ગાંધીનગરમાં ૧૪.૭ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ હજી આગામી એક સપ્તાહ સુધી તાપમાન યથાવત રહેશે. એટલે ઠંડી માટે હજી રાહ જોવી પડશે.









વડોદરા એરફોર્સ સ્ટેશનને નિશાન બનાવવાનો ટાર્ગેટ હતો

વડોદરાથી AK-47 જેવી રાયફલ સાથે જૈશ-એ-મોહમ્મદનો આતંકવાદી ઝડપાયો



આસામમાં રહેતો શાહરૂલ કબીરૂદ્દીન વડોદરામાં આતંકી ઘટનાને અંજામ આપીને પાકિસ્તાન નાસી જવાની ફિરાકમાં હતો

અમદાવાદ,શુક્રવાર

ગુજરાત આતંકીઓના સોફ્ટ ટારગેટ પર હોવાના ઈનપુટ અગાઉ પણ સેન્ટ્રલ આઈબી દ્વારા આપવામાં આવ્યા છે. ત્યારે એટીએસના અધિકારીઓએ હાલોલ-વડોદરા હાઈવે પરથી શાહરૂલ કબીરૂદ્દીન નામના જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા આતંકીને એ કે ૪૭ જેવી બનાવટ ધરાવતી ઓટોમેટિક એસોલ્ટ રાયફલ સાથે ઝડપી લીધો હતો. મુળ આસામમાં રહેતા શાહરૂલ પાસેથી મળેલા ડીજીટલ પુરાવાને આધારે જાણવા મળ્યું હતું કે વડોદરાનું એરફોર્સ સ્ટેશન તેના ટારગેટમાં હતું અને ત્યાં આતંકી ઘટનાને અંજામ આપીને પાકિસ્તાન નાસી જવાનો હતો. આ માટે તેને આંતકી સંગઠનના પાકિસ્તાન સ્થિત હેન્ડલર મુફ્તી રફીક નામનો વ્યક્તિ સુચના આપતો હતો. આ અંગે એટીએસ દ્વારા આતંકીની વધુ પુછપરછ શરૂ કરી છે.

(અનુસંધાન ૪થે પાને)

આતંકવાદીના ટાર્ગેટ એવા વડોદરામાં પોલીસે સુરક્ષા વધારી

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

જરોદ ખાતેથી પકડાયેલો જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલો આતંકી ઝડપાયા બાદ વડોદરામાં હુમલો કરવાની તૈયારી હોવાની વિગતો ખૂલતાં વડોદરા પોલીસ એલર્ટ થઈ ગઈ છે અને સુરક્ષા વધારી દીધીછે.ઉપરોક્ત વિગતોને પગલે શહેર પોલીસ કમિશનર સહિતના તમામ ઉચ્ચ અધિકારીઓ એલર્ટ મોડ પર આવી ગયા છે અને સમગ્ર શહેરમાં પોલીસનો જંગી કાફલો ખડકી દઈ કોમ્બિંગ હાથ ધર્યું છે.પોલીસની ટીમો દ્વારા બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડને સાથે રાખી શહેરની જુદીજુદી હોટલોમાં પણ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.જ્યારે અનેક સ્થળે નાકાબંધી કરી વાહનોનું ચેકિંગ તેમજ સ્ટેશન વિસ્તારની આસપાસની હોટલોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.હરણી અને મકરપુરા એરફોર્સ સહિતના સ્થળોએ પણ પોલીસનો કાફલો ગોઠવી દેવામાં આવ્યો છે.

ફ્લેગ સહિતનું સાહિત્ય પણ મળ્યું

જૈશ-એ-મોહમ્મદના આતંકીના ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર

જરોદ,શુક્રવાર

હાલોલથી વડોદરા જતા રોડ પરના જરોદ ગામની ચોકડી પાસેથી એ.ટી.એસ.ની ટીમે ગુપ્ત ઓપરેશન પાર પાડી જૈશ - એ- મોહંમદના આતંકવાદીને ઝડપી પાડ્યો હતો. આતંકવાદી મનસૂબા ધરાવતા આરોપીને ચુસ્ત બંદોબસ્ત સાથે વાઘોડિયા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટે આરોપીના ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

પકડાયેલા આરોપીએ મ્યુનિ. કોર્પોરેશન અને એરફોર્સના ગેટ પર ટિક માર્ક કર્યા હતા

વડોદરા એરફોર્સના ફોટા મોબાઈલમાં રાખીને ફરતા આસામના મોહંમદ શાહરૂલ ઈસ્લામ કબીરૂદ્દીનને એ.ટી.એસ.ની ટીમે ઝડપી પાડ્યો હતો. આરોપી જે સ્થળે રહે છે, ત્યાંથી બાંગ્લાદેશની બોર્ડર એકદમ નજીક છે. તેની પાસેથી જેશ - એ- મોહંમદના ફ્લેગ પણ મળી આવ્યા છે. આજે આરોપીને ચુસ્ત બંદોબસ્ત સાથે વાઘોડિયા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસ અધિકારીએ અંદાજે ૨૦ જેટલા અલગ - અલગ મુદ્દાઓ અંગે કોર્ટમાં રજૂઆત કરી હતી. જેમાં મુખ્ય રજૂઆત એવી હતી કે,આરોપી આસામથી વડોદરા કઈ રીતે આવ્યો, હથિયારો કોણે આપ્યા, ક્યાં ટ્રેનિંગ લીધી છે, તેની તપાસ કરવાની છે. આરોપી પાસેથી જૈશ - એ - મોહંમદના ફ્લેગ મળી આવ્યા છે, તે ફ્લેગ

(અનુસંધાન ૪થે પાને)

૨૬-૧૧ જેવો હુમલો ૨૬ તારીખે જ કરવાની આતંકી યોજનાની પણ શક્યતાને આધારે તપાસ

એટીએસના સુત્રોના જણાવ્યા મુજબ ૨૬-૧૧ના રોજ મુંબઈ પર થયેલા હુમલા જેવો જ હુમલો કરવાની જૈશ-એ-મોહમ્મદની યોજના હતી. તેને ૨૬મી નવેમ્બરના રોજ હથિયાર મળ્યું હતું. પરંતુ, કોઈ કારણસર કાવતરૂ નિયત સમય કરતા વધારે સમય લંબાયુ હતું. જેના કારણે આગામી ત્રણ થી ચાર દિવસમાં મુંબઈ પેટર્નથી ફાયરીંગ કરવાનો હતો. જે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કરાયા છે.

દાહોદથી રાયફલ અને કારતૂસ મેળવ્યા હતા

આ અંગે એટીએસના એસપી સુનિલ જોષીએ જણાવ્યું હતું કે શાહરૂલ કબીરૂદ્દીન આસામના કરીમગઢ જિલ્લાનો વતની છે. તે મદરેશામાં અભ્યાસ દરમિયાન કટ્ટરવાદી બન્યો હતો. તે ભોપાલ સુધી ટ્રેનમાં આવ્યો હતો અને ત્યાંથી બસમાં આવીન વડોદરા ગયો હતો અને ત્યાંથી દાહોદ જઈને રાયફલ અને કારતૂસ મેળવ્યા હતા. આ રાયફલ એ કે ૪૭ જેવી હતી અને તેને આગામી ત્રણ થી ચાર દિવસમાં આતંકી પ્રવૃતિને અંજામ આપવાની સુચના પણ વોટ્સએપથી અપાઈ હતી. તેની સાથે અન્ય કોઈ આતંકી સંકળાયેલા છે કે નહી? તેને ગુજરાતમાં સ્થાનિક મદદ કોણ કરતુ હતું? તે અંગે એટીએસ તપાસ કરી રહી છે.



